આદિમજૂથોને અપાતી અનાજ સહાય યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ

અહેવાલ લેખન

શ્રી ગિરીશ ભટ્ટ

સંકલન

ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૧૯૮૬

૧૯૮

અનુક્રમણિકા

પ્રકરણ નંબર	વિગત	પાન નંબર
૧	પ્રારંભ	૧
૨.	પૃષ્ઠભૂમિ	૬
૩	અર્થવ્યવસ્થા	૩૦
૪	અનાજ સહાય	૮૨
૫	તારણો અને સૂઝાવ	૧૩૪
	પરિશિષ્ટ :	
૧.	**કુટુંબપત્રક**	૧૪૧
૨	વ્યક્તિ અભ્યાસ માટેના મુદ્દાની નોંધ	૧૫૧
૩	શિક્ષકની મુલાકાત માર્ગદર્શિકા	૧૫૫

કોઠાની યાદી

ક્રમ	કોઠાનો નંબર	કોઠાનું નામ	પાના નંબર
૧	૧.૧	ગુજરાતમાં કયા જિલ્લામાં કાથોડી અને કોલઘાની વસ્તી કેટલી છે તેની માહિતી દર્શાવતો કોઠો	૨
૨	૩.૧	અભ્યાસના ગામની કુલ વસ્તીમાં આદિવાસીની વસ્તી	૩૨
૩	૩.૨	વયજૂથ દર્શાવતો કોઠો	૩૩
૪	૩.૩	સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ દર્શાવતો કોઠો	૩૫
૫	૩.૪	કુટુંબનો પ્રકાર દર્શાવતો કોઠો	૩૬
૬	૩.૫	કુટુંબના પ્રકાર પ્રમાણે શૈક્ષણિક સ્થિતિ	૩૯
૭	૩.૬	કમાનાર અને નહીં કમાનારની માહિતી	૪૦
૮	૩.૭	કમાનાર સભ્યને વર્ષમાં કેટલા દિવસ કામ મળે છે તેની માહિતી	૪૧
૯	૩.૮	કુટુંબના વડાનો મુખ્ય ધંધો	૪૭
૧૦	૩.૯	કમાનાર સભ્યોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ	૪૮
૧૧	૩.૧૦	જમીનની માહિતી	૫૨
૧૨	૩.૧૧	ખેતી વિષયક યોજનાનો લાભ કેટલા કુટુંબને મળ્યો છે	૫૩
૧૩.	૩.૧૨	ખેતીના સાધનો દર્શાવતો કોઠો	૫૪
૧૪	૩.૧૩	અભ્યાસના કુટુંબ પાસે કયા કયા પશુ છે તેની માહિતી દર્શાવતો કોઠો	૫૬
૧૫	૩.૧૪	દૂધાળા પશુનો લાભ કેટલા કુટુંબને મળ્યો છે	૫૭
૧૬	૩.૧૫	કુટુંબદીઠ અસ્કયામતની માહિતી	૫૯
૧૭	૩.૧૬	અસ્કયામતની માહિતી	૬૦
૧૮	૩.૧૭	વાર્ષિક ચોખ્ખી આવક દર્શાવતો કોઠો	૬૫
૧૯	૩.૧૮	કુટુંબદીઠ વાર્ષિક આવક દર્શાવતો કોઠો	૬૬
૨૦	૩.૧૯	વાર્ષિક વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો	૬૭

ક્રમ	કોઠાનો નંબર	કોઠાનું નામ	પાના નંબર
૨૧	૩.૨૦	કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો	૬૮
૨૨	૩.૨૧	કોનું દેવું છે તેની માહિતી દર્શાવતો કોઠો	૭૩
૨૩	૩.૨૨	દેવાનો સમય બતાવતો કોઠો	૭૫
૨૪	૩.૨૩	કેટલા કુટુંબે કરેલા કરજ ઉપર કેટલા ટકા વ્યાજ આપવું પડે છે	૭૬
૨૫	૩.૨૪	દેવાનો હેતુ બતાવતો કોઠો	૭૭
૨૬	૪.૧	આદિમજૂથના બાળકોની કુલ સંખ્યા અને ૭૦ ટકાથી વધુ હાજરીવાળા બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો	૮૭
૨૭	૪.૨	કુટુંબના સભ્યોની શૈક્ષણિક સ્થિતિ	૯૮
૨૮	૪.૩	કુટુંબના અભ્યાસ ન કરતા સભ્યોની વિગત	૯૯
૨૯	૪.૪	અનાજ સહાય મળતી હોવા છતાં શાળાએ ગયા જ ન હોય અથવા તો શાળા છોડી હોય તેવા સભ્યોની માહિતી	૧૦૧
૩૦	૪.૫	ધોરણવાર અભ્યાસ કરતા બાળકોની સંખ્યા	૧૦૩
૩૧	૪.૬	૭ થી ૧૪ વર્ષના બાળકોની શૈક્ષણિક સ્થિતિ	૧૦૫
૩૨	૪.૭	એક અને એકથી વધારે બાળકો ભણાવતા વાલીઓના અનાજ સહાય મળવાપાત્ર અને અનાજ સહાય નહીં મળવાપાત્ર બાળકોની સંખ્યા	૧૦૬
૩૩	૪.૮	શાળામાં ભણતા બાળકોને કઈ અન્ય સહાય મળે છે તેની માહિતી	૧૧૦
૩૪	૪.૯	અનાજ સહાય મળવાથી ખાધાખોરાકી, કપડાં અને શિક્ષણના ખર્ચ ઉપર શું અસર પડી છે તે અંગેનું ઉત્તરદાતાનું મંતવ્ય	૧૧૧

ક્રમ	કોઠાનો નંબર	કોઠાનું નામ	પાના નંબર
૩૫	૪.૧૦	અનાજ સહાય યોજના વિષે ઉત્તરદાતા વાલીનાં મંતવ્યો	૧૧૫
૩૬	૪.૧૧	એક બાળકદીઠ માસિક જે અનાજ મળે છે તે કેટલા દિવસ ચાલે છે તેની માહિતી	૧૧૮
૩૭	૪.૧૨	અનાજ સહાયમાં કયા પ્રકારનું અનાજ વાલી પસંદ કરે છે તેની માહિતી	૧૨૧
૩૮	૪.૧૩	અનાજ સહાય મળવાથી વ્યવસાય ઉપર પડતી અસરની માહિતી	૧૨૪
૩૯	૪.૧૪	બહારગામ વ્યવસાય માટે જતા કુટુંબની માહિતી દર્શાવતો કોઠો	૧૨૭
૪૦	૪.૧૫	બહાર વ્યવસાય કરવા જતાં કુટુંબ કેટલા દિવસ બહારગામ રહે છે.	૧૨૮
૪૧	૪.૧૬	નવા ધંધા અંગે ઉત્તરદાતા વાલીનું મંતવ્ય	૧૨૯
૪૨	૪.૧૭	નવા ધંધામાં શેની જરૂરિયાત છે તે સંબંધી મંતવ્ય	૧૩૧

પ્રકરણ-૧
પ્રારંભ

પ્રાસ્તાવિક

૧૯૮૧ની જનગણના અહેવાલ પ્રમાણે ગુજરાત રાજ્યમાં કુલ વસ્તીમાં અનુસુચિત જનજાતિની ૧૪.૨૨ ટકા વસ્તી છે. અનુસૂચિત જનજાતિની કુલ ૨૯ જાતિ ગુજરાતમાં વસે છે. અનુસૂચિત જનજાતિમાં જે જનજાતિનું જૂથ નાનું હોય, શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું હોય અને પરંપરાગત વ્યવસાયમાં જ મોટાભાગના લોકો રોકાયેલા હોય. આવા જૂથના લોકોને આદિમજૂથ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં કાથોડી, કોટવાળીયા, કોલચા, પઢાર અને સીદી જાતિને આદિમજૂથમાં મૂકવામાં આવ્યા છે. આ જાતિના વિકાસ માટે જુદી જુદી યોજનાઓમાં વિશિષ્ટ સવલતો આપવામાં આવે છે. શિક્ષણનો ફેલાવો થાય અને આ જાતિના લોકોમાં શિક્ષણની અભિરુચિ વધે તે માટે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીને અનાજ સહાય આપવામાં આવે છે. આ યોજનાનો ખર્ચ પહેલા સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેકટની કચેરીના નયુક્લિઅસ બજેટમાં થતો હતો. ત્યારબાદ પ્રાથમિક અને પ્રૌઢશિક્ષણ વિભાગે આ યોજના સ્વીકારીને તેનો ખર્ચ ઈ.ડી. અને ૯માં કરવામાં આવે છે. ૨૮૮ સામાજિક સુરક્ષા અને કલ્યાણ (નોનપ્લાન) માં પણ આ યોજના સ્વીકારવામાં આવી છે. આ યોજના શરૂ કરવાથી આદિમજૂથના બાળકોમાં શિક્ષણ વધ્યું છે કે નહીં તે જાણવાની ઈચ્છા આદિવાસી વિકાસ કમિશ્નરશ્રીની કચેરીની છે. તેથી આ યોજનાના મૂલ્યાંકનનું કામ આદિવાસી વિકાસ કમિશ્નરની કચેરી તરફથી ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવ્યું છે.

અભ્યાસના હેતુ

(૧) આદિમજૂથના કોલચા, કાથોડી જાતિના જે બાળકો પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે જાય છે તેના વાલીઓને અનાજ સહાય આપવાથી શિક્ષણ વધ્યું છે કે નહીં ? તે તપાસવાનો મુખ્ય હેતુ છે.

(૨) અનાજ સહાય મળવાથી રોજગારીના ક્ષેત્રોમાં કેટલું અને કેવું પરિવર્તન આવ્યું છે

(૩) આદિમજૂથના ઘણા બાળકોને શિક્ષણમાં જુદી જુદી સવલત મળવા છતાં શાળામાં જતા નથી. આમ શા માટે બને છે તે તપાસવાનો હેતુ છે.

(૪) અનાજ સહાય મળતી બંધ થયા પછી શિક્ષણ લેવાનું ચાલુ રાખે છે કે બંધ કરે છે તે જાણવાનો હેતુ પણ છે.

(૫) અનાજ સહાય મેળવવામાં કેટલી અને કેવા પ્રકારની મુશ્કેલી પડે છે.

(૬) અનાજ સહાય મળવાથી ગામમાં રહેતા અન્ય જાતિના અને પોતાની જાતિના લોકો સાથેના સામાજિક સંબંધોમાં શું અસર થઈ તે તપાસવાનો હેતુ છે.

વિસ્તાર પસંદગી

ગુજરાતના આઠ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના મોટાભાગની વસ્તી વસે છે. કોલચા અને કાથોડી આદિમજૂથની વસ્તી પણ આ આઠ જિલ્લામાં મુખ્યત્વે વસે છે. ૧૯૭૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે કોલચા અને કાથોડી જાતિના લોકો કયા કયા જિલ્લામાં વસે છે તેની માહિતી નીચેના કોઠામાં આપવામાં આવી છે.

કોઠા નં.૧:૧

ગુજરાતમાં કયા જિલ્લામાં કાથોડી અને કોલચાની વસ્તી કેટલી છે તેની માહિતી દર્શાવતો કોઠો (૧૯૭૧ પ્રમાણે)

ક્રમ	જિલ્લાનું નામ	કાથોડી	ટકા	કોલચા	ટકા
૧.	ડાંગ	૬૮૯	૨૩.૪૪	૪૪	૦.૧૫
૨.	વલસાડ	૬	૦.૨૦	૧૬૯૪૭	૫૭.૫૨
૩.	સુરત	૧૬૫૨	૫૬.૨૨	૩૦૭૭	૧૦.૪૪
૪.	ભરૂચ	૪૩૧	૧૪.૬૬	૨૩૪	૦.૭૯
૫.	પંચમહાલ	૬	૦.૨૦	૫૪૬૩	૧૮.૫૪
૬.	વડોદરા	૭	૦.૨૪	૩૫૩૨	૧૧.૯૯
૭.	સાબરકાંઠા	૧૨૭	૪.૩૨	૮૦	૦.૨૭
૮.	બનાસકાંઠા	-	-	૧૨	૦.૦૪
૯.	ખેડા	૦૨	૦.૦૭	૮	૦.૦૩
૧૦.	મહેસાણા	-	-	૧૨	૦.૦૪
૧૧.	અમદાવાદ	૧૯	૦.૬૫	૫૫	૦.૧૯
	કુલ	૨૯૩૯	(૧૦૦.૦૦)	(૨૯૪૬૪)	(૧૦૦.૦૦)

ઉપરના કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે કાથોડી આદિવાસી જાતિની ૫૦ ટકા કરતાં વધુ વસ્તી સુરત જિલ્લામાં વસે છે. સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકામાં આ જાતિની વસ્તી વધુ વસે છે. તેથી અભ્યાસમાં સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાને પસંદ કરવામાં આવ્યો છે. સાબરકાંઠામાં કાથોડી જાતિની ઓછી વસ્તી વસે છે. પરંતુ આ જિલ્લાના કાથોડી આદિવાસીને સરકારની જુદી જુદી યોજનાના લાભ સાથે ખ્રિસ્તી પાદરી તરફથી વધુ સવલતો આપવામાં આવી છે. આ જાતિની ગુજરાતની એક માત્ર આશ્રમશાળા પણ આ જિલ્લામાં આવેલી છે. સરકારની જુદી જુદી યોજના ઉપરાંત આશ્રમશાળાની સવલત આપવાથી શિક્ષણમાં શું અસર પડી છે તે જાણવા માટે સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાને પણ અભ્યાસમાં પસંદ કરવામાં આવ્યો છે.

અભ્યાસમાં પસંદ કરેલ કોલચા જાતિની મુખ્ય વસ્તી વલસાડ જિલ્લામાં વસે છે. પરંતુ અભ્યાસમાં સુરત જિલ્લાને પસંદ કર્યો છે. કારણકે આ જિલ્લામાં વસતા કોલચા બંધાયેલા ખેતમજૂર તરીકે પહેલા કામ કરતા, હજુ પણ ઘણા કુટુંબો અથવા કુટુંબનો એકાદ સભ્ય બંધાયેલા ખેતમજૂર તરીકે કામ કરે છે. જુદી જુદી સવલતનો લાભ આપવાથી આ જિલ્લાના કોલચામાં શિક્ષણના ક્ષેત્રે કેવું અને કેટલું પરિવર્તન થયું છે અને પરિવર્તનમાં પરંપરાગત વ્યવસાય નડતરરૂપ છે કે નહીં તે જાણવા માટે સુરત જિલ્લાના મહુવા તાલુકામાં વસતા કોલચા જાતિના લોકોને પસંદ કર્યા છે. સુરત જિલ્લાના જુદા જુદા તાલકામાં વસતા કોલચાની સૌથી વધુ વસ્તી મહુવા તાલુકામાં વસે છે. તેથી આ તાલુકાને અભ્યાસમાં પસંદ કરવામાં આવ્યો છે.

નિદર્શનની પસંદગી

મહુવા - ઉચ્છલ અને વિજયનગર તાલુકા પંચાયતની કચેરીમાંથી કોલચા અને કાથોડીની વસ્તીવાળા ગામોની યાદી તૈયાર કરી સ્વૈચ્છિક નિદર્શન પદ્ધતિથી ગામોની પસંદગી કરવામાં આવી છે. પસંદ ગયેલ ગામની શાળામાંથી કોલચા અને કાથોડી જાતિના અભ્યાસ કરતા, અભ્યાસ છોડી દીધેલ અને શાળામાં આવ્યા જ ન હોય તેવા બાળકોના વાલીની માહિતી મેળવીને સ્વૈચ્છિક નિદર્શન પદ્ધતિથી કુટુંબો પસંદ કરવામાં આવ્યા છે. આ પદ્ધતિથી સુરત જિલ્લાના મહુવા તાલુકાના બોરીયા, પુના, અનાવલ, તરકાણી, કુંમકોતર, ગાંગડીયા, ગામની પસંદગી કરી છે. ઉચ્છલ તાલુકાના લીંબાસોટી, પેથાપુર, નુરાબાદ, બાબરઘાટ અને જૂની કાચલી ગામની પસંદગી કરી છે. વિજયનગર તાલુકાનાં વણઘોલ, બંધણા અને બદરખા ગામ પસંદ થયાં છે.

સશોધન પ્રવિધિઓ

(૧) કોલચા અને કાથોડી જાતિ વિષેની માહિતી એકત્ર કરવા માટે આ જાતિના શોધ નિબંધ પુસ્તકો તપાસવા માટે ગ્રંથાલયકાર્ય પણ કરવામાં આવ્યું છે.

(૨) સ્વૈચ્છિક નિદર્શન પદ્ધતિથી પસંદ થયેલ કુટુંબની વ્યક્તિગત મુલાકાત લઈ માહિતી એકત્ર કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે અનુસૂચિનો ઉપયોગ કરી તે દ્વારા માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે. કુટુંબના મુખ્ય વ્યક્તિની વ્યક્તિગત મુલાકાત લઈને કુટુંબની માહિતી એકત્ર કરી છે. આ ઉપરાંત સમાજના આગેવાનો, શિક્ષકોની મુલાકાત લઈને પણ માહિતી એકત્ર કરી છે. સહભાગી અને અસહભાગી નિરીક્ષણ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે. વિષયની ઊંડાણપૂર્વક માહિતી એકત્ર કરવા માટે વ્યક્તિગત અભ્યાસ પ્રવિધિનો પણ ઉપયોગ કર્યો છે. આમ જુદી જુદી વૈજ્ઞાનિક પ્રવિધિઓ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે.

આભાર

ગુજરાત રાજયમાં આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઈબ્ઝ)ના બાળકોમાં શિક્ષણ વધે તે માટે હાલમાં પ્રૌઢ અને પ્રાથમિક શિક્ષણ તેમજ સમાજ સુરક્ષા વિભાગ તરફથી અનાજ સહાય આપવાની યોજના ચાલુ છે. આ યોજના ખરેખર કેટલી ઉપયોગી થઈ છે, તેનાથી આદિમજૂથના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ કેટલું વધ્યું છે અને આ યોજના અમલમાં આવ્યા બાદ સામાજિક-આર્થિક પાસાં ઉપર કેવી અને કેટલી અસર થઈ છે, એનો અભ્યાસ કરવાની આદિજાતિ વિકાસ વિભાગને ઈચ્છા હતી. આ કામ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને આપી, તેમજ આ માટેની નાણાંકીય સહાય આપવા બદલ આદિવાસી વિકાસ કમિશ્નરશ્રીનો અમારી સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

આ કામમાં પ્રશાસનમાં પડેલા એવા અભયાસના મહુવા-ઉચ્છલ અને વિજયનગર તાલુકાના વિકાસ અધિકારી અને કેળવણી નિરીક્ષક, શિક્ષણ વિભાગના કર્મચારી અને પ્રાથમિક શાળાના આચાર્ય અને શિક્ષણગણ તેમજ વિજયનગર તાલુકાના કાથોડી જાતિની આશ્રમશાળાના શિક્ષકોએ જે સાથ આપ્યો છે તે તો ભૂલી શકાય જ નહીં.

આ સંશોધનકાર્યમાં પાયારૂપ અને આધારસ્થંભ એવા અભ્યાસના તાલુકાનાં આદિમજૂથનાં કુટુંબો, ગામના આગેવાનો, ગામના સરપંચનો આભારી છું.

આ સંશોધન અહેવાલના કાર્યની શરૂઆતથી અહેવાલ લેખનના કાર્ય સુધી સંકળાયેલા આ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે મને તેમના અનુભવનું પ્રત્યક્ષ માર્ગદર્શન અને આ અભ્યાસ સમાજ માનવશાસ્ત્રના સિધ્ધાંતોને ખ્યાલમાં રાખી અહેવાલ લેખનનું કામ થાય ત્યાં સુધી માર્ગદર્શન આપીને જ નહીં પરંતુ અહેવાલને સુવ્યવસ્થિત રીતે પૂરો કરવા માટે સતત સૂચના આપી, અહેવાલની સમગ્ર હસ્તપતનો ઊંડાણપૂર્વક અભયાસ કરી જરૂરી સૂચનો આપી અહેવાલને વધુ સારો બનાવવા પ્રોત્સાહિત કર્યો છે. કેન્દ્રના સંશોધન અધિકારીશ્રી ગૌરીશંકર પંડ્યાએ પણ અહેવાલ લેખનમાં જયારે જરૂર પડી ત્યારે માર્ગદર્શન આપ્યું છે. આ બન્ને અધિકારીઓનો હૃદયપૂર્વક અને અંતઃકરણથી આભાર માનું છું.

આ કાર્યમાં નામી અનામી વ્યક્તિઓએ આ સંશોધન અહેવાલના કાર્યમાં જે સાથ અને સહકાર આપ્યો છે તે બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

ગિરીશ ભટ્ટ

પ્રકરણ-૨

પૃષ્ઠભૂમિ

પ્રસ્તાવના

૧૯૮૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે ભારતના કુલ વસ્તીમાં આદિવાસીઓનું પ્રમાણ ૪.૫૩ ટકા નું છે. જેમાં જુદી જુદી ૫૭૨ આદિવાસી જાતિઓનો વસવાટ ભારતના જુદા જુદા રાજયોમાં છે. આદિવાસી વસ્તી ધરાવતા વિવિધ રાજયોમાં ગુજરાતનો પાંચમો નંબર આવે છે. જેમાં આદિવાસી વસ્તી ૪૮૪૮૫૮૬ (૧૪.૨૨ ટકા)ની છે. ગુજરાતમાં જુદી જુદી ૨૮ આદિવાસી જાતિઓ વસે છે જેમાંની મુખ્યત્વે બનાસકાંઠાના દાંતા તાલુકાથી ડાંગ સુધીના સરહદી પટ્ટામાં આદિવાસી જાતિઓ વસે છે. જેમાં રાજસ્થાનની સરહદે બનાસકાંઠા, સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લાનો ભાગ જોડાયેલ છે. મધ્યપ્રદેશ પંચમહાલ, વડોદરા અને ભરૂચ જિલ્લાના ભાગ સાથે જોડાયેલ છે. જયારે સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓ મહારાષ્ટ્રની સરહદ સાથે જોડાયેલા છે.

આ ત્રણે રાજયોની સરહદ સાથે જોડાયેલા વિસ્તારોમાં કાથોડીઓનો વસવાટ છે. જયારે કોલઘા જાતિનો વસવાટ બે રાજયોની સરહદ સાથે જોડાયેલા વિસ્તારમાં છે. અભ્યાસની બે જાતિનો મુખ્ય વસવાટ સુરત, વલસાડ અને સાબરકાંઠામાં છે.

સુરત જિલ્લો

દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં સુરત જિલ્લો મોટામાં મોટો જિલ્લો છે. આ જિલ્લાનો વિસ્તાર ૭,૭૪૫ ચો.કિ.મી. છે. જે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૩.૯ ટકા છે. આ જિલ્લો ૨૦°-૧૫' અને ૨૧°-૧૫' ઉત્તર અક્ષાંશ અને ૭૨°-૩૮' અને ૭૪' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. આ જિલ્લો ઓલપાડ, ચોર્યાસી, માંગરોળ, કામરેજ, માંડવી, બારડોલી, સોનગઢ, વ્યારા, મહુવા, પલસાણા, વાલોડ, ઉચ્છલ અને નિઝર તાલુકાનો બનેલો છે. સુરત શહેર જિલ્લાનું મુખ્ય મથક છે. સુરત શહેરમાં જિલ્લા કલેકટરની કચેરી, જિલ્લા પંચાયતની કચેરી, જિલ્લા પોલીસ અધિકારીની કચેરી, જિલ્લાનું ન્યાયાલય અને વહીવટનાં અન્ય ખાતાંની કચેરીએ આવેલી છે.

સુરત જિલ્લાના ઉચ્છલ અને મહુવા તાલુકાને અભ્યાસમાં પસંદ કરવામાં આવ્યા છે.

ઉચ્ચલ તાલુકો

૧૯૬૦માં દ્વિભાષી મુંબઈના વિભાજન સમયે ઉચ્છલ મહાલને સુરત જિલ્લામાં સમાવવામાં આવ્યો છે. ઉચ્છલમહાલ પશ્ચિમ ખાનદેશ જિલ્લાના (ધુળિયા જિલ્લા) નવાપુર તાલુકાના ૩૮ અને સોનગઢ તાલુકાના ૨૮ ગામોનો બનેલો છે. તાલુકાના મોટાભાગના ગામો નવી વસાહતના છે. ઉચ્છલ તાલુકાની ઉત્તરે ભરૂચ જિલ્લો- દક્ષિણે મહારાષ્ટ્ર- પૂર્વે નિઝર તાલુકો અને પશ્ચિમે સોનગઢ તાલુકો છે. આ તાલુકાનો વિસ્તાર ઉત્તર-દક્ષિણ ૨૭ કિ.મી. અને પૂર્વ- પશ્ચિમ ૨૯ કિ.મી.નો છે.

આબોહવા

આ તાલુકાનો દક્ષિણ ભાગ સિવાય બાકીના ભાગોમાં જંગલો છે. તેથી આબોહવા વિષમ અને રોગિષ્ટ છે. આ તાલુકામાં ઉનાળામાં અને ચોમાસાની ઋતુ ભેજવાળી, શિયાળો સમધારણ અને ચોમાસામાં ભારે વરસાદ પડે છે. વર્ષાઋતુની શરૂઆત જૂનના બીજા સપ્તાહથી થાય છે અને સપ્ટેમ્બરના બીજા સપ્તાહ સુધી વરસાદ પડે છે. ૧૯૮૧-૮૨માં ૬૧ દિવસમાં ૬૯૫ મિલિમિટર વરસાદ પડ્યો હતો. સરેરાશ ૬૧ દિવસમાં મોસમનો ૪૦ થી ૬૦ ઈંચ વરસાદ પડે છે. વરસાદવાળા દિવસોમાં મજૂરીનું કામ ખૂબ જ ઓછું મળે છે તેથી આદિમજૂથના લોકોને આ દિવસોમાં મુશ્કેલી રહે છે તે ઉપરાંત આબોહવા ભેજળાવી હોવાથી જુદા જુદા રોગના ભોગ પણ બને છે.

નદી

આ તાલુકામાં તાપી નદી અને તેની શાખાઓ પસાર થાય છે. અભ્યાસના લીંબાસોટી ગામ નજીકથી નદી વહે છે.

રેલ્વે અને રસ્તા

સુરતથી ભુસાવળની રેલવે લાઈન આ તાલુકામાંથી પસાર થાય છે. આ તાલુકાનાં બહુ ઓછાં ગામને રેલવેનો લાભ મળે છે. સોનગઢથી નિઝર તરફનો રાષ્ટ્રીય ધોરી માર્ગ પસાર થાય છે. અભ્યાસના એક ગામ સિવાય બાકીના દરેક ગામોના મુખ્ય રસ્તા ડામરના છે. જયારે ગામના અંદરના રસ્તા કાચા છે.

ઉચ્છલ નજીક મહારાષ્ટ્રનું નવાપુર શહેર આવેલું છે. ત્યાંથી રેલવે અને બસ દ્વારા લોકો મુસાફરી કરે છે. મજૂરી કામ માટે રેલવેની મુસાફરી નવાપુર રેલવે સ્ટેશનથી કરે છે.

જમીન-પાક

આ તાલુકાની જમીન ખડકાળ અને કાળી છે. તાલુકાના દક્ષિણ વિભાગમાં ખેતીલાયક જમીન છે. તે સિવાય જંગલો છે. તાલુકાની કુલ જમીન ૬૬૫૦૩ હેકટર છે. તેમાં ૧૭૭૬૫ (૨૬.૭૧) હેકટર જમીનમાં જંગલો છે. ૭૭૫૮ (૧૧.૬૭) હેકટર જમીન જ ચોખ્ખી વાવેતર નીચે છે. ૭૩ હેકટર જમીનમાં એક કરતાં વધુ વખત વાવેતર થાય છે. ૪૦૯૮૦ (૬૧.૬૨) હેકટર જમીન ખેડી ન શકાય તેવી જમીન, કાયમી ગૌચરણ, ચાલુ પડતર અને અન્ય પડતરની જમીન છે. ૧૫૬ હેકટર જમીન ખેડી શકાય તેવી છે. છતાં આ જમીન પડતર છે. આંકડા ઉપરતો જંગલ નીચેની જમીન ઘણી છે. પરંતુ ધીમે ધીમે જંગલો કપાવા લાગ્યા છે. જંગલો કપાવા પાછળના મુખ્યક ારણમાં એક કારણ ઉકાઈ બંધ બાંધવાથી જે ગામોને અસર થઈ છે તે ગામોના લોકોને જંગલની જમીનમાં વસાવવામાં આવ્યા છે. અભ્યાસનાં ત્રણ ગામો લીંબાસોટી, પેથાપુર અને નુરાબાદ ગામો રેવન્યુના નથી. આ ગામો ચીખલી ગામમાં સમાવેશ કરવામાં આવ્યાં છે. આ ગામો જયાં વસે છે તે જમીન જંગલ ખાતાની છે.

પાક

૧૯૮૪-૮૫ની તાલુકાની તુલવારી તપાસના આંકડાઓ પરથી આ તાલુકાના મુખ્ય અને ગૌણ પાક કયા છે તેનો ખ્યાલ આવશે.

ક્રમ	પાકનું નામ	વાવેતર વિસ્તાર (હેકટરમાં)
૧.	ખરીફ જુવાર	૭૧૯
૨.	રવિ જુવાર	૧૪૦૪
૩.	ડાંગર	૧૬૮૪
૪.	ઘઉં	૬૪
૫.	કોદરા	૪૭૯
૬.	રાગી	૩
૭.	મકાઈ	૨૫
૮.	નાગલી	૧૦૭

૯.	બંટી	૨૪૬
૧૦.	ભાદલુ	૨૮૬
૧૧.	તુવર	૮૭૪
૧૨.	અડદ	૪૭૨
૧૩.	મગ	૫૩
૧૪.	ચણા	૮૩
૧૫.	ચોળી	૨૨
૧૬.	વાલ	૫૪
૧૭.	શેરડી	૩૦
૧૮.	મરચાં	૭
૧૯.	કેળાં	૩
૨૦.	ચીકુ	૨
૨૧.	રીંગણાં	૩૦
૨૨.	ટમેટા	૧૮
૨૩.	ભીંડા	૫
૨૪.	હા.કપાસ	૧૨
૨૫.	અન્ય કપાસ	૪૦૦
૨૬.	શણ	૧૭
૨૭.	તલ	૧૨
૨૮.	મગફળી	૩૪૭
૨૯.	ખરસાણી	૭
૩૦.	ગૌચર ઘાસ	૫૦૬

૧૯૮૪-૮૫ના તાલુકાની તુલવારી જોતા ખ્યાલ આવે છે કે આ તાલુકાના મુખ્ય પાકમાં જુવાર, ડાંગર, તુવેર છે. બાગાયત અને રોકડીયા પાક ખુબજ ઓછા પ્રમાણમાં થાય છે. કારણકે પિયતની સવલત ઓછી છે. તેથી આ પાક અને શાકભાજી ઓછા પ્રમાણમાં થાય છે. આ તાલુકામાં ૧૯૮૪-૮૫માં ૧૫૭ હેકટર જમીન પિયતની છે.

પીવાના પાણીની સવલત

આ તાલુકામાં કૂવા અને નદીના પાણીનો ઉપયોગ પીવામાં કરે છે. અભ્યાસના ગામોમાં સાદા કુવામાંથી લોકો પાણી પીવે છે. આ તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલી ખૂબ જ છે.

વસ્તી

૧૯૮૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે આ તાલુકાની કુલ વસ્તી ૫૨૬૯૨ની છે. તેમાં ૨૬૩૪૫ (૫૦.૦૦) પુરૂષો અને ૨૬૩૪૭ (૫૦.૦૦) સ્ત્રીઓ છે. આ તાલુકામાં કુલ વસ્તીના ૯૭.૪૪ ટકા અનુસૂચિત જનજાતિની વસ્તી છે. અનુસૂચિત જનજાતિની વસ્તીમાં પાડવી, વસાવા, વળવી, કોંકણી જાતિની વસ્તી વસે છે. આદિમજૂથની જાતિમાં કોલઘા, કાથોડી અને કોટવાળીયાની વસ્તી વસે છે.

આદિમજૂથની જાતિમાં કોટવાળિયાની સૌથી વધારે વસ્તી છે. આ તાલુકાના ૧૪ ગામોમાં ૨૩૮ કુટુંબો રહે છે. જેની કુલ વસ્તી ૭૦૭ની છે. બીજા ક્રમે કાથોડી જાતિની વસ્તી છે. આ તાલુકાના ૧૧ ગામોમાં ૧૩૭ કુટુંબો રહે છે. આ જાતિની કુલ વસ્તી ૪૭૮ છે. આ તાલુકામાં કોળઘા જાતિના લોકો ૩ ગામમાં ૨૩ કુટુંબોમાં રહે છે. આ જાતિની કુલ વસ્તી ૭૬ની છે.

વ્યવસાય

આ તાલુકાના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજૂરી, મત્સ્ય ઉદ્યોગ, જંગલ મજૂરી, પશુપાલનનો છે. ખેતીની જમીન ઓછી છે. પિયતની સવલત પણ ઘણી ઓછી છે. તેથી ચોમાસુ ખેતી જ મુખ્ય છે. ખેતીનું કામ પૂરું થયા બાદ બારડોલી, સુરત, ખાંડના કારખાનામાં મજૂરી કરવા આદિવાસી લોકો જાય છે. ઉકાઈ ડેમ નજીક છે. તેથી મત્સ્ય ઉદ્યોગનો વ્યવસાય પણ આદિવાસી લોકો કરે છે. કાથોડી જાતિના લોકો ગામનાં પશુ ચારવાનો વ્યવસાય પણ કરે છે. અભ્યાસના પેથાપુર ગામના આદિવાસીઓ અંબર ચરખાથી કાંતણનું કામ પણ કરે છે. જંગલ ખાતાના મજૂરી પણ આદિવાસી લોકો કરે છે. પશુપાલનનો વ્યવસાય પણ ધીમે ધીમે આદિવાસીઓમાં વિકસતો જાય છે. આ તાલુકાના આદિમજૂથની જાતિના લોકોમાં કોટવાલીયા

આબોહવા

આ તાલુકાની આબોહવા સમઘાત છે. માર્ચ, એપ્રિલ અને મે માસમાં ઉષ્ણતામાન વધુ તપે છે. આ માસ દરમ્યાન વધુમાં વધુ ઉષ્ણતામાન ૩૯ થી ૪૨ સેન્ટીગ્રેડ હોય છે. ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં ઠંડી પડે છે. આ માસ દરમ્યાન નીચામાં નીચું ઉષ્ણતામાન ૧૩ થી ૧૮ સેન્ટીગ્રેડ હોય છે. જૂન, જુલાઈ, ઓગસ્ટ માસમાં વરસાદ પડે છે. મોસમના કુલ વરસાદના ૯૦ ટકા વરસાદ આ માસ દરમ્યાન પડે છે. ૧૯૮૧-૮૨માં ૮૦ દિવસમાં ૧૭૮૦ મિલિમિટર વરસાદ પડ્યો હતો. આ તાલુકામાં સરેરાશ ૪૦ થી ૪૫ ઈંચ વરસાદ પડે છે. વરસાદના દિવસોમાં મજૂરીનું કામ ઓછું મળે છે. તેથી કોલધા જાતિના લોકોને આ દિવસોમાં ખૂબજ મુશ્કેલી રહે છે અને ખાવાનું અનાજ પણ ક્યારેક ક્યારેક મળતું નથી. તેથી ખાવટી લાવે કે ખેતીના કામ માટે બંધાય છે.

નદી - નહેર

આ તાલુકામાંથી પૂર્ણા અને અંબિકા નદી પસાર થાય છે. અભ્યાસના પૂના, ભોરિયા ગામ નજીકથી નદી પસાર થાય છે. અનાવલગામ કાવેરી નદીના કિનારે આવેલું છે. અભ્યાસના ભોરિયા, પુના અને અનાવલ ગામમાં તળાવ અને નહેર છે.

રેલ્વે અને રસ્તા

બીલીમોરાથી વઘઈ જતી રેલ્વે લૅાઈન અભ્યાસના અનાગવલ ગામમાંથી પસાર થાય છે. આ તાલુકાના ગામોને રેલ્વેનો ઓછા લાભ મળે છે. અભ્યાસના ૬ ગામમાંથી તરકાણી, અનાવલ ગામને રેલ્વેનો લાભ મળે છે.

મહુવાથી અનાવલ સુધી અને મહુવાથી નવસારી સુધી પાકી સડક છે. અભ્યાસના ૬ ગામમાંથી ૫ ગામમાં કાચા, ૩ ગામમાં મેટલ અને ૩ ગામમાં ડામરના રસ્તા છે. એક ગામ એક કરતાં વધારે ગામ સાથે સાંકળવા માટે અલગ અલગ રોડ હોય તેથી એક ગામ કરતા રોડની સંખ્યા વધારે છે. મેટલ અને ડામરના રોડના મુખ્ય રસ્તા છે. ગામની અંદરના રસ્તા કાચા છે. પુના, તરકાણી, અનાવલ ગામને બારેમાસ બસની સુવિધા મળે છે. જયારે ભોરિયા, ડુંમકોતર, ગાંગડીયા ગામને ચોમાસામાં બસની સુવિધા મળતી નથી.

જમીન અને પાક

તાલુકાની કુલ ૩૫૪૨૮ હેકટર જમીનમાં ૨૭૪૦૦ હેકટર જમીન ચોખ્ખા વાવેતર હેઠળની છે. ૩૭૫ હેકટર જમીન ખેડી શકાય તેવી પડતર જમીન છે. ૨૫૨૯ હેકટર જંગલની જમીન છે. બાકીની જમીન ઉજજડ અને ખેડી ન શકાય તેવી કાયમી ગૌચરણ ચાલુ પડતર અને અન્ય પડતરની જમીન છે.

અહીંની જમીન કાળી છે. તાલુકાના મુખ્ય પાકોમાં અનાજમાં ચોખા, જુવાર, ઘઉં, તુવેર, અડદ, મગ અને ચણા પાકે છે. પિયતની જમીનમાં શેરડી પણ થાય છે. શેરડી ઉપરાંત રોકડીયા પાકમાં મગફળી, કપાસ પણ થાય છે. ફળમાં ચીકુ, ટેટીની બાગાયત ખેતી પણ થાય છે. શાકભાજીમાં રીંગણ, ટમેટા, ટીંડોળા, રતાળુ અને પરવળનો મુખ્ય પાક છે.

પીવાના પાણીની સવલત

પીવાના પાણી માટે સાદા કૂવા, તળાવ, નદી અને હેન્ડપંપની સવલત છે. અભ્યાસના ગામના આદિવાસી અને બિન-આદિવાસી લોકો સાદા કૂવામાંથી પીવાનું પાણી લાવે છે. અનાવલ ગામમાં ૨૩ સાદા કૂવા છે અને ૧૩ કૂવા ઉપર વીજળીની મોટર અથવા ઓઈલ એન્જનની વ્યવસ્થા છે.

વસ્તી

૧૯૮૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે આ તાલુકાની કુલ વસ્તી ૧૦૪૨૪૧ છે. તેમાં ૫૨૪૭૪ (૫૦.૩૪) પુરૂષો અને ૫૧૭૬૭ (૪૯.૬૬) સ્ત્રીઓ છે. આ તાલુકામાં કુલ વસ્તીના ૮૦.૪૨ ટકા અનુસૂચિત જનજાતિના લોકો છે. અભ્યાસના ૬ ગામોમાંની કુલ વસ્તીમાં ૯૧.૦૧ ટકા અનુસુચિત જનજાતિની વસ્તી છે. અનુસૂચિત જનજાતિની વસ્તીમાં ઘોડિયા પટેલ, હળપતિ, કોલઘાની મુખ્ય વસ્તી છે. અનુસૂચિત જાતિના કેટલાક લોકો પણ આ તાલુકામાં રહે છે. તેને અભ્યાસના ગામમાં ખાલપા તરીકે ઓળખે છે. બિન આદિવાસીમાં અનાવીલ, રાજપૂત, વાણિયા, બ્રાહ્મણ, મુસલમાનની વસ્તી મુખ્ય છે.

વ્યવસાય

આ તાલુકાના બિનઆદિવાસીનો મુખ્ય વ્યવસાય ખેતી, વેપાર, સરકારી અને અર્ધ-સરકારી નોકરી છે. આદિવાસીમાં ધોડિયા જાતિના લોકોનો ખેતી, ખેતમજૂરી, નાના પાયાનો વ્યવસાય, સ્વરોજગારીના વ્યવસાય જેવા કે દરજીકામ, કડીયાકામ, સુથારીકામ અને સરકારી નોકરીઓ ખાસ કરીને શિક્ષકની નોકરી કરે છે. ખેતમજૂરીનો વ્યવસાય કરનાર કુટુંબના કોઈના કોઈ સભ્ય ઔદ્યોગિક મજૂરી, ખાંડના કારખાનામાં પણ કામ કરે છે. આદિવાસીઓ ગૃહઉદ્યોગમાં ઓછા પ્રમાણમાં રોકાયેલા છે. કોલઘા જાતિના લોકો હજુ

ખેતમજૂરી, જંગલ મજૂરી અને ઔદ્યોગિક મજૂરી સિવાયનો વ્યવસાય ઓછા પ્રમાણમાં કરે છે. જંગલ મજૂરીમાં લાકડા કાપીને તેને વેચવાનું કામ કોલધા જાતિના લોકો કરે છે.

શિક્ષણ

૧૯૮૧-૮૨માં આ તાલુકાનાં ૬૭ ગામોમાં ૧૩૩ પ્રાથમિક શાળા હતી. આ પ્રાથમિક શાળામાં ૪૫૯ શિક્ષકો શિક્ષણ આપવાનું કામ કરતા હતા. ૫ માધ્યમિક શાળા અને ૪ ઉચ્ચ માધ્યમિક શાળામાં ૭૩ શિક્ષકો શિક્ષણ આપવાનું કામ કરતા હતા. અભ્યાસના પાંચે ગામોમાં પ્રાથમિક શાળાની સવલત છે. તરકાણી અને અનાવલ ગામમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા પણ છે.

૧૯૮૧ના જનગણના અહેવાલ પ્રમાણે આ તાલુકાના કુલ આદિવાસીમાં ૩૯.૪૦ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે. કુલ પુરૂષમાં ૪૮.૭૯ ટકા પુરૂષો અક્ષરજ્ઞાન ધરાવે છે. કુલ સ્ત્રીમાં ૨૮.૮૭ ટકા સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે.

અભ્યાસના ૬ ગામમાં કુલ વસ્તીના ૩૭.૭૬ ટકા લોકો અક્ષરજ્ઞાન ધરાવે છે. તાલુકામાં અને અભ્યાસના ગામોમાં શિક્ષણનું પ્રમાણ સારું હોવા છતાં આદિમજૂથની જાતિના લોકોમાં શિક્ષણ ઓછું છે. છેલ્લા વર્ષમાં અનાજ સહાય આપવાથી આ જાતિના લોકોમાં શિક્ષણ વધ્યું છે.

સહકારી મંડળી

આ તાલુકામાં ૧૯૮૦-૮૧માં જુદી જુદી ૧૬૬ મંડળી હતી. તેમાં દૂધ પૂરું પાડનાર મંડળી, અભ્યાસના ભોરિયા, પુના, અનાવલ, કુંમકોતર અને ગાગડીયા ગામમાં છે. ખેતી વિષયક ધીરાણ મંડળી અને ગ્રામ સ્વરાજ મંડળી, બિન ખેતીવિષયક ધીરાણ મંડળી, વેચાણ મંડળી, ખાંડનું કારખાનું, પ્રક્રિયા કરનાર અન્ય મંડળી, ઔદ્યોગિક મંડળી વણકર અને અન્ય મંડળી પણ છે. અભ્યાસના ગામોમાં સહકારી મંડળી, પુના, અનાવલ, કુંમકોતર, ગાંગડીયા ગામમાં છે. બિન ખેતી વિષયક ધીરાણ મંડળી અનાવલ ગામમાં છે.

સહકારી મંડળીની સવલત અભ્યાસના ગામને મળે છે. તે ઉપરાંત અભ્યાસના ભોરિયા, તરકાણી, ગાંગડીયા, ગામ સિવાય અન્ય ગામોમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની વાજબી ભાવની દુકાન પણ છે. અભ્યાસના દરેક ગામમાં પરચૂરણ ચીજવસ્તુ વેચવાની દુકાન છે. અભ્યાસના ગામોમાં સૌથી વધારે પરચૂરણ ચીજવસ્તુ વેચવાની દુકાન અનાવલ ગામમાં છે. અભ્યાસના ગામના લોકો પોતાની જીવન જરૂરી ચીજવસ્તુઓ ગામમાંથી ખરીદે છે. ઉપરાંત મહુવા અને અનાવલ ગામમાં બજાર પણ છે. ત્યાંથી પણ ચીજવસ્તુ ખરીદે છે. બારડોલી, સુરતથી પણ ચીજવસ્તુ ખરીદે છે.

સાબરકાંઠા

ઉત્તર ગુજરાતના જે જિલ્લાઓમાં આદિવાસીની વસ્તી વસે છે તેમાં સાબરકાંઠામાં વધુમાં વધુ આદિવાસીની વસ્તી છે. આ જિલ્લો ગુજરાત રાજયમાં ઉત્તર-પૂર્વ દિશામાં આવેલો છે. આઝાદી પહેલા આ વિસ્તારને મહી કાંઠા એજન્સી તરીકે ઓળખવામાં આવતો હતો. ત્યારબાદ જિલ્લાની પશ્ચિમ સરહદે વહેતી સાબરમતી નદીના નામ ઉપરથી આ જિલ્લાનું નામ સાબરકાંઠા રાખવામાં આવ્યું છે. ભૌગોલિક દ્રષ્ટિએ જિલ્લો ૨૩°-૫૩' -૦૦ થી ૨૪°-૩૭'-૦૦ ઉત્તર અક્ષાંશ અને ૨૭°-૪૭'-૦૦, ૭૩°-૩૭'-૦૦ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. જિલ્લાની ઉત્તર દક્ષિણ લંબાઈ ૧૬૦ કિ.મી. અને પૂર્વ પશ્ચિમ પહોળાઈ ૯૦ કિ.મી. છે. ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત રાજયમાં ૧૪મું સ્થાન આ જિલ્લો ધરાવે છે.

જિલ્લાની ઉત્તર પૂર્વ દિશામાં રાજસ્થાન રાજયની સરહદ છે. દક્ષિણે ખેડા જિલ્લાની તથા પંચમહાલ જિલ્લાની સરહદ છે. પશ્ચિમ દિશામાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાની સરહદ આવેલી છે.

આ જિલ્લો ૧૦ તાલુકાનો બનેલો છે. જિલ્લાનું મુખ્ય મથક હિંમતનગર છે. વહીવટી અનુકૂળતા માટે જિલ્લાના તાલુકાને બે પેટા વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે. (૧) હિંમતનગર પ્રાંત અને (૨) મોડાસા પ્રાંત. હિંમતનગર પ્રાંતમાં હિંમતનગર, ઈડર, વિજયનગર, ખેડબ્રહ્મા, ભીલોડા તાલુકા મૂકવામાં આવ્યા છે. મોડાસા પ્રાંતમાં મોડાસા, બાયડ, પ્રાંતિજ, મેઘરજ, માલપુર તાલુકાને મુકવામાં આવ્યા છે.

વિજયનગર તાલુકો

૧૯૪૮ પહેલા વિજયનગર અલગ રાજયનો દરજ્જો ભોગવતુ રાજય હતું. ભારતસંઘમાં અન્ય દેશી રાજયોના વિલીનીકરણની સાથે વિજયનગરનો પણ સમાવેશ થઈ ગયેલો ત્યારથી તે સાબરકાંઠા જિલ્લાનો એક મહાલ બન્યો છે. ૧૯૫૬ના રોજ રાજયની પુનઃરચના થતાં મુંબઈ રાજયનો એક ભાગ બન્યું. તા.૧-૫-૬૦ના રોજ દ્વિભાષી મુંબઈ રાજયનું વિભાગીકરણ થતાં ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યું ત્યારથી સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર પહેલાં મહાલ અને પછી તાલુકો બન્યો છે.

વિજયનગરની ઉત્તરમાં રાજસ્થાન, પૂર્વેમાં રાજસ્થાન તથા ભિલોડા તાલુકો, નૈઋત્યમાં ઈડર તાલુકો અને પશ્ચિમે ખેડબ્રહ્મા તાલુકો આવેલા છે. આ તાલુકાની પૂર્વ, પશ્ચિમ પહોળાઈ ૨૭ કિલોમીટર અને ઉત્તર દક્ષિણ લંબાઈ ૩૦ કિલોમીટર છે.

આબોહવા

આ તાલુકાની આબોહવા એકંદરે ખુશનુમા છે. શિયાળામાં ઠંડી અને ઉનાળામાં ગરમી વધારે પડે છે. ઉનાળામાં ૪૦° થી ૪૭° સે.ગ્રેડ ઉષ્ણાતામાન હોય છે. શિયાળામાં ૬° થી ૧૨° સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન (રહે છે.

વરસાદની શરૂઆત જુન માસથી થાય છે અને સપ્ટેમ્બર માસ સુધી રહે છે. ૧૯૮૩માં ૫૮ દિવસમાં ૮૨૮ મીલીમીટર વરસાદ પડ્યો હતો. આ તાલુકામાં મુખ્યત્વે જુલાઈ અને ઓગસ્ટ માસમાં મોસમનો ૬૦ થી ૭૦ ટકા વરસાદ પડે છે..આ વિસ્તારના લોકોની ખેતી અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓ ઉપર વરસાદના વધઘટની વિપરીત અસર થાય છે.

નદી

તાલુકાની જમીનનો મોટોભાગ ડુંગરાળ છે. તેથી ઠેરઠેર ઝરણા અને વહેળાઓ હોય છે. તાલુકાના ઉત્તરમાં હરણાવ અને લડારી નદી છે. પૂર્વભાગમાં હાથમતી નદી છે. અભ્યાસના વંધોલ, બંધવા ગામ નજીક હરણી નદી પસાર થાય છે.

રેલ્વે અને રસ્તા

આ તાલુકામાં રેલ્વે નથી. તેમજ પાકી સડકો ઓછી હોવાથી વાહન વ્યવહારની અભ્યાસના ગામમાં વસતા લોકોને મુશ્કેલી પડે છે. ચોમાસા સિવાય બસની સવલત અભ્યાસના ગામોમાં મળે છે.

જમીન-પાક

આ તાલુકાની મોટાભાગની જમીન ડુંગરાળ છે. તેથી ખેતીલાયક જમીન ઘણી ઓછી છે. મધ્યકાળી ખેતીલાયક જમીન છે. તાલુકાનું ભૌગોલિક ક્ષેત્રફળ ૪૫૭૯૬ હેકટર છે. તેમાં ૨૨.૭૭ ટકા જમીનમાં વાવેતર થાય છે. ૧.૯૫ ટકા જમીન ખેડી શકાય તેવી પડતર પડી છે. બાકીની જમીનમાં જંગલ, ખેડી ન શકાય તેવી જમીન, ગૌચર અને અન્ય પડતરની જમીન છે. આ તાલુકામાં મકાઈ, ઘઉં, ચોખા, જુવાર, મુખ્ય પાક છે. કઠોળમાં ચણા અને અડદ વધુ પ્રમાણમાં પાકે છે. મગ અને તુવેર પણ પાકે છે. રોકડીયા પાકમાં કપાસ થાય છે. તેલીબિયા, ફળ અને શાકભાજી ઓછા પ્રમાણમાં થાય છે.

અભ્યાસના ત્રણ ગામમાં મુખ્યત્વે મકાઈનો પાક થાય છે. કઠોળમાં અડદનો પાક વધુ થાય છે.

વસ્તી

૧૯૮૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે આ તાલુકાની કુલ વસ્તી ૫૮૭૭૬ની છે. તેમાં ૨૮૪૯૧ (૪૮.૪૭) પુરૂષો અને ૩૦૨૮૫ (૫૧.૫૩) સ્ત્રીઓ છે. તાલુકાની કુલ વસ્તીમાં ૭૨.૧૦ ટકા વસ્તી અનુસૂચિત જનજાતિની છે. અનુસુચિત જનજાતિની વસ્તીમાં ભીલ ગરાસિયાની વસ્તી મુખ્ય છે. તે સિવાય કાથોડી જાતિની વસ્તી પણ આ તાલુકામાં છે. અનુસૂચિત જાતિની વસ્તી પણ આ તાલુકામાં વસે છે. બિન આદિવાસીમાં રજપૂત, બ્રાહ્મણ, પટેલ, વાણિયા, ઠાકરડાની વસ્તી આ તાલુકામાં વસે છે.

વ્યવસાય

આ તાલુકાના બિન-આદિવાસીનો મુખય વ્યવસાય ખેતી, વેપાર, સહકારી અને અર્ધ સરકારી નોકરીનો છે. આદિવાસીમાં ગરાસીયા જાતિના લોકો ખેતી અને ખેતમજૂરી કરે છે. આ જાતિના ઘણા પુરૂષો નોકરી કરતા થયા છે. તેમાં શિક્ષક અને કારકૂનની નોકરી વધારે પ્રમાણમાં કરે છે. આ જાતિના લોકો સ્વરોજગારીના વ્યવસાય જેવાકે સુથારી, દરજી, કડીયાકામ પણ કરે છે. આ તાલુકાના કાથોડી જાતિના લોકો ખેતી અને ખેતમજૂરીનું કામ કરે છે તે ઉપરાંત જંગલ ગૌણ પેદાશ એકત્ર કરવાનું કામ પણ કરે છે. જંગલ ગૌણ પેદાશમાં ગુંદર, મધ, ટીમરૂંના પાન, મૂસળી વગેરે એકત્ર કરી ખાનગી વેપારીને વેચી આવે છે. બાંધકામની મજૂરી પણ કાથોડી જાતિના લોકો કરે છે. ગૃહઉદ્યોગ અને ઔદ્યોગિક એકમમાં ઓછા પ્રમાણમાં કામ કરે છે.

૧૯૮૨-૮૩માં આ તાલુકાના ૮૫ ગામોમાં ૮૩ પ્રાથમિક શાળા હતી. આ વર્ષમાં ગાંધીવાડા, ધોળીવાવ, ગોળીવાડા, ગામ પ્રાથમિક શાળા વિનાના હતા. આ ત્રણ ગામોની વસ્તી ૩૭૫ કરતા ઓછી હતી. ૮૩ પ્રાથમિક શાળામાં ૨૯૯ શિક્ષકો શિક્ષણ આપવાનું કામ કરતા હતા. ૧૯૮૨-૮૩માં આ તાલુકામાં ૮ માધ્યમિક અને ૪ ઉત્ત૨ માધ્યમિક શાળાઓ હતી. આ શાળામાં ૧૩૮ શિક્ષકો શિક્ષણ આપવાનું કામ કરતા હતા. આ તાલુકામાં ધોરણ બાર પછી આગળ અભ્યાસની વ્યવસ્થા નથી.

તાલુકાના કુલ વસ્તીમાં ૩૬.૦૦ ટકા વસતી અક્ષરજ્ઞાન ધરાવનારી છે. તાલુકાના ૫૩.૧૮ ટકા પુરૂષો અને ૧૯.૮૫ ટકા સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે.

તાલુકાની કુલ અનુસૂચિત જનજાતિની વસ્તીમાં ૩૩.૪૧ ટકા વસ્તી અક્ષરજ્ઞાન ધરાવે છે. ૫૦.૮૧ ટકા પુરૂષો અને ૧૭.૩૭ ટકા સ્ત્રીઓ અક્ષરજ્ઞાન ધરાવે છે.

અભ્યાસના વણધોલ ગામમાં ૧૯૬૧, બંધણા ગામમાં ૧૯૭૩ અને બદરના ગામને ૧૯૮૧થી પ્રાથમિક શાળાની સવલત મળે છે. છતાં આદિમજૂથની જાતિમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. કાથોડી જાતિની આશ્રમશાળા શરૂ કર્યા બાદ અને અનાજ સહાય આપવાથી આદિમજૂથની જાતિમાં શિક્ષણની ભૂખ વધવા લાગી છે.

સહકારી મંડળી

આ તાલુકામાં ૧૯૮૨-૮૩માં પ્રાથમિક ખેતી વિષયક ધીરાણ મંડળી ૧૭, પ્રાથમિક બિન-ખેતી વિષયક ધીરાણ મંડળી ૩, દૂધ પુરૂં પાડનાર મંડળી ૧૩, સિંચાઈ, લીફ્ટ ઈરીગેશન મંડળી ૨ અને અન્ય મંડળી ૬ હતી. અભ્યાસના એકપણ ગામમાં સહકારી મંડળી નથી.

સહકારી મંડળીની સવલત અપૂરતી હોવા ઉપરાંત સસ્તા અનાજની દુકાન અને પરચૂરણ માલસામાનની દુકાન પણ અભ્યાસના ગામમાં અપુરતી છે. તેથી દૈનિક વપરાશી ચીજવસ્તુ નજીકના મોટા ગામ અથવા તો વિજયનગર, ઈડરથી ખરીદી લાવે છે. વિજયનગરમાં મર્યાદિત બજાર છે.

અભ્યાસના તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ અને આબોહવાની અસર લોકજીવન ઉપર પડે છે. તેમાં પણ આદિમજૂથના આદિવાસી ઉપર વધારે અસર પડે છે. કારણ કે આ જાતિના જીવનના દરેક પાસા સાથે કુદરતી પરિબળો વણાયેલાં છે. જેમકે વરસાદ નિયમિત ન આવે તો ખેતમજૂરી ઓછી મળે, તે ઉપરાંત મત્સ્ય ઉદ્યોગ અને પીવાના પાણીની પણ મુશ્કેલી પડે છે. કારણ કે આ ગામોના દરેક ફળીયામાં પીવાના પાણીની પુરતી સવલત નથી. તેથી નદી યા ખાડીનું પાણી લોકો પીવે છે. આમ કરવામાં આદિમજૂથની જાતિના લોકો વધારે પ્રમાણમાં છે. જંગલ ઓછાં થવાથી ગૌણ પ્રદેશ ઓછી મળે છે. આથી આર્થિક પરિસ્થિતિ વિકટ બનતી જાય છે. આદિવાસીમાં અક્ષરજ્ઞાન ધીમે ધીમે વધતું જાય છે. આદિમજૂથમાં પણ અનાજ સહાયથી શિક્ષણ વધવા લાગ્યું છે. આ જાતિના વ્યવસાયમાં હજુ જોઈએ તેટલું તાંત્રિકરણ થયું નથી.

કાથોડી

ઐતિહાસિક પુષ્ઠભૂમિ

''કાથોડી'' શબ્દ ''કાથા'' સાથે જોડાયેલો છે. પહેલાં આ જાતિના લોકોનો મુખ્ય ધંધો કાથો પાડવાનો હતો. જયાં ખેરના વૃક્ષો હોય ત્યાં કામચલાઉ ઝૂંપડું બનાવી ત્યાં રહીને કાથો પાડવાનું કામ કરતા હતા. આ કામ માટે જંગલમાં એક સ્થળેથી બીજા સ્થળે ભટકતું જીવન જીવતા હતા. આ ઉપરાંત કાથો પડાવનાર વેપારી જયાં લઈ જાય ત્યાં આ લોકો કામ કરતા હતા. કાથો પાડવાના કામ ઉપરાંત જંગલમાંથી ગૌણ પેદાશ એકત્ર કરીને વેપારીને આપતા. આ કામના બદલામાં વેપારી તેઓને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડતા હતા. આ લોકો ખોરાક માટે શિકાર અને માછલાં પણ પકડતા હતા. જંગલમાંથી જુદા જુદા પ્રકારની વનસ્પતિ એકત્ર કરી ને તેઓ ખોરાકમાં ઉપયોગ કરતા હતા.

કાથોડીઓનો મૂળ પ્રદેશ મહારાષ્ટ્ર રાજયનો ખાનદેશ પ્રદેશ છે. આ વિસ્તારની નજીકના ગુજરાતના વિસ્તારમાં આ જાતિની વસ્તી વધુ જોવા મળે છે. આ વિસ્તારમાં સુરત જિલ્લાના નિઝર, ઉચ્છલ, માંગરોળ અને સોનગઢ તાલુકામાં કાથોડીની વસ્તી વધુ પ્રમાણમાં છે. સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં પણ કાથોડી જાતિની વસ્તી છે. આ લોકોને ખાનદેશમાંથી રાજસ્થાન બાજુ લાવનાર ઉદેપુરનો એક કોન્ટ્રાકટર હતો. જેને કાથોડીઓ ''ઉદેપુરનો શેઠ'' તરીકે આજે પણ ઓળખાવે છે. વિજયનગર બાજુ ખેરના જંગલો પુષ્કળ હોવાથી કાથો પાડવા આ લોકોને આ શેઠ અહીં લાવ્યો હતો. બ્રિટીશ શાસન દરમ્યાન જંગલ નીતિ અમલમાં આવતા જંગલ પરના આદિવાસીના હક્કો ઉપર નિયંત્રણ આવ્યું. તે ઉપરાંત ઉદ્યોગીકરણ થવાથી કાથો પાડવાનું કામ કારખાનાઓમાં થવા લાગ્યું. જેની સીધી અસર કાથોડીઓના વ્યવસાય ઉપર પડી. આ કારણે જીવન ટકાવી રાખવા જયાં જે પ્રકારનું કામ મળે તે કરવા માટે આ લોકો ભટકતું જીવન જીવવા લાગ્યા. પોતાનો પરંપરાગત વ્યવસાય પડી ભાંગતાં, નવો વ્યવસાય જેવો કે ખેતમજૂરી, પશુપાલન અને ખેતી તરફ વળ્યા છે.

અભ્યાસના ગામમાં કેટલા વર્ષથી રહે છે

ઉચ્છલ તાલુકાના ૬ ગામના ૩૯ કુટુંબ અને વિજયનગર તાલુકાના ૩ ગામના ૩૬ કુટુંબો પોતે જયાં રહે છે, તેને મૂળગામ તરીકે ગણાવ્યું છે. વિજયનગરના ૩૬ કુટુંબોમાં ૨૮ કુટુંબો પોતે જયાં રહે છે તેને મૂળગામ તરીકે ગણાવ્યું છે. ૮ કુટુંબો અન્ય ગામના છે. તેમાં ૫ કુટુંબો ૬ વર્ષથી, ૨ કુટુંબો ૧૫ વર્ષથી અને ૧ કુટુંબ ૨૫ વર્ષથી અભ્યાસના ગામમાં રહે છે. આ ઉપરથી કહી શકાય છે કે કાથોડી જાતિના લોકો પહેલા

જે ભટકતું જીવન જીવતા તેનું પ્રમાણ હવે નહીંવત છે. આમ બનવા પાછળના અનેકવિધ કારણો છે. તેમાં પહેલાં આ જાતિનો વ્યવસાય જ એવા પ્રકારનો હતો કે જેથી તેમને ભટકતું જીવન જીવવું પડે. હવે વ્યવસાયમાં પરિવર્તન આવતાં અને સરકારની જુદી જુદી વિશેષ સવલતનો લાભ મળવાથી તેમનું જીવન સ્થાયી થયું છે.

ઘર કોની જમીનમાં છે

કાથોડી જાતિના લોકો જે તે ગામમાં સ્થિર રહેવા લાગ્યા છે. પોતાની માલિકીની જમીન ઓછી હોવાથી ઘર બાંધવાની મુશ્કેલી પડે છે. અભ્યાસના ઉચ્છલ તાલુકાના ૩૯ કુટુંબોના ઘર પોતાની જમીનમાં નથી. વિજયનગર તાલુકાના ૩૬ કુટુંબમાં ૮ કુટુંબનાં ઘર પોતાની જમીનમાં નથી. જયારે ૨૮ કુટુંબોનાં ઘર પોતાની જમીનમાં છે. જે લોકોનાં ઘર પોતાની જમીનમાં નથી તેમાં અમુક ઘર બાપુજીની જમીનમાં, ૪ ઘર સસરાની જમીનમાં, ૭ ઘર પંચાયતની જમીનમાં, ૨૨ ઘર સરકારી જમીનમાં, ૮ ઘર જંગલ ખાતાની જમીનમાં, ૧ ઘર સગાની જમીનમાં છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આ જાતિના લોકો સરકાર અથવા તો જંગલ ખાતાની જમીનમાં વધારે રહે છે. અભ્યાસના ઉચ્છલ તાલુકાના આ જાતિના ૩૯ અભ્યાસના કુટુંબમાંથી ૩૦ કુટુંબો તો સરકાર અને જંગલ ખાતાની જમીનમાં પડી રહે છે.

ઘર

કાથોડી જાતિના લોકો જયારે ભટકતું જીવન જીવતા ત્યારે રહેવા માટે કોઈ નિશ્ચિત ઘર ન હતું. પરંતુ ધીમે ધીમે સ્થિર રહેવા લાગ્યા તેમ ઘર બનાવવા લાગ્યા, અભ્યાસના ગામોમાં ઘણાં કુટુંબો મજૂરી કરવા એક સ્થળેથી બીજા સ્થળે જાય છે. તેવાં કુટુંબને પણ જે તે ગામમાં માટીનું નાનું એવું ઘર હોય છે. ઘર બાંધવામાં સરકારની જુદી જુદી યોજનામાં મકાન સહાય આપવામાં આવે છે. અભ્યાસના ૭૫ કાથોડી કુટુંબમાં ૪૯ (૬૫.૩૩ ટકા) કુટુંબને મકાન સહાયનો લાભ નથી મળ્યો. ૨૬ (૩૪.૬૭ ટકા) ને મકાન સહાય મળી છે. તેમાં ૮ ઉચ્છલ તાલુકાનાં, ૧૮ વિજયનગર તાલુકાનાં કુટુંબો છે. જે કુટુંબને મકાન સહાય મળે છે તેમાં ૨૫ કુટુંબને નળીયાં મળ્યા છે. આમાં ૧૮ વિજયનગર તાલુકાનાં અને ૭ ઉચ્છલ તાલુકાનાં કુટુંબો છે. ૧ ઉચ્છલ તાલુકાનાં કુટુંબ છે. ૧ ઉચ્છલ તાલુકાના કુટુંબને ઘરથાળનો પ્લોટ પણ મળ્યો છે. આ ઉપરાંત વિજયનગરના ખ્રિસ્તી પાદરી તરફથી આ તાલુકાના ૩ ગામમાં ઘર બાંધવા માટે લાકડાં અને નાણાંની સહાય આપવામાં આવી છે. આમ સરકાર અને અન્ય એજન્સી તરફથી ઘર બાંધવામાં સાધન અને નાણાંની સહાયથી આ જાતિના લોકો ઘરમાં રહેતા થયા છે.

અભ્યાસનાં ૭૫ કાથોડી કુટુંબનાં ઘર કાચાં છે. ઘરની દિવાલ માટી અને વાંસની બનાવેલી હોય છે. ઘરનું છાજ અલગ અલગ પ્રકારનું હોય છે. ઘાસનું છાજ ૧૨ ઘરનું દેશી નળીયાનું છાજ ૩૦ ઘરને, વિલાયતી નળીયાંનું છાજ ૨૬ ઘરને, ઘાસ અને દેશી નળીયાનું છાજ ૬ ઘરને અને પતરાનું છાજ ૧ ઘરમાં છે.

ઉચ્છલ તાલુકાના અભ્યાસના કુટુંબનાં ઘરોમાં ઘાસનું છાજ વધારે જોવા મળ્યું. વિજયનગર તાલુકાના અભ્યાસના કુટુંબોમાં એક પણ કુટુંબના ઘરનું છાજ ઘાસનું નથી. વિજયનગરના અભ્યાસના કુટુંબોના ઘરના છાજ મોટેભાગે વિલાયતી નળીયાનાં બનેલાં છે. આ તાલુકાના આ જાતિના લોકોને સરકાર તરફથી અને અન્ય એજન્સી તરફથી મકાન બનાવવા સાધન અને નાણાં વધુ પ્રમાણમાં મળ્યાં છે. તેથી આ તાલુકાના અભ્યાસના કુટુંબોનાં ઘરનાં છાજ વિલાયતી નળીયાનાં બની શક્યાં છે.

ઘરવખરી અને તેના સાધનો

આ જાતિના લોકો પહેલાં ભટકતું જીવન જીવતા ત્યારે ઘરવખરીનાં ઘણાં ઓછાં સાધનો રાખતા. આમ કરવા પાછળ ગરીબી એ મુખ્ય પરિબળ છે. ધીમે ધીમે એક સ્થળે સ્થિર રહેવા લાગ્યા તેમ તેમ ઘરવખરીનાં સાધનો વસાવતા ગયા. ઘરવખરીમાં એલ્યુમિનિયમનાં વાસણો મુખ્ય છે. આ વાસણો સરકાર તરફથી આપવામાં આવ્યાં છે. તે ઉપરાંત વિજયનગરના ખ્રિસ્તી પાદરી તરફથી વાસણ, લાકડાનો ખાટલો પણ આપવામાં આવ્યો છે. આમ ઘરવખરી વસાવામાં પણ સરકાર અને અન્ય એજન્સીનો મુખ્ય ફાળો છે. આ સિવાય ઘરવખરીનાં સાધનો ખરીદીને પણ વસાવે છે. અભ્યાસના વિજયનગર તાલુકાના ગામોમાં તો દિલ્હીથી આવતી જુદી જુદી જાહેરાતમાં રેડિયોની ખરીદીની જાહેરાતનું અરજીપત્રક ભરીને અમુક રોકડ પૈસા મોકલીને રેડિયો ખરીદ કર્યાનું ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું છે. આ ઉપરાંત અનાજ સહાય મળવાથી ખાધાખોરાકીના ખર્ચમાં બચત થાય અને આ બચતના પૈસામાંથી રેડિયો, ઘડિયાળ, ખુરશી લીધાનું પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું છે.

વાસણ

અભ્યાસનાં ૭૫ કાથોડી કુટુંબ પાસે ૧૫૩૯ વાસણ છે. તેમાં ૧૦૭૮ એલ્યુમિનિયમનાં, ૨૪૭ પિત્તળનાં અને ૨૧૨ સ્ટીલનાં વાસણો છે. કુટુંબદીઠ ૨૦ વાસણ છે, તેમાં એલ્યુમિનિયમનાં ૧૪, પિત્તળનાં, ૩ અને સ્ટીલનાં ૩ વાસણો છે. વાસણમાં ત્રણચાર થાળી, બે-ત્રણ નાની તપેલી, એક મોટી તપેલી, ૧ પાટીયો (ડસ્કું) બે-ત્રણ ચમચા, બે-ત્રણ વાટકા એકાદ છાલિયું. બે-ત્રણ પાણીના ગ્લાસ, એક લોટો હોય

છે. આ વાસણોમાં એલ્યુમિનિયમનાં વાસણો વધુ હોય છે. કોઈક ઘરમાં પિત્તળની થાળી, પાણી પીવાનો ગ્લાસ અને લોટો સ્ટીલનાં હોય છે. આવા કુટુંબે આ વાસણ કાં તો ખરીદીને અથવા તો કુટુંબની કોઈ વ્યક્તિને કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવ્યું હોય તો તેમાં ભેટ મળેલા છે. આ વાસણો સ્ટીલ યા પિત્તળના હોય છે.

ઘરવખરીનાં સાધનો

અભ્યાસના આ જાતિના ૭૫ કુટુંબમાંથી ૨૯ કુટુંબ પાસે લાકડાના ખાટલા છે. તેમાં ૨૦ ઉચ્છલ તાલુકાના અને ૯ વિજયનગર તાલુકાના કુટુંબ પાસે લાકડાના ખાટલા છે. ઘણા કુટુંબો અનાજ દળવાની ઘંટી રાખે છે. ઘંટી બે પથ્થરની હોય છે. કોઈક કુટુંબ પાસે ઘંટી મૂકવાનું લાકડાનું થાળું પણ હોય છે. અભ્યાસના ૩૪ કુટુંબ પાસે ઘંટી છે. તેમાં ૨૮ કુટુંબ વિજયનગરના અને ૬ કુટુંબ ઉચ્છલ તાલુકાના છે. માછલાં પકડવાની જાળ પણ આ જાતિના લોકો પાસે હોય છે. ઘણાં કુટુંબ માછલા પકડવા જાળનો ઉપયોગ નથી કરતા. માછલાં પકડાવા વાંસનું સાધન બનાવે છે અથવા તો એક વાંસની લાંબી સળીના છેડે પ્લાસ્ટીકની દોરી બાંધે છે. આ દોરીના છેડે વાંસનો કુમળો ટૂકડો કે અન્ય ખાવાની ચીજ બાંધીને આ છેડો પાણીમાં નાંખે છે, માંસ કે ખાવાની ચીજ માછલી ખાવા આવે કે તુરત જ તેને પાણીની બહાર ખેંચી લેવામાં આવે છે. ઘણા લોકો કપડાથી પણ માછલી પકડે છે. અભ્યાસનાં ૧૨ કુટુંબ પાસે માછલા પકડવાની જાળ છે. તેમાં ૯ ઉચ્છલ અને ૩ વિજયનગર તાલુકાના કુટુંબો છે. રેડિયો ૮ કુટુંબ પાસે છે. તેમાં ૭ વિજયનગરના અને ૧ ઉચ્છલ તાલુકાના કુટુંબ પાસે રેડિયો છે. હાથના કાંડા ઉપર પહેરવાની ઘડિયાળ ૫ કુટુંબ પાસે છે. તેમાં ૪ વિજયનગરના અને ૧ ઉચ્છલ તાલુકાના કુટુંબ પાસે ઘડિયાળ છે. ઉચ્છલ તાલુકાના ૧ કુટુંબ પાસે લાકડાની ખુરશી છે.

ઘરવખરીનાં આ સાધનો ઉપરાંત અમુક કુટુંબ પાસે અનાજ ભરવા માટે પતરાનું પીપ છે. જે સરકાર તરફથી આપવામાં આવ્યાં છે. અનાજ ભરવાની માટીની કોઠી મોટાભાગના કુટુંબ પાસે છે. પહેલાં અનાજ ભરવાની કોઠી ખૂબજ ઓછા કુટુંબ પાસે હતી. પણ અનાજ સહાય યોજનામાં એક સાથે અનાજ મળે તે ભરવા માટે માટીની કોઠી અભ્યાસના કુટુંબ રાખવા માંડ્યા છે. કપડાં મૂકવા માટે પતરાનો ડબ્બો અથવા તો પતરાની પેટી રાખે છે. ડબ્બો ગામના વેપારી પાસેથી ખરીદી લાવે છે. તે ઉપરાંત કાચના એક-બે શીશા હોય છે. તેમાં તેલ અને કેરોસીન રાખે છે.

અભ્યાસના કાથોડી જાતિના કુટુંબ પાસે વાસણ અને ઘરવખરીનાં સાધનો ઓછા પ્રમાણમાં હોય છે અને જે છે તે પણ સરકાર અથવા અન્ય એજન્સી દ્વારા ભેટ મળેલા છે. આમ છતાં પોતાના ખર્ચે ઘરવખરીનાં

સાધનો પણ ખરીદતા થયા છે. જેમને રેડિયો, ઘડિયાળ, ખુરશી, અનાજ દળવાની ઘંટી, આ ઘરવખરીના સાધનો ખરીદવામાં ઘણા કુટુંબને અનાજ સહાય મદદરૂપ થઈ છે.

હથિયાર

આ જાતિના લોકો પાસે હથિયારમાં મુખ્યત્વે કુહાડી જ હોય છે. કુહાડી સિવાય અમુક કુટુંબ પાસે નાનાં-નાનાં તીર કામઠાં હોય છે. દિન પ્રતિદિન જંગલ કપાતાં જાય છે. તેથી હથિયારોનો ઉપયોગ ઓછો થતો જાય છે. નવા કેન્દ્રીય કુટુંબ પાસે તીર-કામઠું પણ હોતું નથી.

પહેરવેશ

મોટી ઉંમરના કાથોડી પુરુષો લંગોટી કે ટૂંકી ધોતી પહેરે છે. શરીરના ઉપલા ભાગમાં ખમીશ અથવા બંડી અને માથે ત્રણ-ચાર હાથનું કપડું પાઘડીની જેમ બાંધે છે. યુવાન પુરૂષો ચડ્ડી, ખમીશ, બુશર્ટ, પહેરે છે. યુવાન પુરૂષો માથું ઉઘાડું રાખે છે. નાની ઉંમરના પુરૂષ બાળકો ફક્ત ચડ્ડી પહેરે છે. શરીરનો ઉપલો ભાગ ઉઘાડો અથવા રંગબેરંગી ગંજી ફરાક પહેરે છે. મોટી ઉંમરની સ્ત્રીઓ સાડી પહેરે છે. સાડી નીચે ચણિયો પહેરતી નથી. શરીરના ઉપલા ભાગમાં કબજો અને અડધી સાડી ઓઢે છે. ઘરમાં હોય ત્યારે સાડી અને કબજો પહેરે છે. કેટલીક યુવાન સ્ત્રીઓ કેડથી નીચે અડધી સાડી અને કબજો પહેરે છે. માથે અડધી સાડી ઓઢે છે. વિજયનગરની ૧૫ થી ૨૦ વર્ષની યુવતીઓ ભીલ ગરાસિયા યુવતીઓ જેવો જ પોષાક પહેરે છે. તેમાં શરીરના નીચલા ભાગમાં રંગબેરંગી સાડી, ઉપલા ભાગમાં કબજો, માથું અને શરીરનો ઉપલો ભાગ ઢાંકવા માટે આખી સાડી ઓઢે છે. નાની ઉંમરની સ્ત્રીઓ શરીરના નીચલા ભાગમાં ફક્ત ચડ્ડી પહેરે છે. આ જાતિના લોકો પાસે કપડાં ઘણાં અપુરતાં હોય છે. બાળકોને શાળામાંથી કપડાં મળે છે. તેથી ભણતાં બાળકોની પાસે પૂરતાં કપડાં હોય છે. આમ છતાં કપડાં ઘણાં મેલાં અને ફાટેલાં હોય છે.

ઘરેણાં

આ જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેઓ સ્ટીલ, ચાંદી કે કલાઈનાં ઘરેણાં રાખી શકતા નથી. કાથોડી જાતિની સ્ત્રીઓ નાકમાં ખોટા મોતીની ચૂક પહેરે છે. કાનમાં પિત્તળના અથવા મોટા મોતીનાં એરીંગ પહેરે છે. ગળામાં ધાતુનો હાર અને હાથમાં કાચની અથવા તો ધાતુની બંગડી પહેરે છે. હાથની આંગળીમાં ધાતુની વીંટી કોઈક કોઈક સ્ત્રીઓ પહેરે છે. મોટી ઉંમરની સ્ત્રી હાથના કાંડામાં 'કાથા' (કડલાં) પણ પહેરે છે અને પગમાં ધાતુનાં કડાં પહેરે છે. પુરૂષો ઘરેણાં પહેરતા નથી. ઘરેણાં નજીકના

શહેરમાં કારીગરો પાસે બનાવરાવે છે. ઘણા લોકો ઘરેણાં શહેરમાંથી અથવા અઠવાડિક હાટમાં આવેલ વેપારી પાસેથી ખરીદે છે.

છુંદણાં

કાથોડી સ્ત્રીઓ અને પુરૂષ શરીરના જુદા જુદા ભાગોમાં છુંદણાં પડાવી શરીરને શણગારે છે. કાથોડી સ્ત્રીઓ કપાળ, ગાલ, ગળા ઉપર હાથનાં બાવડાં અને કાંડાના ઉપલા ભાગમાં અને પગ ઉપર પણ છુંદણાં છુંદાવે છે. છુંદણાં અઠવાડિક હાટમાં છૂંદાવે છે.

ખોરાક અને પીણાં

કાથોડી જાતિના લોકોનો મુખ્ય ખોરાક કયા તે કહેવું મુશ્કેલ છે. અલગ અલગ ભૌગોલિક વિસ્તારમાં રહેતા કાથોડીનો ખોરાક પણ અલગ અલગ છે. તે ઉપરાંત શહેરમાં કે તેની નજીકમાં મજૂરી કામ માટે જાય ત્યાંના ખોરાકમાં પણ ફેરફાર હોય છે. આમ આ જાતિનો મુખ્ય ખોરાક કયો તે કહેવું મુશ્કેલ છે. અનાજ સહાયમાં જે પ્રકારનું અનાજ મળે તેનો ભોજનમાં ઉપયોગ કરે છે.

કાથોડી લોકો શાકાહારી અને માંસાહારી પણ છે.

ઉચ્છલ તાલુકામાં વસતા કાથોડી જાતિના લોકોનો મુખ્ય ખોરાક જુવાર અને ચોખા છે. જુવારની રાબ અથવા તો રોટલા બનાવીને ખાય છે. વિજયનગર તાલુકાના કાથોડીઓનો મુખ્ય ખોરાક મકાઈ, ઘઉં અને જુવાર છે. શહેરમાં મજૂરી કરવા જાય ત્યારે જુવાર, ઘઉં અને મકાઈનો ઉપયોગ વધારે કરે છે. જંગલ નજીક રહેતા કાથોડી જાતિના લોકો કંદમૂળ, ભાજીનો ઉપયોગ પણ કરે છે.

ખોરાકમાં માંસ પણ લે છે. ઘોડા, ગધેડા, બીલાડી, કૂતરા, ગાય અને ભુખરા રંગના મોઢાવાળા વાંદરાનું માંસ ખાતા નથી. મરેલા પશુનું માંસ પણ ખાતા નથી. માછલી, સસલા, વાંદરા, જંગલી કુકડાનું હરણનું માંસ ખાય છે.

આ જાતિના લોકો દારૂ ઓછો પીવે છે. આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી દારૂ વેચાતો લાવીને પી શકતા નથી. વિજયનગરના કાથોડીઓ મહુડાનો દારૂ ઘેર બનાવીને પીવે છે. ઉચ્છલ તાલુકાના કાથોડી મહુડા અને કાળા ગોળની રસીનો દારૂ ઘેર બનાવીને પીવે છે. પુરુષ અને સ્ત્રી બન્ને દારૂ પીવે છે.

કોલઘા

ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિ

ગુજરાતમાં વસતી ૨૮ આદિવાસી જાતિમાં જે પાંચ જાતિને આદિમજૂથમાં મુકવામાં આવી છે તેમાં કોલઘા જાતિના લોકો પ્રાથમિક અવસ્થામાં જીવન જીવે છે. કોલઘાને કોલચા, ટાંકરે કોળી, ઢોરકોળી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ જાતિના લોકો મરેલાં ઢોર અને ગાયનું માંસ પણ ખાય છે. તેથી આ જાતિના લોકોને અન્ય આદિવાસી જાતિના લોકો પોતાનાથી હલકા ગણે છે. આદિવાસીઓ આ જાતિને અછૂત ગણે છે. કોલઘા લોકો ભંગીઓને અસ્પૃશ્ય ગણે અને તેની સાથે કોઈ વ્યવહાર રાખતા નથી. અભ્યાસના પહુવા તાલુકાના કોલઘા જાતિના લોકો અનુસૂચિત જાતિના ખેડૂતને ત્યાં ખેતમજૂરીનું કામ કરે છે પણ તેના કૂવાનું પાણી પીતા નથી.

આ જાતિના લોકો મહારાષ્ટ્ર, મૈસુર, ઓરિસા અને ગુજરાત રાજયમાં વસે છે. ૧૯૭૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે આ જાતિના લોકો ગુજરાતના વલસાડ, સુરત, ભરૂચ, ડાંગ, પંચમહાલ, વડોદરા, મહેસાણા, અમદાવાદ, ખેડા, બનાસકાંઠા અને સાબરકાંઠામાં વસે છે. વલસાડ જિલ્લામાં આ જાતિના સૌથી વધારે લોકો વસે છે. વલસાડ જિલ્લાની અને સુરત જિલ્લાની સીમા નજીકના વિસ્તારમાં આ જાતિની વસ્તી વધુ પ્રમાણમાં વસે છે.

અભ્યાસના ગામમાં કેટલા વર્ષથી રહે છે

આ જાતિના લોકો પાસે જમીન ઓછી હોવાથી જયાં મજૂરી મળે ત્યાં રહે છે. અભ્યાસના ૫ ગામના ૭૫ કુટુંબનો અભ્યાસ કરવામાં આવ્યો છે. તેમાં ૭૦ કુટુંબો પોતે જે ગામમાં રહે છે. તેને મૂળગામ તરીકે ગણાવ્યું છે. ૫ કુટુંબો અન્ય ગામમાંથી અભ્યાસના ગામમાં આવીને વસ્યા છે. તેમાં ૧ કુટુંબ ૧૨ વર્ષથી, ૧ કુટુંબ ૨૦ વર્ષથી અને ૨ કુટુંબ ૨૫ વર્ષથી અભ્યાસના ગામમાં રહે છે.

આ ઉપરથી કહી શકાય છે કે કોલઘા જાતિના લોકો જે ગામમાં રહે છે ત્યાં સ્થિર થઈને રહેવા લાગ્યા છે. મહુવા તાલુકાના જે ગામમાં આ જાતિના લોકો સ્થિર થઈને રહેવા લાગ્યા છે તેનું મુખ્ય કારણ તેમનો વ્યવસાય છે. આ તાલુકાના આ જાતિના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે. ખેતમજૂરીનું કામ વર્ષના લાંબા સમયગાળા માટે બંધાઈ ને પણ કરે છે. વર્ષમાં ૭ થી ૮ માસ ખેતમજૂરીનું કામ આ તાલુકામાં મળી રહે છે. તેથી તેઓ જે તે ગામમાં સ્થિર થઈને રહેવા લાગ્યા છે.

ઘર કોની જમીનમાં છે

જે તે ગામમાં સ્થિર થઈને રહેવા છતાં રહેવાનાં ઘર માટે ઘણી મુશ્કેલી પડે છે. અભ્યાસનાં ૭૫ કુટુંબમાંથી ૧ કુટુંબને જ પોતાની જમીનમાં ઘર છે. ૭૪ કુટુંબના ઘર અન્યની જમીનમાં છે. તેમાં ૩૦ કુટુંબનાં ઘર સરકારી જમીનમાં, ૨૩ કુટુંબનાં ઘર પંચાયતની જમીનમાં, ૧૨ કુટુંબનાં ચાર ગામતળની જમીનમાં અને ૯ કુટુંબનાં ઘર પોતે જે કુટુંબને ત્યાં ખેતમજૂરીનું કામ કરે તે ખેડૂતની જમીનમાં છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે ગામમાં સ્થિર રહેવા છતાં રહેવા માટેનું ઘર મોટાભાગે સરકારની જમીનમાં હોય છે. જમીન અને ગણોતધારાના નિયમમાં પરિવર્તન આવતાં તેઓને જે તે જમીન માલિકોએ પોતાની જમીનમાંથી અન્ય સ્થળે ખસેડ્યા છે. આમ છતાં ૯ કુટુંબ હજુ ધણિયાતાની જમીનમાં રહે છે.

ઘર

આ જાતિના લોકોને અછૂત ગણતા હોવાથી તેમનાં ઘરો બીજા આદિવાસીઓથી થોડાંક દૂર હોય છે. કોલઘા જાતિના લોકોના ઘરો ગામની શરૂઆતમાં અથવા ગામની પાછળ હોય છે. ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ ખેતમજૂરો અને જમીનવિહોણા લોકોને રહેવા માટે મકાન બનાવી આપવામાં આવ્યાં છે. આ યોજનામાં અભ્યાસના ૭૫ કુટુંબમાંથી ૧૦ કુટુંબમાંથી ૧૦ કુટુંબને પાકા મકાન મળ્યા છે. આ કુટુંબો સાથે અન્ય આદિવાસી જાતિના કુટુંબો પણ રહે છે. જે કુટુંબને પાકાં મકાન નથી મળ્યા તે લોકોના ઘર માટી અને વાંસનાં હોય છે. અભ્યાસનાં ૬૫ કુટુંબનાં ઘર આવાં છે. જે કુટુંબનાં ઘર કાચાં છે તેની દિવાલ માટી અને વાંસની હોય છે. ઘણા ઘરની દિવાલ ખજૂરીની સાદડીની બનાવેલી હોય છે. જે કુટુંબના ઘર પાકા છે તેની દિવાલ ઈંટ અને ચૂનાની છે.

અભ્યાસનાં ૭૫ કુટુંબમાં ૩૦ કુટુંબનાં ઘરનું છાજ ઘાસનું છે. ૧ કુટુંબના ઘરનું છાજ દેશી નળીયાનું, ૨૦ કુટુંબના ઘરનું છાજ વિલાયતી નળીયાનું ૧ કુટુંબના ઘરનું છાજ ઘાસ અને દેશી નળીયાંનું, ૧૩ કુટુંબનાં ઘરનું છાજ ઘાસ અને વિલાયતી નળીયાંનું છે. અભ્યાસના મોટાભાગના કુટુંબનાં ઘરનું છાજ ઘાસનું છે. સરકારની જુદી જુદી યોજનામાં વિલાયતી નળીયાં મળે છે. જે કુટુંબને આ યોજનાનો લાભ મળ્યો છે તેમનાં ઘરનું છાજ વિલાયતી નળીયાનું છે. અભ્યાસના ૧૬ કુટુંબને સરકારની જુદી જુદી યોજનામાં નળીયાં મળ્યા છે. ઘણા કુટુંબને પૂરતા પ્રમાણમાં નળીયાં નહીં મળવાથી જેટલા ભાગમાં નળીયાં ન હોય તે ભાગમાં ઘાસ મૂકે છે. જે લોકોને વિલાયતી નળીયાં મળ્યા હોય તે દેશી નળીયાંની ન જરૂર હોય તો ગામમાંને ગામમાં જ વેચી દે છે. આવાં નળીયાં બજાર ભાવ કરતાં સસ્તાં મળે છે. આ નળીયાં ખરીદનાર કુટુંબના ઘરનું છાજ અડધા ભાગમાં નળીયાં અને અડધા ભાગમાં ઘાસનું હોય છે.

અનાજ સહાય મળતાં, ખાધાખોરાકીનો ખર્ચ ઓછો થવાથી ઘણાં કુટુંબોએ પૈસા ખર્ચીને પોતાના ઘર પર દેશી નળીયાં અથવા વિલાયતી નળીયાંનું છાજ બનાવ્યું છે.

ઘરવખરી અને તેનાં સાધનો

આ જાતિના લોકોની આર્થિક પરિસ્થિતિ સારી નહીં હોવાથી ઘરવખરીનાં સાધનો ઘણા ઓછા પ્રમાણમાં રાખે છે. આ જાતિને આદિમજૂથમાં મૂક્યા પછી સરકાર તરફથી ઘરવખરીના સાધનો પણ મળ્યા છે. તેમાં મુખ્યત્વે વાસણો આપવામાં આવ્યાં છે. અભ્યાસનાં ૭૫ કુટુંબો પાસે ૯૭૫ વાસણ છે. કુટુંબદીઠ ૧૭ વાસણ છે. તેમાં ૮ એલ્યુમિનિયમનાં, ૨ પિત્તળનાં અને ૩ સ્ટીલનાં વાસણો છે. એલ્યુમિનિયમનાં વાસણો સરકારની જુદી જુદી યોજનામાં મળ્યા છે. તેમાં થાળી, તપેલી, મોટું તણેલું, છીબું વગેરે આપવામાં આવ્યાં છે. પિત્તળના વાસણો પોતાની જાતે વસાવેલાં છે. તેમાં પાણી પીવાનો ગ્લાસ, પાણી ભરવાનું બેડું મુખ્ય હોય છે. સ્ટીલનાં વાસણો મોટાભાગે ખરીદતા નથી. કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવ્યાથી સ્ટીલનાં વાસણો ભેટમાં મળે છે. તેમાં થાળી - વાટકો - પાણી પીવાનો ગ્લાસ લોટો વગેરે હોય છે. જે કુટુંબે કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવ્યું હોય તેના ઘરમાં સ્ટીલના વાસણો જોવા મળે છે. અભ્યાસના એક પણ કુટુંબ પાસે કાંસાના અને તાંબાના વાસણો જોવા મળ્યા નથી.

વાસણ સિવાયની ઘરવખરી ખૂબજ ઓછા પ્રમાણમાં છે. લાકડાનો ખાટલો ૫ કુટુંબ પાસે, લાકડાની ખુરશી ૩ કુટુંબ પાસે, સાયકલ ૧ કુટુંબ પાસે, ઘડિયાળ ૩ કુટુંબ પાસે, રેડિયો ૪ કુટુંબ પાસે, માછલાં પકડવાની જાળ ૩ કુટુંબ પાસે અને લોટ દળવાની ઘંટી ૧૩ કુટુંબ પાસે છે. આ ઉપરાંત કપડાં મૂકવા માટે પતરાના ડબ્બા અથવા પતરાની પેટી પણ ઘણાં કુટુંબ પાસે છે. ઘણાં કુટુંબ પાસે કપડાં મૂકવાનું આ સાધન પણ નથી. તેઓ કપડાં ઘરમાં દોરી ઉપર જ મૂકી રાખે છે. ઘરમાં પ્રકાશ માટે અમુક કુટુંબ પાસે ફાનસ છે. મોટાભાગનાં કુટુંબો પતરાની ડબ્બી કે કાચની શીશીમાં કેરોસીન રાખી તેમાં દોરાની વાટ મૂકી, પ્રકાશ માટે આનો ઉપયોગ કરે છે. દરેક ઘરમાં એકાદ બે કાચના શીશા હોય છે. જેનો ઉપયોગ તેલ અને કેરોસીન ભરવામાં કરે છે. તેલ અને કેરોસીનનો ઉપયોગ ખૂબજ ઓછા પ્રમાણમાં કરે છે. અનાજ ભરવા માટે માટીની કોઠી, પતરાનાં પીપ અથવા તો પતરાનો ડબ્બો રાખે છે. અભ્યાસનાં ઘણાં કુટુંબોમાં માટીની કોઠી છે. પહેલાં અનાજ ભરવા માટેના આ સાધનની જરૂર પડતી નહીં; કારણ કે અનાજ ભરવાનો પ્રશ્ન ન હતો. રોજેરોજનું અનાજ લાવીને ખાતા તેથી અનાજ કે લોટ કપડાની થેલીમાં અથવા કાગળની થેલીમાં રાખતા. અનાજ સહાય મળવાથી અનાજ ભરવા માટેના સાધનો આ લોકો રાખતા થયા છે.

અનાજ સહાય મળવાથી ખાધાખોરાકીનો ખર્ચ ઓછો થયો છે. તે ઉપરાંત મજૂરીમાંથી પૈસા બચે તેમાંથી મોજશોખનાં સાધન જેવાં કે રેડિયો, ઘડિયાળ પણ અમુક કુટુંબે વસાવ્યા છે. આ ઉપરાંત રોજબરોજના કામમાં ઉપયોગી થાય તેવી વસ્તુ જેવી કે સાયકલ, લોટ દળવાની ઘંટી પણ વસાવતા થયા છે.

હથિયારો

આ જાતિના લોકો પાસે ખૂબજ ઓછા પ્રમાણમાં હથિયારો છે. હથિયારમાં કુહાડા અને લાકડી સિવાય ખાસ કોઈ સાધન હોતું નથી. જંગલમાં જવાનું હોવાથી કુહાડી પાસે રાખે છે. ઘણા લોકો દાતરડું પણ રાખે છે. દાતરડાનો ઉપયોગ ખેતીના કામમાં કરે છે. પક્ષીને મારવા માટે ગિલોલ રાખે છે. ચોમાસામાં માછલાં પકડવાનું કામ કરે છે. આમ છતાં દરેક કુટુંબ પાસે પ્લાસ્ટીકના દોરાની જાળ હોતી નથી. માછલા પકડવા વાંસનું સાધન (મળી) રાખે છે. માછલાં મોટાભાગે કપડાથી પકડે છે.

પહેરવેશ

કોલઘા પુરૂષો ટૂંકી ધોતી અને ચડ્ડી પહેરે છે. માથે ટોપી અથવા લુગડાનો કટકો વીંટે છે. યુવાન પુરૂષો ચડ્ડી અને બુશર્ટ પહેરે છે. કેટલાક યુવાનો પાટલુન, બુશર્ટ, ટી શર્ટ પણ પહેરે છે. નાની ઉંમરના બાળકો ચડ્ડી અને ગંજીફરાક અથવા તો શરીરનો ઉપલો ભાગ ઉઘાડો જ રાખે છે. સ્ત્રીઓ કેડથી નીચેના ભાગમાં સાડી પહેરે છે. જે ઘણી ટૂંકી હોય છે. શરીરના ઉપલા ભાગમાં કબજો અને માથે સાડીનો કકડો નાખે છે. મોટી ઉંમરની સ્ત્રીઓ સાડી અને કબજો પહેરે છે. યુવાન સ્ત્રીઓ ચણીયો, કબજો અને સાડી પહેરે છે. નાની વયની છોકરીઓ ચડ્ડી અને ફ્રોક પહેરે છે. ચારથી છ વર્ષના બાળકો મોટાભાગે નગ્ન હોય છે.

જે બાળકો શાળામાં ભણવા જાય છે તેમને સરકાર તરફથી વર્ષમાં બે જોડ કપડાં આપવામાં આવે છે. આથી આ બાળકોને પહેરવા પુરતાં કપડાં હોય છે.

ઘરેણાં

આ જાતિના લોકો પાસે ઘરેણાં ખૂબજ ઓછા પ્રમાણમાં હોય છે. ઘરેણા હોય તો તે કલાઈ અથવા હલકી ધાતુનાં હોય છે. તેમાં ગળાની સાંકળી, હલકી વાંસડી, બંગડીઓ અને પગમાં તોડીઓ પહેરે છે. આ ઘરેણાં પણ ઘણા ઓછા કુટુંબ પાસે હોય છે.

સ્ત્રીઓ નાકમાં કાંટો પહેરે છે જે પ્લાસ્ટીક કે ધાતુનાં બનાવેલો હોય છે. કાનની બુટ્ટી પણ ખોટી ધાતુ કે પ્લાસ્ટીકની પહેરે છે. દરેક સ્ત્રીઓ કાનમાં બુટ્ટી પહેરતી નથી. યુવાન સ્ત્રીઓ કાનમાં બુટ્ટી વધારે

પ્રમાણમાં પહેરે છે. ગળામાં ખોટા મોતીની અથવા ધાતુની માળા પહેરે છે. ઘણી સ્ત્રીઓ ગળામાં કાળો દોરો પણ પહેરે છે. હાથના કાંડામાં પ્લાસ્ટીકની અથવા કાચની બંગડી પહેરે છે. પગમાં ખોટી ધાતુના છડા પહેરે છે. યુવાન સ્ત્રીઓ માથાના વાળના છેડે રંગબેરંગી રીબીન (બોપટ્ટી) નાંખે છે. યુવાન સ્ત્રીઓ માથામાં ખોટી ધાતુના બકલ અને ચીપ્પા પણ નાખે છે.

ખોરાક અને પીણાં

આ જાતિના લોકો શાકાહારી અને માંસાહારી હોય છે. ખોરાકમાં જાડા અને હલકા ધાન્યનો વધારે ઉપયોગ કરે છે. જે તે વિસ્તારમાં રહેતા હોય તે વિસ્તારનો ખોરાકનો ઉપયોગ વધુ કરે છે. ખેતમજૂરીનું કામ કરતાં કુટુંબને જમીન માલિક ખાવાનું આપે તે અથવા મજૂરીના બદલામાં જે અનાજ આપવામાં આવે તેનો ઉપયોગ વધારે કરે છે.

ખોરાકમાં જુવારનો રોટલો, ભાત, દાળ લે છે. ઘણાં ગરીબ કુટુંબો જુવારનું ભડકું અને મરચાની ચટણીનો ઉપયોગ પણ કરે છે. જંગલ નજીક રહેતા લોકો જંગલમાંથી ભાજી અને કંદમૂળ લાવીને ખાય છે. અભ્યાસના મહુવા તાલુકાના લોકો પણ ભાજી અને કંદમૂળ ખાય છે.

અનાજ સહાય મળવાથી જુદા જુદા ધાન્યનો ઉપયોગ વધુ કરતા થયા છે. અનાજ સહાયમાં જે પ્રકારનું અનાજ મળે તેનો ઉપયોગ વધારે કરે છે.

માંસમાં મરઘા - બકરા ઉપરાંત કોઈક કોઈક કુટુંબ મરેલા ઢોરનું માંસ પણ ખાય છે. જંગલમાંના પશુમાંથી મળે તો તેને મારીને તેનું માંસ પણ ખાય છે.

પીણાં

ચાનો ઉપયોગ ખૂબજ ઓછો કરે છે, અને જે પીવે છે તે દૂધ વગરની ચા પીવે છે. દારૂ પીવાનું પ્રમાણ આ જાતિના લોકોમાં વધારે છે. દારૂ મુખ્યત્વે મજૂરી કામથી પરત આવ્યા પછી પીવે છે. ઘણા લોકો તો સવારથી જ દારૂ પીવાનું શરૂ કરી દે છે. સ્ત્રી અને પુરૂષો બન્ને દારૂ પીવે છે. તમાકુ અને બીડી પણ પીવે છે.

ઘર-ઘરવખરીનાં સાધનો અને ખોરાકમાં અનાજ સહાય અને અન્ય સહકારી સહાયની જુદી જુદી અસર પડી છે. આ ઉપરથી કહી શકાય છે કે અનાજ સહાયથી આ જાતિમાં ફક્ત શિક્ષણ વધ્યું નથી. પરંતુ સમગ્ર જીવન ઉપર અનાજ સહાયે અસર કરી છે.

પ્રકરણ-૩

અર્થવ્યવસ્થા

વસ્તી

અભ્યાસના ત્રણ તાલુકાના ૧૫ ગામોમાં કુલ વસ્તીમાં આદિવાસીની વસ્તી કેટલી છે. તેની માહિતી કોઠા ૩.૧માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના એક ગામ સિવાય બાકીના ૧૪ ગામોમાં કુલ વસ્તીના ૭૫ ટકા વસ્તી આદિવાસીની છે. અભયાસના ગામોમાં ધોડિયા, વસાવા, ડુંગરી, ગરાસીયા, હળપતિ, નાયકા, કોલઘા, કાથોડી, કોટવાળીયા જાતિની વસ્તી વસે છે. અભ્યાસમાં કાથોડી જાતિનાં ૭૫ કુટુંબ અને કોલઘા જાતિનાં ૭૫ કુટુંબ પસંદ કરવામાં આવ્યાં છે. કાથોડી અને કોલઘા જાતિની આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવતાં પહેલાં તપાસ માટે પસંદ કરવામાં આવેલાં કુટુંબોના સભ્યોની તાલુકાવાર અને ઉંમર પ્રમાણે સભ્ય સંખ્યા કોઠા ૩.૨ જોઈએ. કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે તપાસમાં લીધેલાં ૧૫૦ કુટુંબોનાં કુલ મળીને ૭૬૬ સભ્ય છે. તેમાં ૩૮૬ (૫૦.૩૯) પુરૂષો અને ૩૮૦ (૪૯.૬૧) સ્ત્રીઓ છે. કુલ વસ્તીમાં ૦ થી ૧૪ વર્ષના વયજૂથમાં ૩૪૩ (૪૪.૭૮) વસ્તી છે. જાણીતા વસ્તીશાસ્ત્રી સન્ડબર્ગે આપેલ સૂત્ર પ્રમાણે ૦ થી ૧૪ની ઉંમરના જૂથમાં કુલ વસ્તીના ૪૦ ટકા જેટલી વસ્તી હોય તો તે પ્રજાની વસ્તી વધી રહી છે એમ કહેવાય. ૩૦ ટકા જેટલી વસ્તી હોય તો તે પ્રજાની વસ્તી સ્થિર રહી છે એમ કહેવાય અને ૨૦ ટકા જેટલી વસ્તી હોય તો તે પ્રજાની વસ્તી ઘટી રહી છે એમ કહેવાય. આ ધોરણે સર્વેક્ષણ કરેલ આદિમજૂથના કુટુંબોની વસ્તી વધી રહી છે એમ કહી શકાય. કારણ કે કાથોડી જાતિમાં કુલ વસ્તીના ૧૮૯ (૪૬.૭૮) વસ્તી ૦ થી ૧૪ વર્ષના વય જૂથમાં છે. તેમાં અભ્યાસમાં પસંદ કરેલ વિજયનગરના કાથોડીમાં આ વયજૂથમાં કુલ વસ્તીના ૫૧.૨૩ ટકા વસ્તી છે. ઉચ્છલ તાલુકામાં પસંદ કરેલ કાથોડી જાતિમાં કુલ વસ્તીના ૪૨.૨૯ ટકા વસ્તીમાં આ વય જૂથમાં છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે ઉચ્છલ તાલુકાના કાથોડી કરતા પણ વિજયનગર તાલુકાના કાથોડી જાતિની વસ્તી ખૂબજ ઝડપે વધી રહી છે.

અભ્યાસમાં પસંદ કરેલ કોલઘા જાતિના કુટુંબોમાં કુલ વસ્તીના ૧૫૪ (૪૨.૫૪ ટકા) વસ્તી ૦ થી ૧૪ વર્ષના વયજૂથમા છે. અભ્યાસના બન્ને અદિમજૂથોની વસ્તી વધી રહી છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું છે કે કાથોડી અને કોલઘા જાતિના યુવાનો વસ્તી વધારો અટકાવવા માટે ઓપરેશન કરાવે છે. સૈધ્ધાંતિક દ્રષ્ટિએ આ જાતિની વસ્તી વધે છે તેમ કહી શકાય. પરંતુ આ બાબતને ઊંડાણપૂર્વક જોઈએ તો ખ્યાલ આવે છે કે અભયાસના આદિમજૂથોમાં કુટુંબ કલ્યાણ માટે ઓપરેશનનું કાર્ય છેલ્લાં પાંચ- છ વર્ષમાં ઠીક ઠીક ઝડપથી થયું છે. કારણ કે આ જાતિઓમાં ૦ થી ૬ વર્ષના વયજૂથમાં વસ્તી

ઓછી છે. કાથોડી જાતિમાં ૦ થી ૧૪ વર્ષના વયજૂથમાં ૧૮૯ની વસ્તી છે. તેમાં ૫૭ (૩૦.૧૬) ૦ થી ૬ વર્ષના બાળકો છે. ૬ થી ૧૪ વર્ષના ૧૩૨ (૬૯.૮૪) છે. જયારે કોલઘા જાતિમાં ૦ થી ૧૪ વર્ષના જૂથમાં ૧૫૪ની વસ્તી છે. તેમાં ૩૦ (૧૯.૪૮) ૦ થી ૬ વર્ષના છે. ૧૨૪ (૮૦.૫૨) ૭ થી ૧૪ વર્ષની છે. ઉપરના બન્ને જુથના ૦ થી ૬ની વસ્તીના આંકડાથી એ જોઈ શકાશે કે છેલ્લા પાંચ-છ વર્ષમાં અભ્યાસના ગામોમાં કુટુંબ નિયોજનનું કામ સઘન રીતે થયું છે. કુલ વસ્તીમાં ૩૫૪ (૪૬.૧૨) વસ્તી ૧૫ થી ૪૫ વર્ષના વયજૂથમાં છે. આ વયજૂથના સભ્યો ઉપર આખા કુટુંબનો ભાર છે. આર્થિક પરિસ્થિતિમાં બે છેડા ભેગા કરવા માટે ૦ થી ૧૪ વર્ષના અને ૪૫ થી ૬૦ વર્ષના સભ્યોની મદદ લેવા ઉપરાંત પોતે જાતે વધુ કામ કરે છે. ૦ થી ૧૪ વર્ષના બાળકો પ્રાથમિક શાળામાં માસિક ૭૦ ટકાથી વધુ હાજરી આપે તો તેના વાલીને એક બાળક દીઠ માસિક ૨૫ રૂપિયાનું અનાજ આપવામાં આવે છે. આ રીતે ૧૫ થી ૪૫ વર્ષના સભ્યોને કુટુંબ નિભાવના કાર્યમાં ૭ થી ૧૪ વર્ષના બાળકો મદદરૂપ થાય છે.

કુટુંબનું કદ

વયજૂથ પ્રમાણે સભ્ય સંખ્યા જોયા પછી હવે કુટુંબની સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ જોઈએ જેની માહિતી કોઠા ૩.૩માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે કુટુંબનું સરાસરી કદ ૫.૧૧ સભ્યનું છે. કાથોડી જાતિમાં કુટુંબનું સરાસરી કદ ૫.૩૯ સભ્યનું અને કોલઘા જાતિમાં ૪.૮૭ સભ્યનું સરાસરી કદ છે. કાથોડી જાતિમાં કુલ સરાસરી કુટુંબના કદ કરતા મોટું કદ છે. કોલઘા જાતિમાં સરેરાશ કુટુંબના કદ કરતા નાનું મોટું કદ છે. કોલઘા જાતિમાં સરેરાશ કુટુંબના કદ કરતા નાનું કુટુંબ છે. અભ્યાસના ૧૫૦ કુટુંબમાંથી ૬૨ (૪૧.૩૩) ૧ થી ૪ સભ્યવાળા કુટુંબો છે. જેને આપણે નાનું કટુંબ તરીકે ઓળખાવી શકીએ. નાનાં કુટુંબોની સંખ્યા કાથોડી જાતિ કરતા કોલઘા જાતિમાં વધારે છે. કોલઘા જાતિના ૭૫ કુટુંબમાં ૩૮ (૫૦.૬૬) કુટુંબો ૧ થી ૪ સભ્યવાળા છે. કાથોડી જાતિમાં ૭૫ કુટુંબમાંથી ૨૪ (૩૨.૦૦) કુટુંબ નાનાં છે. ૫ થી ૯ સભ્યવાળાં એટલે કે વધુ સભ્ય સંખ્યા ધરાવતાં ૮૦ (૫૮.૦૦) કુટુંબો છે. જયારે ૯ થી વધારે સભ્યવાળું ૧ (૦.૬૭) કુટુંબ છે.

સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબના કદની માહિતીના આધારે કહી શકાય છે કે અભ્યાસ હેઠળની આદિમજૂથ જાતિના લોકોમાં કુટુંબ નિયોજનનું કામ ધીરે ધીરે વધતું જાય છે અને પહેલા થયેલ કામના પરિણામોની અસર પણ જોવા મળવા લાગી છે.

૧ થી ૪ સભ્યવાળા કુટુંબની સંખ્યા ૪૧.૩૩ ટકા હોવા છતાં આ કુટુંબના બાળકો શાળામાં અભ્યાસ કરતા થયા છે. તેની વિસ્તૃત માહિતી આપણને શિક્ષણના મુદ્દા ઉપરથી ખ્યાલ આવશે.

કોઠા નં.૩.૧

અભ્યાસના ગામની કુલ વસ્તીમાં આદિવાસીની વસ્તી

તાલુકાનું નામ	ક્રમ	ગામનું નામ	ગામની કુલ વસ્તી	આદિવાસીની વસ્તી	ગામની કુલ વસ્તીમાં આદિવાસીની વસ્તીના ટકા
ઉચ્છલ	(૧)	લીબાસોટી	૩૮૬	૩૮૬	૧૦૦.૦૦
	(૨)	પેથાપુર	૩૨૭	૩૨૭	૧૦૦.૦૦
	(૩)	નુરાબાદ	૨૮૧	૨૮૧	૧૦૦.૦૦
	(૪)	બાબરઘાટ	૫૧૪	૫૦૯	૯૯.૦૩
	(૫)	મૌલીપાડા			
	(૬)	જુની કાયલી	૩૦૩	૩૦૩	૧૦૦.૦૦
વિજયનગર	(૧)	વણધોલ	૮૨૧	૭૨૮	૮૮.૬૭
	(૨)	બંધણા	૩૫૪	૨૯૯	૮૪.૪૬
	(૩)	બદરખા	૧૪૦	૧૩૯	૯૯.૨૯
મહુવા	(૧)	ભોરિયા	૧૨૦૧	૭૯૫	૬૬.૧૯
	(૨)	પુના	૧૧૦૫	૧૦૬૭	૯૬.૫૬
	(૩)	તરકાણી	૧૫૬૧	૧૪૭૩	૯૪.૩૬
	(૪)	અનવાલ	૪૪૨૭	૨૫૩૦	૫૧.૧૫
	(૫)	કુમકોતર	૧૦૧૩	૭૬૦	૭૫.૦૨
	(૬)	ગાંગડીયા	૧૮૭૦	૧૭૨૭	૯૨.૩૫

કોઠા નં.૩.૨

વયજૂથ દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	૦ થી ૬		૭ થી ૧૪		૧૫ થી ૨૪		૨૫ થી ૩૫		૩૬ થી ૪૫	
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧૦	૧૭	૨૮	૩૦	૧૩	૧૩	૨૬	૨૯	૧૨	૭
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૧૩	૧૭	૩૮	૩૬	૧૫	૧૫	૧૫	૧૪	૧૧	૧૨
	કુલ		૭૫	૨૩	૩૪	૬૬	૬૬	૨૮	૨૮	૪૧	૪૩	૨૩	૧૯
				૧૧.૬૮	૧૬.૪૨	૩૩.૫૦	૩૧.૮૯	૧૪.૨૧	૧૩.૫૩	૨૦.૮૧	૨૦.૭૭	૧૪.૬૮	૯.૧૮
૩.	મહુવા	કોલધા	૭૫	૧૦	૨૦	૭૦	૫૪	૩૦	૨૯	૩૭	૩૩	૧૮	૨૫
				૫.૨૯	૧૧.૫૬	૩૭.૦૪	૩૧.૨૧	૧૫.૮૭	૧૬.૭૬	૧૯.૫૮	૧૯.૦૮	૯.૫૨	૧૪.૪૫
	કુલ			૩૩	૫૪	૧૩૬	૧૨૦	૫૮	૫૭	૭૮	૭૬	૪૧	૪૪
				૮.૧૫	૧૪.૨૧	૩૫.૨૩	૩૧.૫૮	૧૫.૦૨	૧૫.૦૦	૨૦.૨૧	૨૦.૦૦	૧૦.૬૨	૧૧.૫૮

કોઠા નં.૩.૨ (ચાલુ)

વયજૂથ દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	૪૬ થી ૬૦		૬૦થી ઉપર		કુલ		કુલ
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૭	૬	૧	૨	૯૭	૧૦૪	૨૦૧
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૭	૮	૧	૧	૧૦૦	૧૦૩	૨૦૩
	કુલ		૭૫	૧૪	૧૪	૨	૩	૧૯૭	૨૦૭	૪૦૪
				૭.૧૧	૬.૭૬	૧.૦૧	૧.૪૫	૧૦૦.૦	૧૦૦.૦	
૩.	મહુવા	કોલધા	૭૫	૨૨	૧૦	૨	૨	૧૮૯	૧૭૩	૩૬૨
				૧૧.૬૪	૫.૭૮	૧.૦૬	૧.૧૬	૧૦૦.૦	૧૦૦.૦	
	કુલ			૩૬	૨૪	૪	૫	૩૮૬	૩૮૦	૭૬૬
				૯.૩૩	૬.૩૨	૧.૦૪	૧.૩૧	૧૦૦.૦	૧૦૦.૦	

કોઠા નં.૩.૩

સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	-	-	૪	૧૨	૯	૮	૪	-	૧	-	૧	૩૯
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	-	-	૮	૧૧	૯	૨	૬	-	-	-	૩૬
	કુલ		૭૫	-	-	૪	૨૦	૨૦	૧૭	૬	૬	૧	-	૧	૭૫
						૫.૩૩	૨૬.૬૭	૨૬.૬૭	૨૨.૬૭	૮.૦૦	૮.૦૦	૧.૩૩		૧.૩૩	૧૦૦.૦
૩.	મહુવા	કોલધા	૭૫	-	૧	૧૫	૨૨	૧૨	૧૨	૯	૪	-	-	-	૭૫
					૧.૩૩	૨૦.૦૦	૨૯.૩૩	૧૬.૦૦	૧૬.૦૦	૧૨.૦૦	૫.૩૪				૧૦૦.૦
	કુલ		૧૫૦	-	૧	૧૯	૪૨	૩૨	૨૯	૧૫	૧૦	૧	-	૧	૧૫૦
					૦.૬૭	૧૨.૬૬	૨૮.૦૦	૨૧.૩૩	૧૯.૩૩	૧૦.૦૦	૬.૬૭	૦.૬૭		૦.૬૭	૧૦૦.૦

કોઠા નં.૩.૩

સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	-	-	૪	૧૨	૯	૮	૪	-	૧	-	૧	૩૯
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	-	-	૮	૧૧	૯	૨	૬	-	-	-	૩૬
	કુલ		૭૫	-	-	૪	૨૦	૨૦	૧૭	૬	૬	૧	-	૧	૭૫
						૫.૩૩	૨૬.૬૭	૨૬.૬૭	૨૨.૬૭	૮.૦૦	૮.૦૦	૧.૩૩		૧.૩૩	૧૦૦.૦
૩.	મહુવા	કોલધા	૭૫	-	૧	૧૫	૨૨	૧૨	૧૨	૯	૪	-	-	-	૭૫
					૧.૩૩	૨૦.૦૦	૨૯.૩૩	૧૬.૦૦	૧૬.૦૦	૧૨.૦૦	૫.૩૪				૧૦૦.૦
	કુલ		૧૫૦	-	૧	૧૯	૪૨	૩૨	૨૯	૧૫	૧૦	૧	-	૧	૧૫૦
					૦.૬૭	૧૨.૬૬	૨૮.૦૦	૨૧.૩૩	૧૯.૩૩	૧૦.૦૦	૬.૬૭	૦.૬૭		૦.૬૭	૧૦૦.૦

કોઠા નં.૩.૪

કુટુંબનો પ્રકાર દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કેન્દ્રીય	સંયુક્ત	મિશ્ર	કુલ
૧.	ઉચ્ચછલ	કાથોડી	૨૪	૯	૬	૩૯
૨.	વિજયનગર	કાથોડી	૨૮	૮	-	૩૬
	કુલ		૫૨	૧૭	૬	૭૫
			૬૯.૩૩	૨૨.૬૭	૮.૦૦	૧૦૦.૦૦
૩.	મહુવા	કોલઘા	૫૮	૧૬	૧	૭૫
			૭૭.૩૩	૨૧.૩૩	૧.૩૪	૧૦૦.૦૦
	કુલ		૧૧૦	૩૩	૭	૧૫૦
			૭૩.૩૩	૨૨.૦૦	૪.૬૭	૧૦૦.૦૦

ઉપરોકત કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસમાં પસંદ થયેલ બન્ને આદિમજૂથની જાતિઓમાં કેન્દ્રીય કુટુંબની સંખ્યા વધારે છે. અભ્યાસનાં કુલ ૧૫૦ કુટુંબમાં ૧૧૦ (૭૩.૩૩) કેન્દ્રીય કુટુંબ છે. ૩૩ (૨૨.૦૦) સંયુક્ત કુટુંબ છે. જયારે ૭ (૪.૬૭) મિશ્ર કુટુંબ છે. કેન્દ્રીય કુટુંબમાં રહેતા બાળકો પણ શાળામાં શિક્ષણ લેવા લાગ્યા છે. કારણ કે શાળામાં જતા બાળકને અનાજ સહાય મળવાથી કુટુંબના મુખ્ય વ્યક્તિને કુટુંબના ખર્ચને પહોંચી વળવામાં આ બાળકો મદદરૂપ થાય છે.

કુટુંબના પ્રકાર પ્રમાણે કયા કુટુંબમાં શિક્ષણ પ્રમાણ વધુ છે

કુટુંબના પ્રકાર પ્રમાણે કયા પ્રકારના કુટુંબના સભ્યોમાં શિક્ષણ વધારે છે તેની માહિતી કોઠા ૩.૫માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે કુટુંબના સભ્યોના શિક્ષણ ઉપર કુટુંબના પ્રકારની અસર પડે છે. કુલ સભ્ય સંખ્યાના ૫૧૨ (૬૬.૮૪) સભ્યો કેન્દ્રીય કુટુંબમાં રહે છે. ૨૧૦ (૨૭.૪૨) સભ્યો સંયુક્ત કુટુંબમાં રહે છે. મિશ્ર કુટુંબમાં ૪૪ (૫.૭૪) સભ્યો રહે છે. કેન્દ્રીય કુટુંબમાં રહેતા સભ્યોમાં ૧૬૦ (૩૧.૨૫) સભ્યો શાળામાં અભ્યાસ કરે છે. ૫૪ (૧૦.૫૫) સભ્યોએ અભ્યાસ છોડી દીધો છે. કેન્દ્રીય કુટુંબમાં ૨૧૪ (૪૧.૮૦) સભ્યો અક્ષરજ્ઞાન ધરાવે છે. ૨૯૮ (૫૮.૨૦) સભ્યો અભણ છે.

સંયુક્ત કુટુંબમાં રહેતા ૨૧૦ સભ્યોમાં ૫૧ (૨૪.૨૯) સભ્યો હાલમાં અભ્યાસ કરે છે. ૨૦ (૯.૫૨) સભ્યોએ અભ્યાસ છોડી દીધો છે. સંયુક્ત કુટુંબમાં રહેતા કુલ સભ્યોમાં ૭૧ (૩૩.૮૧) સભ્યો અક્ષરજ્ઞાન ધરાવે છે. ૧૩૯ (૬૬.૧૯) સભ્યો અભણ છે.

મિશ્ર કુટુંબમાં રહેતા સભ્યોમાં અભણનું પ્રમાણ વધારે છે. મિશ્ર કુટુંબમાં રહેતા કુલ સભ્યના ૩૪ (૭૭.૨૭) સભ્યો અભણ છે. જયારે ૮ (૧૮.૧૮) સભ્યો શાળામાં અભ્યાસ કરે છે. ૨ (૪.૫૫) સભ્યોએ અભ્યાસ છોડી દીધો છે. મિશ્ર કુટુંબમાં રહેતા ૧૦ (૨૨.૭૩) સભ્યોએ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલું છે. આ ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે આદિવાસીમાં કેન્દ્રીય કુટુંબમાં રહેતા સભ્યોમાં શિક્ષણનું પ્રમાણ વધારે છે. ભણતાં ભણતાં શાળા છોડનાર સભ્યો પણ કેન્દ્રીય કુટુંબમાં વધારે છે. જયારે મિશ્ર અને સંયુક્ત કુટુંબમાં રહેતા સભ્યોમાં અભણ સભ્યોનું પ્રમાણ વધારે છે.

અભ્યાસની બન્ને જાતિમાં કુટુંબના પ્રકાર પ્રમાણે શૈક્ષણિક સ્થિતિ જોઈએ તો કાથોડી જાતિમાં કુલ સભ્ય સંખ્યાના ૨૫૫ (૬૩.૧૨) સભ્ય કેન્દ્રીય કુટુંબમાં રહે છે. તેમાં ૯૪ (૩૩.૮૬) સભ્યો શાળામાં અભ્યાસ કરે છે અને ૭ (૨.૭૫) સભ્યોએ અભ્યાસ છોડી દીધો છે. કેન્દ્રીય કુટુંબમાં ૧૦૧ (૩૬.૬૧) સભ્ય અક્ષરજ્ઞાન ધરાવે છે. ૧૫૪ (૬૦.૩૯) સભ્યો અભણ છે. સંયુક્ત કુટુંબમાં ૧૦૯ (૨૬.૯૮) સભ્ય રહે છે. તેમાં ૨૫ (૨૨.૯૪) સભ્ય શાળામાં અભ્યાસ કરે છે. ૧૨ (૧૧.૦૧) સભ્યોએ શિક્ષણ છોડ્યું છે. સંયુક્ત કુટુંબમાં રહેતા સભ્યોમાં ૩૭ (૩૩.૯૫) સભ્યોએ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. ૭૨ (૬૫.૦૫) સભ્ય અભણ છે. મિશ્ર કુટુંબ ૪૦ (૯.૯૦) સભ્ય રહે છે. તેમાં ૭ (૧૭.૫૦) સભ્ય શાળામાં અભ્યાસ કરે છે. ૧ (૨.૫૦) સભ્યે શિક્ષણ છોડી દીધેલું છે. ૩૨ (૮૦.૦૦) સભ્ય અભણ છે. કાથોડી જાતિમાં પણ કેન્દ્રીય કુટુંબમાં રહેતા સભ્યોમાં શિક્ષણ લેતા સભ્યોનું પ્રમાણ વધારે છે. જયારે શાળા છોડનાર સભ્યોમાં સંયુકત કુટુંબમાં રહેતા સભ્યોનું પ્રમાણ વધારે છે. અભણ સભ્યો મિશ્ર કુટુંબમાં વધારે છે. ગામના પશુ ચારવાનો વ્યવસાય કાથોડી લોકો કરે છે. આ વ્યવસાય કરનાર કુટુંબો મોટાભાગે સંયુક્ત કુટુંબ અથવા મિશ્ર કુટુંબમાં રહે છે. તેથી આ પ્રકારના કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ ઓછું અને અભ્યાસ છોડવાનું પ્રમાણ વધારે છે.

કોલઘા જાતિના ૩૬૨ સભ્યોમાં ૨૫૭ (૭૧.૦૦) સભ્યો કેન્દ્રીય કુટુંબોમાં રહે છે. તેમાંથી ૬૬ (૨૫.૬૮) સભ્યો શાળામાં શિક્ષણ લે છે. ૪૭ (૧૮.૨૯) સભ્યોએ અભ્યાસ છોડી દીધો છે. ૧૪૪ (૫૬.૦૩) સભ્ય અભણ છે. સંયુક્ત કુટુંબમાં ૧૦૧ (૨૭.૯૦) સભ્ય રહે છે. તેમાં ૨૬ (૨૫.૭૪) સભ્યો શાળામાં શિક્ષણ લે છે. ૮ (૭.૯૨) સભ્યોએ અભ્યાસ છોડી દીધો છે. ૬૭ (૬૬.૩૪) સભ્ય અભણ છે.

મિશ્ર કુટુંબમાં ૪ (૧.૧૦) સભ્ય રહે છે. તેમાં ૧ (૨૫.૦૦) સભ્ય ભણે છે. ૧ (૨૫.૦૦) સભ્યોએ અભ્યાસ છોડી દીધો છે અને ૨ (૫૦.૦૦) સભ્ય અભણ છે. કોલઘા જાતિમાં કેન્દ્રીય સંયુક્ત અને મિશ્ર કુટુંબમાં શાળામાં અભ્યાસ કરતા સભ્યોની ટકાવારીમાં બહુ મોટો તફાવત નથી. અભ્યાસ છોડવામાં મિશ્ર કુટુંબ બાદ કેન્દ્રીય કુટુંબના સભ્યો વધારે છે. અભણ સભ્યનું પ્રમાણ સંયુક્ત કુટુંબના સભ્યોમાં વધારે છે. આ ઉપરથ સ્પષ્ટ થાય છે કે કોલઘા જાતિમાં શિક્ષણ લેવામાં કેન્દ્રીય સંયુક્ત અને મિશ્ર કુટુંબમાં બહુ ઝાઝો તફાવત નથી. પણ શાળામાં દાખલ થયા પછી શિક્ષણ ચાલુ રાખવામાં તફાવત રહે છે. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે મહુવા તાલુકાના કોલઘા લોકો ખેતમજૂરીનું કામ કરે છે. તેઓ મોટાભાગે વર્ષના લાંબા સમય માટે ખેતમજૂરી માટે બંધાયેલા ખેતમજૂરો છે. તેથી બાળક ખેતમજૂરી કરી શકે તેટલી ઉંમરનું થાય કે તુરત જ શાળા છોડાવી દે છે અને મજૂરીનાં કામે લગાડી દે, જયારે સંયુક્ત કુટુંબમાં રહેતા સભ્યો પોતાના બાળકને અભ્યાસ છોડાવતા નથી. કારણ કે કામને પહોંચી વળવા માટે કુટુંબના પુખ્ત ઉંમરના સભ્યો પુરતા પ્રમાણમાં હોય છે.

આમ સમગ્ર રીતે જોતાં ખ્યલ આવે છે કે અભ્યાસ હેઠળની આદિમજૂથની જાતિના શિક્ષણમાં કુટુંબનો પ્રકાર એ ખૂબ મહત્વનું અંગ છે.

કોઠા નં.૩.૫

કુટુંબના પ્રકાર પ્રમાણે શૈક્ષણિક સ્થિતિ

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબનો પ્રકાર	કુટુંબ સંખ્યા		શાળામાં જતા કુટુંબના સભ્યોની સંખ્યા		શાળામાં ગયા હોય પણ હાલમાં અભ્યાસ ન કરતા સભ્યની સંખ્યા		કુટુંબના અભણ સભ્યની સંખ્યા		કુલ સભ્ય સંખ્યા		
				સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	સંખ્યા	ટકા	ટકા
૧.	ઉચ્છલ	કાથોડી	કેન્દ્રીય	૫૨	૬૯.૩૩	૯૪	૩૩.૮૬	૭	૨.૭૫	૧૫૪	૬૦.૩૯	૨૫૫	૧૦૦.૦	૬૩.૧૨
૨.	વિજયનગર	કાથોડી	સંયુક્ત	૧૭	૨૨.૬૭	૨૫	૨૨.૯૪	૧૨	૧૧.૦૧	૭૨	૬૬.૦૫	૧૦૯	૧૦૦.૦	૨૬.૯૮
			મિશ્ર	૬	૮.૦૦	૭	૧૭.૫૦	૧	૨.૫૦	૩૨	૮૦.૦૦	૫૦	૧૦૦.૦	૯.૯૦
			કુલ	૭૫	૧૦૦.૦	૧૨૬	૩૧.૧૯	૨૦	૪.૯૫	૨૫૮	૬૩.૮૬	૪૧૪	૧૦૦.૦	૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	કેન્દ્રીય	૫૮	૭૭.૩૪	૬૬	૨૫.૬૮	૪૭	૧૮.૨૯	૧૪૪	૫૬.૦૩	૨૫૭	૧૦૦.૦	૭૧.૦૦
			સંયુક્ત	૧૬	૨૧.૩૩	૨૬	૨૫.૭૪	૮	૭.૯૨	૬૭	૬૬.૩૪	૧૦૧	૧૦૦.૦	૨૭.૯૦
			મિશ્ર	૧	૧.૩૩	૧	૨૫.૦૦	૧	૨૫.૦૦	૨	૫૦.૦૦	૪	૧૦૦.૦	૧.૧૦
			કુલ	૭૫	૧૦૦.૦	૯૩	૨૫.૬૯	૫૬	૧૫.૪૭	૨૧૩	૫૮.૮૪	૩૬૨	૧૦૦.૦	૧૦૦.૦
	કુલ		કેન્દ્રીય	૧૧૦	૭૩.૩૩	૧૬૦	૩૧.૨૫	૫૪	૧૦.૫૫	૨૯૮	૫૮.૨૦	૫૧૨	૧૦૦.૦	૬૬.૮૪
			સંયુક્ત	૩૩	૨૨.૦૦	૫૧	૨૪.૨૯	૨૦	૯.૫૨	૧૩૯	૬૬.૧૯	૨૧૦	૧૦૦.૦	૨૭.૪૨
			મિશ્ર	૭	૪.૬૭	૮	૧૮.૧૮	૨	૪.૫૫	૩૪	૭૭.૨૭	૪૪	૧૦૦.૦	૫.૭૪
			કુલ	૧૫૦	૧૦૦.૦	૨૧૯	૨૮.૫૯	૭૬	૯.૯૨	૪૭૧	૬૧.૪૯	૭૬૬	૧૦૦.૦	૧૦૦.૦

કોઠા નં.૩.૬

કમાનાર અને નહીં કમાનારની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	૧૪ વર્ષથી નીચેના કમાનાર		૧૪ વર્ષથી ઉપરના કમાનાર		કુલ કમાનાર		નહીં કમાનાર		કુલ૧૪ વર્ષથી નીચેના કમાનાર		
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧	૧	૫૬	૫૪	૫૭	૫૫	૪૦	૪૯	૯૭	૧૦૪	૨૦૧
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	૭	૪૧	૪૩	૪૧	૫૦	૫૯	૫૩	૧૦૦	૧૦૩	૨૦૩
	કુલ		૭૫	૧	૮	૯૭	૯૭	૯૮	૧૦૫	૯૯	૧૦૨	૧૯૭	૨૦૭	૪૦૪
				૧.૦૨	૭.૬૨	૯૮.૯૮	૯૨.૩૮	૪૯.૭૫	૫૦.૭૨	૫૦.૨૫	૪૯.૨૮	૧૦૦.૦	૧૦૦.૦	
૩.	મહુવા	કોલઘા	૭૫	૨૬	૧૨	૯૮	૯૪	૧૨૪	૧૦૬	૬૫	૬૭	૧૮૯	૧૭૩	૩૬૨
				૨૦.૯૭	૧૧.૩૨	૭૯.૦૩	૮૮.૬૮	૬૫.૬૧	૬૧.૨૭	૩૪.૩૯	૩૮.૭૩	૧૦૦.૦	૧૦૦.૦	
	કુલ		૧૫૦	૨૭	૨૦	૧૯૫	૧૯૧	૨૨૨	૨૧૧	૨૬૪	૧૬૯	૩૮૬	૩૮૦	૭૬૬
				૧૨.૧૬	૯.૪૮	૮૭.૮૪	૯૦.૫૨	૫૭.૫૧	૫૫.૫૩	૪૨.૪૯	૪૪.૪૭	૧૦૦.૦	૧૦૦.૦	
								૧૦૦.૦	૧૦૦.૦					

કોઠા નં.૩.૭

કમાનાર સભ્યને વર્ષમાં કેટલા દિવસ કામ મળે છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	૦ થી ૯૦		૯૧ થી ૧૮૦		૧૮૧ થી ૨૭૦		૨૭૦થી વધુ		કુલ		કુલ
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧	૨	૧૩	૩૫	૪૩	૧૮	-	-	૫૭	૫૫	૧૧૨
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૨	૩	૩	૩૩	૩૬	૧૪	-	-	૪૧	૫૦	૯૧
	કુલ		૭૫	૩	૫	૧૬	૬૮	૭૯	૩૨	-	-	૯૮	૧૦૫	૨૦૩
				૩.૦૬	૪.૭૬	૧૬.૩૩	૬૪.૭૬	૮૦.૬૧	૩૦.૪૮			૧૦૦.૦	૧૦૦.૦	
૩.	મહુવા	કોલઘા	૭૫	૭	૧૯	૩૭	૫૨	૭૪	૩૪	૬	૧	૧૨૪	૧૦૬	૨૩૦
				૫.૬૪	૧૭.૯૨	૨૯.૮૪	૪૯.૦૬	૫૯.૬૮	૩૨.૦૮	૪.૮૪	૦.૯૪	૧૦૦.૦	૧૦૦.૦	
	કુલ		૧૫૦	૧૦	૨૪	૫૩	૧૨૦	૧૫૩	૬૬	૬	૧	૨૨૨	૨૧૧	૪૩૩
				૪.૫૦	૧૧.૩૭	૨૩.૮૭	૫૬.૮૭	૬૮.૯૨	૩૧.૨૯	૨.૭૧	૦.૪૭	૧૦૦.૦	૧૦૦.૦	

કમાનાર અને નહીં કમાનારની માહિતી

આગળ સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબનું કદ અને કુટુંબના પ્રકાર જોયા પછી કુટુંબમાં કમાણી કરનાર અને તેના પર આધારિત સભ્ય સંખ્યાની માહિતી કોઠા નં.૩.૬માં આપવામાં આવી છે.

કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસમાં આવરી લેવામાં આવેલા ૧૫૦ કુટુંબના ૭૬૬ સભ્યોમાં ૪૩૩ (૫૬.૫૩) સભ્યો કમાનાર છે. તેમાં ૨૨૨ (૫૧.૨૭) પુરૂષ અને ૨૧૧ (૪૮.૭૩) સ્ત્રી સભ્યો કમાનાર છે. ૪૩૩ કમાનાર સભ્યોમાં ૪૭ (૧૦.૮૫) સભ્યો ૧૪ વર્ષથી નીચેના છે અને ૩૮૧ (૮૯.૧૫) સભ્યો ૧૪ વર્ષથી ઉપરની વયના છે. ૧૪ વર્ષથી નીચેના ૪૭ સભ્યોમાં ૨૭ (૫૭.૪૫) પુરૂષ અને ૨૦ (૪૨.૫૫) સ્ત્રી સભ્યો કમાનાર છે. ૩૮૬ - ૧૪ વર્ષની ઉપરની વયના સભ્યોમાં ૧૯૫ (૫૦.૫૨) પુરૂષ અને ૧૯૧ (૪૯.૪૮) સ્ત્રી સભ્યો કમાય છે. જાતવાર કમાનાર સભ્યની માહિતી જોઈએ તો કાથોડી જાતિની ૪૦૪ સભ્યોમાં (૫૦.૨૫) ૨૦૩ (૫૦.૨૫) સભ્યો કમાનાર છે. ૨૦૧ (૪૯.૭૫) સભ્યો નહીં કમાનાર છે. કમાનાર ૨૦૩ સભ્યોમાં ૯ (૪.૪૩) સભ્યો ૧૪ વર્ષથી નીચેની ઉંમરના છે. ૧૯૨ (૮૩.૪૮) સભ્યો પુખ્ત ઉંમરના કમાય છે. ૧૪ વર્ષથી નીચેના કમાનાર સભ્યો કોલઘા જાતિમાં વધારે છે. મહુવામાં વસતા કોલઘા લોકો ખેતમજૂરી અને ઔદ્યોગિક મજૂરીનું કામ વધારે પ્રમાણમાં કરે છે. કામ માટે બહાર જાય અથવા તો ખેતમજૂરીમાં બંધાય તે બધાં કામ કરે છે. બંધાઈ ને ખેતમજૂરીનું કામ કરે ત્યારે ખેડૂતને ત્યાં પોતાના ૧૪ વર્ષથી નાની ઉંમરના બાળકો પશુ ચારવાનું કામ કરે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે આ ઉંમરના યુવાનો ગોવાળ તરીકે વધુ પ્રમાણમાં કામ કરે છે.

કમાનાર સભ્યને કેટલા દિવસનું કામ મળે છે

કમાનાર સભ્યોની ટકાવારી જોતા પ્રાથમિક દ્રષ્ટિએ એવો ખ્યાલ આવે કે કુલ સભ્ય સંખ્યાના ૫૦ ટકા કરતા વધુ સભ્યો કમાય છે. તેથી અભ્યાસના કુટુંબની આર્થિક પરિસ્થિતિ સારી હશે. એક વર્ષમાં ૩૦ દિવસ પણ કુટુંબનો સભ્ય આર્થિક ઉપાર્જનનું કામ કરે તેને કમાનાર સભ્ય તરીકે ગણી લેવામાં આવ્યો છે. તેથી કમાનાર સભ્યને કેટલા દિવસનું કામ મળે છે તે જાણવું જરૂરી છે. જેની વિગત કોઠા ૩.૭ માં આપવામાં આવી છે. આ કોઠામાં જાતિવાર સભ્યોને કેટલા દિવસ કામ મળે છે તેની માહિતી પણ આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૪૩૩ કમાનાર સભ્યોમાં ૩૪ (૭.૮૫) સભ્યને વર્ષમાં ફક્ત ૯૦ દિવસ જ કામ મળે છે. ૧૭૩ (૩૯.૯૫) સભ્યને ૧૮૦ દિવસ કામ મળે છે. ૨૧૯ (૫૦.૫૮) સભ્યને ૨૭૦ દિવસનું કામ મળે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કુલ કામ કરનારમાં ૨૦૭ (૪૭.૮૧) સભ્યોને તો

વર્ષમાં ૧૮૦ દિવસ જ કામ મળે છે. આ સભ્યો તો કુટુંબના મુખ્ય કમાનાર સભ્યને મદદરૂપ જ થાય છે. ખરેખરની જવાબદારી તો ૨૨૬ (૨૯.૫૦) સભ્યો જ ઉપાડે છે.

કાથોડી જાતિમાં ૨૦૩ સભ્ય કમાનાર છે. તેમાં ૮(૩.૯૪) સભ્યને વર્ષમાં ફક્ત ૯૦ દિવસ જ કામ મળે છે. ૮૪ (૪૧.૩૮) સભ્યને ૧૮૦ દિવસ કામ મળે છે. ૧૧૧ (૫૪.૬૮) સભ્યને ૨૭૦ દિવસનું કામ મળે છે. આ જાતિમાં એક પણ સભ્યને ૨૭૦ દિવસથી વધારે દિવસ કામ મળતું નથી. આ જાતિમાં ૨૦૩ કમાનાર સભ્યમાં ૯૨ (૪૫.૩૨) સભ્યોને તો ૧૮૦ દિવસ કરતાં પણ ઓછું કામ મળે છે.

કોલઘા જાતિના ૨૩૦ કમાનાર સભ્યોમાં ૨૬ (૧૧.૩૦) સભ્યને ૯૦ દિવસનું કામ મળે છે. ૮૯ (૩૮.૭૦) સભ્યને ૧૮૦ દિવસનું કામ મળે છે. ૧૦૮ (૪૬.૯૬) સભ્યને ૨૭૦ દિવસનું કામ મળે છે. ૭ (૩.૦૫) સભ્યને ૨૭૦ દિવસ કરતાં વધારે દિવસ કામ મળે છે. કુલ ૨૩૦ કમાનાર સભ્યોમાં ૧૧૫ (૫૦.૦૦) સભ્યોને તો ૧૮૦ દિવસ કરતાં ઓછું કામ મળે છે.

ઉપરોક્ત હકીકત ઉપરથી ખ્યાલ આવે છે કે કુલ કમાનાર સભ્યોમાંથી વર્ષ દરમિયાન ૪૫ ટકા કરતાં વધારે સભ્યોને તો ૧૮૦ દિવસથી ઓછું કામ મળે છે. ૧૮૦ દિવસ સુધી કામ મેળવનાર સભ્યોમાં કોલઘા જાતિના સભ્યો વધારે છે. આ જાતિમાં કુલ કમાનાર સભ્યોના ૫૦ ટકા સભ્યોને તો ૧૮૦ દિવસ કરતાં ઓછું કામ મળે છે.

કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય

અભ્યાસમાં સમાવેલ ૧૫૦ કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય અને કમાનાર સભ્યો કયા કયા વ્યવસાયમાં રોકાયેલા છે તેની વિગત કોઠા નં.૩.૮ અને ૩.૯માં આપવામાં આવી છે. કોઠા નં.૩.૮માં કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય કયો છે તેની વિગત આપી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૫૮ (૩૮.૬૬) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય મજૂરી છે. બીજા ક્રમે ૫૫ (૩૬.૬૬) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે. ૯ (૬.૦૦) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય જંગલ મજૂરી છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૧૯ (૭૯.૩૩) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય જુદા જુદા પ્રકારની મજૂરીનો છે. ૨૧ (૧૪.૦૦) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. માછલા પકડવાનો, નોકરી, દાયણ અને ગોવાળનો વ્યવસાય ૧૦ (૬.૬૭) કુટુંબના વડાના છે. જેની વિગત કોઠામાં આપવામાં આવી છે.

જાતિવાર કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય જોઈએ તો કાથોડી જાતિમાં ૩૬ (૪૮.૦૦) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય મજૂરીનો છે. ૮ (૧૦.૬૭) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય જંગલમજૂરી અને ૬

(૮.૦૦) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે. ૫૦ (૬૬.૬૭) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય અલગ અલગ પ્રકારની મજૂરીનો છે. ૨૧ (૨૮.૦૦) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. ૪ (૫.૩૩) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય માછલાં પકડવાનો અને ગોવાળનો અને કોલઘા જાતિમાં ૪૯ (૬૫.૩૪) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય ખેતમજૂરી છે. ૨૨ (૨૯.૩૪) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય મજૂરીનો છે. ૧ (૧.૩૩) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય જંગલ મજૂરીનો છે. ૭૨ (૯૬.૦૧) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય નોકરી અને દાયણનું કામ કરે છે. નોકરી ગ્રામ પંચાયતમાં વેઠિયાઈની અને ડ્રાઈવરની કરે છે.

ઉપરોક્ત વિગત ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ થયેલ કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય મોટા ભાગે મજૂરીનો છે. મજૂરીમાં જુદા જુદા ક્ષેત્રોની મજૂરી તેઓ કરે છે. તાંત્રિક કામોની જાણકારીવાળા વ્યવસાય કરનારાઓ ખૂબજ ઓછા પ્રમાણમાં છે.

કુટુંબના સભ્યોના વ્યવસાયની માહિતી

કુટુંબના જે સભ્યો કમાનાર છે તેઓ કયો કયો વ્યવસાય કરે છે તેની વિગત કોઠા નં.૩.૯માં આપવામાં આવી છે. અહીં એક વ્યક્તિ એક કરતા વધારે વ્યવસાય કરતી હોય તો તે વ્યવસાયને અલગ વ્યવસાય તરીકે ગણવામાં આવ્યો છે. તેથી કમાનાર સભ્ય કરતા અલગ અલગ વ્યવસાય કરનારની સંખ્યા વધારે છે.

કમાનાર સભ્યો ઘણીવાર એક કરતાં વધારે વ્યવસાય કરે છે. કમાનાર કુલ સભ્યોમાં ૫૭ સભ્યો એક કરતાં વધારે વ્યવસાય કરે છે. તેમાં ૧૦૦ કમાનાર પુરૂષોમાં ૫૪ પુરૂષો એક કરતાં વધારે વ્યવસાય કરે છે. જયારે કમાનાર ૧૦૦ સ્ત્રીમાં ૬૦ સ્ત્રીઓ એક કરતાં વધારે વ્યવસાય કરે છે. કાથોડી જાતિમાં કુલ કમાનાર સભ્યમાં ૫૧ સભ્ય એક કરતાં વધારે વ્યવસાય કરે છે. તેમાં ૧૦૦ કમાનાર પુરૂષોમાં ૪૯ પુરૂષો એક કરતાં વધારે વ્યવસાય કરે છે. કમાનાર સ્ત્રી ૧૦૦ સ્ત્રીઓમાં ૫૩ સ્ત્રીઓ એક કરતાં વધારે વ્યવસાય કરે છે.

કોલઘા જાતિમાં કુલ કમાનાર સભ્યોમાં ૬૪ સભ્યો એક કરતાં વધારે વ્યવસાય કરે છે. તેમાં ૧૦૦ કમાનાર પુરૂષોમાં ૬૦ પુરૂષો એક કરતાં વધારે વ્યવસાય કરે છે. ૧૦૦ કમાનાર સ્ત્રીમાં ૬૮ સ્ત્રીઓ એક કરતાં વધારે વ્યવસાય કરે છે.

ઉપરોક્ત હકીકત ઉપરથી ખ્યાલ આવે છે કે કમાનાર પુરુષો કરતા સ્ત્રીઓ એક કરતા વધારે વ્યવસાય કરે છે. કારણ કે પુરુષો એક વ્યવસાયમાં કુશળતા પ્રાપ્ત કર્યા પછી તે જ પ્રકારનો વ્યવસાય કરે છે; જયારે

સ્ત્રીઓ ગામમાં જે વ્યવસાય મળે તે કરે છે. જેમાં કુશળતાવાળાં કામો ઓછાં હોય છે. દા.ત. મજૂરીના કામ સાથે પશુપાલનનું કામ, માછલાં પકડવાનું કામ વગેરે કરે છે. જયારે પુરુષો જે તે કામની કુશળતા પ્રાપ્ત કર્યા પછી બીજો વ્યવસાય કરવાને બદલે તે જ વ્યવસાય જયાં મળે ત્યાં કરવા જાય છે.

કમાનાર સભ્યો કયા કયા વ્યવસાય કરે છે તેની વિગતે માહિતી જોઈએ તો ૩૬૮ (૪૮.૩૬) સભ્યો ખેતમજૂરીનું કામ કરે છે. ૧૨૩ (૧૬.૧૬) સભ્યો જે મજૂરી મળે તે કરે છે. તેમાં બાંધકામ મજૂરી, ઔદ્યોગિક મજૂરીનો સમાવેશ થાય છે. ૯૧ (૧૧.૯૬) સભ્ય જંગલમજૂરીનું કામ કરે છે. ૫૮૨ (૭૬.૪૮) સભ્યો તો જુદા જુદા પ્રકારની મજૂરીનું કામ કરે છે. ૬૫ (૮.૫૪) સભ્યો ખેતીનું કામ કરે છે. ૭૮ (૧૦.૨૫) સભ્યો પશુપાલનનું કામ કરે છે. ૩૬ (૪.૭૩) સભ્યો જુદા જુદા પ્રકારનું કામ કરે છે. તેમાં ગોવાળ, માછલાં પકડવાનું, નોકરી, દાયણ અને બીડી બનાવવાનું કામ કમાનાર સભ્યો કરે છે.

જાતિવાર કમાનાર સભ્યો કયા પ્રકારનું કામ કરે છે તેની વિગત જોઈએ તો કાથોડી જાતિમાં ૧૮૧ (૪૫.૩૬) સભ્યો ખેતમજૂરીનું કામ કરે છે. ૮૩ (૨૦.૮૦) સભ્યો છૂટક મજૂરીનું કામ કરે છે. ૩૬ (૯.૦૨) જંગલ મજૂરીનું કામ કરે છે. ટૂંકમાં ૩૦૦ (૭૫.૧૮) સભ્યો જુદા જુદા પ્રકારના મજૂરીનું કામ કરે છે. ૫૭ (૧૪.૨૮) સભ્યો ખેતીનું કામ કરે છે. ૪૨ (૧૦.૫૪) સભ્યો પશુપાલન, ગોવાળનું માછલાં પકડવાનું કામ કરે છે.

કોલઘા જાતિમાં ૧૮૭ (૫૧.૬૬) સભ્યો ખેતમજૂરીનું કામ કરે છે. ૫૫ (૧૫.૧૯) સભ્યો જંગલ મજૂરીનું કામ કરે છે. ૪૦ (૧૧.૦૫) સભ્યો કોઈપણ પ્રકારની મજૂરીનું કામ કરે છે. ૨૮૨ (૭૭.૯૦) સભ્યો મજૂરીનું કામ કરે છે. ૮(૨.૨૧) સભ્યો ખેતીનું કામ કરે છે. ૭૨ (૧૯.૮૯) સભ્ય પશુપાલન, ગોવાળનું, નોકરી, દાયણ અને બીડી બનાવવાનું કામ કરે છે.

ઉપરોક્ત વિગત ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસની બન્ને જાતિમાં ૭૫ ટકા કમાનાર સભ્યો મજૂરીનું કામ કરે છે. ખેતમજૂરીનું કામ કોલઘા જાતિના લોકો વધારે કરે છે. કારણ કે મહુવામાં ખેતમજૂરીનું કામ કોલઘા લોકોને મળી રહે છે. જયારે વિજયનગર અને ઉચ્છલમાં મહુવા જેટલું ખેતમજૂરીનું કામ મળતું નથી. તેથી છૂટક મજૂરી વધારે પ્રમાણમાં કરે છે. પશુપાલનનો વ્યવસાય પણ કાથોડી જાતિના લોકો કરતાં કોલઘા જાતિના લોકો વધારે કરે છે. નોકરી, બીડી બનાવવાનો વ્યવસાય કોલઘા જાતિમાં પ્રચલિત થતો જાય છે. હજુ આવા વ્યવસાય કાથોડી જાતિમાં ઓછા પ્રચલિત થયા છે. કાથોડી જાતિનો જે પરંપરાગત વ્યવસાય ગામનાં પશુ સાચવવાનો હતો તે ધીરે ધીરે ઓછો થતો જાય છે. અભ્યાસમાં લીધેલ આ જાતિના

૭૫ કુટુંબમાં ફક્ત ૩ સભ્યો જ ગોવાળ તરીકેનું કામ કરે છે. તેના પ્રમાણમાં કોલઘા લોકોમાં ગોવાળનું પ્રમાણ વધારે છે. આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે કાથોડી લોકો જયાં રહે છે તે ગામોમાં આદિવાસી વસ્તી વધારે છે. તેથી ધીરે ધીરે તેઓ પોતાના પશુ પોતે સાચવવા લાગ્યા છે અથવા તો પશુ ઓછા રાખે છે. જયારે મહુવા તાલુકામાં જયાં કોલઘા રહે છે ત્યાં બિન આદિવાસીની વસ્તી પણ રહે છે. બિન આદિવાસીનાં પશુ ચારવાનું કામ કોલઘા જાતિનાં બાળકો કરે છે.

ધંધા પ્રમાણેના વર્ગીકરણ ઉપરથી કહી શકાય છે કે આદિમજૂથના ધંધામાં હજુ જોઈએ તેટલું પરિવર્તન આવ્યું નથી. છતાં અનાજ સહાય મળવાથી બાળકોમાં શિક્ષણ વધ્યું છે. જેની માહિતી આપણે આગળના પ્રકરણમાં જોઈશું.

કોઠા નં.૩.૮

કુટુંબના વડાનો મુખ્ય ધંધો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	ખેતમજૂરી	મજૂરી	જંગલ મજૂરી	માછલાં પકડવાનો	પંચાતમાં વેઠિયા તરીકે	ડ્રાઈવર	દાયણ	ગોવાળ	ખેતી	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૬	૨૯	-	૩	-	-	-	૧	-	૩૯
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	૭	૮	-	-	-	-	-	૨૧	૩૬
	કુલ		૭૫	૬	૩૬	૮	૩	-	-	-	૧	૨૧	૭૫
				૮.૦૦	૪૮.૦૦	૧૦.૬૭	૪.૦૦				૧.૩૩	૨૮.૦૦	૧૦૦.૦
૩.	મહુવા	કોલધા	૭૫	૪૯	૨૨	૧	-	૧	૧	૧	-	-	૭૫
				૬૫.૩૪	૨૯.૩૪	૧.૩૩		૧.૩૩	૧.૩૩	૧.૩૩			૧૦૦.૦
	કુલ		૧૫૦	૫૫	૫૮	૯	૩	૧	૧	૧	૧	૨૧	૧૫૦
				૩૬.૬૬	૩૮.૬૬	૬.૦૦	૨.૦૦	૦.૬૭	૦.૬૭	૦.૬૭	૦.૬૭	૧૪.૦૦	૧૦૦.૦

કોઠા નં.૩.૯

કમાનાર સભ્યોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	ખેતમજૂરી		પશુપાલન		ગોવાળ		ખેતી		જંગલ મજૂરી		માછલાં પકડવાનું	
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૫૩	૫૪	૭	૬	૨	-	-	-	૧	-	૫	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૩૬	૩૭	૩૭	૪	૧૭	-	૧	૨૮	૨૯	૧૫	૨૦	-
	કુલ		૭૫	૯૦	૯૧	૧૧	૨૩	૨	૧	૨૮	૨૯	૧૬	૨૦	૫	-
				૪૪.૫૫	૪૬.૧૯	૫.૪૫	૧૧.૬૮	૦.૯૯	૦.૫૧	૧૩.૮૬	૧૪.૭૨	૭.૯૨	૧૦.૧૫	૨.૪૮	
૩.	મહુવા	કોલધા	૭૫	૯૫	૯૨	૨૦	૨૪	૨૦	૧	૩	૫	૩૦	૨૫	-	-
				૪૬.૧૨	૫૮૬૯૭	૯.૭૧	૧૫.૩૮	૯.૭૧	૦.૬૪	૧.૪૬	૩.૨૧	૧૪.૫૬	૧૬.૦૩		
	કુલ		૧૫૦	૧૮૫	૧૮૩	૩૧	૪૭	૨૨	૨	૩૧	૩૪	૪૬	૪૫	૫	-
				૪૫.૩૪	૫૧.૮૪	૭.૬૦	૧૩.૩૧	૫.૩૯	૦.૫૭	૭.૬૦	૯.૬૩	૧૧.૨૭	૧૨.૭૫	૧.૨૩	

કોઠા નં.૩.૯ (ચાલુ)

કમાનાર સભ્યોનું ધંધા પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	નોકરી		દાયણ		બીડી બનાવવી સ્ત્રી	૨૫ થી ૩૫		૩૬ થી ૪૫		કુલ
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી		પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	-	-	-	-	-	૩૨	૧૮	૧૦૦	૭૮	૧૭૮
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	-	-	-	-	૧૮	૧૫	૧૦૨	૧૧૯	૨૨૧
	કુલ		૭૫	-	-	-	-	-	૫૦	૩૩	૨૦૨	૧૯૭	૩૯૯
									૨૪.૭૫	૧૬.૭૫	૧૦૦.૦	૧૦૦.૦	
૩.	મહુવા	કોલધા	૭૫	૨	-	-	૨	૩	૩૬	૪	૨૦૬	૧૫૬	૩૬૨
				૦.૯૭			૧.૨૮	૧.૯૨	૧૭.૪૭	૨.૫૭	૧૦૦.૦	૧૦૦.૦	
	કુલ		૧૫૦	૨	-	-	૨	૩	૮૬	૩૭	૪૦૮	૩૫૩	૭૬૧
				૦.૪૯			૦.૫૭	૦.૮૫	૨૧.૦૮	૧૦.૪૮	૧૦૦.૦	૧૦૦.૦	

જમીન

ઉપર આપણે કુટુંબના સભ્યો જે જુદો જુદો વ્યવસાય કરે છે. તેની માહિતીમાં જોયા પ્રમાણે ૬૫ સભ્યો ખેતીનું કામ કરે છે. ૧૫૦ કુટુંબમાં ૨૬ (૧૭.૩૩) કુટુંબ પાસે જમીન છે. આ ૨૬ કુટુંબ કાથોડી જાતિના છે. તેમાં ૨૫ કાથોડી કુટુંબ વિજયનગર તાલુકાના અને ૧ ઉચ્છલ તાલુકાનું કુટુંબ છે. અભ્યાસમાં સમાવેલ કોલઘા જાતિના એક પણ કુટુંબ પાસે ખેતીની જમીન નથી. વિજયનગર તાલુકાના બદરખા ગામમાં પાંચથી છ વર્ષ પહેલા ખ્રિસ્તી પાદરીએ એક લાખ અને દસ હજાર રૂપિયામાં ૧૦ એકર અને ૨૦ ગૂંઠા જમીન ખરીદીને ૨૦ કાથોડી કુટુંબને આ ગામમાં વસાવ્યા છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે અહીંના કાથોડી પાસે પાંચ છ વર્ષ પહેલા જમીન હતી નહીં પણ ખ્રિસ્તી પાદરી દ્વારા અને સરકાર દ્વારા જમીન ખેડવા માટે આપી છે. ઉચ્છલ તાલુકાના કાથોડી કુટુંબને ગામની પંચાયત તરફથી જમીન ખેડવા માટે આપવામાં આવી છે. આ કુટુંબનો એક સભ્ય ગ્રામ પંચાયતમાં વેઠીયા તરીકેનું કામ કરતો હતો. આ કુટુંબના નિભાવ માટે ગ્રામ પંચાયતે જમીન આપી છે.

જે કુટુંબ પાસે જમીન છે તેમની પાસે કેટલા એકર જમીન છે તેની માહિતી કોઠા નં.૩.૧૦ માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે સરેરાશ એક કુટુંબદીઠ ૧ એકર અને ૧૧ ગુંઠા જમીન છે. તેમાં સરેરાશ ૮ ગુંઠા જમીન કયારીની છે. પિયતની જમીન પણ સરેરાશ ૮ ગૂંઠાની છે. બાકીની એક એકર અને ૩ ગુંઠા જમીન બિનપિયત અને જરાયત છે.

જમીન ધરાવતા ૧૬ (૬૧.૫૪) કુટુંબ પાસે તો એક એકર જેટલી જમીન છે. ૯(૩૪.૬૨) કુટુંબ પાસે ૧ એકરથી વધારે પણ ૨.૨૦ એકર કરતાં ઓછી જમીન છે. ૨.૨૦ થી ૫ એકર સુધીની જમીન ૧ (૩.૮૪) કુટુંબ પાસે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જે કુટુંબ પાસે જમીન કે તેમની પાસે ખૂબ જ ઓછી જમીન છે. વળી પિયતની સવલત પણ અપૂરતી છે. તેથી ખેતીમાં સારું ઉત્પાદન થતું નથી. અલબત્ત આદિવાસી પેટા યોજના તરફથી બિયારણ, કિટ્સ અને ખાતર આપવામાં આવે છે. તેથી ખેતીના વ્યવસાય તરફ કાથોડી જાતિના લોકો વળ્યા છે. અભ્યાસના જમીનવાળા કાથોડી કુટુંબને સરકાર અને આદિવાસી પેટા યોજના તરફથી કઈ કઈ સહાય મળી છે તેની વિગત કોઠા ૩.૧૧ માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે જમીનવાળા ૨૬ કુટુંબમાં ૨૨ કુટુંબને જ ખેતી વિષયક યોજનાનો લાભ મળ્યો છે. ખેતી વિષયક યોજનામાં સૌથી વધુ કિટ્સ અને ખાતરનો લાભ મળ્યો છે. તમામ ૨૨ (૧૦૦.૦૦) કુટુંબને આ લાભ મળ્યો છે. ૧૮ (૮૧.૮૨) કુટુંબને જમીન સરખી કરવા માટે સહાય મળી છે. ૧૭ (૭૭.૨૭) કુટુંબને

બળદનો લાભ મળ્યો છે. સિંચાઈનો ખૂબજ ઓછા કુટુંબને લાભ મળ્યો છે. ફકત ૭ (૩૧.૮૨) કુટુંબને જ સિંચાઈનો લાભ મળ્યો છે.

ઉપરોક્ત વિગતથી ફલિત થાય છે કે જે કુટુંબ પાસે જમીન છે તેઓને સહકારની ખેતી વિષયક જુદી જુદી યોજનાનો લાભ મળવાથી કાથોડી જાતિના લોકો ખેતીના કામ માટે પણ એક સ્થળે સ્થિર રહીને આર્થિક પ્રવૃત્તિ કરતા થયા છે. પરિણામે આ જાતિના બાળકો શાળામાં અભ્યાસ કરવા લાગ્યા છે. જે દિવસોમાં ખેતીનું કામ ન હોય ત્યારે ઘરની વ્યક્તિ જંગલ મજૂરી કે છૂટક મજૂરીમાં જેટલું કામ મળે તેટલું કરે. આ કામ માટે તેઓ સ્થળાંતર કરતા નથી. કારણ કે શાળામાં બાળકો અભ્યાસ કરે તેને પણ અનાજ મળવાથી કુટુંબના ભરણપોષણમાં તે મદદરૂપ થાય છે.

ખેતીનાં સાધન

જમીન કેટલી અને કેવા પ્રકારની છે, ખેતી માટે સરકાર તરફથી કઈ કઈ સહાય મળી છે તેની વિગત જોયા બાદ જમીનવાળા કુટુંબ પાસે ખેતીના કયા કયા સાધન છે તેની વિગત કોઠા ૩.૧૨માં આપી છે. આ કોઠામાં કયાં કયાં કેટલાં સાધનો છે તેની વિગત આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૬ કુટુંબ પાસે લાકડાનાં હળ છે. ૧૨ કુટુંબ પાસે સમાર અને ૫ કુટુંબ પાસે ગાડું છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસની આદિમજૂથના લોકો પાસે ખેતીનાં પુરતાં સાધનો નથી અને જે છે તે પણ પરંપરાગત સાધનો જ છે. જમીનવાળાં ૨૬ કુટુંબમાંથી ફક્ત ૧૬ કુટુંબ પાસે લાકડાનું હળ છે. બાકીના ૧૦ કુટુંબો હળ ભાડે લાવીને ખેડાણ કામ કરે છે. અનાજ લાવવા લઈ જવા માટે ગાડાનો ઉપયોગ કરવામાં આવે છે. ગાડાં પણ ઘણાં ઓછાં કુટુંબ પાસે છે. ગરીબીને કારણે આદિમજૂથના લોકો અદ્યતન ખેતીના સાધનો વસાવી શકતા નથી.

કોઠા નં.૩.૧૦

જમીનની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	જમીન છે		'હા' તો કેટલા એકર			પિયત		બિન પિયત		જરાત		કયારી		કુલ	
				હા	ના	એક એકર	+ ૧ થી ૨૫ એકર	+૨૫ થી ૫ એકર	એ	ગુ.	એ	ગુ.	એ	ગુ.	એ	ગુ.	એ	ગુ.
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧	૩૮	-	૧	-	-	-	૨	-	૨	-	-	-	૨	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૨૫	૧૧	૧૬	૮	૧	૫	-	૨	-	૨	-	-	-	૨	-
	કુલ		૭૫	૨૬	૪૯	૧૬	૯	૧	૫	-	૨૭	૩૬	૨૭	૩૬	૫	-	૩૨	૩૬
			૧૦૦.૦	૩૪.૬૭	૬૫.૩૩	૬૧.૫૪	૩૪.૬૨	૩.૮૪	૧૫.૨૦		૮૪.૮૦		૮૪.૮૦		૧૫.૨૦		૧૦૦.૦	
૩.	મહુવા	કોલચા	૭૫	-	૭૫	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-
			૧૫૦	૨૬	૧૨૪	૧૬	૯	૧	૫	-	૨૭	૩૬	૨૭	૩૬	૫	-	૩૨	૩૬
			૧૦૦.૦	૧૭.૩૩	૮૨.૬૭	૬૧.૫૪	૩૪.૬૨	૩.૮૪	૧૫.૨૦		૮૪.૮૦		૮૪.૮૦		૧૫.૨૦		૧૦૦.૦	

કોઠા નં.૩.૧૧

ખેત વિષયક યોજનાનો લાભ કેટલા કુટુંબને મળ્યો છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	લાભ મળ્યો છે ?		જમીન સંરક્ષણ	સિંચાઈનો લાભ	કિટ્સનો લાભ	બળદ માટે સહાય	કુલ
				હા	ના					
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	-	૩૯	-	-	-	-	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૨૨	૧૪	૧૮	૭	૨૨	૧૭	૬૪
	કુલ		૭૫	૨૨	૫૩	૧૮	૭	૨૨	૧૭	૬૪
			૧૦૦.૦	૨૯.૩૩	૭૦.૬૭	૮૧.૮૨	૩૧.૮૨	૧૦૦.૦	૧૦૦.૦	
૩.	મહુવા	કોલઘા	૭૫	-	૭૫	-	-	-	-	-
			૧૦૦.૦		૧૦૦.૦					
	કુલ		૧૫૦	૨૨	૧૨૮	૧૮	૭	૨૨	૧૭	૬૪
			૧૦૦.૦	૧૪.૬૭	૮૫.૩૩	૮૧.૮૨	૩૧.૮૨	૧૦૦.૦	૭૭.૨૭	

કોઠા નં.૩.૧૨

ખેતીનાં સાધનો દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ	હળ	કરબ	સમાર	ઝાડુ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૪	-	૧	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૧૨	-	૧૧	૫
		કુલ	૭૫	૧૬	-	૧૨	૫
૩.	મહુવા	કોલઘા	૭૫	-	-	-	-
		કુલ એકંદર	૧૫૦	૧૬	-	૧૨	૫

પશુપાલન

આદિમજૂથના લોકો ખેતીના વ્યવસાય તરફ ધીમે ધીમે વળ્યા છે. તેમાં મરઘાં અને પશુપાલનનો વ્યવસાય પણ અપનાવવા લાગ્યા છે. અભ્યાસના આદિમજૂથના ૧૫૦ કુટુંબ પાસે કયા કેટલાં પશુ છે તેની જાતિ અને તાલુકાવાર માહિતી કોઠા નં.૩.૧૩માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે પશુપાલનનો વ્યવસાય પણ આદિમજૂથના લોકો અપનાવવા લાગ્યા છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૫૦ કુટુંબ પાસે કુલ ૪૩૧ પશુ છે. કુટુંબદીઠ ૨.૮૭ પશુ છે. પશુમાં બકરી ૮૩ (૧૯.૨૬), ગાય ૪૪ (૧૦.૨૧), બળદ ૨૮ (૬.૫૦) વાછરડી, ૧૪ (૩.૨૫), વાછરડા ૮ (૧.૮૬), ભેંસ ૭ (૧.૬૨), પાડા ૨ (૦.૪૬) અને મરઘા ૨૪૩ (૫૬.૩૮) છે.

મરઘાં અને પશુપાલનનો વ્યવસાય આદિમજૂથની જાતિઓ અપનાવવા માંડી છે. અલબત્ત મરઘાં તો તેઓ પરંપરાગત રીતે પાળતા હતા. હજુ પણ મરઘાં પાળે છે. હાલમાં દેશી મરઘાં પાળે છે અને તેનાં ઈંડાં વેચે છે. મરઘાનો ખોરાકમાં ઉપયોગ કરે છે. જો વધારે મરઘાં હોય તો વેચે છે. ખોરાક તરીકે ઉપયોગ કરતા હોવાથી મરઘાં વેચવાની ઈચ્છા ઓછી રાખે છે. આકસ્મિક સંજોગોમાં પૈસાની જરૂર પડી હોય ત્યારે જ તેઓ મરઘાને વેચે છે. જે લોકો પાસે દેશી ગાય છે તેઓ ગાયના દૂધની આવક લેવા કરતા બળદ મેળવવા ગાયને ઉછેરે છે. કારણ કે પૈસા દઈને બળદ લાવી શકે તેવી આર્થિક પરિસ્થિતિ નહી હોવાથી બળદ આ રીતે મેળવ્યો છે અને તે માટે ગાયનું પાણી કરે છે. બકરીના ચારાની મુશ્કેલી પડતી નથી તેથી બકરી પાળે છે અને તેમાંથી દૂધ મળે તે ઘરવપરાશ અથવા તો ગામના લોકોને વેચે છે. બકરીમાંથી બકરો થાય તો તે બકરાને મોટો કરીને વેચી દે છે. તેમાંથી જે આવક થાય તેનો ઉપયોગ કપડા-વાસણ ખરીદવામાં કરે છે.

પશુને મિલ્કત ગણે છે અને આકસ્મિક સંજોગોમાં રોકડ પૈસાની જરૂર પડે તો પશુ વેચીને રોકડા પૈસા ઊભા કરે છે. આ રીતે પશુનો પોતાની જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કરે છે. પહેલા આદિમજૂથની જાતિઓ પાસે પશુ ખૂબ જ ઓછાં હતાં. કારણકે મજૂરી કરવા એક સ્થળેથી બીજા સ્થળે ભટકતા રહેવુ પડતું. રહેવા માટે કોઈ ચોક્કસ સ્થળ હતું નહી અને આર્થિક પરિસ્થિતિ પણ સારી ન હતી તેથી પશુ રાખી શકતા ન હતા. પશુ ન રાખવા પાછળનું એક કારણ એ પણ હતું કે રહેવા માટે ઘર હતાં નહીં. તેથી પશુ રાખવાનું મુશ્કેલ હતું. હિંસક જાનવરથી પશુ બચાવવાની પણ મુશ્કેલી હતી. ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે ચાર પાંચ વર્ષ પહેલાં સરકાર તરફથી બકરી આપવામાં આવેલ. આ બકરી જંગલમાં ચારવા લઈ જતાં હિંસક પશુએ ચાર-પાંચ બકરી મારી નાખી હતી. હિંસક પશુ ઉપરાંત માણસો પણ ચોરી કરીને પશુ લઈ ગયાના બનાવો અભ્યાસના ગામમાં બન્યા છે. મોટી ઉંમરની વ્યક્તિઓ મજૂરીએ જાય અને નાની ઉંમરના બાળકો પશુને જંગલમાં ચારવા માટે લઈ જાય. નાના બાળકો પાસે ત્રણ ચાર વ્યક્તિ આવીને છોકરાને બીક બતાવી ભગાડી મૂકી અને પશુ લઈ જાય છે. આમ હજુ પણ પશુ પાળવામાં ઘણી મુશ્કેલી પડે છે. છતાં ધીમે ધીમે તેઓ પશુ પાળવા લાગ્યા છે. તેની પાછળનું એક પરિબળ એ છે કે સરકારની જુદી જુદી યોજનામાં ગૌણ આવક વધારવા માટે આદિમજૂથની જાતિના લોકોને સરકારી સહાય તરીકે પશુ આપે છે.

અભ્યાસના ૧૫૦ કુટુંબમાં કેટલાં કુટુંબને કયાં પશુ મળ્યા છે તેની જાતિ અને તાલુકાવાર માહિતી કોઠા ૩.૧૪માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ફલિત થાય છે કે અભ્યાસમાં સમાવેલ ૧૫૦ કુટુંબમાં ૭૨ (૪૮.૦૦) કુટુંબને દૂધાળા પશુનો લાભ મળ્યો નથી. ૭૮ (૫૨.૦૦) કુટુંબને દૂધાળા પશુનો લાભ મળ્યો છે. દૂધાળા પશુમાં બકરી સૌથી વધારે મળી છે. ૪૨ (૫૩.૮૩) કુટુંબને બકરી મળી છે. ત્યારબાદ ૨૯ (૩૭.૧૮) કુટુંબને ગાય અને ૭ (૮.૯૦) કુટુંબને ભેંસ મળી છે. પરંપરાગત વ્યવસાયને બદલે ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં સરકારની મદદથી અભ્યાસના આદિમજૂથના લોકોની આર્થિક પરિસ્થિતિ અને રહેવાની પદ્ધતિમાં ધીમે ધીમે પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તનથી પણ બાળકો ઉપર જે કુટુંબની આર્થિક જવાબદારી હતી તે ઓછી થઈ છે. હજુ થોડી ઘણી જવાબદારી છે તે બાળક ભણતાં ભણતાં પણ પૂરી કરી શકે છે. કારણકે શાળામાંથી હાજરીના પ્રમાણમાં અનાજ મળે છે. તેથી કુટુંબને ખાધાખોરાકીના ખર્ચમાં રાહત રહે છે.

કોઠા નં.૩.૧૩

અભ્યાસના કુટુંબ પાસે કયા કયા પશુ છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	ગાય	ભેંસ	બકરી	ઘેટાં	બળદ	વાછરડી	વાછરડાં	પાડા	મરઘાં	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૭	૭	૪	-	૪	૩	૧	૨	૫૫	૮૩
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૧૧	-	૪૮	૨	૨૪	૨	૩	અ	૧૧૯	૨૦૯
	કુલ		૭૫	૧૮	૭	૫૨	૨	૨૮	૫	૪	૨	૧૭૪	૨૯૨
				૬.૧૬	૨.૪૦	૧૭.૮૧	૦.૬૮	૯.૫૯	૧.૭૨	૧.૩૭	૦.૬૮	૫૯.૫૯	૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૨૬	-	૩૧	-	-	૯	૪	-	૬૯	૧૩૯
				૧૮.૭૧		૨૨.૩૦			૬.૪૭	૨.૮૮		૪૯.૬૪	૧૦૦.૦
	કુલ		૧૫૦	૪૪	૭	૮૩	૨	૨૮	૧૪	૮	૨	૨૪૩	૪૩૧
				૧૦.૨૧	૧.૬૨	૧૯.૨૬	૦.૪૬	૬.૫૦	૩.૨૫	૧.૮૬	૦.૪૬	૫૬.૩૮	૧૦૦.૦

કોઠા નં.૩.૧૪

દૂધાળા પશુનો લાભ કેટલાં કુટુંબને મળ્યો છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	લાભ મળ્યો છે ?		ગાય	ભેંસ	બકરી	કુલ
				હા	ના				
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૯	૩૦	-	૭	૨	૯
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૩૧	૫	૧૨	-	૧૯	૩૧
	કુલ		૭૫	૪૦	૩૫	૧૨	૭	૨૧	૪૦૦
			૧૦૦.૦	૫૩.૩૩	૪૬.૬૭	૩૦.૦૦	૧૭.૫૦	૫૨.૫૦	૧૦૦.૦
૩.	મહુવા	કોલધા	૭૫	૩૮	૩૭	૧૭	-	૨૧	૩૮
			૧૦૦.૦	૫૦.૬૭	૪૯.૩૩	૪૪.૭૪		૫૫.૨૬	૧૦૦.૦
	કુલ		૧૫૦	૭૮	૭૨	૨૯	૭	૪૨	૭૮
			૧૦૦.૦	૫૨.૦૦	૪૮.૦૦	૩૭.૧૮	૮.૯૭	૫૩.૮૫	૧૦૦.૦

કુટુંબદીઠ અસ્કયામતની માહિતી

અભ્યાસના કુટુંબની જમીન પશુની વિગત જોયા બાદ અભ્યાસ હેઠળની આદિમજાતિના કુટુંબ પાસે કેટલી અસ્કયામત છે તેની માહિતી કોઠા નં.૩.૧૫માં જાતિ અને તાલુકાવાર કુટુંબ પાસે કંઈ કેટલી અસ્કયામત છે. તેની માહિતી જોતા ખ્યાલ આવે છે કે ૧૫૦ કુટુંબ પાસે ૭૯૩૬૪૬ રૂપિયાની કુલ અસ્કયામત છે. કુટુંબદીઠ સરેરાશ ૫૨૯૨.૩૯ રૂપિયાની અસ્કયામત છે. તેમાં ૩૨૯૫ રૂપિયાની મકાનની, ૬૮૮ રૂપિયા જમીનની, ૭૮ રૂપિયા ખેતીનાં સાધનોની, ૪૩ રૂપિયા વૃક્ષોની, ૮૯૮ રૂપિયા પશુની, ૧૯૩ રૂપિયા વાસણની, ૮૨ રૂપિયા ઘરવખરીનાં સાધનોની, ૭ રૂપિયા ચાંદીના દાગીનાની, ૦.૯૩ પૈસા કલાઈના દાગીનાની, ૦.૪૬ પૈસા લેણાની, ૭૨ રૂપિયા શેરની અસ્કયામત છે. અસ્કયામતની વિગત જોતાં ખ્યાલ આવે છે કે ૬૨.૨૬ ટકાની અસ્કયામત મકાનની છે. આગળ આપણે જોયું તે પ્રમાણે મકાન બાંધકામ માટે વિજયનગર તાલુકામાં ખ્રિસ્તી પાદરીએ વાંસ અને રોકડ પૈસા, નળીયાં આપ્યાં છે; જયારે મહુવા તાલુકાના અમુક કોલઘા કુટુંબને પાકાં મકાન પણ ઘરથાળના પ્લોટ ઉપર સરકારે બાંધી આપ્યા છે. તેથી મકાનની અસ્કયામત કુલ રકમના ૬૨.૨૬ ટકા જેટલી રકમની થાય છે. આપણે જુદા જુદા અસ્કયામતની માહિતી જોઈ તેમાં મકાન, જમીન, પશુ, વાસણ, શેરની અસ્કયામતમાં સરકારની સહાય અથવા તો કોઈ સંસ્થાની સહાયથી આ અસ્કયામત અભ્યાસના કુટુંબ પાસે થઈ છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે જો સરકારે સહાય ન આપી હોય તો અભ્યાસના કુટુંબ પાસે બહુ જ ઓછી અસ્કયામત હોત. જાતિવાર અસ્કયામત જોઈએ તો કોલઘા કરતાં કાથોડી જાતિના કુટુંબ પાસે કુટુંબદીઠ અસ્કયામત વધારે છે. કાથોડી કુટુંબ પાસે ૬૬૭૨.૨૦ રૂપિયા અસ્કયામત છે. જયારે કોલઘા જાતિના કુટુંબ પાસે ફક્ત ૩૯૦૩.૨૬ રૂપિયાની અસ્કયામત છે. જાતિવાર અને તાલુકાવાર કઈ કેટલી અસ્કયામત છે તેની માહિતી કોઠા નં.૩.૧૬માં આપવામાં આવી છે.

ઉપરોક્ત બાબત ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસ હેઠળના આદિમજૂથને સરકારી સહાય મળવાથી તેની અસ્કયામત વધી છે. અલબત્ત આ અસ્કયામત તો જે તે સહાય મળી છે તેને લીધે વધી છે. પણ આ સહાયમાંથી વ્યક્તિગત રીતે પોતે નવી અસ્કયામત ઊભી કરી શક્યા નથી. દા.ત. જમીનવાળા કુટુંબને ખેતી વિષયક સહાય કે પશુ આપવાંથી તેઓ પૈસાની બચત કરીને ઘરવખરીનાં સાધનો કે દાગીના બનાવી શક્યા નથી.

અસ્કયામતની વિગત ઉપરથી ખ્યાલ આવે છે, કે અભ્યાસના આદિમજૂથના લોકોને જે વાર્ષિક આવક થાય છે. તેમાંથી બચત કે અન્ય કોઈ સ્થાવર મિલ્કત હજી સુધી નોંધપાત્ર પ્રમાણમાં વસાવી શકતા નથી.

કોઠા નં.૩.૧૫

કુટુંબદીઠ અસ્કયામતની માહિતી દર્શાવતો કોઠો (રકમ રૂપિયામાં છે)

ક્રમ	વિગત	કાથોડી	કોલઘા	કુલ
	કુટુંબ સંખ્યા			
૧.	મકાનની કિંમત	૩૭૨૪.૦૦	૨૮૬૭.૦૦	૩૨૯૫.૦૦
૨.	જમીનની કિંમત	૧૩૭૬.૦૦	-	૬૮૮.૦૦
૩.	ખેતીનાં સાધનોની કિંમત	૧૫૬.૦૦	-	૭૮.૦૦
૪.	વૃક્ષની કિંમત	૪૬.૦૦	૪૦.૦૦	૪૩.૦૦
૫.	પશુધનની કિંમત	૧૦૦૮.૦	૭૮૭.૦૦	૮૯૮.૦૦
૬.	વાસણની કિંમત	૨૩૨.૦૦	૧૫૪.૦૦	૧૯૩.૦૦
૭.	ઘરવખરીનાં સાધનની કિંમત	૧૧૩.૦૦	૫૦.૦૦	૮૨.૦૦
૮.	ચાંદીના દાગીનાની કિંમત	૯.૦૦	૪.૦૦	૭.૦૦
૯.	કલાઈના દાગીનાની કિંમત	૦.૬૦	૧.૦૦	૦.૯૩
૧૦.	લેણું	૦.૬૦	૦.૨૬	૦.૪૬
૧૧.	શેર	૭.૦૦	૬.૦૦	૭.૦૦
	કુલ	૬૬૭૨.૨૦	૩૯૦૯.૨૬	૫૨૯૨.૩૯

કોઠા નં.૩.૧૬

અસ્કયામતની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	મકાનની કિંમત	જમીનની કિંમત	ખેતીના સાધનોની કિંમત	વૃક્ષોની કિંમત	પશુધનની કિંમત	વાસણની કિંમત	ઘરવખરીનાં સાધનની કિંમત	ચાંદીના દાગીના	કલાઈના દાગીના	લેલું	શેર	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧૦૫૩૦૦	૫૦૦૦	૧૬૦	૧૫૪૫	૩૭૪૨૦	૯૫૫૦	૩૩૧૫	૧૫૦	૫૦	૫૦	૬૬	૧૬૨૬૦૬
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૧૭૪૦૦૦	૯૮૨૦૦	૧૧૫૭૫	૧૯૦૦	૩૮૧૭૫	૭૮૨૫	૫૧૩૦	૫૫૦	-	-	૪૮૦	૩૩૭૮૩૫
	કુલ		૭૫	૨૭૯૩૦૦	૧૦૩૨૦૦	૧૧૭૩૫	૩૪૪૫	૭૫૫૯૫	૧૭૩૭૫	૮૪૪૫	૭૦૦	૫૦	૫૦	૫૪૬	૫૦૦૪૪૧
				૫૫.૮૧	૨૦.૬૨	૨.૩૪	૦.૬૯	૧૫.૧૧	૩.૪૭	૧.૬૯	૦.૧૪	૦.૦૧	૦.૦૧	૦.૧૧	૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૨૧૫૦૦૦	-	-	૨૯૮૫	૫૯૦૩૫	૧૧૫૨૮	૩૭૮૫	૩૦૦	૯૦	૨૦	૪૬૨	૨૯૩૨૦૫
				૭૩.૩૩			૧.૦૨	૨૦.૧૩	૩.૯૩	૧.૨૯	૦.૧૦	૦.૦૩	૦.૦૧	૦.૧૬	૧૦૦.૦
	કુલ		૧૫૦	૪૯૪૩૦૦	૧૦૩૨૦૦	૧૧૭૩૫	૬૪૩૦	૧૩૪૬૩૦	૨૮૯૦૩	૧૨૨૩૦	૧૦૦૦	૧૪૦	૭૦	૧૦૦૮	૭૯૩૬૪૬
				૬૨.૨૮	૧૩.૦૦	૧.૪૮	૦.૮૧	૧૦.૮૬	૩.૬૪	૧.૫૪	૦.૧૩	૦.૦૨	૦.૦૧	૦.૧૩	૧૦૦.૦

વાર્ષિક આવક

અભ્યાસના આદિમજૂથના લોકોને કયા કયા સાધનોમાંથી આવક પ્રાપ્ત થાય છે તેની માહિતી કોઠા ૩.૧૭માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે કે આવકનાં અલગ અલગ સાધનો છે. તેમાં મજૂરીની આવક ૬૮.૯૦ ટકા છે. મજૂરીની આવકમાં ખેતમજૂરી, બાંધકામ મજૂરી (મકાન-રોડ-રેમ) ઔદ્યોગિક મજૂરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જંગલ મજૂરીમાંથી ૫.૩૨ ટકા આવક થાય છે. કુલ આવકના ૭૪.૨૨ ટકા આવક તો મજૂરીમાંથી જ થાય છે. બાકીના ૨૫.૭૮ ટકામાં ખેતીની ૫.૨૦, અનાજ સહાયની ૬.૨૧, પશુપાલનની ૪.૨૭, નોકરીની ૨.૬૦, ગૃહઉદ્યોગની ૩.૭૬, મત્સ્ય ઉદ્યોગની ૨.૧૮, મરઘાં પાલનની ૦.૩૬, ગોવાળની કામગીરીની ૦.૬૯ અને ઘરકામની ૦.૫૫ ટકા આવક થાય છે.

જાતિવાર આવક જોઈએ તો કાથોડી જાતિના કુટુંબને ૭૦.૭૪ ટકા મજૂરી અને જંગલ મજૂરીમાંથી આવક થાય છે. ૨૯.૦૬ ટકા આવક અન્ય વ્યવસાયમાંથી થાય છે. જયારે કોલઘા જાતિના લોકોને ૮૦.૫૭ ટકા મજૂરી અને જંગલ મજૂરીમાંથી આવક પ્રાપ્ત થાય છે. ૧૯.૪૩ ટકાની જ અન્ય વ્યવસાયની આવક થાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસની આદિમજૂથની આવકનું મુખ્ય સાધન મજૂરી જ છે. અન્ય વ્યવસાયમાંથી ખૂબ જ ઓછી આવક થાય છે. તેમાં પણ કોલઘા જાતિના લોકોમાં અન્ય વ્યવસાયમાંથી ખૂબજ ઓછી આવક થાય છે. જુદા જુદા વ્યવસાયમાંથી જે આવક થાય છે તે કુટુંબદીઠ કેટલી છે તેની માહિતી કોઠા ૩.૧૮માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે સરાસરી કુટુંબદીઠ ૨૪૧૩ રૂપિયાની વાર્ષિક આવક થાય છે. કોલઘા જાતિ કરતા કાથોડી જાતિના કુટુંબની આવક વધારે છે. કોલઘા જાતિના કુટુંબને વાર્ષિક ૧૬૪૨.૦૦ રૂપિયાની આવક થાય છે; જયારે કાથોડી જાતિના કુટુંબને ૩૧૮૫.૦૦ રૂપિયાની વાર્ષિક આવક થાય છે.

૧૯૭૯-૮૦ના ભાવે ભારતમાં વાર્ષિક માથાદીઠ આવક ૧૩૭૯ રૂપિયાની છે. ગુજરાત રાજયની વાર્ષિક માથાદીઠ આવક ૧૬૫૮.૦૦ રૂપિયાની છે. જયારે અભ્યાસમાં લીધેલ કુટુંબની વાર્ષિક માથાદીઠ આવક ૪૭૩.૦૦ રૂપિયાની છે. અભ્યાસની બે આદિમજૂથની જાતિમાં કાથોડી જાતિના લોકોની વાર્ષિક માથાદીઠ આવક કોલઘા જાતિના લોકો કરતાં વધારે છે. અભ્યાસમાં પસંદ થયેલ કાથોડી જાતિના લોકોની વાર્ષિક માથાદીઠ આવક ૫૯૧.૦૦ રૂપિયા છે; જયારે કોલઘા જાતિના લોકોની વાર્ષિક માથાદીઠ આવક

૪૪૦ રૂપિયા છે. રાષ્ટ્રીય અને રાજયની માથાદીઠ આવક કરતાં ઘણી ઓછી આવક અભ્યાસના આદિમજૂથ લોકોની છે.

ઉપર પ્રમાણે આવક વિષેની માહિતી ઉપરથી ખ્યાલ આવે છે કે આદિમજૂથના લોકો ગરીબાઈમાં પોતાનું જીવન પસાર કરે છે, અને જે આવક થાય છે તે ૧૨ માસના ખર્ચ માટે પુરતી પણ નથી. તેમની પાસે ગીરો મૂકી શકાય તેવી કોઈ સ્થાવર મિલ્કત નથી. પરિણામે ચોમાસામાં ભૂખ્યા રહેવાનું બને છે. આ દિવસોમાં કાથોડી લોકો જંગલમાંથી વનસ્પતિ લાવીને તેનો ખોરાકમાં ઉપયોગ કરે છે. કોલઘા જાતિના લોકો ખેતમજૂરીમાં અગાઉથી બંધાય છે અથવા તો વાવણી માટે દાણા ખેડૂત પાસેથી લાવે છે. તેના બદલામાં તેણે ખેતીનું કામ નવા વર્ષમાં કરવું પડે છે.

અનાજ સહાયથી ભૂખ્યા રહેવાનો પ્રશ્ન અમુક અંશે હલ થયો છે; કારણકે અનાજ સહાય નિયમિત અને નિયત હપ્તા પ્રમાણે મળતી નથી. તેથી ઘણા તાલુકામાં ઉનાળામાં એક સાથે આખા વર્ષનું અનાજ આપી દેવામાં આવે છે. આ અનાજ ચોમાસા સુધી સાચવે છે. પરિણામે ભૂખ્યા રહેવાનું ઓછું બને છે. પરંતુ એક સાથે દાણા અપાતા હોવાથી, વરસાદના દિવસોમાં ઘરમાં અનાજ રાખવાની મુશ્કેલી પડે છે. તેથી ઘણાં કુટુંબો ગામના સુખી ખેડૂતને ત્યાં પોતાના દાણા સાચવવા માટે મૂકી આવે છે. ઘણાં કુટુંબે દાણા સાચવવા માટીની કોઠી પણ બનાવી છે.

વાર્ષિક ખર્ચ

આવકની માહિતી મેળવ્યા બાદ હવે થયેલ આવક કયા કયા ક્ષેત્રોમાં વાપરે છે. તેની માહિતી કોઠા નં.૩.૧૯માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે કુલ આવકના ૭૧.૦૬ ટકા ખર્ચ ખાધા-ખોરાકીમાં થાય છે. કપડાં અને પગરખાં પાછળ ૮.૭૭ ટકાનો ખર્ચ થાય છે. વ્યસન પાછળ ૫.૫૪ ટકાનો ખર્ચ થાય છે. શિક્ષણ પાછળનો ફક્ત ૧.૫૦ ટકા જ ખર્ચ થાય છે. બાકીના ૧૩.૧૩ ટકાના ખર્ચમાં સામાજિક, ધાર્મિક, મોજશોખ, બળતણ અને અન્ય ખર્ચ જેવા કે દવા-મુસાફરી ખર્ચ વગેરે પ્રકારનો ખર્ચ થાય છે.

અભ્યાસમાં પસંદ કરેલ આદિમજૂથમાં જાતિવાર ખર્ચ જોઈએ તો કોલઘા જાતિના કુટુંબને કુલ ખર્ચના ૭૪.૦૦ ટકા ખર્ચ ખાદ્યાખોરાકી પાછળ થાય છે. બીજા ક્રમે કપડાં અને પગરખામાં ૭.૬૬ ટકા ખર્ચ થાય છે. વ્યસન પાછળ ૫.૮૭ ટકા ખર્ચ થાય છે. આ જાતિમાં શિક્ષણ પાછળ કુલ ખર્ચના ૧.૧૦ ટકા

જ ખર્ચ થાય છે. ૧૧.૩૭ ટકાનો ખર્ચમાં બળતણ, સામાજિક, ધાર્મિક, મોજશોખ અને અન્ય ખર્ચ થાય છે.

કાથોડી જાતિના કુટુંબને કુલ ખર્ચના ૬૮.૧૧ ટકા ખર્ચ ખાદ્યાખોરાકી, ૯.૮૯ ટકા કપડાં અને પગરખાનો ખર્ચ, ૫.૨૦ ટકા વ્યસન પાછળ ખર્ચ થાય છે. શિક્ષણ પાછળ ૧.૮૯ ટકાનો ખર્ચ થાય છે. ૧૪.૯૧ ટકા ખર્ચમાં બળતણ, સામાજિક, મોજશોખ અને અન્ય ખર્ચના થાય છે. કાથોડી જાતિના કુટુંબને ખાદ્યાખોરાકી અને વ્યસન પાછળનો ખર્ચ કોલઘા જાતિના કુટુંબ કરતા ઓછો છે. આની પાછળનું મુખ્ય કારણ એ છે કે કાથોડી કુટુંબ પાસે ખેતીની જમીન છે. તેથી બજારમાંથી વેચાતું અનાજ ઓછું લાવવું પડે છે. તે ઉપરાંત કોલઘા જાતિના કુટુંબના કોઈને કોઈ સભ્ય ખેતીનું કામ પૂરું થયા પછી બહાર મજૂરી કરવા ચાલ્યા જાય છે. જયાં છૂટક અનાજ ખરીદવું પડે તેથી પણ અનાજ પાછળનો ખર્ચ કાથોડી જાતિના કુટુંબ કરતાં વધારે થાય છે. કાથોડી જાતિના લોકોમાં ધીરે ધીરે વ્યસન ઓછું થતું જાય છે. કોલઘા જાતિના લોકોમાં આમ ઓછું થાય છે. તેથી વ્યસન પાછળ આ જાતિમાં ખર્ચ થાય છે.

જુદા જુદા ક્ષેત્રોમાં કુટુંબદીઠ કેટલો ખર્ચ થાય છે તેની વિગત કોઠા નં.૩.૨૦માં આપવામાં આવી છે. અભ્યાસના કુલ કુટુંબનો કુટુંબદીઠ માસિક ખર્ચ ૨૭૬ રૂપિયા છે. કાથોડી જાતિમાં ૨૭૪ રૂપિયા અને કોલઘા જાતિમાં ૨૭૮ રૂપિયાનો માસિક ખર્ચ થાય છે.

કુટુંબદીઠ માસિક આવક કરતાં ખર્ચ ૭૫ રૂપિયા વધારે થાય છે. આ ખર્ચને પહોંચી વળવા માટે જંગલમાંથી કંદમૂળ-ભાજી વગેરે એકત્ર કરી ખાદ્યાખોરાકીના ખર્ચમાં કાપ લાવે છે. તે ઉપરાંત કપડાં પણ ફાટેલા તૂટેલ પહેરે છે. કોલઘા લોકો ખેતમજૂરીના કામ માટે અગાઉથી વર્ષ ભર માટે બંધાય છે. તે ઉપરાંત કુટુંબના અમુક સભ્યોને તો ધણીયામા ને ત્યાં એક ટાઈમ થોડું ખાવાનું પણ આપે છે. તેથી ખર્ચ ઓછું થાય છે. તો પણ, કાથોડી જાતિમાં કુટુંબદીઠ માસિક આવક કરતાં માસિક ખર્ચ ૯ રૂપિયા તો વધુ થાય છે. જયારે કોલઘા જાતિમાં કુટુંબદીઠ ૧૪૧ રૂપિયાનો ખર્ચ વધુ થાય છે. હકીકતમાં આમ નથી બનતું કારણ કે ખોરાકમાં ઘણા દિવસોમાં મકાઈની રાબ અથવા ચોખાનું ખેજવું પીવે. જેમ-તેમ અર્ધભૂખ્યા રહીને દિવસો પસાર કરે છે. આગળ બતાવ્યું તે પ્રમાણે ધણીયામાને ત્યાં પણ કામ કરવા જાય ત્યારે એક ટાઈમનું ભોજન આપે છે. તે ઉપરાંત કોલઘા જાતિના અમુક કુટુંબો જંગલમાંથી લાકડાં કાપીને વેચવાનો અને દારૂ બનાવીને વેચવાનો ધંધો કરે છે. આ ધંધામાંથી ચોક્કસ કેટલી આવક થાય છે તેની માહિતી તેઓ બતાવી શક્યા

નથી. તેથી આવક અને ખર્ચમાં આટલો મોટો તફાવત દેખાય છે. આમ છતાં અભ્યાસની બન્ને જાતિના લોકો ગરીબીમાં પોતાનું જીવન જીવે છે તે હકીકત છે. આવક અને ખર્ચના આંકડા ઉપરથી આ હકીકત સ્પષ્ટ થાય છે.

૧૯૭૯-૮૦ના ભાવે જોઈએ તો ગ્રામ્ય વિસ્તારમાં ૭૬.૦૦ રૂપિયાનો માથાદીઠ માસિક ખર્ચ થતો હોય તેવા લોકોને ગરીબીની રેખા નીચે જીવે છે તેમ માનવામાં આવે છે. અભ્યાસના ૧૫૦ કુટુંબનો વ્યક્તિદીઠ સરેરાશ માસિક ખર્ચ ૫૪ રૂપિયા છે. કોલઘા જાતિના કુટુંબનો વ્યક્તિદીઠ માસિક ખર્ચ ૫૭ રૂપિયા છે. કાથોડી જાતિના કુટુંબનો વ્યક્તિદીઠ માસિક ખર્ચ ૫૭ રૂપિયા છે. કાથોડી જાતિના કુટુંબનો વ્યક્તિદીઠ માસિક ખર્ચ ૫૧ રૂપિયા છે. કોલઘા જાતિનો વ્યક્તિદીઠ માસિક ખર્ચ સરેરાશ વ્યક્તિદીઠ અને કાથોડી જાતિના વ્યક્તિદીઠ માસિક ખર્ચ કરતા વધારે ખર્ચ થાય છે. આ પાછળનું મુખ્ય કારણ એ છે કે કાથોડી જાતિના બાળકો આશ્રમશાળામાં અભ્યાસ કરે છે, અને ત્યાં ભોજન ઉપરાંત કપડા, તેલ, સાબુ પણ આપવામાં આવે છે. તેથી વ્યક્તિદીઠ ખર્ચ ઓછું આવે છે. તે ઉપરાંત કાથોડી જાતિમાં દિનપ્રતિદીન દારૂનું વ્યસન ઓછું થતું જાય છે. તેથી વ્યક્તિદીઠ માસિક ખર્ચ કોલઘા જાતિ કરતાં ઓછું આવે છે. આમ છતાં અભ્યાસની બન્ને જાતિમાં ૧૯૭૯-૮૦ના ભાવે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકો માટે આંકવામાં આવેલ ખર્ચ કરતાં ઘણું ઓછું ખર્ચ થાય છે. આ ઉપરથી કહી શકાય છે કે આદિમજૂથની જાતિઓ ગરીબી રેખા નીચે જીવે છે. આમ છતાં તેઓના બાળકો શાળામાં ભણતા થયા છે અને તેમાં અનાજ સહાય યોજના ઘણી મહત્વની પુરવાર થઈ છે. કારણ કે વાલીઓ અનાજ મળે તે માટે બાળકોને શાળાએ મોકલે છે. ત્યાં તેમને કપડાં મળ્યાં હતા, ભોજન, પુસ્તક મળે તેથી વ્યક્તિદીઠ ખર્ચ થોડો ઓછો થાય અને અનાજ મળે તેથી કુટુંબનો ખાધાખોરાકી ખર્ચ પણ ઓછો થાય છે. તે ઉપરાંત બાળકોમાં અક્ષરજ્ઞાન પણ વધે છે.

કોઠા નં.૩.૧૭

વાર્ષિક ચોખ્ખી આવક દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબની સંખ્યા	મકાનની કિંમત	જમીનની કિંમત	ખેતીનાં સાધનોની કિંમત	વૃક્ષોની કિંમત	પશુધનની કિંમત	વાસણની કિંમત	ઘરવખરીનાં સાધનની કિંમત	ચાંદીના દાગીના	કલાઈના દાગીના	લેલું	શેર	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧૮૦૦	૫૯૦૦	૫૧૫૦	૮૭૫૦૦	-	૪૦૦૦	૯૮૦૦	૭૯૦૦	૩૦૦	૧૭૦૦	-	૧૨૪૦૫૦
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૧૭૦૫૦	૧૦૭૫૦	૫૦૫૦	૬૬૨૦૦	૧૫૭૫૦	-	-	-	-	-	-	૧૧૪૮૦૦
	કુલ		૭૫	૧૮૮૫૦	૧૬૬૫૦	૧૦૨૦૦	૧૫૩૭૦૦	૧૫૭૫૦	૪૦૦૦	૯૮૦૦	૭૯૦૦	૩૦૦	૧૭૦૦	-	૨૩૮૮૫૦
				૭.૮૯	૬. ૯૭	૪.૨૭	૬૪.૩૫	૬.૫૯	૧.૬૭	૪.૧૦	૩.૩૧	૦.૧૩	૦.૭૨	-	૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	-	૫૮૧૫	૫૧૨૫	૯૫૭૦૦	૩૫૦૦	૫૪૦૦	૩૬૦૦	-	૧૦૦૦	૭૮૦૦	૨૦૦૦	૧૨૩૧૨૦
					૪.૭૨	૪.૧૬	૭૭.૭૩	૨.૮૪	૪.૩૯	૩.૦૯		૦.૮૧	૦.૬૪	૧.૬૨	૧૦૦.૦
	કુલ		૧૫૦	૧૮૮૫૦	૨૨૪૬૫	૧૫૩૨૫	૨૪૯૪૦૦	૧૯૨૫૦	૯૪૦૦	૧૩૬૦૦	૭૯૦૦	૧૩૦૦	૨૪૮૦	૨૦૦૦	૩૬૧૯૭૦
				૫.૨૦	૬. ૨૧	૪.૨૩	૬૮.૯૦	૫.૩૨	૨.૬૦	૩.૭૬	૨.૧૮	૦.૩૬	૦.૬૯	૦.૫૫	

કોઠા નં.૩.૧૮

કુટુંબદીઠ વાર્ષિક આવક દર્શાવતો કોઠો (આવક રૂપિયામાં)

ક્રમ	વિગત	કાથોડી	કોલઘા	કુલ
	કુટુંબ સંખ્યા	૭૫	૭૫	૧૫૦
૧.	ખેતી	૨૫૧.૦૦	-	૧૨૫.૦૦
૨.	અનાજ સહાય	૨૨૨.૦૦	૭૮.૦૦	૧૫૦.૦૦
૩.	પશુપાલન	૧૩૬.૦૦	૬૮.૦૦	૧૦૨.૦૦
૪.	મજૂરી	૨૦૫૦.૦૦	૧૨૭૬.૦૦	૧૬૬૩.૦૦
૫.	જંગલ મજૂરી	૨૧૦.૦૦	૪૭.૦૦	૧૨૮.૦૦
૬.	નોકરી	૫૩.૦૦	૭૨.૦૦	૬૩.૦૦
૭.	ગૃહઉદ્યોગ	૧૩૧.૦૦	૫૧.૦૦	૯૦.૦૦
૮.	મત્સ્ય ઉદ્યોગ	૧૦૫.૦૦	-	૫૩.૦૦
૯.	મરઘાંપાલન	૪.૦૦	૧૩.૦૦	૯.૦૦
૧૦.	ગોવાળનું કામ	૨૩.૦૦	૧૦.૦૦	૧૭.૦૦
૧૧.	ઘરકામ	-	૨૭.૦૦	૧૩.૦૦
૧૨.	કુલ	૩૧૮૫.૦૦	૧૬૪૨.૦૦	૨૪૧૩.૦૦
૧૩.	કુટુંબદીઠ માસિક આવક	૨૬૫.૦૦	૧૩૭.૦૦	૨૦૧.૦૦

કોઠા નં.૩.૧૯

વાર્ષિક વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	ખાધા ખોરાકી	બળતણ	કપડાં પગરખાં	શૈક્ષણિક	સામાજિક	ધાર્મિક	વ્યસન	મોજશોખ	અન્ય	કુલ ખર્ચ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૯૦૫૦૦	૫૯૨૫	૧૦૮૦૦	૧૨૨૫	૩૭૫૦	૩૨૫૦	૬૦૭૫	૩૧૫૦	૨૭૭૫	૧૨૭૪૫૦
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૭૭૬૦૦	૪૦૭૫	૧૩૬૦૦	૩૪૫૦	૩૮૨૫	૩૧૭૫	૬૭૫૦	૩૯૫૦	૨૯૨૫	૧૧૯૩૫૦
	કુલ		૭૫	૧૬૮૧૦૦	૧૦૦૦૦	૨૪૪૦૦	૪૬૭૫	૭૫૭૫	૬૪૨૫	૧૨૮૨૫	૭૧૦૦	૫૭૦૦	૨૪૬૮૦૦
				૬૮.૧૧	૪.૦૫	૯.૮૯	૧.૮૯	૩.૦૭	૨.૬૦૫	.૨૦	૨.૮૮	૨.૩૧	૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૧૮૪૯૦૦	૭૬૨૫	૧૯૧૫૦	૨૭૫૫	૬૩૫૦	૫૬૭૫	૧૪૬૮૦	૫૮૫૦	૨૯૨૫	૨૪૯૯૧૦
				૭૪.૦૦	૩.૦૫	૭.૬૬	૧.૧૦	૨.૫૪	૨.૨૭	૫.૮૭	૨.૩૪	૧.૧૭	૧૦૦.૦
	કુલ		૧૫૦	૩૫૩૦૦૦	૧૭૬૨૫	૪૩૫૫૦	૭૪૩૦	૧૩૯૨૫	૧૨૧૦૦	૨૭૫૦૫	૧૨૯૫૦	૮૬૨૫	૪૯૬૭૧૦
				૭૧.૦૬	૩.૫૪	૮.૭૭	૧.૫૦	૨.૮૦	૨.૪૪૫	.૫૪	૨.૬૧	૧.૭૪	૧૦૦.૦

કોઠા નં.૩.૨૦

કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો (રકમ રૂપિયામાં)

ક્રમ	વિગત	કાથોડી	કોલઘા	કુલ
	કુટુંબ સંખ્યા	૭૫	૭૫	૧૫૦
૧.	ખાધાખોરાકી	૨૨૪૦	૨૪૬૫	૨૩૫૩
૨.	બળતણ	૧૩૩	૧૦૨	૧૧૭
૩.	કપડા-પગરખા	૩૨૫	૨૫૫	૨૯૦
૪.	શૈક્ષણિક	૬૨	૩૭	૫૦
૫.	સામાજિક	૧૦૧	૮૫	૯૩
૬.	ધાર્મિક	૮૬	૭૬	૮૧
૭.	વ્યસન	૧૭૧	૧૯૬	૧૮૩
૮.	મોજશોખ	૯૫	૭૮	૮૬
૯.	અન્ય	૭૬	૩૯	૫૭
૧૦.	કુલ ખર્ચ	૩૨૯૦	૩૩૩૩	૩૩૧૦
૧૧.	કુટુંબદીઠ માસિક ખર્ચ	૨૭૪	૨૭૮	૨૭૬

દેવું

વાર્ષિક આવક અને વાર્ષિક ખર્ચની માહિતી તપાસવાથી ખ્યાલ આવે છે કે અભ્યાસની આદિમજૂથની જાતિઓને આવક કરતા ખર્ચ વધુ થાય છે. ખર્ચ વધુ હોવાથી દેવું કરવું પડે છે. પરંતુ જમીન, દાગીના ઓછા હોવાથી આ જાતિના લોકોને લોકો પૈસા ઓછા આપવા તૈયાર થાય છે. અલબત્ત ખેતીના કામમાં અગાઉથી પૈસા કે અનાજ લઈને બંધાય છે. આ રીતે અસ્કયામત ઓછી હોવાથી પોતાના શ્રમને અસ્કયામત ગણીને તેને ગીરો મૂકે છે. આમ છતાં અભ્યાસ હેઠળનાં ૧૫૦ કુટુંબમાં ૭૯ (૫૨.૬૭ ટકા)ને દેવું છે. આદિમજૂથની જાતિવાર દેવું જોઈએ તો કોલઘા જાતિના ૭૫ કુટુંબમાં ૩૬ (૪૮.૦૦) કુટુંબને અને કાથોડી

જાતિના ૭૫ કુટુંબમાં ૪૩ (૫૭.૩૩) કુટુંબને દેવું છે. સહકારી મંડળી, બેન્ક કે સરકારનું દેવું ઓછું છે. શાહુકાર, સગાંવહલાંનું અને ખાનગી દેવું વધારે છે. ખાનગી દેવામાં શાહુકાર, વેપારી, સગાંવહલાં, મિત્રો, પાડોશી પાસેથી પૈસા લીધા હોય પણ પૈસા કોની પાસેથી લીધા છે તે બતાવવાની અનિચ્છા દર્શાવવાથી આવા દેવાદાર કુટુંબને ખાનગી દેવામાં મુકવામાં આવ્યા છે. દેવાદાર કુટુંબને કેટલું કોનું દેવું છે તેની માહિતી કોઠા નં.૩.૨૧માં આપવામાં આવી છે. કોઠામાં રોકડ દેવું અને વસ્તુનું દેવું તેમ બે પ્રકારના દેવાં બતાવ્યાં છે. રોકડ દેવામાં દેવાદાર કુટુંબે જે તે વ્યક્તિ પાસેથી રોકડ પૈસા લીધા હોય તેને ગણવામાં આવ્યું છે; જયારે દેવાદાર કુટુંબે રોકડ પૈસાને બદલે વસ્તુ જેવી કે અનાજ, કપડાં, વાસણ લીધાં હોય તેના પૈસા આપવાના બાકી હોય તેને વસ્તુનું દેવું ગણવામાં આવ્યું છે.

કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૭૯ કુટુંબને ૪૫૪૦૦ રોકડ રૂપિયાનું અને ૧૧૦૧૦ રૂપિયાનું ચીજ વસ્તુનું દેવું છે. દેવાદાર કુટુંબદીઠ ૫૭૫ રૂપિયાનું રોકડ દેવું અને ૧૩૯ રૂપિયાનું વસ્તુનું દેવું છે.

જાતિવાર રોકડ અને વસ્તુના દેવામાં કાથોડી જાતિના લોકોને ૨૦૦ રૂપિયાનું રોકડ દેવું અને ૨૪૯ રૂપિયાનું વસ્તુનું દેવું છે, જયારે કોલધા જાતિને ૧૦૨૨ રૂપિયા રોકડ દેવું છે અને ૮ રૂપિયાનું વસ્તુનું દેવું છે. સરેરાશ દેવાની રકમ કરતા કોલધા જાતિમાં દેવું વધારે છે. કોલધા જાતિના લોકોને આવક કરતાં ખર્ચ ખૂબ જ વધે છે, તેથી દેવું પણ વધુ વધારે છે. રોકડ દેવામાં ૪૫.૯૩ ટકા બેન્કનું, ૨૯.૮૫ ટકા ખાનગી, ૧૪.૫૪ ટકા સહકારી મંડળીનું ૭.૭૧ ટકા સગાવહાલાનું અને ૧.૯૭ ટકા શાહુકારનું દેવું છે.

વસ્તુના દેવામાં ૯૫.૪૬ ટકા શાહુકારનું ૨.૭૨ ટકા ખાનગી અને ૧.૮૨ ટકા સગાવહાલાનું દેવું છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે રોકડ દેવામાં બેન્ક અને ખાનગી વ્યક્તિનું દેવું વધારે છે. જયારે વસ્તુના દેવામાં શાહુકારનું દેવું વધારે છે.

જાતિવાર દેવાદાર કુટુંબમાં કાથોડી જાતિમાં રોકડ દેવામાં કુલ રકમના ૫૧.૧૭ ટકા દેવું સહકારી મંડળીનું છે. ત્યારબાદ ૩૪.૮૮ ટકા બેન્કનું દેવું છે. ૧૩.૯૫ ટકા શાહુકાર, સગાવહાલા અને ખાનગી વ્યક્તિનું દેવું છે. કોલધા જાતિમાં રોકડ રકમના કુલ દેવામાં ૪૮.૫૦ ટકા બેન્કનું અને ૩૫.૭૩ ટકા ખાનગી વ્યક્તિનું દેવું છે. ૧૫.૭૭ ટકા શાહુકાર, સહકારી મંડળી અને સગાંવહાલાંનું દેવું છે.

વસ્તુના દેવામાં કાથોડી જાતિના કુલ દેવામાં ૯૮.૧૩ ટકા દેવું શાહુકારનું છે. ૧.૮૭ ટકા દેવું ખાનગી વ્યક્તિનું છે. કોલધા જાતિમાં વસ્તુના દેવામાં ૬૬.૬૭ ટકા દેવું સગાંવહાલાંનું અને ૩૩.૩૩ ટકા ખાનગી દેવું છે. આવક અને અસ્કયામતની અસર દેવા ઉપર પડે છે. તે બાબત અહીં પુરવાર થાય છે.

કારણ કે અભ્યાસના કાથોડી જાતિના કુટુંબની અસ્કયામત અને આવક કોલઘા જાતિના કુટુંબ કરતા વધારે છે. કાથોડી જાતિના લોકોને રોકડ દેવામાં બેન્ક અને સહકારી મંડળીનું દેવું વધારે છે. આ જાતિના લોકો પાસે જમીન છે તેથી ખેતી વિષયક પશુ આપવાની સહકારની જુદી જુદી યોજનામાં સહકારી મંડળી અને બેન્ક દ્વારા લોન આપવામાં આવે છે. જેથી કુટુંબની આવકમાં પણ વધારો થાય છે. કોલઘા જાતિની પાસે જમીન અને અસ્કયામત ઓછી હોવાથી રોકડ દેવું છે. તેમાં બેન્કનું અને ખાનગી દેવું વધારે છે. આ જાતિમાં બેન્કના દેવામાં પશુ આપવાની યોજનાનો લાભ જે કુટુંબને મળ્યો હોય તેવા કુટુંબને બેન્કનું દેવું છે. વસ્તુના રૂપનું દેવું કાથોડીમાં શાહુકારનું સૌથી વધારે છે. કોલઘા જાતિમાં સગાંવહાલાં અને ખાનગી દેવું જ વસ્તુના રૂપનું છે. અસ્કયામતના અભાવે અભ્યાસના કોલઘા જાતિના લોકોને શાહુકાર કે જે અભ્યાસના ગામમાં મોટાભાગે વેપારી છે તેઓ રોકડ કે વસ્તુ આ જાતિના લોકોને ઉધાર આપતા નથી. જે દેવાદાર કુટુંબ છે તેને કેટલા વર્ષથી દેવું છે. તેની માહિતી કોઠા ૩.૨૨ માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે કુલ દેવાદાર કુટુંબમાં ૪૯ (૬૨.૦૧) કુટુંબને એક જ વર્ષ જૂનું દેવું છે. ૧૪ (૧૭.૭૨) કુટુંબને બે વર્ષ જૂનું દેવું છે. ૫ (૬.૩૨) કુટુંબને ત્રણ વર્ષ જૂનું દેવું છે. ૬૮ (૮૬.૦૫) કુટુંબને તો એકથી ત્રણ વર્ષ જૂનું દેવું છે. ૧૧ (૧૩.૯૫) કુટુંબને ત્રણ વર્ષ કરતા વધારે વર્ષોનું દેવું છે. જેની વિગત કોઠામાં આપવામાં આવી છે.

કાથોડી જાતિના દેવાદાર કુટુંબમાં ૨૭ (૬૨.૭૯) કુટુંબને એક વર્ષ જુનું દેવું છે. ૯ (૨૦.૯૩) કુટુંબને બે વર્ષ જુનું દેવું છે. ૫ (૧૧.૭૨) કુટુંબને ત્રણ વર્ષ જુનું દેવું છે. ૨ (૪.૬૬) કુટુંબને ત્રણ વર્ષ કરતા વધારે વર્ષથી દેવું છે.

કોલઘા જાતિના દેવાદાર કુટુંબમાં ૨૨ (૬૧.૧૧) કુટુંબને એક વર્ષ જુનું દેવું છે. ૫ (૧૩.૮૮) કુટુંબને બે વર્ષ જુનું દેવું છે. ૯ (૨૫.૦૧) કુટુંબને બે વર્ષ કરતા વધારે વર્ષથી દેવું છે. જેમાં ૫ કુટુંબને તો ૧૫ વર્ષ કરતાં વધારે જુનું દેવું છે.

ઉપરોક્ત હકીકત ઉપરથી ખ્યાલ આવે છે કે કોલઘા જાતિના દેવાદાર કુટુંબને ત્રણ વર્ષ કરતાં વધારે વર્ષનું દેવું કાથોડી જાતિના દેવાદાર કુટુંબ કરતા વધારે છે. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે કોલઘા જાતિના લોકો બંધાઈ ને ખેતમજૂરીનું કામ કરે છે; તેથી જરૂર પડે ત્યારે ધણીયામા પાસેથી પૈસા લે છે અને ખેતમજૂરીમાંથી ધીરે ધીરે પૈસા વળાવે છે. ઘણા કુટુંબને તો બાપના વારસામાં દેવું મળ્યું હોય છે.

દેવાદાર કુટુંબમાં કેટલા કુટુંબને કેટલું વ્યાજ આપવું પડે છે તેની વિગત કોઠા ૩.૨૩માં આપવામાં

આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૫૯ (૭૬.૬૮) કુટુંબને દેવાનું વ્યાજ આપવું પડતું નથી. ૨૦ (૨૫.૩૨) કુટુંબને દેવાનું વ્યાજ આપવું પડે છે. તેમાં ૮ (૪૦.૦૦) કુટુંબને ૪ ટકા, ૧૦ (૫૦.૦૦) કુટુંબને ૧૦ ટકા, ૧ (૫.૦૦) કુટુંબ ને ૨૫ ટકા અને ૧ (૫.૦૦) કુટુંબને જેટલા પૈસા લીધા હોય તેટલા જ પૈસા વ્યાજમાં આપવા પડે છે.

કાથોડી જાતિમાં ૩૫ (૮૧.૪૦) કુટુંબને વ્યાજ આપવું પડે છે. તેમાં ૬ (૭૫.૦૦) કુટુંબને ૪ ટકા, ૧ (૧૨.૫૦) કુટુંબને ૨૫ ટકા અને ૧ (૧૨.૫૦) કુટુંબને જેટલા પૈસા લીધા હોય તેટલાજ પૈસા વ્યાજમાં આપવા પડે છે.

કાથોડી જાતિમાં ૩૫ (૮૧.૪૦) કુટુંબને વ્યાજ આપવું પડે છે. તેમાં ૬(૭૫.૦૦) કુટુંબને ૪ ટકા, ૧ (૧૨.૫૦) કુટુંબને ૨૫ ટકા અને ૧(૧૨.૫૦) કુટુંબને જેટલા પૈસા લીધા હોય તેટલાજ પૈસા વ્યાજમાં આપવા પડે છે.

કોલઘા જાતિમાં ૨૪ (૬૬.૬૭) કુટુંબને દેવાનું વ્યાજ આપવું પડતું નથી. ૧૨ (૩૩.૩૩) કુટુંબને દેવાનું વ્યાજ આપવું પડે છે. તેમાં ૨ (૧૬.૬૭) કુટુંબને ૪ ટકા અને ૧૦ (૮૩.૩૩) કુટુંબને ૧૦ ટકા વ્યાજ આપવું પડે છે.

દેવું કરનાર કુટુંબ કયા હેતુ માટે દેવું કરે છે. તેની વિગત કોઠા ૩.૨૪ માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૭૯ દેવાદાર કુટુંબમાં ૫૪ (૬૮.૩૫) કુટુંબને ઘરવપરાશ માટે દેવું કરવું પડે છે. ઘરવપરાશના દેવામાં અનાજ, કપડાની ખરીદી માટે કરવા પડતા દેવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૩ (૧૬.૪૬) કુટુંબને ગાય લેવા માટે અને ૬(૭.૫૯) કુટુંબને ભેંસની ખરીદી કરવા માટે દેવું કરવું પડે છે. ૭ (૮.૮૬) કુટુંબને લગ્ન માટે દેવું કરવું પડે છે. ૨ (૨.૫૩) કુટુંબને માંદગીમાં દવા અને સારવાર લેવા માટે દેવું કરવું પડે છે. કાથોડી જાતિમાં ૩૬ (૮૩.૭૨) કુટુંબને ઘરવપરાશની ચીજવસ્તુ ખરીદવા માટે દેવું કરવું પડે છે. ૭ (૧૩.૯૫) કુટુંબને ભેંસની ખરીદી કરવા ૧ (૨.૩૩) કુટુંબને લગ્ન માટે અને ૧ (૨.૩૩) કુટુંબને માંદગીમાં દવા અને સારવાર માટે દેવું કરવું પડે છે. કોલઘા જાતિમાં ૧૮ (૫૦.૦૦) કુટુંબને ઘરવપરાશની ચીજવસ્તુ ખરીદવા માટે દેવું કરવું પડે છે. ૧૩ (૩૬.૧૧) કુટુંબને ગાય ખરીદવા, ૬ (૧૬.૬૦) કુટુંબને લગ્ન માટે અને ૧ (૨.૭૮) કુટુંબને માંદગીમાં દવા અને સારવાર માટે દેવું કરવું પડે છે.

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે દેવાદાર કુટુંબમાં મોટાભાગના કુટુંબ બિનઉત્પાદકીય

હેતુ માટે દેવું કરે છે. ઉત્પાદકીય હેતુમાં ફકત પશુ ખરીદવા જ દેવું છે. પશુ સરકારની યોજનામાં આપવામાં આવે છે. કોલઘા જાતિના કુટુંબ પાસે જમીનના અભાવે ઘાસચારાની ખુબજ મુશ્કેલી પડે છે. તેથી પશુમાંથી જોઈએ તેટલી આવક પ્રાપ્ત કરી શકતા નથી. પરિણામે તેઓ સરકારના દેવાદાર બને છે. બિન ઉત્પાદકીય હેતુમાં ઘરવપરાશની ચીજવસ્તુ ખરીદવા માટે સૌથી વધારે દેવું કરવું પડે છે. વિજયનગરના કાથોડીને આ હેતુ માટે વધુ દેવું કરવું પડે છે. હોળી ઉપર નવાં કપડાં બનાવા માટે કાપડ અને સિલાઈના પૈસાનું દેવું છે. કોલઘા જાતિના કુટુંબને ઘરવપરાશની ચીજવસ્તુમાં ખાદ્યસામગ્રી લાવવા માટેનું દેવું છે. લગ્ન માટે કોલઘા જાતિના કુટુંબને કાથોડી જાતિના કુટુંબ કરતા વધારે દેવું કરવું પડે છે.

કોઠા નં.૩.૨૧

કોનું દેવું છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	દેવાવાળાં કુટુંબ	શાહુકાર		સરકાર		સહકારી મંડળી		બેન્ક રોકડ
					રોકડ	વસ્તુના રૂપમાં	રોકડ	વસ્તુના રૂપમાં	રોકડ	વસ્તુના રૂપમાં	
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૯	-	-	-	-	૪૪૦૦	-	૩૦૦૦
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૩૪	૫૦૦	૧૦૫૧૦	-	-	૪૪૦૦	-	૩૦૦૦
	કુલ		૭૫	૪૩	૫૦૦	૧૦૫૧૦	-	-	૪૪૦૦	-	૩૦૦૦
				૫૭.૩૩	૫.૮૧	૯૮.૧૩			૫૧.૧૭		૩૪.૮૮
૩.	મહુવા	કોલઘા	૭૫	૩૬	૪૦૦	-	-	-	૨૨૦૦	-	૧૭૮૫૦
				૪૮.૦૦	૧.૦૯				૫.૯૮		૪૮.૫૦
	કુલ		૧૫૦	૭૯	૯૦૦	૧૦૫૧૦	-	-	૬૬૦૦	-	૨૦૮૫૦
				૫૨.૬૭	૧.૯૭	૯૫.૪૬			૧૫.૫૪		૪૫.૯૩

કોઠા નં.૩.૨૧ (ચાલુ)

કોનું દેવું છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	સગાંવહાલાં		ખાનગી		કુલ	
				રોકડ	વસ્તુરૂપમાં	રોકડ	વસ્તુરૂપમાં	રોકડ	વસ્તુરૂપમાં
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૩૦૦	-	૪૦૦	૨૦૦	૮૧૦૦	૨૦૦
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	-	-	-	૫૦૦	૧૦૫૧૦
	કુલ		૭૫	૩૦૦	-	૪૦૦	૨૦૦	૮૬૦૦	૧૦૭૧૦
			૧૦૦.૦	૩.૪૯		૪.૬૫	૧.૮૭	૧૦૦.૦	૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૩૨૦૦	૨૦૦	૧૩૧૫૦	૧૦૦	૩૬૮૦૦	૩૦૦
			૧૦૦.૦	૮.૭૦	૬૬.૬૭	૩૫.૭૩	૩૩.૩૩	૧૦૦.૦	૧૦૦.૦
	કુલ		૧૫૦	૩૫૦૦	૨૦૦	૧૩૫૫૦	૩૦૦	૪૫૪૦૦	૧૧૦૧૦
			૧૦૦.૦	૭.૭૧	૧.૮૨	૨૯.૮૫	૨.૭૨	૧૦૦.૦	૧૦૦.૦

કોઠા નં.૩.૨૨

દેવાનો સમય બતાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	દેવાવાળા કુટુંબ	૧ વર્ષ	૨ વર્ષ	૩ વર્ષ	૪ વર્ષ	૫ વર્ષ	૬ વર્ષ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૯	૮	-	૧	-	-	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૩૪	૧૯	૯	૪	૧	-	-
	કુલ		૭૫	૪૩	૨૭	૯	૫	૧	-	-
			૧૦૦.૦	૫૭.૩૩	૬૨.૭૯	૨૦.૯૩	૧૧.૬૨	૨.૩૩		
૩.	મહુવા	કોલઘા	૭૫	૩૬	૨૨	૫	-	-	૧	૧
			૧૦૦.૦	૪૮.૦૦	૬૧.૧૧	૧૩.૮૮			૨.૭૮	૨.૭૮
	કુલ		૧૫૦	૭૯	૪૯	૧૪	૫	૧	૧	૧
			૧૦૦.૦	૫૨.૬૭	૬૨.૦૧	૧૭.૭૨	૬.૩૨	૧.૨૭	૧.૨૭	૧.૨૭

કોઠા નં.૩.૨૩

કેટલા કુટુંબને કેટલા ટકા વ્યાજ આપવું પડે છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	દેવાવાળાં કુટુંબ	વ્યાજ ન આપવું પડતું હોય તેવાં કુટુંબ	વ્યાજ આપવું પડતું હોય તેવાં કુટુંબ	૪ ટકા	૧૦ ટકા	૨૫ ટકા	ડબલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૯	૨	૦	૬	-	-	૧
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૩૪	૩૩	૧	-	-	૧	-
	કુલ		૭૫	૪૩	૩૫	૮	૬	-	૧	૧
				૧૦૦.૦	૮૧.૪૦	૧૮.૬૦	૭૫.૦૦		૧૨.૫૦	૧૨.૫૦
						૧૦૦.૦				
૩.	મહુવા	કોલધા	૭૫	૩૬	૨૪	૧૨	૨	૧૦	-	-
				૧૦૦.૦	૬૬.૬૭	૧૬.૬૭	૮૩.૩૩			
						૧૦૦.૦				
	કુલ		૧૫૦	૭૯	૫૯	૨૦	૮	૧૦	૧	૧
				૧૦૦.૦	૭૬.૬૮	૨૫.૩૨	૪૦.૦૦	૫૦.૦૦	૫૦.૦૦	૫.૦૦

કોઠા નં.૩.૨૪

દેવાનો હેતુ બતાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	દેવાવાળા કુટુંબ	ઘર વપરાશ	પશુ લેવા		લગ્ન માટે	માંદગી
						ગાય	ભેંસ		
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૯	૩	-	૧	-	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૩૪	૩૩	-	-	૧	૧
	કુલ		૭૫	૪૩	૩૬	-	૬	૧	૧
			૧૦૦.૦		૮૩.૭૨		૧૩.૯૫	૨.૩૩	૨.૩૩
૩.	મહુવા	કોલઘા	૭૫	૩૬	૧૮	૧૩	-	૬	૫
					૫૦.૦૦	૩૬.૧૧		૧૬.૬૭	૨.૭૮
	કુલ		૧૫૦	૭૯	૫૪	૧૩	૬	૭	૨
					૬૮.૩૫	૧૬.૪૬	૭.૫૦	૮.૮૬	૨.૫૩

શ્રમ વિભાજન

પુરૂષો

ખેતી (જમીન ધરાવનાર) અને ખેતમજૂરીના કામમાં - જમીન ખેડવી - વાવણી કરવી, કાપણી કરવી, બળદને ઘાસચારો નાખવો, બિયારણ લાવવું, ખેતીના સાધનોનું સમારકામ અને નવા બનાવવાનું કામ કરે છે ક્યારેક પશુ ચારવાનું કામ પણ કરે છે.

જંગલ મજૂરી

કુપમાં લાકડા કાપવા, લાકડું ઘડવું, ઈમારતી લાકડાં કાપી લાવવાં, મહુડા ડોળી વીણવા જવું, મધ-ગુંદર, મુસળી, લાખ વગેરે એકત્ર કરવા જવાનું કામ કરે છે. જંગલમાં શિકાર માટે જવું અને શિકાર માટેના ફાંસલા બનાવવાનું કામ કરે છે.

માછલાં અને દેડકાં પકડવાનું કામ

માછલાં અને દેડકાં પકડવાનું કામ કરે છે. માછલાં પકડવાનાં પીજરાં બનાવવાનું કામ કરે છે.

ઘર બાંધવાના કામમાં

ઘરનું સમારકામ કરવું, છાજ નાખવું, લાકડાં બદલવાં, આજુબાજુની વાંસની દિવાલો સરખી કરવી, ઘર વપરાશ માટે મોટા લાકડાના નાના નાના ટુકડા બનાવવાનું કામ કરે છે.

સ્ત્રીઓ

ખેતી (જમીન ધરાવનાર) ખેતમજૂરોનું કામ

આ કામમાં અનાજની વાવણીનું કામ નિંદામણનું કામ, કાપણીનું કામ, અનાજ છૂટું પાડવાનું અને તેની સફાઈનું કામ કરે છે.

જંગલ અને માછલા પકડવાના કામો

આ કામોમાં કુંપમાં કપાયેલ લાકડાં એકત્ર કરવાનું કામ મહુડ, ડોળી વીણવાનું કામ, મધ, ગુંદર, મુસળી, લાખ, ટીમરૂંના પાન વીણી લાવવાનું કામ કરે છે.

માછલાં પકડવાનું કામ પણ કરે છે. બળતણનાં લાકડાં એકત્ર કરવાનું કામ પણ કરે છે.

ઘરકામમાં

અનાજ સાફ કરવાનું, ખાંડવું, દળવું, રાંધવાનું કામ, રાંધવાના અને ભોજનના વાસણો સાફ કરવાનું કામ, પાણી ભરવાનું કામ, ઘરમાં લીંપણનું કામ તે ઉપરાંત પશુ ચારવા, તેનું છાણ એકત્ર કરવું, પશુને ચારવા લઈ જવા, તેને પાણી આપવાનું કામ તે ઉપરાંત ઘર વપરાશની ચીજવસ્તુ ખરીદી લાવવાનું કામ પણ સ્ત્રીઓ કરે છે.

બાળકો (૭ થી ૧૪ વર્ષના)

આ ઉંમરના બાળકો, નાના ભાઈ-બહેનને રાખે, જંગલમાંથી ટીમરૂ પાન, ગુંદર, મહુડો વીણવાનું કામ કરે, બળતણ માટેના લાકડા લાવવાનું, માછલી પકડવાનું, ખેતી કામમાં મદદ કરવી, પશુ ચારવાનું કામ, જંગલમાંથી ગીલોલથી પક્ષીઓ મારીને લાવે, છાણ વીણવાનું કામ અને ઘરની ચીજવસ્તુ ખરીદવાનું કામ પણ ક્યારેક ક્યારેક કરે છે.

આ ઉંમરના જે બાળકો ભણતા હોય તેઓ પણ શાળાના સમય બાદ ઉપરોક્ત કામો કરે છે. આ કામો શાળાના સમય બાદ અથવા તો શાળામાં રજા હોય તે દિવસે યા શાળામાં ન જઈને પણ આ કામો કરે છે.

વર્ષ ચક્ર

કારતક - માગશર - પોષ - મહા

આ ચાર માસમાં ૫૦ થી ૬૦ દિવસનું કામ ગામમાં મળી રહે છે. આ માસમાં ઘાસ કાપણી, ડાંગર કાપણી અને ઉનાળુ ડાંગર વાવણીનું કામ અને નિંદામણનું કામ મળી રહે છે. વિજયનગર તાલુકાનાં ગામોમાં આ માસ દરમ્યાન ઘઉંની વાવણી, રાયડાની વાવણી અને શંકર બિયારણ પેદા કરવા માટે જે કપાસનો પ્લોટ તૈયાર કરવામાં આવે ત્યારે કપાસની કોથળી બાંધવાનું કામ પણ આ માસ દરમ્યાન મળી રહે છે. આ કામમાં કુશળ કારીગરને રોકવામાં આવે છે. કુશળ કારીગરને મજૂરી પણ વધારે મળે છે.

આ માસ દરમ્યાન જંગલ ગૌણ પેદાશ એકત્ર કરવાનું કામ પણ અભ્યાસના જાતિના લોકો કરે છે. જંગલ ગૌણ પેદાશ એકત્ર કરવામાં મૂસળી, ગુંદર એકત્ર કરવાનું કામ કરે છે. જે લોકોને ગામમાં મજૂરી ન મળે તે આજુબાજુ ઔદ્યોગિક કે અન્ય પ્રકારની મજૂરીનાં કામ માટે ગામ છોડીને જાય છે. ઘણાં કુટુંબો ભણતા બાળકોને ગામમાં સંગાવહાલાને ત્યાં રાખીને જાય છે અને અમુક કુટુંબો બાળકને સાથે લઈને પણ જાય છે.

આ ઉપરાંત શાકભાજીની ખેતીમાં શાકભાજી રોપવાનું અને તેમાં નિદામણ અને ગોઠ કરવાનું કામ પણ આ માસ દરમ્યાન અભ્યાસની જાતિના લોકો કરે છે.

ફાગણ - ચૈત્ર - વૈશાખ

આ ચાર માસમાં ૪૦ થી ૫૦ દિવસનું કામ ગામમાં મળી રહે છે. આ માસ દરમ્યાન જમીન સમથળ કરવાનું કામ જમીન ખેડવાનું કામ અને કયારીને પાળા બાંધવાનું કામ મળે છે. ખેતરમાં પાકના ડુંડા ઊભા હોય તેને સાફ કરવાનું કામ અને જયાં તુવેર, જુવારની સાંઠી હોય તે કાઢવાનું કામ પણ મળી રહે છે. ઉચ્છલ તાલુકામાં આગળની મજૂરીને ફરહાટા વીણવાની મજૂરી તરીકે ઓળખવામાં આવે છે. જયાં ઉનાળુ ડાંગર થતી હોય ત્યાં ડાંગર કાપવાની મજૂરીનું કામ પણ મળે છે.

વિજયનગર તાલુકામાં આ માસ દરમ્યાન ઘઉંની કાપણી અને ઉનાળુ બાજરીની કાપણી અને આ અંગેનું અન્ય કામ કરે છે. આ તાલુકામાં વૈશાખ અને જેઠ માસમાં ખેતમજૂરીનું કામ ખૂબ જ ઓછા પ્રમાણમાં મળે છે.

આ માસ દરમ્યાન જંગલ મજૂરીમાં મહુડાના ફુલ વીણવાનું કામ ડોળી, ગુંદર, મધ એકત્ર કરવાનું કામ આ માસ દરમયાન કરે છે. જે લોકો ગામબહાર મજૂરીએ ગયા હોય તેઓ હોળીનો તહેવાર ઉજવવા ગામમાં આવે છે. આ માસમાં લગ્નની ઉંમરના યુવક યુવતીના લગ્નો કરવાનું કામ વધુ પ્રમાણમાં થાય છે. તેથી આ માસ દરમ્યાન સામાજિક કામો વધુ પ્રમાણમાં રહે છે.

ઉચ્છલ તાલુકામાં જેઠ માસમાં ઢોરના દેવનો તહેવાર ઉજવાય છે. આ દિવસે આખું ગામ ભેગું થાય છે. ગામના આગેવાનો જેવાકે પોલીસ પટેલ, કારભારી, સરપંચ, મળી ખેતીના કયા કામમાં અનાજ રુપે મજૂરી કેટલી ચૂકવણી અને અન્ય સવલત જેવી કે ખાવાનું આપવું - ચા, બીડી, કેટલી આપવી આ અંગે વિચારણા કરવામાં આવે છે. ખેતીના જે તે કામની રોકડ મજૂરી ચૂકવણી હોય તો કેટલી મજૂરી ચૂકવવી તે નક્કી કરવામાં આવે છે.

અષાઢ - શ્રાવણ - ભાદરવો - આસો

આ માસ દરમ્યાન ૫૦ થી ૬૦ દિવસ ખેતમજૂરીનું કામ મળે છે. નિયમિત વરસાદ હોય તો અષાઢ માસમાં વરસાદની શરૂઆત થઈ જાય છે. ડાંગરની ખેતી કરતા હોય તેઓ કાપરીમાં કાદવ પાડવાનું કામ અને ડાંગરની રોપણીનું કામ પણ નીકળે છે. ભાદરવા માસમાં ખેતમજૂરીનું કામ ઓછા

પ્રમાણમાં મળે છે. આ માસ દરમ્યાન વરસાદ પણ પુષ્કળ પ્રમાણમાં પડે છે. તેથી ખેતમજૂરીનું કામ ઓછા પ્રમાણમાં મળે છે. તેથી ખેતમજૂરીનું કામ કરનાર ઘણાં કુટુંબમાં ખાવા પૂરતું અનાજ પણ નથી હોતું, તેથી ખાવટી લાવે છે. ઘણાં કુટુંબો જંગલમાંથી ભાજી-પાલો કંદ વગેરે એકત્ર કરી તેની ખોરાકમાં ઉપયોગ કરે છે. આસો માસના અંતમાં ડાંગર કાપણીનું કામ શરૂ થઈ જાય છે.

આ માસ દરમયાન વરસાદ પડ્યો હોય તેથી નદી, નાળાં, ખાડીમાં પાણી ભરાવાથી નાની નાની માછલી હોય તેને પકડવાનું કામ પણ કરે છે. કોલધા લોકો ડાંગરના પાણી ભરેલા કયારામાંથી દેડકા પકડવાનું કામ પણ કરે છે.

અભ્યાસની જાતિના લોકોના આર્થિક ઉપાર્જનના કામ અંગેના વર્ષચક્ર ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસની જાતિના લોકોનો ખેતમજૂરી, જંગલ મજૂરીનો વ્યવસાય ઉપર મુખ્ય આધાર છે. ખેતમજૂરી વર્ષમાં ૧૨૫ થી ૧૫૦ દિવસ મળે છે. તેથી અન્ય મજૂરી શોધવા માટે સ્થળાંતર કરવું પડે છે.

પ્રકરણ-૪

અનાજ સહાય

પ્રસ્તાવના :

આદિમજૂથની જાતિઓના શૈક્ષણિક વિકાસ માટે અનાજ સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદેશ્ય એ છે કે આદિમજૂથના બાળકોમાં શિક્ષણ વધે. આદિમજૂથની જાતિના વાલીની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી હોવાથી તેઓ પોતાના બાળકોને શાળામાં અભ્યાસ કરાવવાને બદલે આર્થિક પ્રવૃત્તિના કામો કરાવે તેથી બાળકો શાળામાં શિક્ષણ લેવા જઈ શકે નહીં. પરિણામે આદિમજૂથની જાતિમાં શિક્ષણ ઘણું ઓછું છે. શિક્ષણ વધારવા માટે સરકારે અનાજ સહાય યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના પ્રૌઢ અને પ્રાથમિક શિક્ષણ નિયામક અને સમાજ સુરક્ષા ખાતાના હવાલે મુકવામાં આવી છે. યોજના બેવડાય નહીં તેનો ખ્યાલ રાખવામાં આવે છે. અભ્યાસના ઉચ્છલ, મહુવા તાલુકામાં પ્રૌઢ અને પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા અનાજ સહાય આપવામાં આવે છે. વિજયનગર તાલુકામાં સમાજ સુરક્ષા ખાતા દ્વારા અનાજ અપાય છે.

આ યોજનામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા આદિમજૂથના બાળકોમાં જેની ૭૦ ટકાથી વધુ હાજરી હોય તેવા બાળકોના વાલીને માસિક ૨૫ રૂપિયાનું અનાજ ચૂકવવામાં આવે છે. આખા વર્ષમાં ૧૦ માસનું અનાજ આપવામાં આવે છે. ઉનાળા અને દિવાળી વેકેશનની રજાઓમાં અનાજ આપવામાં નથી આવતું.

યોજના અંતર્ગત, એક વાલીના એક પુરૂષ બાળક અને એક સ્ત્રી બાળકને અનાજ આપવાનું સૂચવવામાં આવ્યું છે. એક વાલીના એક પુરૂષ અને એક સ્ત્રી બાળક કરતાં વધારે બાળક ૧ થી ૭ ધોરણમાં અભ્યાસ કરતા હોય તો જે બાળકની જે તે માસે ૭૦ ટકાથી વધુ હાજરી હોય તે બાળકને અથવા તો એક બાળકને અનાજ આપવામાં આવે છે.

અભ્યાસના એક પણ તાલુકામાં પ્રતિમાસે અનાજ આપવામાં આવતું નથી. બે-ત્રણ માસનું એક સાથે અથવા તો આખા વર્ષનું સાથે અનાજ આપવામાં આવે છે.

અનાજ ખરીદવાની અને વાલીને વહેંચવાની પદ્ધતિ

અનાજ ખરીદવાની પદ્ધતિમાં એક સુત્રતા નથી. અભ્યાસના મહુવા અને ઉચ્છલ તાલુકામાં

તાલુકા પંચાયતની શિક્ષણ સંસ્થા દ્વારા વેપારી પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ભાવો મંગાવતા સમયે કઈ જાતનું અનાજ ખરીદવાનું છે તેની માહિતી વેપારીને આપવામાં આવે છે. ભાવો આપતા સમયે કઈ જાતના અનાજનો ભાવો છે તેની સ્પષ્ટતા કરવાની હોય છે. તાલુકા વિકાસ અધિકારી અને કેળવણી નિરીક્ષક આવેલ ભાવોની ચકાસણી કરી તે જેના ભાવ ઓછા હોય અથવા તો તે બન્ને અધિકારીને યોગ્ય લાગે તે વેપારીના ભાવો મંજૂર કરવામાં આવે છે. જે વેપારીના ભાવો મંજૂર કરવામાં આવ્યા હોય તેને અનાજ પુરું પાડવાનો હુકમ અપાય છે. હુકમ આપતા સમયે અનાજ કયા સ્થળે પહોંચાડવાનું છે તેની પણ માહિતી આપવામાં આવે છે. મહુવા તાલુકામાં કેન્દ્ર શાળામાં અનાજ પહોંચાડવાનું હોય છે. કેન્દ્ર શાળાના મુખ્ય શિક્ષક તેના હસ્તકની શાળાના આચાર્યને અનાજ લઈ જવાની જાણ કરે છે. નક્કી કરેલ તારીખે કેન્દ્ર શાળામાં વાલીઓ એક સાથે અનાજ લઈ આવે છે. આ તાલુકામાં એક શાળાને કેટલું અનાજ આપવાનું છે તેની માહિતી અગાઉથી કેન્દ્ર શાળામાં આપવામાં આવે છે. સાંજે તે શાળાને અનાજનો જેટલો જથ્થો મળ્યો હોય તેને સરખે ભાગે વાલીઓ વહેંચી લે છે. અનાજ વહેંચણી સમયે જે તે ગામની શાળાના મુખ્ય શિક્ષક, ગામના પોલીસ પટેલ કે સરપંચને હાજર રાખવામાં આવે છે. પોલીસ પટેલ કે સરપંચ દરેક જગ્યાએ હાજર રહેતા નથી.

ઉચ્છલ તાલુકામાં તાલુકાની શાળામાં આખા તાલુકાનું અનાજ પહોંચાડવામાં આવે છે. અનાજ વહેંચવાની તારીખની જાણ જે તે શાળાના મુખ્ય શિક્ષકને કરવામાં આવે છે. મુખ્ય શિક્ષકો વાલીઓને જાણ કરે છે. અનાજ વહેંચવાની તારીખે આખા તાલુકાના વાલીઓ તાલુકા શાળાએ આવીને અનાજ લઈ જાય છે.

વિજયનગર તાલુકામાં કાથોડી જાતિના બાળકો આશ્રમશાળામાં અભ્યાસ કરે છે. આશ્રમશાળાના આચાર્ય તાલુકાના ખરીદ વેચાણ સંઘ કે અન્ય સહકારી મંડળીમાંથી અનાજ ખરીદવાની વિધિ કરે છે, જેના પૈસા આદિવાસી પેટા યોજનાની કચેરી દ્વારા ચૂકવવામાં આવે છે.

ખરીદ વેચાણ સંઘ કે સહકારી મંડળીમાંથી વાલીઓ પોતાના ભાગે જેટલું અનાજ આવ્યું હોય તે નક્કી કરેલ દિવસે લઈ આવે છે. આશ્રમશાળાના આચાર્ય અનાજ આપવાના દિવસે જે તે સ્થળે હાજર રહે છે.

અનાજ મળ્યાની પહોંચ પણ દરેક સ્થળે સુનિશ્ચિત નથી તેથી યોગ્ય રીતે રાખવામાં આવતી નથી. પહોંચમાં કેટલા માસનું કયા ભાવનું અને એક વાલીના કેટલા બાળકને અનાજ આપ્યું તેની યોગ્ય માહિતી

રહેતી નથી. મહુવા તાલુકા પંચાયતની શિક્ષણ શાળામાં આ માહિતી વ્યવસ્થિત રાખવામાં આવે છે. અન્ય બે તાલુકામાં અલગ અલગ રીતે માહિતી રાખવામાં આવે છે. માહિતી રાખવાની સુનિશ્ચિત માહિતી નહીં હોવાથી એક વાલીના એક જાતિના બે બાળકોને પણ અનાજ મળ્યાનું ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યા છે.

અનાજ વહેંચવાની પદ્ધતિ જોતાં ખ્યાલ આવે છે કે અનાજ વહેંચવાના સ્થળથી પોતાના ગામ સુધી લઈ જવાનો ખર્ચ વાલીઓને ભોગવવો પડે છે. ઘણા વાલીઓના બાળકોની પ્રતિમાસે ૭૦ ટકા કરતાં વધુ હાજરી હોય તો પણ અનાજ ઓછું મળવાની શક્યતા છે, કારણ કે અનાજ આખા વર્ષનું સાથે આપે ત્યારે શાળામાં કુલ કેટલું અનાજ આવ્યું છે તેના આધારે અનાજ વાલીને સરખે ભાગે ફાળવવામાં આવે છે. આમ ૭૦ ટકા હાજરીવાળા બાળકના વાલીને અને સાથે સાથે અન્ય બાળકના વાલીને અનાજ સહાય મળે છે.

અનાજ વહેંચણીમાં અસમાનતા હોવા છતાં અનાજ લેવાની બાબતમાં વાલી- વાલી વચ્ચે ઝઘડો થતો નથી. ઘણાં શિક્ષકોને વાલીઓ સાથે ઝઘડો થાય છે. બાળકની હાજરી અંગે ઝઘડો થાય છે. કારણ કે ૭૦ ટકા હાજરી એટલે શું ? તેની માહિતી વાલીને નથી. ઘણા વાલીના બાળકો એક માસમાં અમુક દિવસ શાળામાં ગેરહાજર રહેવાથી તે બાળકની હાજરી ૭૦ ટકા ન થાય. પરંતુ વાલીને તો એમ જ છે કે શાળામાં બાળક જાય એટલે તેને અનાજ મળવું જોઈએ. હાજરીના અભાવે બાળકને અનાજ ન મળે તો શિક્ષક સાથે ઝઘડો થવાની શક્યતા રહે છે. ઝઘડાથી બચવા શિક્ષકો ઘણીવાર હાજરી પુરવામાં ચોકસાઈ રાખતા નથી. મોટેભાગે આદિમજૂથના બાળકોની ૯૦ થી ૧૦૦ ટકાની હાજરી થાય તે પ્રમાણે દૈનિક હાજરી પુરે છે. ઘણી શાળામાં તો શાળાના માસિક સરાસરી હાજરી કરતાં આદિમજૂથના બાળકોની સરેરાશ હાજરી વધુ હોય તેવું ક્ષેત્રકાર્ય દરમયાન જાણવા મળ્યું છે.

ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળાની મુલાકાત લેતા સમયે બાળક શાળામાં હાજર ન હોય તો પણ તેની હાજરી પુરેલી હોય છે. ઘણી શાળામાં ગેરહાજર બાળકની તે દિવસેની ગેરહાજરી પણ ન પૂરે સાંજે શાળા બંધ થવાના સમયે બાળકની હાજરી શિક્ષકો પુરી નાંખે છે. હાજરી પુરેલા બાળકને મળવાની ઈચ્છા ક્ષેત્રકાર્યમાં કરી ત્યારે અમુક બાળકો ગામમાં નથી તેવું જાણવા મળ્યું હતું.

આમ કરવા પાછળનુ મુખ્ય કારણ એ છે કે વાલીઓમાં જાગૃતિ ઓછી હોવાથી ૭૦ ટકા હાજરી એટલે પ્રતિમાસના કેટલા દિવસ શાળામાં બાળકે હાજરી આપવી જોઈએ તેની માહિતી ન હોવાથી જો શિક્ષક ૭૦ ટકા હાજરી ન પુરે તો અનાજ ન મળે અને વાલી અને શિક્ષકની વચ્ચે ઝઘડો થાય. શિક્ષક હાજરીમાં નિયમને પકડી રાખે તો ગરીબ વાલીને અનાજ ન મળે તેથી પણ શિક્ષકને ગામના સરપંચ,

પોલીસ પટેલ અને વાલીઓ સાથે મનદુઃખ થાય છે. આવા વાલીઓ પોતાના સમાજમાં પ્રચાર કરે કે ''શિક્ષક અનાજ ખાઈ જાય છે.'' આવા પ્રચારથી ઘણીવાર વાલીઓ પોતાના બાળકોને શાળામાં મોકલવાની ચોકસાઈ રાખતા નથી.

શાળા જુદા જુદા કારણને લઈને શિક્ષકો ક્યારેક ક્યારેક વિદ્યાર્થીની હાજરી પુરવામાં નિયમ પ્રમાણેની કાળજી રાખતા નથી.

સરકારની અનાજ આપવાની યોજના છતાં ઘણાં બાળકો અધવચ્ચેથી પોતાનો અભ્યાસ છોડી દે છે અથવા તો શાળાએ જતા નથી. આમ બનવા પાછળનાં જે કેટલાક કારણો છે તેમાં સામાજિક કારણમાં જોઈએ તો આ આદિમજૂથની જાતિના લોકો પોતાનું જીવન વર્ષથી ભટકતું અથવા કોઈ ચોક્કસ સ્થળ રહેતા ન હતા. એક ગામમાં રહેતા હોય તો પણ અમુક સમયે મકાન અને રહેવાની જગ્યા બદલતા રહેતા, રહેવા માટેનું ઘર એકદમ નાનું હોવાથી દિવસ અને રાત્રે ઘરમાં જ રહેવું તેવું કોઈ બંધન ન હતું. તે ઉપરાંત ખેતમજૂરીના કામને બાદ કરતાં જંગલમાં ગૌણ પેદાશ એકત્ર કરવાના કામમાં પણ મુકતના રહેતી. ટૂંકમાં આર્થિક ઉપાર્જનના કામ કરવામાં પણ મુકતતા વધુ અનુભવતા તેથી શાળાની ચાર દિવાલમાં ૧૧ થી ૫ સુધી રહેવું તે બાળકો માટે નવું વાતાવરણ લાગે છે. આ ઉપરાંત શિક્ષકનું સીધું યા આડકતરું દબાણ પણ હોય છે. શાળાના કેદખાના જેવા બંધ વાતાવરણમાં મુક્ત જીવન જીવનાર આદિવાસી બાળકો શાળામાં રહી શકતા નથી. આદિમજૂથના બાળકોને ઘરનું અને શાળાનું વાતાવરણ જુદું જુદું લાગે છે.

બાળકની હાજરી, અનાજ વહેંચણીના અને વહેંચેલ અનાજની યોગ્ય પહોંચ ન રાખવાના પ્રશ્નો અને ઘરનું અને શાળાનું અલગ અલગ વાતાવરણ હોવા છતાં એકંદરે આ યોજનાથી આદિમજૂથની જાતિઓના બાળકો અભ્યાસ માટે શાળામાં જવા લાગ્યા છે અને ઘણા વાલી તો બાળકોની શાળામાં પુરતી હાજરી રહે તેની તકેદારી પણ રાખતા થયા છે.

આદિમજૂથના બાળકોની માસિક હાજરી

૧૯૮૩-૮૪, ૮૪-૮૫ અને ૮૫-૮૬ માં અભ્યાસના ત્રણ તાલુકામાં આદિમજૂથના કુલ કેટલા બાળકો અભ્યાસ કરતા હતા અને તે બાળકોમાંથી કેટલા બાળકોની માસિક ૭૦ ટકા કરતાં વધુ હાજરી હતી તેની માહિતી કોઠા નં.૪.૧માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે નવા વર્ષમાં જયારે શાળા શરૂ થાય છે ત્યારે હાજરીનું પ્રમાણ ઓછું રહે છે. ૧૯૮૩-૮૪માં જૂન માસમાં કુલ વિદ્યાર્થીમાં ૩૭.૬૧ ટકા વિદ્યાર્થીની ૭૦ ટકા કરતા વધુ હાજરી છે. ૧૯૮૪-૮૫ અને ૮૫-૮૬માં આ માસ દરમ્યાન

અનુક્રમે કુલ વિદ્યાર્થીમાં ૬૫.૪૯ અને ૮૧.૦૨ ટકા વિદ્યાર્થીની હાજરી ૭૦ ટકા છે. આમ પ્રતિવર્ષ જુન માસમાં હાજરીનું પ્રમાણ વધતું ગયું છે. આની પાછળનું મુખ્ય કારણ એ છે કે જેમ જેમ અનાજ સહાય યોજના વિષે વાલીમાં જાગૃતિ આવતી જાય છે તેમ તેમ તેઓ શાળામાં બાળકોને મોકલવાની કાળજી રાખે છે. પરિણામે જુન માસમાં વિદ્યાર્થીની હાજરીમાં મોટો તફાવત દેખાય છે. આમ છતાં ઉનાળાની રજામાં બાળકો માતા-પિતા સાથે મજૂરીના કામ માટે ગયા હોય અથવા તો રજાઓ માણ્યા પછી શાળાએ જવું પસંદ ન પડે તેથી વેકેશન પુરું થયા પછીના દિવસોમાં બાળકોની હાજરી શાળામાં ઓછી રહે છે. ૧૯૮૩-૮૪માં જુલાઈ, ઓગસ્ટ, માસમાં બાળકોની માસિક હાજરીમાં બહુ મોટો તફાવત નથી. ૧૯૮૪-૮૫ અને ૧૯૮૫-૮૬માં જુલાઈ માસમાં જુન માસ કરતા વિદ્યાર્થીની હાજરી ઓછી છે. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે, કે આ માસ દરમયાન નવા બાળકોના નામ શાળામાં દાખલ કરવામાં આવે છે. નવા બાળકોને શરૂઆતના દિવસોમાં શાળામાં ઓછું ગમે છે. તેથી તેઓની હાજરી ઓછી રહે છે. આ દિવસોમાં વરસાદ પડવાની શરૂઆત થઈ ગઈ હોય છે. તેથી ગામમાં ખેતીનું કામ મળી રહે મોટી ઉંમરના વિદ્યાર્થીઓ ખેતીની મજૂરી કરવા માટે જાય છે. તેથી શાળામાં વિદ્યાર્થીની હાજરી ઓછી રહે છે. કુટુંબની મોટી ઉંમરની વ્યક્તિઓ ખતેમજૂરીના કામમાં જાય તેથી ઘરના બાળકો સાચવવાની જવાબદારી શાળામાં જતા બાળક ઉપર આવે છે. આથી આ માસ દરમ્યાન બાળકોની શાળામાં હાજરી ઓછી રહે છે. ૧૪ વર્ષથી વધારે ઉંમરના બાળકોના નામ શાળામાંથી રદ કરવાનું કામ પણ આ માસમાં કરવામાં આવે છે. તેથી આ માસમાં હાજરીનું પ્રમાણ ક્યારેક ક્યારેક જુન માસ કરતા ઓછું રહે છે. સપ્ટેમ્બર, ઓક્ટોબર માસની હાજરીમાં બહુ મોટો ફેરફાર નથી રહેતો. કારણકે આ માસ દરમ્યાન ખેતીનું કામ રહેતુ નથી. તે ઉપરાંત વરસાદ પડતો હોય તેથી અન્ય સ્થળે મજૂરી મળવાની શક્યતા ઓછી છે. તેથી આ માસ દરમ્યાન શાળામાં બાળકોની હાજરીનું પ્રમાણ નિયમિત રહે છે. નવેમ્બરથી જાન્યુઆરી માસ સુધી હાજરીમાં ઓછો તફાવત રહે છે. આ માસમાં અમુક બાળકો વાલી સાથે એકાદ બે દિવસ મજૂરી કરવા જાય છે. અમુક બાળકો જંગલમાં લાકડા અને ગૌણ પેદાશ એકત્ર કરવા માટે સપ્તાહમાં એકાદ બે દિવસ જાય છે. ફેબ્રુઆરી અને માર્ચ માસમાં શાળાની પરીક્ષા ઉપરાંત અનાજ પણ આ માસમાં આપવામાં આવે તેથી શાળામાં બાળકોની હાજરી સારી રહે છે.

કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે જુન થી માર્ચ માસ સુધી બાળકોની હાજરીમાં બહુ મોટો તફાવત રહેતો નથી. આ ઉપરથી ફલિત થાય છે કે જે બાળકો શાળામાં આવે છે તે આખું વર્ષ નિયમિત હાજરી શાળામાં આપે છે. આ પરથી કહી શકાય છે કે અનાજ સહાયથી આદિમજૂથના બાળકોમાં શાળાની હાજરીનું પ્રમાણ વધતું જાય છે.

કોઠા નં. ૪.૧

આદિમજૂથના બાળકોની કુલ સંખ્યા અને ૭૦ ટકાથી વધુ હાજરીવાળા બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો

૧૯૮૩-૮૪

ક્રમ	તાલુકાનું નામ	વિગત	જુન	જુલાઈ	ઓગસ્ટ	સપ્ટેમ્બર	ઓક્ટોબર	નવેમ્બર	ડિસેમ્બર	જાન્યુઆરી	ફેબ્રુઆરી	માર્ચ
૧.	ઉચ્છલ	રજિ. સંખ્યા	૧૯૬	૧૯૪	૧૯૪	૧૯૪	૧૯૪	૧૯૪	૧૯૪	૧૯૪	૧૯૪	૧૯૪
		૭૦ ટકાથી વધુ હાજરીવાળા	૧૦૭	૧૨૪	૧૨૭	૧૨૮	૧૨૮	૧૧૪	૧૧૭	૧૧૯	૧૨૨	૧૨૫
		બાળકોની સંખ્યા	૫૪.૫૯	૬૩.૯૨	૬૫.૪૬	૬૫.૯૮	૬૫.૯૮	૫૮.૭૬	૬૦.૩૦	૬૧.૩૪	૬૨.૮૯	૬૪.૪૩
૨.	મહુવા	રજિ. સંખ્યા	૫૧૪	૫૧૪	૫૧૪	૫૧૪	૫૧૪	૫૧૪	૫૧૪	૫૧૪	૫૧૪	૫૧૪
		૭૦ ટકાથી વધુ હાજરીવાળા	૧૬૦	૧૯૫	૧૭૬	૧૭૪	૨૦૧	૧૨૭	૧૬૪	૧૬૯	૧૭૮	૧૬૬
		બાળકોની સંખ્યા	૩૧.૧૩	૩૭.૯૪	૩૪.૨૪	૩૩.૮૫	૩૯.૧૧	૨૪.૭૧	૩૧.૯૧	૩૨.૮૮	૩૪.૬૩	૩૨.૩૦
૩.	વિજયનગર	રજિ. સંખ્યા	-	-	૫૩	૬૧	૩૮	૩૮	૩૮	૩૮	૩૮	૩૮
		૭૦ ટકાથી વધુ હાજરીવાળા	-	-	૩૮	૫૬	૩૮	૩૮	૩૮	૩૮	૩૮	૩૮
		બાળકોની સંખ્યા	-	-	૭૧.૭૦	૯૧.૮૦	૧૦૦.૦૦	૧૦૦.૦	૧૦૦.૦	૧૦૦.૦	૧૦૦.૦	૧૦૦.૦

કોઠા નં. ૪.૧ (ચાલુ)

આદિમજૂથના બાળકોની કુલ સંખ્યા અને ૭૦ ટકાથી વધુ હાજરીવાળા બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો

૧૯૮૪-૮૫

ક્રમ	તાલુકાનું નામ	વિગત	જુન	જુલાઈ	ઓગસ્ટ	સપ્ટેમ્બર	ઓક્ટોબર	નવેમ્બર	ડિસેમ્બર	જાન્યુઆરી	ફેબ્રુઆરી	માર્ચ
૧.	ઉચ્છલ	રજિ. સંખ્યા	૨૨૬	૨૨૧	૨૧૮	૨૧૮	૨૧૮	૨૧૮	૨૧૭	૨૧૭	૨૧૭	૨૧૧
		૭૦ ટકાથી વધુ હાજરીવાળા	૧૪૮	૧૬૭	૧૭૫	૧૭૫	૧૬૫	૧૫૬	૧૪૮	૧૫૩	૧૫૯	૧૫૫
		બાળકોની સંખ્યા	૬૫.૪૯	૭૫.૫૬	૮૦.૨૮	૮૦.૨૮	૭૫.૬૯	૭૧.૫૬	૬૮.૨૦	૭૦.૫૧	૭૫.૩૬	૭૩.૪૬
૨.	મહુવા	રજિ. સંખ્યા	-	૪૭૬	૪૭૬	૪૭૬	૪૭૬	૪૭૬	૪૭૬	૪૭૬	૪૭૬	૪૭૬
		૭૦ ટકાથી વધુ હાજરીવાળા	-	૧૮૫	૧૮૬	૧૯૮	૨૩૮	૧૯૦	૨૨૧	૨૧૮	૨૧૧	૨૨૬
		બાળકોની સંખ્યા	-	૩૮.૮૭	૩૯.૦૮	૪૧.૬૦	૫૦.૦૦	૩૯.૯૧	૪૬.૪૩	૪૫.૮૦	૪૪.૩૩	૪૭.૪૮
૩.	વિજયનગર	રજિ. સંખ્યા	-	૭૧	૭૫	૭૬	૭૫	૭૬	૭૬	૭૬	૭૬	૭૬
		૭૦ ટકાથી વધુ હાજરીવાળા	-	૭૧	૬૪	૨૦	૬૯	૬૯	૫૦	૪૮	૬૪	૬૬
		બાળકોની સંખ્યા	-	૧૦૦.૦	૮૫.૩૩	૯૨.૧૧	૯૨.૦૦	૯૦.૭૯	૬૫.૭૯	૬૩.૧૬	૮૪.૨૧	૮૬.૮૪

કોઠા નં. ૪.૧ (ચાલુ)

આદિમજૂથના બાળકોની કુલ સંખ્યા અને ૭૦ ટકાથી વધુ હાજરીવાળા બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો

૧૯૮૫-૮૬

ક્રમ	તાલુકાનું નામ	વિગત	જુન	જુલાઈ	ઓગસ્ટ	સપ્ટેમ્બર	ઓક્ટોબર	નવેમ્બર	ડીસેમ્બર	જાન્યુઆરી	ફેબ્રુઆરી	માર્ચ
૧.	ઉચ્છલ	રજિ. સંખ્યા	૨૧૬	૨૨૧	૨૨૬	૨૨૫	૨૫૫	૨૨૫	૨૨૫	૨૨૫	૧૯૪	-
		૭૦ ટકાથી વધુ હાજરીવાળા	૧૭૫	૧૮૪	૧૯૨	૧૯૪	૧૮૯	૧૮૧	૧૬૮	૧૬૦	૧૩૮	-
		બાળકોની સંખ્યા	૮૧.૦૨	૮૩.૨૬	૮૪.૯૬	૮૬.૨૨	૮૪.૦૦	૮૦.૪૪	૭૪.૬૭	૭૧.૧૧	૭૧.૧૩	-
૨.	મહુવા	રજિ. સંખ્યા	-	૪૧૦	૪૧૦	૪૧૦	૪૧૦	-	૪૧૦	-	-	-
		૭૦ ટકાથી વધુ હાજરીવાળા	-	૧૭૮	૨૨૧	૨૧૬	૨૧૯	-	૧૭૩	-	-	-
		બાળકોની સંખ્યા	-	૪૩.૪૧	૫૧.૪૬	૫૨.૬૮	૫૩.૬૮	દિવાળીની રજા	૪૨.૨૦	-	-	-

નોંધ :

૧. મહુવા તાલુકાના જે ગામોમાં આદિમજૂથના બાળકો અભ્યાસ કરે છે તે શાળાના આદિમજૂથના બાળકોની સંખ્યા છે.

૨. ઉચ્છલ તાલુકાની ૧૩ પ્રાથમિક શાળાના આંકડા મળ્યા છે તેથી અહીં તે ૧૩ શાળાના આદિમજૂથના બાળકોની સંખ્યા દર્શાવી છે.

અભ્યાસના કુટુંબની શૈક્ષણિક સ્થિતિ

છેલ્લા ત્રણ વર્ષમાં આદિમજૂથના પ્રાથમિક શાળામાં ભણતા બાળકોમાંથી ૭૦ ટકાથી વધુ હાજરીવાળા બાળકોની માહિતી ઉપરથી ખ્યાલ આવે છે કે આ જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ ધીમે ધીમે વધતું જાય છે. અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના સભ્યોમાં અક્ષરજ્ઞાન કેટલું છે, તેની માહિતી કોઠા નં.૪.૨માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસ હેઠળનાં ૧૫૦ કુટુંબના ૭૬૬ સભ્યોમાંથી ૪૭૧ (૬૧.૪૯) સભ્યો અભણ છે. કાથોડી જાતિમાં કુલ સભ્યોમાં ૬૩.૮૬ ટકા સભ્યો અભણ છે. કોલઘા જાતિમાં કુલ સભ્યોમાં ૫૮.૮૪ ટકા સભ્યો અભણ છે.

૧૯૭૧ના જનગણનાના અહેવાલ પ્રમાણે વિજયનગરમાં રહેતા કાથોડી કુટુંબના એક પણ સભ્ય અક્ષરજ્ઞાન ધરાવતો નથી. ઉચ્છલ તાલુકાના ૮૬૬ સભ્યોમાં ૮ (૦.૯૨) સભ્યો અક્ષરજ્ઞાન ધરાવે છે. ૮૫૮ (૯૯.૦૮) સભ્યો અભણ છે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી ૧૯૭૭ના વર્ષમાં કાથોડી જાતિને આદિમજૂથમાં મૂકવા માટે એક સંશોધન અહેવાલ તૈયાર કરવામાં આવેલ. આ સંશોધન અહેવાલમાં માંગરોલ, ઉચ્છલ, સાગબારા, વિજયનગર અને ડાંગના ૧૭૪ કાથોડી કુટુંબનો અભ્યાસ કરવામાં આવેલ. ૧૭૪ કુટુંબના ૯૫૨ સભ્યોમાં માત્ર ૯૨ (૯.૬૬) સભ્યો જ અક્ષરજ્ઞાન ધરાવનાર છે. ૮૬૦ (૯૦.૩૪) સભ્યો અભણ છે.[૧]

૧૯૭૧ની જનગણનાના અહેવાલ પ્રમાણે ૨૨૦૦ કોલઘા જાતિની વસ્તી મહુવા તાલુકામાં છે. ૩૭ (૧.૬૮) સભ્યો અક્ષરજ્ઞાન ધરાવે છે. ૨૧૬૩ (૯૮.૩૨) સભ્યો અભણ છે.

૧૯૭૯માં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા કોલઘા જાતિને આદિમજૂથમાં મૂકવા એક અહેવાલ તૈયાર કરવામાં આવેલ. આ અહેવાલમાં મહુવા તાલુકાના ૧૦૦ કોલઘા જાતિના કુટુંબનો અભ્યાસ કરવામાં આવેલ, ૧૦૦ કુટુંબના ૪૩૨ સભ્યોમાંથી ૯ (૨.૦૮) સભ્યો અક્ષરજ્ઞાન ધરાવે છે. ૪૩૨ (૯૭.૯૨) સભ્યો અભણ છે.[૨]

---

૧. ધ કાથોડી ઓફ ગુજરાત - ૧૯૭૭, આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, મુસ્તાકઅલી મસવી, ગૌરીશ પંડ્યા

૨. ધ કોલઘા ઓફ ગુજરાત - ૧૯૭૯, આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ડૉ. ટી.બી. નાયક, એમ.આઈ. મસવી, જી.પી. પંડ્યા.

આદિવાસી કેન્દ્રના કાથોડી (૧૯૭૭) અને કોલઘા (૧૯૭૯)ના અહેવાલ પ્રમાણે પણ આ બે જાતિમાં અક્ષરજ્ઞાન ધરાવનાર સભ્યોની સંખ્યા ઘણી ઓછી છે. આ જાતિને આદિમજૂથની જાતિમાં મુકવામાં આવી તેથી સરકારની અનેકવિધ યોજનાઓ લાભ મળવા મંડ્યો અને તેમાં પણ ખાસ કરીને શિક્ષણમાં અનાજ સહાય યોજના અમલમાં મૂક્યા બાદ આ જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ ચોક્કસ વધ્યું છે. શિક્ષણનું પ્રમાણ વધવાની સાથે શાળામાં જવાના ઉંમરનાં બાળકો પણ શાળામાં વધુ જવા લાગ્યાં છે. કોલઘાના (૧૯૭૯) અહેવાલમાં મહુવા તાલુકાના કુલ સભ્યોમાં ફક્ત ૫ (૧.૧૫) બાળકો શાળામાં જતા, આ અભ્યાસમાં ૭૫ કોલઘા જાતિના કુટુંબના ૩૬૨ સભ્યોમાં (૨૫.૬૯) બાળકો શાળામાં અભ્યાસ કરે છે. તે જ રીતે કાથોડીના (૧૯૭૭) અહેવાલમાં કુલ સભ્યોમાંથી ૬૨ (૬.૫૧) બાળકો શાળામાં જતા હતા. આ અભ્યાસમાં કાથોડી જાતિના ૭૫ કુટુંબના ૪૦૪ સભ્યોમાં ૧૨૬ (૩૧.૧૯) બાળકો શાળામાં જાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે અનાજ સહાયની યોજના અમલમાં મૂક્યા પછી, આદિમજૂથના સભ્યોમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ વધ્યું છે, અને શાળામાં જવાની ઉંમરના બાળકો અભ્યાસ કરવા લાગ્યા છે.

અભ્યાસ છોડેલ કુટુંબના સભ્યોએ કેટલા ધોરણ સુધી અભ્યાસ કર્યો છે

અભ્યાસના ૧૫૦ કુટુંબના ૭૬૬ સભ્યોમાં કેટલા સભ્યો અભણ છે અને કેટલા સભ્યોએ કયા ધોરણથી અભ્યાસ છોડ્યો છે તેની વિગત તપાસીએ તો ખ્યાલ આવે છે કે કુલ ૭૬૬ સભ્યોમાં ૫૪૭ સભ્યો ક્ષેત્રકાર્ય દરમ્યાન અભ્યાસ કરતા નથી. આ ૫૪૭ સભ્યોમાં ૪૭૧ (૮૬.૧૧) સભ્યો તો અભણ છે. જે ૭૬ (૧૩.૮૯) સભ્યો ભણેલા છે તેમાં ૮ સભ્યો પહેલા ધોરણ સુધી, ૨૨ સભ્યો બીજા ધોરણ સુધી, ૨૦ સભ્યો ત્રીજા ધોરણ સુધી, ૨૩ સભ્યો ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. ભણનાર સભ્યોમાં ૬૩ (૮૨.૮૯) સભ્યોએ તો ૧ થી ૪ ધોરણ સુધીનો અભ્યાસ કરીને શાળા છોડી છે. ૧૩ (૧૭.૧૧) લોકોએ ૫ થી ૭ ધોરણ અભ્યાસ કર્યા બાદ શાળા છોડી છે.

જાતિવાર જોઈએ તો કાથોડી જાતિના કુલ ૪૦૪ સભ્યોમાં ૨૭૮ (૬૮.૮૧) સભ્યો ક્ષેત્રકાર્ય દરમ્યાન અભ્યાસ કરતા નથી. ૨૭૮ સભ્યોમાં ૨૫૮ (૯૨.૮૧) સભ્યો અભણ છે. ૨૦ (૭.૧૯) સભ્યો ભણેલા છે. તેમાં ૧૭ સભ્યોએ માત્ર ૧ થી ૪ ધોરણ સુધી ભણીને શાળા છોડી છે. ૩ સભ્યો ૫ થી ૭ ધોરણ સુધી ભણીને શાળા છોડી છે.

ઉચ્છલ તાલુકાના કાથોડી કુટુંબમાં સભ્યો અભણ વધુ છે.

કોલઘા જાતિમાં ૩૬૨ સભ્યોમાં ૨૬૯ (૭૪.૩૧) સભ્યો ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળામાં જતા જોવા

મળ્યા નથી. ૨૬૯ સભ્યોમાં ૨૧૩ (૭૯.૧૮) સભ્યો અભણ છે. જે ૫૬ (૨૦.૮૧) સભ્યો ભણેલા છે તેમાં ૪૬ સભ્યો તો ૧ થી ૪ ધોરણ સુધી જ ભણેલા છે. ૧૦ સભ્યોએ ૫ થી ૭ ધોરણ સુધી અભ્યાસ કરીને શાળા છોડી છે.

ઉપરોક્ત હકીકત ઉપરથી ખ્યાલ આવે છે કે જે સભ્યો ભણ્યા છે તેમાં ૧ થી ૪ ધોરણ સુધી અભ્યાસ કરીને શાળા છોડનાર સભ્યો વધારે છે. આમ બનવા પાછળનું એક કારણ એ પણ છે કે કોલઘા અને કાથોડીનાં બાળકો અનાજ સહાય મળવા મંડ્યા પછી જ શાળામાં વધારે પ્રમાણમાં દાખલ થવા લાગ્યા. આ યોજનાની શરૂઆતના સમયે મોટી ઉંમરના બાળકો પણ શાળામાં અભ્યાસ કરવા બેઠેલા હતા. ઉંમર વધતાં અન્ય બાળકો સાથે અભ્યાસ કરવામાં સંકોચ થવાથી બાળકોએ શાળા છોડી છે. બીજા કારણમાં ઉંમર વધતાં મજૂરોનું કામ સ્વતંત્ર રીતે કરી વધુ પૈસા લાવી શકે, છોકરીઓનાં લગ્ન પણ આ ઉંમરમાં કરી નાખે, આવાં જુદા જુદા કારણોને લઈને યોજના અમલમાં મૂકી તે વર્ષમાં શાળામાં દાખલ થયેલ વિદ્યાર્થીઓએ અધવચ્ચેથી શાળા છોડી છે. આમ છતાં અભ્યાસનાં આદિમજાતિના બાળકો માધ્યમિક કક્ષાનું શિક્ષણ ખૂબ જ ઓછા પ્રમાણમાં લે છે. જે સભ્યો ભણ્યા છે અને શાળા છોડી છે. તેમાં કાથોડી જાતિમાં કોલઘા જાતિ કરતા ૧ થી ૪ ધોરણ સુધી અભયાસ કરીને શાળા છોડનાર સભ્યોનું પ્રમાણ વધુ છે. અભ્યાસના તાલુકાવાર અને જાતિવાર કેટલા સભ્યો અભણ છે અને જે સભ્યો ભણ્યા છે તે કેટલા ધોરણ સુધી ભણ્યા છે તેની વિગતે માહિતી કોઠા નં.૪.૩માં આપવામાં આવી છે.

અનાજ સહાય મળવા છતાં શાળાએ ન ગયેલ અથવા અધવચ્ચેથી શાળા છોડનાર બાળકો વિષે

આગળ આપણે કુટુંબના જે સભ્યો ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળામાં જતા જોવા મળ્યા નથી તેની વિગત જોઈ. આ સભ્યોમાં કેટલા સભ્યોને અનાજ સહાય મળતી હોવા છતાં શાળામાં ગયા જ ન હોય અથવા તો ૭ ધોરણ પહેલાં શાળા છોડી હોય તેવા સભ્યની વિગત કોઠા નં.૪.૪માં આપી છે. કુલ ૫૪૭ સભ્યો કે જે ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળામાં જતા ન હતા તેમાં ૯૩ (૧૭.૦૦) સભ્યો અનાજ સહાય મળવા છતાં શાળાએ ગયા નથી અથવા તો ૭ ધોરણ પૂરું કર્યા પહેલાં શાળા છોડી છે. ૯૩ સભ્યોમાં ૩૫ (૩૭.૬૩) સભ્યો તો શાળામાં ગયા જ નથી. ૪૭ સભ્યોએ ૧ થી ૪ ધોરણ સુધી અભ્યાસ કરીને શાળા છોડી છે. ૭ સભ્યોએ ૫ ધોરણ સુધી અને ૨ સભ્યોએ ૬ ધોરણ સુધી અભ્યાસ કરીને શાળા છોડી છે. ફક્ત ૨ સભ્યોએ જ ૭ ધોરણ પાસ કરીને શાળા છોડી છે.

કાથોડી જાતિનાં ૨૭૮ સભ્યો કે જે ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળામાં જતા ન હતા તેમાં ૩૭ (૧૩.૩૦)

સભ્યો અનાજ સહાય મળવા છતાં શાળાએ ગયા નથી, અથવા તો ૭ ધોરણ પૂરું કર્યા પહેલા શાળા છોડી છે. ૩૭ સભ્યોમાં ૨૫ સભ્યો તો શાળામાં ગયા જ નથી. ૯ સભ્યોએ ૧ થી ૪ ધોરણ સુધી અભ્યાસ કરીને શાળા છોડી છે. ૨ સભ્યોએ ધોરણ ૫ થી અને ૧ સભ્યે ધોરણ ૭ પાસ કરીને શાળા છોડી છે. કોલઘા જાતિના ૨૬૯ સભ્યો કે જે ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળામાં જતા ન હતા. તેમાં ૫૬ (૨૦.૮૧) સભ્યો અનાજ સહાય મળવા છતાં શાળાએ ગયા નથી અથવા તો ૭ ધોરણ પૂરું કર્યા પહેલા શાળા છોડી છે. ૫૬ સભ્યોમાં ૧૦ સભ્યો તો શાળામાં ગયા જ નથી. ૩૮ સભ્યોએ ૧ થી ૪ ધોરણ સુધી અભ્યાસ કરીને શાળા છોડી છે. ૫ સભ્યોએ ધોરણ ૫ થી, ૨ સભ્યોએ ધોરણ ૬ થી અને ૧ સભ્યે ધોરણ ૭ પાસ કરીને શાળા છોડી છે.

શિક્ષણ લેતા બાળકો વિષે

ક્ષેત્રકાર્ય દરમયાન બાળકો શાળામાં જાય છે તેની માહિતી જોઈએ તો કુલ ૭૬૬ સભ્યોમાં ૨૧૯ (૨૮.૫૯) સભ્યો શાળામાં અભ્યાસ કરે છે. જે ૨૧૯ સભ્યો શાળામાં અભ્યાસ કરે છે તેમાં ૨૧૦ (૯૫.૮૯) સભ્યો પ્રાથમિક ધોરણમાં અને ૯ (૪.૧૧) સભ્યો માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરે છે. ૨૧૯ સભ્યો શાળામાં અભ્યાસ કરે છે તેમાં ૫૨ સભ્યો પહેલા ધોરણમાં, ૪૪ સભ્યો બીજા ધોરણમાં, ૩૬ સભ્યો ત્રીજા ધોરણમાં, ૨૨ સભ્યો ચોથા ધોરણમાં અભ્યાસ કરે છે. અભ્યાસ કરનાર કુલ સભ્યોમાં ૧૫૪ (૭૦.૩૨) સભ્યો તો ૧ થી ૪ ધોરણમાં અભ્યાસ કરે છે. ૬૫ (૨૯.૬૮) સભ્યો જે ચોથા ધોરણથી વધારે ભણે છે. તેમાં ૨૪ સભ્યો પાંચમા ધોરણમાં, ૧૪ સભ્યો છઠ્ઠા ધોરણમાં, ૧૮ સભ્યો સાતમા ધોરણમાં, ૭ સભ્યો આઠમા ધોરણમાં અને ૨ સભ્યો નવમા ધોરણમાં અભ્યાસ કરે છે.

કાથોડી જાતિના કુલ ૪૦૪ સભ્યોમાં ૧૨૬ (૩૧.૧૨) બાળકો શાળામાં અભ્યાસ કરે છે. ઉચ્છલ તાલુકાના કાથોડી બાળકો કરતાં વિજયનગર તાલુકાના કાથોડી બાળકો શાળામાં અભ્યાસ કરવા વધુ જાય છે. ૧૨૬ કાથોડી બાળકો અભ્યાસ કરવા જાય છે. તેમાં ૧૧૯ (૯૪.૪૫) બાળકો પ્રાથમિક કક્ષામાં અને ૭ (૫.૫૫) બાળકો માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરે છે, જે બાળકો અભ્યાસ કરે છે. તેમાં ૮૩ બાળકો ધોરણ ૧ થી ૪ માં અભ્યાસ કરે છે. ૩૬ બાળકો ધોરણ ૫ થી ૭માં અભ્યાસ કરે છે. ૫ બાળકો ધોરણ ૮ માં અને ૨ બાળકો ધોરણ ૯માં અભ્યાસ કરે છે.

કોલઘા જાતિના ૩૬૨ સભ્યોમાં ૯૩ (૨૫.૬૯) બાળકો શાળામાં અભ્યાસ કરે છે તેમાં ૯૧(૯૭.૮૫) બાળકો પ્રાથમિક કક્ષામાં અભ્યાસ કરે છે. ૨ (૨.૧૫) બાળકો માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરે છે. જે બાળકો અભ્યાસ કરે છે તેમાં ૭૧ બાળકો તો ૧ થી ૪ ધોરણમાં અભ્યાસ કરે છે. ૨૦ બાળકો ૫

થી ૭ ધોરણમાં અભ્યાસ કરે છે. ૨ બાળકો ધોરણ ૮માં અભ્યાસ કરે છે. આ ઉપરથી કહી શકાય છે કે કાથોડી જાતિના બાળકો શાળામાં વધુ જાય છે. અનાજ સહાય યોજનાનો લાભ અભ્યાસની બે જાતિ પૈકી કાથોડી જાતિના લોકોએ વધુ લીધો છે. આ જાતિના બાળકોમાં ધીમે ધીમે શિક્ષણ વધતું જાય છે. કોલઘા જાતિમાં જોઈએ તેટલું શિક્ષણ વધ્યું નથી. કાથોડી જાતિમાં તો અભ્યાસ કરનાર બાળકોમાં ૫.૫૬ ટકા બાળકો માધ્યમિક કક્ષાનો અભ્યાસ પણ કરે છે. કોલઘા જાતિમાં ફક્ત ૨.૧૫ ટકા બાળકો જ માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરે છે.

તાલુકાવાર અને જાતિવાર કેટલા બાળકો કયા ધોરણમાં અભ્યાસ કરે છે તેની માહિતી કોઠા નં.૪.૫માં આપવામાં આવી છે.

૭ થી ૧૪ વર્ષના કેટલા બાળકો અભ્યાસ કરે છે

જે બાળકો અભ્યાસ કરે છે તેમાં ૭ થી ૧૪ વર્ષના કેટલા બાળકો અભ્યાસ કરે છે તેની વિગત તપાસવી અગત્યની છે. સરકારી નિયમ પ્રમાણે આ ઉંમરનાં બાળકોએ શિક્ષણ લેવું ફરજિયાત છે. આમ છતાં પછાત વિસ્તારમાં રહેતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના આ ઉંમરના બાળકો શાળામાં અભ્યાસ કરવા ખૂબ જ ઓછા પ્રમાણમાં જાય છે. અભ્યાસના ૧૫૦ કુટુંબના ૭૬૬ સભ્યોમાં, ૨૫૬ (૩૩.૪૨) સભ્યો ૭ થી ૧૪ વર્ષની ઉંમરના છે. ૧૮૯ (૭૩.૮૩) બાળકો ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળામાં અભ્યાસ કરે છે. ૪૨ (૧૬.૪૧) બાળકોએ ૭ ધોરણ પુરું કર્યા પહેલા શાળા છોડી દીધી છે. ૨૫ (૯.૭૬) બાળકો અભણ છે. જાતિવાર જોઈએ તો કાથોડી જાતિના ૪૦૪ સભ્યોમાં ૧૩૨ (૩૨.૬૭) બાળકો ૭ થી ૧૪ વર્ષના છે. તેમાં ૧૧૦ (૮૩.૩૩) બાળકો ક્ષેત્રકાર્ય દરમ્યાન અભ્યાસ કરે છે. ૫ (૩.૭૯) બાળકોએ ૭ ધોરણ પહેલાં શાળા છોડી છે. ૧૭ (૧૨.૮૯) બાળકો અભણ છે. વિજયનગર તાલુકા કરતાં ઉચ્છલ તાલુકાના કાથોડીના ૭ થી ૧૪ વર્ષના બાળકો શાળામાં વધુ પ્રમાણમાં જાય છે.

કોલઘા જાતિના ૩૬૨ સભ્યોમાં ૧૨૪ (૩૪.૨૫) સભ્યો ૭ થી ૧૪ વર્ષની ઉંમરના છે. ૭૯ (૬૩.૭૧) સભ્યો અભ્યાસ કરે છે. ૩૭ (૨૯.૮૪) સભ્યોએ ૭ ધોરણ પાસ કર્યા પહેલા શાળા છોડી છે. ૮ (૬.૪૫) સભ્યો અભણ છે.

જાતિવાર માહિતી ઉપરથી ખ્યાલ આવે છે કે ૭ થી ૧૪ વર્ષની ઉંમરના કોલઘા જાતિના બાળકો કરતાં કાથોડી જાતિના બાળકો વધુ અભ્યાસ કરે છે. આમ છતાં આ ઉંમરના કાથોડીના બાળકો કોલઘા જાતિનાં બાળકો કરતા અભણ વધુ છે. જયારે ૭ ધોરણ પાસ કર્યા પહેલા શાળા છોડવાનું પ્રમાણ કોલઘા

જાતિના બાળકોમાં વધુ છે. કાથોડી જાતિના બાળકો શાળામાં દાખલ થયા પછી અધવચ્ચેથી બહુ ઓછા પ્રમાણમાં શાળા છોડે છે. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે વિજયનગરમાં કાથોડી જાતિના બાળકો માટે અલગ આશ્રમશાળા છે. આ આશ્રમશાળામાં બાળક દાખલ થયા પછી અધવચ્ચેથી આશ્રમ શાળા છોડતું નથી. આ ઉંમરના કાથોડી જાતિના ઉચ્છલ તાલુકાના બાળકો કરતાં વિજયનગર તાલુકાના બાળકો શાળામાં ભણવા ઓછા જાય છે. પરંતુ અભ્યાસ શરૂ કર્યા પછી અધવચ્ચેથી શાળા છોડવાનું પ્રમાણ ઉચ્છલ તાલુકાના બાળકોમાં વધુ છે. આ ઉપરથી સ્પષ્ટ કહી શકાય કે આશ્રમશાળામાં ભણતા બાળકો ૭ ધોરણ પહેલા શાળા ઓછા પ્રમાણમાં છોડે છે.

અનાજ સહાય મળવા લાગ્યા પછી ૭ થી ૧૪ વર્ષના બાળકો શાળામાં અભ્યાસ કરવા જવા લાગ્યા છે. આમ છતાં સરેરાશ આ ઉંમરના ૧૦ ટકા બાળકો અભણ રહે છે. આને ૧૫ ટકા બાળકો પ્રાથમિક ધોરણ સુધીનું શિક્ષણ પૂરું કર્યા પહેલાં શાળા છોડી દે છે.

તાલુકાવાર અને જાતિવાર ૭ થી ૧૪ વર્ષના બાળકોની શૈક્ષણિક સ્થિતિની માહિતી કોઠા નં.૪.૬માં આપવામાં આવી છે.

એક વાલીના કેટલા બાળકો અભ્યાસ કરે છે

એક કુટુંબના એક કુમાર અને એક કન્યા બાળકને અનાજ સહાયનો એકી સાથે લાભ આપી શકાય છે. એક સાથે બે કુમાર કે બે કન્યાને અનાજ સહાયનો લાભ મળી શકતો નથી. અભ્યાસના કુટુંબમાં કેટલા વાલીનાં કેટલા બાળકો શાળામાં ભણે છે તે માહિતી તપાસવી જરૂરી છે.

કુલ ૧૫૦ વાલીમાંથી ૧૩૩ વાલીના બાળકો શાળામાં અભ્યાસ કરે છે. ૧૩૩ વાલીનાં બાળકો અભ્યાસ કરે છે તેમાં ૬૭ (૫૦.૩૮) વાલીનાં તો ફક્ત એક બાળક શાળામાં અભ્યાસ કરે છે. તેમાં કોલઘા જાતિના વાલીનું પ્રમાણ વધુ છે. ૪૮ (૩૬.૦૯) વાલીના બે બાળકો શાળામાં અભ્યાસ કરે છે. ૧૭ (૧૨.૭૮) વાલીઓના ત્રણ બાળકો શાળામાં અભ્યાસ કરે છે. ૧ (૦.૭૫) વાલીના પાંચ બાળકો શાળામાં અભ્યાસ કરે છે. એક વાલીના એકથી વધુ બાળકો શાળામાં અભ્યાસ કરતા હોય તેમાં કાથોડી જાતિના વાલીની સંખ્યા કોલઘા જાતિના વાલી કરતા વધારે છે.

આગળ આપણે એક વાલીના કેટલા બાળકો અભ્યાસ કરે છે તેની માહિતી જોયા બાદ આ વાલીના કુમાર બાળકો અને કન્યા બાળકોને અનાજ સહાય કેટલાને નથી મળતી છતાં અભ્યાસ કરે છે તેની

વિગત જોઈએ તો ૬૭ વાલીના એકજ બાળક અભ્યાસ કરે છે. તેમાં ૩૭ વાલીના કુમાર બાળકો અને ૩૦ વાલીના કન્યા બાળક અભ્યાસ કરે છે. એક વાલીની કન્યા માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે. એટલે અનાજ સહાય તેને મળતી નથી. કોલઘા અને કાથોડી બન્ને જાતિમાં એક બાળક અભ્યાસ કરે છે તેમાં કુમાર બાળકોની સંખ્યા વધારે છે.

૪૮ વાલીનાં બે બાળકો શાળામાં ભણે છે. તેમાં અનાજ સહાય મળવાપાત્ર બાળકોમાં ૪૧ કુમાર અને ૪૦ કન્યાઓ છે. અનાજ સહાય ન મળવા છતાં ૧ થી ૭ ધોરણમાં ૬ કુમાર અને ૫ કન્યાઓ ભણે છે. ૨ કુમાર અને ૨ કન્યાઓ માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરે છે. તેથી તેમને અનાજ સહાયનો લાભ મળતો નથી. એક વાલીના બે બાળકો અભ્યાસ કરતા હોય તેમાં પણ કુમારોની સંખ્યા કન્યા કરતાં વધુ છે. આમ અભ્યાસ હેઠળની બન્ને જાતિમાં બને છે.

૧૭ વાલીના ત્રણ બાળકો અભ્યાસ કરે છે. તેમાં અનાજ સહાય મળવાપાત્ર ભણતા બાળકોમાં ૧૭ કુમાર અને ૧૪ કન્યા છે. અનાજ સહાય ન મળવા છતાં ૧૩ કુમાર અને ૪ કન્યા ભણે છે. ૨ કુમાર અને ૧ કન્યા માધ્યમિક ધોરણમાં અભ્યાસ કરે છે. એક વાલીના ત્રણ બાળકો અભ્યાસ કરતા હોય તેમાં એક એક કુમાર અભ્યાસ કરે છે. આમ પણ અભ્યાસ હેઠળની બન્ને જાતિમાં બને છે. એક વાલીના ત્રણ બાળકો અભ્યાસ કરે છે. તેમાં પણ અનાજ સહાય ન મળે તો પણ કુમાર બાળકને ભણાવામાં આવે છે. આમ અભ્યાસની બન્ને જાતિમાં બને છે. ૧ વાલીના પાંચ બાળકો એક સાથે અભ્યાસ કરે છે. તેમાં ૧ કુમાર અને ૧ કન્યા બાળકને અનાજ સહાયનો લાભ મળે છે. ૧ કુમાર અને ૧ કન્યા બાળક ૧ થી ૭માં અભ્યાસ કરે છે અને ૧ કુમાર ૨ બાળક માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરે છે. એટલે કે એક વાલીના પાંચ બાળક ભણતા હોય તેમાં પણ ૨ કુમાર બાળક અને ૧ કન્યા બાળકને અનાજ સહાય ન મળવા છતાં અભ્યાસ કરાવે છે.

ઉપરોક્ત હકીકત ઉપરથી કહી શકાય છે કે અનાજ સહાય ન મળવાપાત્ર બાળકને પણ વાલીઓ ભણાવતા થયા છે. આમ થવા પાછળનાં જે મુખ્ય કારણોમાં વાલીઓ ધીમે ધીમે એમ માનવા લાગ્યા છે કે બાળકોને શિક્ષણ તો આપવું જ જોઈએ. તે ઉપરાંત શાળામાં એક સાથે ગમે તેટલાં બાળક અભ્યાસ કરતાં હોય, તેમાં જે માસે જે બાળકની ૭૦ ટકાથી વધુ હાજરી થાય તેને જ અનાજ અપાય છે. એક જાતિના એક કરતા વધારે બાળકો શાળામાં અભ્યાસ કરતા હોય તો જેની ૭૦ ટકા હાજરી હોય તેને અનાજ મળે છે. દા.ત. એક વાલીના બે કુમાર બાળકો શાળામાં અભ્યાસ કરે છે. ૧ બીજામાં અને ૧ ત્રીજામાં. જુલાઈ

માસમાં આ બન્ને બાળકની ૭૦ ટકાથી વધુ હાજરી થઈ હોય તો એક બાળકને અનાજ મળે, ઓગસ્ટ માસમાં ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતા બાળકના ૭૦ ટકાથી વધુ હાજરી થઈ હોય અને બીજા ધોરણમાં અભ્યાસ કરતા બાળકની ૭૦ ટકાથી ઓછી હાજરી થઈ હોય તો પણ એક બાળકને અનાજ મળશે. સપ્ટેમ્બર માસમાં બીજા ધોરણમાં ભણતા બાળકની ૭૦ ટકાથી વધુ હાજરી થઈ હોય અને ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતા બાળકની ૭૦ ટકાથી ઓછી હાજરી થઈ હોય તો પણ એક બાળકને અનાજ મળશે જ. આ રીતે નિયમ પ્રમાણે ઓછામાં ઓછા એક બાળકનું અનાજ લેવા માટે પણ વાલીઓ પોતાના એક કરતાં વધારે બાળકોને ભણવા મોકલે છે. આમ છતાં એક કરતાં વધારે બાળકો ભણાવનાર વાલીની સંખ્યા ઘણી ઓછી છે. તેમાં પણ કોલઘા જાતિમાં તો એક વાલીના એક કરતાં વધુ બાળકો ખૂબજ ઓછા પ્રમાણમાં ભણે છે. એક વાલીના ત્રણ કે તેથી વધુ બાળક તો ખૂબજ ઓછા પ્રમાણમાં ભણે છે. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે શાળામાં અભ્યાસ કરતા બાળકની થોડી મોટી ઉંમર થાય કે તુરત જ તેને મજૂરી કામ માટે લગાડી દેવામાં આવે છે. અભ્યાસમાં પસંદ કરેલ બે જાતિમાં એક વાલીના કેટલા બાળકો અભ્યાસ કરે છે તેની માહિતી કોઠા નં.૪.૭માં આપવામાં આવી છે.

કોઠા નં.૪.૨

કુટુંબના સભ્યોની શૈક્ષણિક સ્થિતિ દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	કુલ સભ્ય સંખ્યા		અભણ		ભણેલા પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળામાં ન જતા કુટુંબના સભ્યો		અભ્યાસ કરતા કુટુંબનાં સભ્યો	
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૯૭	૧૦૪	૬૨	૭૬	૭	૩	૨૮	૨૫
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૧૦૦	૧૦૩	૫૧	૬૯	૮	૨	૪૧	૩૨
	કુલ		૭૫	૧૯૭	૨૦૭	૧૧૩	૧૪૫	૧૫	૫	૬૯	૫૭
૩.	મહુવા	કોલઘા	૭૫	૧૮૯	૧૭૩	૧૦૧	૧૧૨	૩૬	૨૦	૫૨	૪૧
	કુલ		૧૫૦	૩૮૬	૩૮૦	૨૧૪	૨૫૭	૫૧	૨૫	૧૨૧	૯૮
				૧૦૦.૦	૧૦૦.૦	૫૫.૪૪	૬૭.૬૩	૧૩.૨૧	૬.૫૮	૩૧.૩૫	૨૫.૭૯
				૭૬૬		૪૭૧		૭૬		૨૧૯	
				૧૦૦.૦		૬૧.૪૯		૯.૯૨		૨૮.૫૯	

કોઠા નં.૪.૩

કુટુંબના અભ્યાસ ન કરતા સભ્યોની વિગત દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	અભણ		ધોરણ-૧		ધોરણ-૨		ધોરણ-૩		ધોરણ-૪	
				પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૬૨	૭૬	૧	-	૧	૧	૪	૨	૧	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૫૧	૬૯	-	-	૨	૨	૧	-	૨	-
	કુલ		૭૫	૧૧૩	૧૪૫	૧	-	૩	૩	૫	૨	૩	-
				૮૮.૨૮	૯૬.૬૭	૦.૭૮		૨.૩૪	૨.૦૦૩	.૯૧	૧.૩૩	૨.૩૪	-
૩.	મહુવા	કોલઘા	૭૫	૧૦૧	૧૧૨	૫	૨	૯	૭	૧૦	૩	૮	૨
				૭૩.૭૨	૮૪.૮૫	૩.૬૫	૧.૫૨	૬.૫૭	૫.૩૦	૭.૩૦	૨.૨૩	૫.૮૪	૧.૫૨
	કુલ		૧૫૦	૨૧૪	૨૫૭	૬	૨	૧૨	૧૦	૧૫	૫	૧૧	૨
				૮૦.૭૫	૯૧.૧૩	૨.૨૬	૦.૭૧	૪.૫૩	૩.૫૫૫	.૬૬	૧.૭૭	૪.૧૫૦	.૭૧

કોઠા નં.૪.૩ (ચાલુ)

કુટુંબના અભ્યાસ ન કરતા સભ્યોની વિગત દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	ધોરણ-૫		ધોરણ-૬		ધોરણ-૭		માધ્યમિક		કુલ		કુલ
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	-	-	-	-	-	-	-	-	૬૯	૭૯	૧૪૮
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૨	-	-	-	૧	-	-	-	૫૯	૭૧	૧૩૦
	કુલ		૭૫	૨	-	-	-	૧	-	-	-	૧૨૮	૧૫૦	૨૭૮
				૧.૫૭	-	-	-	૦.૭૮	-	-	-	૧૦૦.૦	૧૦૦.૦	
૩.	મહુવા	કોલઘા	૭૫	૨	૩	૧	૨	૧	-	-	૧	૧૩૭	૧૩૨	૨૬૯
				૧.૪૬	૨.૨૭	૦.૭૩	૧.૫૨	૦.૭૩			૦.૭૫	૧૦૦.૦	૧૦૦.૦	
કુલ			૧૫૦	૪	૩	૧	૨	૨	-	-	૧	૨૬૫	૨૮૨	૫૪૭
				૧.૫૧	૧.૦૬	૦.૩૮	૦.૭૧	૦.૭૬			૦.૩૬	૧૦૦.૦	૧૦૦.૦	

કોઠા નં.૪.૪

અનાજ સહાય મળતી હોવા છતાં શાળાએ ગયા જ ન હોય અથવા તો શાળા છોડી હોય તેવા સભ્યોની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	અભણ		ધોરણ-૧		ધોરણ-૨		ધોરણ-૩		ધોરણ-૪	
				પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૩	૬	-	-	-	૧	૧	૨	૧	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૫	૧૧	-	-	૧	૨	૧	-	-	-
	કુલ		૭૫	૮	૧૭	-	-	૧	૩	૨	૨	૧	-
૩.	મહુવા	કોલધા	૭૫	૪	૬	૩	૨	૭	૭	૮	૩	૬	૨
				૧૨.૯૦	૨૪.૦૦	૯.૬૮	૮.૦૦	૨૨.૫૮	૨૮.૦૦	૨૫.૮૦	૧૨.૦૦	૧૯.૩૫	૮.૦૦
	કુલ		૧૫૦	૧૨	૨૩	૩	૨	૮	૧૦	૧૦	૫	૭	૨
				૨૬.૦૯	૪૮.૯૪	૬.૫૨	૪.૨૫	૧૭.૩૯	૨૧.૨૮	૨૧.૭૪	૧૦.૬૪	૧૫.૨૨	૪.૨૫

કોઠા નં.૪.૪ (ચાલુ)

અનાજ સહાય મળતી હોવા છતાં શાળાએ ગયા જ ન હોય અથવા તો શાળા છોડી હોય તેવા સભ્યોની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	ધોરણ-૫		ધોરણ-૬		ધોરણ-૭		માધ્યમિક		કુલ		કુલ
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	-	-	-	-	-	-	-	-	૫	૯	૧૪
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૨	-	-	-	૧	-	-	-	૧૦	૧૩	૨૩
	કુલ		૭૫	૨	-	-	-	૧	-	-	-	૧૫	૨૨	૩૭
												૧૦૦.૦	૧૦૦.૦	
૩.	મહુવા	કોલઘા	૭૫	૧	૪	૧	૧	૧	-	-	-	૩૧	૨૫	૫૬
				૩.૨૩	૧૬.૦૦	૩.૨૩	૪.૦૦	૩.૨૩				૧૦૦.૦	૧૦૦.૦	
કુલ			૧૫૦	૩	૪	૧	૧	૨	-	-	-	૪૬	૪૭	૯૩
				૬.૫૨	૮.૫૧	૨.૧૭	૨.૧૩	૪.૩૫				૧૦૦.૦	૧૦૦.૦	

કોઠા નં.૪.૫

ધોરણવાર અભ્યાસ કરતા બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	અભણ		ધોરણ-૧		ધોરણ-૨		ધોરણ-૩		ધોરણ-૪	
				પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી	પુરુષ	સ્ત્રી
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૫	૯	૪	૬	૯	૫	૩	૨	૩	૨
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૯	૪	૫	૯	૩	૨	૫	૩	૬	૫
	કુલ		૭૫	૧૪	૧૩	૯	૧૫	૧૨	૭	૮	૫	૯	૭
૩.	મહુવા	કોલઘા	૭૫	૧૩	૧૨	૧૧	૯	૮	૯	૫	૪	૬	૨
				૨૫.૦૦	૨૯.૨૭	૨૧.૧૫	૨૧.૧૫	૧૫.૩૮	૨૫.૯૫	૯.૬૨	૯.૭૬	૧૧.૫૫	૪.૮૮
	કુલ		૧૫૦	૨૭	૨૫	૨૦	૨૪	૨૦	૧૬	૧૩	૯	૧૫	૯
				૨૨.૩૧	૨૫.૫૨	૧૬.૫૩	૨૪.૪૯	૧૬.૫૩	૧૬.૩૩	૧૦.૭૪	૯.૧૮	૧૨.૪૦	૯.૧૮

કોઠા નં.૪.૫ (ચાલુ)

ધોરણવાર અભ્યાસ કરતા બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	ધોરણ-૬		ધોરણ-૭		ધોરણ-૮		ધોરણ-૯		કુલ		કુલ
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧	૧	-	-	-	-	-	-	૨૮	૨૫	૫૩
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૩	૨	૬	૪	૩	૨	૧	૧	૪૧	૩૨	૭૩
	કુલ		૭૫	૬	૩	૭	૪	૩	૨	૧	૧	૬૯	૫૭	૧૨૬
				૮.૭૧	૫.૨૬	૧૦.૧૪	૭.૦૨	૪.૩૫	૩.૫૧	૧.૪૫	૧.૭૫	૧૦૦.૦	૧૦૦.૦	
૩.	મહુવા	કોલઘા	૭૫	૪	૧	૪	૩	૧	૧	-	-	૫૨	૪૧	૯૩
				૭.૬૯	૨.૪૪	૭.૬૯	૭.૩૧	૧.૯૨	૨.૪૪	-	-	૧૦૦.૦	૧૦૦.૦	
કુલ			૧૫૦	૧૦	૪	૧૧	૭	૪	૩	૧	૧	૧૨૧	૯૮	૨૧૯
				૮.૨૬	૪.૦૮	૯.૦૯	૭.૧૪	૩.૩૧	૩.૦૬	૦.૮૩	૧.૦૨	૧૦૦.૦	૧૦૦.૦	

કોઠા નં.૪.૬

૦ થી ૧૪ વર્ષના બાળકોની શૈક્ષણિક સ્થિતિ

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	૭ થી ૧૪ વર્ષના બાળકોની કુલ સંખ્યા		૭ થી ૧૪ વર્ષના અભ્યાસ કરતા બાળકોની સંખ્યા		૭ થી ૧૪ વર્ષના કેટલા બાળકોએ અધવચ્ચેથી શાળા છોડી તેની માહિતી		૭ થી ૧૪ વર્ષના અભણ બાળકોની સંખ્યા	
				પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૨૮	૩૦	૨૪	૨૫	૨	૨	૨	૩
				૧૦૦.૦	૧૦૦.૦	૮૫.૭૨	૮૩.૩૩	૭.૧૪	૬.૬૭	૭.૧૪	૧૦.૦
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૩૮	૩૬	૩૪	૨૭	-	૧	૪	૮
				૧૦૦.૦	૧૦૦.૦	૮૯.૪૭	૭૫.૦૦	-	૨.૭૮	૧૦.૫૩	૨૨.૨૨
	કુલ		૭૫	૬૬	૬૬	૫૮	૫૨	૨	૩	૬	૧૧
				૧૦૦.૦	૧૦૦.૦	૮૭.૮૮	૭૮.૭૯	૩.૦૩	૪.૫૫	૯.૦૯	૧૬.૬૬
૩.	મહુવા	કોલઘા	૭૫	૭૦	૫૪	૪૫	૩૪	૨૧	૧૬	૪	૪
				૧૦૦.૦	૧૦૦.૦	૬૪.૨૯	૬૨.૯૬	૩૦.૦૦	૨૯.૬૩	૫.૭૧	૭.૪૧
	કુલ		૧૫૦	૧૩૬	૧૨૦	૧૦૩	૮૬	૨૩	૧૯	૧૦	૧૫
				૧૦૦.૦	૧૦૦.૦	૭૫.૭૪	૭૧.૬૭	૧૬.૯૧	૧૫.૮૩	૭.૩૫	૧૨.૫૦

કોઠા નં.૪.૭

એક અને એકથી વધારે બાળકો ભણાવતા વાલીઓના અનાજ સહાય મળવાપાત્ર અને અનાજ સહાય નહીં મળવાપાત્ર બાળકોની સંખ્યા દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	વાલીની સંખ્યા	કાથોડી						વાલીની સંખ્યા	કોલઘા					
			અનાજ સહાય મળવાપાત્ર ભણતા બાળકોની સંખ્યા		અનાજ સહાય ન મળવા છતાં ધો.૧ થી ૭માં અભ્યાસ કરતા બાળકો		માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો			અનાજ સહાય મળવાપાત્ર ભણતા બાળકોની સંખ્યા		અનાજ સહાય ન મળવા છતાં ધો.૧ થી ૭માં અભ્યાસ કરતા બાળકો		માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો	
			પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી		પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	સ્ત્રી
૧.	એક બાળક	૩૨ ૪૪.૪૪	૧૮	૧૩	-	-	-	૧	૩૫ ૫૭.૩૮	૧૯	૧૬	-	-	-	-
૨.	બે બાળક	૨૮ ૩૮.૮૯	૨૪	૨૨	૫	૩	૧	૧	૨૦ ૩૨.૭૯	૧૭	૧૮	૧	૨	૧	૧
૩.	ત્રણ બાળક	૧૧ ૧૫.૨૮	૧૧	૧૧	૫	૩	૨	૧	૬ ૯.૮૩	૬	૩	૮	૧	-	-
૪.	ચાર બાળક	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-	-
૫.	પાંચ બાળક	૧ ૧.૩૯	૧	૧	૧	૧	૧	-	-	-	-	-	-	-	-
	કુલ	૭૨ ૧૦૦.૦	૫૪	૪૭	૧૧	૭	૪	૩	૬૧ ૧૦૦.૦	૪૨	૩૭	૯	૩	૧	૧

ભણતા બાળકોને કઈ સહાય મળે છે

શાળામાં ભણતા બાળકોને અનાજ સહાય ઉપરાંત અન્ય કંઈ સહાય કેટલા બાળકોને મળી છે તેની માહિતી જોઈએ તો કુલ ૨૧૯ બાળકો ક્ષેત્રકાર્ય દરમ્યાન શાળામાં અભ્યાસ કરે છે. તેમાં ૧૪૯ (૬૮.૦૪) બાળકોને અનાજ સહાય યોજનાનો લાભ મળ્યો છે. જે બાળકોને અનાજ સહાયનો લાભ નથી મળ્યો તેમાં ૭ બાળકનો માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરે છે. તેમને અનાજ સહાયનો લાભ નથી મળતો એક વાલીના એક જાતિના એક કરતા વધુ બાળકો એક સાથે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોય તેવા બાળકને પણ અનાજ સહાયનો લાભ ન મળે, તે ઉપરાંત જે બાળકની ૭૦ ટકાથી વધુ હાજરી ન હોય તેને પણ અનાજ સહાયનો લાભ મળે નહી. આ ત્રણ પરિબળોને લઈને ૭૦ બાળકોને અનાજ સહાયનો લાભ નથી મળ્યો. ૧૧૪ (૫૨.૦૫) બાળકને મધ્યાહન ભોજનનો લાભ મળ્યો છે. અભ્યાસના વિજયનગર તાલુકાના કાથોડી બાળકો આશ્રમ શાળામાં અભ્યાસ કરે છે. તેથી આ બાળકોને મધ્યાહન ભોજન યોજનાનો લાભ મળે નહીં. ૨૧૯ બાળકો શાળામાં અભ્યાસ કરે છે. તેમાં ૭૩ (૩૩.૩૩) બાળકો વિજયનગર તાલુકાના છે. ૧૬૮ (૭૬.૭૧) બાળકોને ગણવેશ અને ૧૯૨ (૮૭.૬૭) બાળકોને પુસ્તકોનો લાભ મળ્યો છે. ૩ (૧.૩૭) બાળકને શિષ્યવૃત્તિનો લાભ મળ્યો છે. આ લાભ માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરતા બાળકને જ મળ્યો છે.

આદિમજૂથના બાળકોને અનાજ સહાય સાથોસાથ અન્ય સહાય પણ મળે છે. તેથી આ જૂથમાં શિક્ષણનું પ્રમાણ ધીમે ધીમે વધવા લાગ્યું છે. તાલુકાવાર અને જાતિવાર કેટલા બાળકોને કઈ સહાય મળી છે. તેની માહિતી કોઠા નં.૪.૮માં આપવામાં આવી છે.

ખાધાખોરાકી, કપડા અને શિક્ષણના ખર્ચ અંગે વાલી ઉત્તરદાતાનો અભિપ્રાય

આદિમજૂથના બાળકોમાં શિક્ષણ વધે તે માટે સરકારે જુદી જુદી શૈક્ષણિક સવલતો આપી છે. આ સવલતોનો લાભ કેટલા બાળકોને મળ્યો છે તેની વિગત તપાસ્યા બાદ સવલત મળવાથી કુટુંબના ખાધાખોરાક, કપડાં અને શિક્ષણના ખર્ચમાં હું ફેરફાર થાય છે તે જાણવાના પ્રયાસ કર્યા છે. ગરીબીને કારણે આ જાતિના બાળકો અભ્યાસ ઓછો કરે છે. કારણકે બાળકને થોડું ઘણું કમાવું જરૂરી છે. બાળક કમાવાને બદલે શાળાએ જાય તે માટે સરકાર જુદી જુદી શૈક્ષણિક સવલતો આપે છે. આ સવલતો આપવાથી કુટુંબના ખર્ચમાં કેવા પ્રકારનો તફાવત પડે છે. તે જાણવું જરૂરી છે. જો ખર્ચમાં કોઈ ફેરફાર ન થતો હોય અને ખર્ચ વધારે થતો હોય તો વાલી બાળકને આગળ ભણાવવા તૈયાર નહીં થાય. કુટુંબનું ભરણપોષણ કરવા મજૂરી

કામમાં લગાડી દેશે. કુટુંબનો ખર્ચ ઓછો થતો હોય તો વાલીઓ પોતાના બાળકને ભણાવશે કારણ કે કુટુંબ માટે બાળકને જેટલું કમાવાનું જરૂરી છે તેટલું સરકારી સહાયમાંથી મળી રહે છે. આથી ઉત્તરદાતા વાલી પાસે એ જાણવાનો પ્રયાસ કર્યો છે કે અનાજ સહાય મળવાથી ખાધાખોરાકી, કપડા અને શિક્ષણના ખર્ચમાં શું ફેરફાર થયો છે. અહીં આ ત્રણ ક્ષેત્રોની એટલા માટે માહિતી જાણવાનો પ્રયાસ કર્યો છે કે આ ત્રણે બાબત અનાજ સહાય સાથે સંકળાયેલી છે. શાળામાં નિયમિત જાય તો અનાજ સહાયમાં અનાજ મળે, તે ઉપરાંત મધ્યાહન ભોજનો લાભ પણ બાળકને મળે તેથી ખાધાખોરાકીના ખર્ચમાં શું ફેરફાર થયો છે તે જાણવું જરૂરી છે. શાળામાં ભણતાં બાળકોને ગણવેશ આપવામાં આવે છે તેથી કપડાનો ખર્ચ પણ વાલીને ઓછો લાગે છે. આ બે ક્ષેત્રોનો ખર્ચ ઓછો લાગે પણ જો શિક્ષણ લેવા પાછળ એટલે કે પુસ્તક, નોટબુક, અન્ય ખર્ચ વધારે થાય તો વાલી બાળકોને અભ્યાસ નહીં કરાવે. આમ આ ત્રણ ક્ષેત્ર એક યા બીજી રીતે અનાજ સહાય સાથે સંકળાયેલા છે.

નોંધ : અહીં જે તે ક્ષેત્રોના ખર્ચની વિગત તપાસી છે તેમાં રોકડ ખર્ચને ધ્યાનમાં લેવામાં આવ્યું છે. એટલે કે પૈસા દઈને જે તે વસ્તુ લાવવામાં તફાવત પડ્યો છે કે નહીં. આ બાબતને ખ્યાલમાં રાખી જે તે ક્ષેત્રોના ખર્ચની વિગત તપાસી છે.

૧૩૪ (૮૯.૩૩) વાલીનું મંતવ્ય છે કે અનાજ સહાય મળવાથી ખાધાખોરાકીનો ખર્ચ ઓછો થાય છે. આમ માનનાર કાથોડી જાતિના વાલીઓ વધારે છે. ૧૬ (૧૦.૬૭) વાલીનું મંતવ્ય છે કે આ અંગેના ખર્ચમાં કોઈ તફાવત પડ્યો નથી. આમ માનનાર કોલઘા જાતિના વાલીઓ વધારે છે. ૯૬ (૬૪.૦૦) વાલીઓનું મંતવ્ય છે કે કપડાં અંગેનો ખર્ચ ઓછો થયો છે. આમ માનનાર કાથોડી જાતિના વાલીઓ વધારે છે. કપડાના ખર્ચમાં કોઈ ફેરફાર નથી થયો તેમ ૫૩ (૩૫.૩૩) વાલી માને છે. આમ માનનાર કોલઘા જાતિના વાલીઓ વધારે છે. કપડાં અંગેનો ખર્ચ વધુ થયો છે તેવું મંતવ્ય દર્શાવનાર એક કાથોડી જાતિનો વાલી છે.

શિક્ષણના ખર્ચમાં ફેરફાર થયો નથી તેમ ૭૧ (૪૭.૩૩) વાલીએ જણાવ્યું આમ માનનાર કોલઘા જાતિના વાલીઓ વધારે છે. શિક્ષણનો ખર્ચ ઓછો થયો છે તેમ ૭૦ (૪૬.૬૭) વાલીઓ માને છે. આમ માનનાર કાથોડી જાતિના વાલીઓ વધારે છે. શિક્ષણ અંગેનો ખર્ચ વધુ થયો છે તેવું કોલઘા જાતિના ૯ (૬.૦૦) વાલી માને છે.

અભ્યાસના બન્ને આદિમજાતિના વાલીઓ ખાધાખોરાકીનો ખર્ચ ઓછો થાય છે તેમ ચોક્કસ પણે

માને છે. આમ છતાં અમુક વાલીનું મંતવ્ય છે કે આ ખર્ચમાં ફેરફાર થયો નથી. આમ જણાવનાર વાલીના બાળકો શાળામાં નિયમિત હાજરી આપતા ન હોય અથવા તો કુટુંબના સભ્યો વધારે હોય તેથી જે શાળામાંથી અનાજ મળે તેની સીધી અસર દેખાય નહીં. આવા વાલીઓએ જણાવ્યું કે ખાધાખોરાકીના ખર્ચમાં તફાવત પડ્યો નથી. કાથોડી જાતિના બાળકો આશ્રમશાળામાં ભણે તેથી ત્યાં ભાગતા બાળકના વાલીને ખાધાખોરાકીનો ખર્ચ ઓછો આવે છે. આ કારણને લઈને આ જાતિના વાલીઓ વધુ પ્રમાણમાં માને છે કે અનાજ સહાય મળવાથી ખાધાખોરાકીનો ખર્ચ ઓછો થાય છે.

અભ્યાસના બન્ને જાતિઓમાં કપડાના ખર્ચ અંગેના મંતવ્યમાં બહુ મોટો ફેરફાર દેખાય છે. કાથોડી જાતિના વાલીઓનું માનવું છે કે કપડાનો ખર્ચ ઓછો થાય છે. જયારે કોલઘા જાતિના વાલીઓનું માનવું છે કે આ ખર્ચમાં બહુ ફેરફાર થતો નથી. શિક્ષણના ખર્ચના મંતવ્યમાં અભ્યાસની બન્ને જાતિના વાલીમાં વિરોધાભાષ જોવા મળે છે. કાથોડી વાલીનું માનવું છે કે શિક્ષણ પાછળનો ખર્ચ ઓછો થાય છે; જયારે કોલઘા વાલીનું મંતવ્ય છે કે ખર્ચમાં ફેરફાર નથી. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે કોલઘા જાતિમાં ૭ ધોરણ સુધી અભ્યાસ કરતા બાળકો ઓછા છે. જે ભણે છે તેમાં ૧ થી ૪ ધોરણમાં વધારે સંખ્યા છે. આ ધોરણમાં શિક્ષણ અંગેના ખર્ચ કોઈ થાય નહીં તેથી તેમણે અંગેના ખર્ચમાં ફેરફાર નથી તેમ જણાવ્યું છે.

જાતિવાર અને તાલુકાવાર ખાધાખોરાકી, કપડા અને શિક્ષણના ક્ષેત્રોમાં અનાજ સહાય મળવાથી જે તે ખર્ચ અંગેનાં ઉત્તરદાતા વાલીના મંતવ્ય કોઠા નં.૪.૯માં આપવામાં આવ્યા છે.

કોઠા નં. ૪.૮

શાળામાં ભણતા બાળકોને કઈ સહાય મળે છે તેની માહિતી દર્શવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	શાળામાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા	કઈ સહાય મળે છે તેની વિગત				
					અનાજ	મધ્યાહન ભોજન	ગણવેશ	શિલ્પવૃત્તિ	પુસ્તકો
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૫૩ (૪૨.૦૬)	૪૫	૪૮	૪૮	-	૪૫
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૭૩ (૫૭.૯૪)	૫૧	-	૬૫	૧	૭૦
	કુલ		૭૫	૧૨૬ (૫૭.૫૩)	૯૬	૪૮	૧૧૩	૧	૧૧૫
				૧૦૦.૦૦	૪૬.૧૯	૩૮.૧૦	૮૯.૬૮	૦.૯૪	૯૧.૨૭
૩.	મહુવા	કોલઘા	૭૫	૯૩	૫૩	૬૬	૫૫	૨	૭૭
				૪૨.૪૭	૫૬.૯૯	૭૦.૯૭	૫૯.૧૪	૨.૧૫	૮૨.૮૦
	કુલ		૧૫૦	૨૧૯	૧૪૯	૧૧૪	૧૬૮	૩	૧૯૨
				૧૦૦.૦૦	૬૮.૦૪	૫૨.૦૫	૭૬.૭૫	૧.૩૭	૮૭.૬૭

કોઠા નં.૪.૯

અનાજ સહાય મળવાથી ખાધાખોરાકી, કપડાં અને શિક્ષણના ખર્ચ ઉપર શું અસર પડી છે તે અંગેનું ઉત્તરદાતા વાલીનું મંતવ્ય

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	ખાધાખોરાકી			કપડાંનો ખર્ચ			શિક્ષણનો ખર્ચ		
				વધુ	ઓછો	ફેરફાર નથી	વધુ	ઓછો	ફેરફાર નથી	વધુ	ઓછો	ફેરફાર નથી
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	-	૩૫	૪	-	૩૩	૬	-	૨૪	૧૫
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	૩૬	-	૧	૩૫	-	-	૨૮	૮
	કુલ		૭૫	-	૭૧	૪	૧	૬૮	૬	-	૫૨	૨૩
			૧૦૦.૦		૯૪.૬૭	૫.૩૩	૧.૩૩	૯૦.૬૭	૮.૦૦		૬૯.૩૩	૩૦.૬૭
૩.	મહુવા	કોલઘા	૭૫	-	૬૩	૧૨	-	૨૮	૪૭	૯	૧૯	૪૮
			૧૦૦.૦		૯૪.૬૭	૫.૩૩	૧.૩૩	૯૦.૬૭	૮.૦૦		૬૯.૩૩	૩૦.૬૭
	કુલ		૧૫૦	-	૧૩૪	૧૬	૧	૯૬	૫૩	૯	૭૦	૭૧
			૧૦૦.૦		૮૯.૩૩	૧૦.૬૭	૦.૬૭	૬૪.૦૦	૩૫.૩૩	૬.૦૦	૪૬.૬૭	૪૭.૩૩

અનાજ સહાય યોજના વિષે ઉત્તરદાતા વાલીના મંતવ્યો

જે યોજના જે લોકો માટે અમલમાં મૂકાઈ છે. તે લોકો આ યોજનાના લાભાલાભ કયા છે તે અંગે શું વિચારે છે અને આ યોજનાના વિષે તેમનાં સૂચનો જાણવા જરૂરી છે. ૧૫૦ વાલીએ જુદાં જુદાં ૧૫ મંતવ્યો આ યોજના વિષે જણાવ્યાં છે. ૧૧૮ વાલીઓએ એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે અનાજ નિયમિત મળવું જોઈએ. આમ જણાવનાર કોલઘા જાતિના વાલી વધુ છે. ૬૪ વાલીઓ એમ માને છે કે અનાજ મળવાથી આર્થિક મુશ્કેલી ઓછી રહે છે. માંદા હોય ત્યારે મજૂરી કરવા ન જઈએ તો પણ ચાલે. આમ કરવા છતાં ભૂખ્યા નથી રહેવું પડતું. આ ઉપરાંત ઘરવપરાશની ચીજવસ્તુ જેવી કે વાસણ, ફાનસ, દીવા, અનાજ ભરવાની કોઠી, કપડાં મૂકવાની પતરાની બેગ વગેરે વસાવી શકાય છે. જયારે વ્યક્તિગત જરૂરિયાત જેવી કે કપડા, ચંપલ વગેરે ખરીદી શકાય છે. અનાજ મળે એટલે બજારમાંથી ખાવા માટેનું અનાજ વેચાતું લાવવું પડતું નથી અને જે મજૂરીના પૈસા બચે તેમાંથી આ દરેક ચીજવસ્તુ ખરીદી શકાય છે. આમ દર્શાવનાર કાથોડી જાતિના વાલીઓ વધુ છે. ૪૯ વાલીઓ માને છે કે અનાજ મળવાથી બાળકો શાળામાં ભણતા થયા છે. આમ જણાવનાર વાલીઓ કાથોડી જાતિના વધારે છે. ૪૭ વાલીનું કહેવું છે કે અનાજ સહાયમાં જે અનાજ મળે છે તે બરોબર નથી. અનાજમાં કાંકરા આવે છે. ઘણીવાર અનાજ સડેલું મળે છે; તેથી અનાજ સારું મળવું જોઈએ.

કાથોડી જાતિના વાલીઓએ અનાજ અંગેની ફરિયાદ વધુ કરી છે. તેમાં પણ વિજયનગરના કાથોડી વાલીઓ અનાજની ફરિયાદ ક્ષેત્રકાર્ય દરમ્યાન વધારે પ્રમાણમાં કરી છે. ૪૩ વાલીઓનું મંતવ્ય છે કે અનાજ શાળામાં ભણતા દરેક બાળકને મળવું જોઈએ, એટલે કે હાલના નિયમ મુજબ એક કુટુંબના વધુમાં વધુ બે બાળકને અનાજ મળે છે તેમાં પણ એક કન્યા હોવી ફરજીયાત છે. અનાજ દરેકને મળવું જોઈએ તેમ જણાવનાર વાલીઓમાં કોલઘા જાતિના વાલીઓ વધારે છે. કારણ કે કોલઘા જાતિના વાલીઓએ કુટુંબ નિયોજન માટે ઓપરેશન વધુ પ્રમાણમાં કરાવ્યાં છે. ઓપરેશન કરાવનારમાં ઘણા વાલીને તો ફક્ત બે પુરૂષ બાળક જ હોય. ત્રણ બાળક થયા બાદ ઓપરેશન કરાવનારને પાછળથી એકાદ સંતાન ગુજરી ગયું હોય અને એક જાતિનાં બે બાળકો જ જીવ્યાં હોય, આવા વાલીના ફક્ત એક જ બાળકને અનાજ મળે છે. આવા વાલીઓએ કુટુંબના દરેક ભણતા બાળકોને અનાજ મળવું જોઈએ તેમ જણાવ્યું છે. હાલમાં જે એક બાળક દીઠ અનાજ મળે છે તેના કરતાં વધુ અનાજ મળવું જોઈએ તેમ ૨૯ વાલીએ જણાવ્યું છે. આમ જણાવનાર કાથોડી જાતિના વાલીઓ વધારે છે. ૭૦ ટકા કરતા ઓછી હાજરીવાળા બાળકને પણ અનાજ

આપવું જોઈએ તેમ ૧૫ વાલીએ જણાવ્યું. આમ જણાવનાર કોલઘા જાતિના વાલીઓ વધારે છે. કારણ કે મહુવા તાલુકાના ઘણા વાલીના બાળકોની માસિક હાજરી ૬૦ ટકા થઈ હોય તેથી તેમને જે તે માસનું અનાજ ન મળે, એક બે દિવસની હાજરી વધુ હોય તો બાળકની હાજરી ૭૦ ટકા થાય. વાલીઓને ૭૦ ટકા હાજરી એટલે કેટલા દિવસ બાળકને નિશાળે મોકલવું જોઈએ તેનો ખ્યાલ ઓછો હોય છે. આવા વાલીએ જણાવ્યું છે કે ૭૦ ટકા કરતા ઓછી હાજરીવાળા બાળકોને પણ અનાજ આપવું જોઈએ. ૧૯૮૧ થી ૧૯૮૫ના વર્ષમાં ગુજરાતમાં અનામત આંદોલનના તોફાન થયા. આ તોફાનની અસર આદિવાસી ગામડા સુધી પણ પહોંચી છે. તેમાં આદિમજૂથના વાલીઓ પણ બાકાત નથી. અનાજ સહાય અંગે જુદા જુદા પ્રશ્નો પૂછતાં વાલીઓને એવી શંકા થયેલ કે સરકાર હવે આ યોજના બંધ કરવાનું વિચારે છે. આ ભીતિથી ૧૪ વાલીએ જણાવ્યું કે આ યોજના તો ચાલુ રહેવી જોઈએ. આમ જણાવનાર વાલીમાં કોલઘા જાતિના વાલીની સંખ્યા વધારે છે. કારણ કે અભ્યાસની કોલઘા જાતિના લોકો સાથે બિન આદિવાસીની વસ્તી પણ વસે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણા વાલીએ જણાવ્યું કે સરકાર અમને જે સહાય આપે છે તેની ટીકા બિન આદિવાસી લોકો વધુ કરે છે. આવી યોજનામાં સરકાર ખોટા પૈસા ખર્ચે છે તેમ બિન આદિવાસી લોકો માને છે. તોફાનના પડઘા ગામડામાં પણ પડ્યા છે. તે આ બાબત ઉપરથી સ્પષ્ટ થાય છે. અનાજ સહાય યોજનાના નિયમની ઘણા વાલીને ખબર નથી. ઘણાં વાલીને તો પોતાના બાળકને માસિક કેટલા રૂપિયાનું અનાજ મળે છે. તેનો પણ ખ્યાલ નથી. જયારે જયારે ગામની શાળાના મુખ્ય શિક્ષક કાગળ ઉપર સહી કરવાનું કે અંગૂઠાનું નિશાન કરાવી જે અનાજ આપે તે લઈ લે છે. ૧૧ વાલીએ જણાવ્યું કે એક બાળક દીઠ કેટલું અનાજ મળે છે. તેની પૂરેપૂરી જાણકારી અમને મળી રહે તેવાં પગલાં લેવાં જોઈએ. આમ માનનાર ઉચ્છલ તાલુકાના કાથોડી વાલીઓ વધારે છે. આમ સૂચવવા પાછળનું મુખ્ય કારણ એ છે કે ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણા વાલી અને શિક્ષકે જણાવ્યું કે જયારે અનાજ આપવાનું હોય ત્યારે જે તે શાળાના વિદ્યાર્થીના નામ સામે વિદ્યાર્થીના વાલીની સહી કે અંગૂઠાનું નિશાનવાળું પત્રક તાલુકાની ઓફીસમાં મંગાવી લે છે અને ત્યાંજ બાળકને કેટલું અનાજ કયું આપવાનું છે તેની વિગત ભરવામાં આવે છે. ઘણીવાર તો શિક્ષકોને પણ બરોબર ખ્યાલ નથી હોતો કે કયા બાળકને કેટલા માસનું અનાજ મળ્યું તેથી શિક્ષક, વાલીને સંતોષકારક જવાબ આપી શકતો નથી. આથી અમુક વાલીઓએ અનાજ સહાયની વિગતો જાણવાની ઈચ્છા દર્શાવી છે.

અમુક તાલુકામાં અનાજ જુદા જુદા પ્રકારનું એક સાથે આપ્યું છે. તેમાં ચોખા, ઘઉં, જુવાર પણ એક સાથે આપ્યા છે. ઉચ્છલ તાલુકામાં આવું વધુ પ્રમાણમાં બને છે. તેથી આ તાલુકાના ૪ વાલીઓએ

એકજ પ્રકારનું અનાજ મળે તો વધુ સારું તેવી ઈચ્છા દર્શાવી છે. ૨ કોલઘા જાતિના વાલીનું કહેવું છે કે અનાજ સહાય મળવાથી દેવું ભરપાઈ કરવામાં મદદરૂપ થાય છે. આગળ અભ્યાસ માટે છાત્રાલયની સવલત વધારે પ્રમાણમાં મળે તેવી વ્યવસ્થા હોવી જોઈએ તેમ ૨ વાલીઓ માને છે. આમ કોલઘા અને કાથોડી જાતિના એક એક વાલી છે. અનાજ સહાય મળવાથી રોકડ પૈસા બચે અને આ પૈસામાંથી પશુ પણ લીધાનું ૧ કોલઘા જાતિના વાલીએ જણાવ્યું છે. બાળક શાળામાં નિયમિત હાજરી આપે તો વર્ષના અંતે પ્રોત્સાહન માટે વધુ અનાજ આપવું જોઈએ તેમ ૧ કોલઘા જાતિના વાલીએ જણાવ્યું છે. આમ જણાવ્યા પાછળનો વાલીનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે એક જાતિના એક કરતાં વધારે બાળકો શાળામાં અભ્યાસ કરતા હોય અને તે દરેકની ૭૦ ટકાથી વધુ હાજરી હોય તો એકજ બાળકને અનાજ મળે તેથી અન્ય બાળકને દુઃખ થાય. આમ ન થાય તે માટે અભ્યાસ કરતા દરેક બાળકને અનાજ સહાય મળવી જોઈએ તેમ વાલીએ જણાવ્યું છે. પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને શિષ્યવૃત્તિ શાળામાં ભણતા દરેક બાળકને આપવામાં આવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું કે છેલ્લા વર્ષથી આદિમજૂથના બાળકોને જે શિષ્યવૃત્તિ અપાતી હતી તે પણ બંધ થઈ છે. એક યોજનાનો લાભ બેવાર ન આપી શકાય તે નિયમને લઈને શિષ્યવૃત્તિ આપવામાં આવતી નથી. શિષ્યવૃત્તિના નિયમ પ્રમાણે સારા ગુણાંક પાસ કરે તે વિદ્યાર્થીને વધુ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આવું અનાજ સહાયમાં નથી. આમ નિયમનું અર્થઘટન અલગ અલગ કરવામાં આવે છે. જેની અસર વાલી ઉપર થાય છે. તેથી તેમણે બાળક શાળામાં નિયમિત હાજરી આપે તો વર્ષના અંતે પ્રોત્સાહન માટે વધુ અનાજ આપવું જોઈએ; તેવું સુચન કર્યું છે.

માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરતા બાળકોને પણ અનાજ સહાય મળવી જોઈએ તેમ કાથોડી જાતિના વાલી માને છે.

અનાજ સહાય યોજના વિષે ઉત્તરદાતા વાલીના જુદા જુદા અભિપ્રાય જાણ્યા. આ ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે અનાજ સહાય યોજના આદિમજૂથના લોકોના દરેક પાસા ઉપર અસર થઈ છે. આદિમજૂથના લોકોમાં શિક્ષણની જાગૃતિ પણ વધવા લાગી છે. સાથોસાથ પોતાને જે લાભ આપ્યા છે તેની પુરતી જાણકારી મેળવવાના પ્રયાસો કરે છે અથવા તો તે જાણવાની ઈચ્છા રાખતા થયા છે અને પોતાને જે સવલત મળે છે તે ચાલુ રહેવી જોઈએ તે વિષે પોતાનો મત અન્ય લોકો પાસે પ્રદર્શિત કરતા થયા છે. અનાજ સહાય અંગેનાં વાલીનાં મંતવ્યો ઉપરથી આ બાબત સમજાય છે.

અનાજ સહાય યોજના વિષે તાલુકાવાર અને જાતિવાર ઉત્તરદાતાના મંતવ્યો કોઠા નં.૪.૧૦માં મૂકવામાં આવ્યા છે.

કોઠા નં.૪.૧૦

અનાજ સહાય યોજના વિષે ઉત્તરદાતા વાલીનાં મંતવ્યો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	યોજના ચાલુ રહેવી જોઈએ	અનાજ નિયમિત મળવું જોઈએ.	અનાજ સારું મળવું જોઈએ	અનાજ મળવાથી બાળકો શાળામાં ભણતા થયા છે.	શાળામાં ભણતા દરેક બાળકને અનાજ મળવું જોઈએ.	૭૦ ટકાથી ઓછી હાજરીવાળા બાળકને પણ અનાજ મળવું જોઈએ.	અનાજ મળવાથી આર્થિક મુશ્કેલી ઓછી રહે છે. ભૂખ્યા નથી રહેવું પડતું કપડાં વાસણ **ઘરવખરીનાં** સાધન ખરીદી શકાય	પશુ પણ ખરીદી લઈ શકાય છે (મજૂરીના પૈસા બચે તેમાંથી)
૧.	ઉસ્કલ	કાથોડી	૩૯	૫	૩૮	૧૩	૧૬	૯	૪	૧૨	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	૧૮	૧૬	૨૫	૧૨	-	૨૭	-
	કુલ		૭૫ ૧૦૦.૦	૫	૫૬	૨૯	૪૧	૨૧	૪	૩૯	-
૩.	મહુવા	કોલધા	૭૫	૯	૬૨	૧૮	૮	૨૨	૧૧	૨૫	૧
	કુલ		૧૫૦	૧૪ ૯.૩૩	૧૧૮ ૭૮.૬૭	૪૭ ૩૧.૩૩	૪૯ ૩૨.૬૭	૪૩ ૨૮.૬૭	૧૫ ૧૦.૦૦	૬૪ ૪૨.૬૭	૧ ૦.૬૭

કોઠા નં.૪.૧૦ (ચાલુ)

અનાજ સહાય યોજના વિષે ઉત્તરદાતા વાલીના મંતવ્યો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	અનાજ સહાય વધારે મળવી જોઈએ.	દેવું ભરપાઈ કરવામાં મદદરૂપ થાય છે	બાળક શાળામાં નિયમિત હાજરી આપે તો વર્ષના અંતે પ્રોત્સાહન માટે વધુ અનાજ આપવું જોઈએ.	અનાજ એક બાળકદીઠ કેટલું મળે છે તેની જાણકારી આપવી જોઈએ	અનાજ એક પ્રકારનું મળે તો સારું	માધ્યમિક કક્ષામાં ભણતા બાળકોને પણ અનાજ મળવું જોઈએ	આગળ અભ્યાસ માટે છાત્રાલયની વ્યવસ્થા હોવી જોઈએ.
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧૪	-	-	૯	૪	૧	૧
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૮	-	-	૧	-	-	-
	કુલ		૭૫	૨૨	-	-	૧૦	૪	૧	૧
૩.	મહુવા	કોલઘા	૭૫	૭	૨	૧	૧	-	-	૧
	કુલ		૧૫૦	૨૯	૨	૧	૧૧	૪	૧	૨
				૧૯.૩૩	૧.૩૩	૦.૬૭	૭.૩૩	૨.૬૭	૦.૬૭	૧.૩૩

એક બાળકદીઠ અનાજ મળે તે કેટલા દિવસ ચાલે છે

અનાજ સહાય યોજના વિષે ઉત્તરદાતાના મંતવ્યો જાણ્યા બાદ એક બાળક દીઠ માસિક જો અનાજ મળે છે તે પુરતું છે કે નહીં ? અને આ અનાજ કેટલા દિવસ ચાલે છે તેની માહિતી જોઈએ. ૧૫૦ ઉત્તરદાતામાં ૧૪૧ ઉત્તરદાતાઓએ એક બાળકદીઠ જે અનાજ આપવામાં આવે છે તે અપૂરતુ છે તેમ જણાવ્યું. ૮ વાલીએ જે અનાજ મળે છે તે પુરતું છે તેમ જણાવ્યું છે. કાથોડી જાતિના ૭૫ વાલીએ જે અનાજ મળે છે તે અપૂરતું છે તેમ જણાવ્યું છે. એક બાળકદીઠ માસિક જે અનાજ મળે છે તે ૩ થી ૫ દિવસ ૮૨ વાલીને ચાલે છે. આમાં કાથોડી જાતિના વાલીની સંખ્યા વધારે છે. ૫૪ વાલીને ૭ થી ૮ દિવસ અનાજ ચાલે છે. આમ જણાવનાર કોલઘા જાતિના વાલીની સંખ્યા વધારે છે. ૧૪ વાલીને ૮ દિવસથી વધુ અનાજ ચાલે છે. આમ જણાવનાર કોલઘા જાતિના વાલીની સંખ્યા વધારે છે.

ઉપરોક્ત હકીકત ઉપરથી ખ્યાલ આવે છે કે કોલઘા જાતિના વાલીઓને જે અનાજ મળે છે તે વધુ ચાલે છે. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે કોલઘા જાતિમાં કુટુંબનું કદ નાનું છે. તે ઉપરાંત મહુવા તાલુકામાં અનાજ ત્રણ ચાર માસે અપાય છે. તેથી વાલીને બરોબર ખ્યાલ રહે છે કે એક માસે જે અનાજ મળે છે તે કેટલા દિવસ ચાલે છે. આ તાલુકામાં એકજ પ્રકારનું અનાજ ચુકવાય છે. તેથી અનાજનો જથ્થો પણ વધારે આવે છે. આવાં જુદાં જુદાં કારણને લઈને કોલઘા જાતિના ઉત્તરદાતાને માસિક જે અનાજ મળે છે તે વધુ દિવસો ચાલે છે.

કોઠા નં.૪.૧૧

એક બાળકદીઠ માસિક જે અનાજ મળે છે તે કેટલા દિવસ ચાલે છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	હાલમાં એક બાળકદીઠ અનાજ મળે છે તે પુરતું છે		એક બાળકદીઠ અનાજ મળે છે તે કેટલા દિવસ ચાલે છે				
				હા	ના	૧	૨	૩	૪	૫
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	-	૩૯	૭	૧૦	૧૨	૬	૨
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	૩૬	૩	૫	૧૭	૫	૪
	કુલ		૭૫	-	૭૫	૧૦	૧૫	૨૯	૧૧	૬
					૧૦૦.૦	૧૩.૩૩	૨૦.૦૦	૩૮.૬૭	૧૪.૬૭	૮.૦૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૮	૬૭	૨	૫	૨૧	૨૭	૩
				૧૦.૬૭	૮૯.૩૩	૨.૬૭	૬.૬૭	૨૮.૦૦	૩૬.૦૦	૪.૦૦
	કુલ		૧૫૦	૮	૧૪૨	૧૨	૨૦	૫૦	૩૮	૯
				૫.૩૩	૯૪.૬૭	૮.૦૦	૧૩.૩૩	૩૩.૩૩	૨૫.૩૩	૬.૦૦

કોઠા નં.૪.૧૧ (ચાલુ)

એક બાળકદીઠ માસિક જે અનાજ મળે છે તે કેટલા દિવસ ચાલે છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	એક બાળકદીઠ અનાજ મળે છે તે કેટલા દિવસ ચાલે છે								
				૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧	-	૧	-	-	-	-	-	૩૯
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	-	૨	-	-	-	-	-	૩૬
	કુલ		૭૫	૧	-	૩	-	-	-	-	-	૭૫
				૧.૩૩		૪.૦૦						૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૬	-	૪	-	૬	-	-	૧	૭૫
				૮.૦૦		૫.૩૩		૮.૦૦			૧.૩૩	૧૦૦.૦
	કુલ		૧૫૦	૭	-	૭	-	૬	-	-	૧	૧૫૦
				૪.૬૭		૪.૬૭		૪.૦૦			૦.૬૭	

અનાજ કયા પ્રકારનું પસંદ કરે છે

અનાજ સહાય વિષે ઉત્તરદાતાના મંતવ્યો અને જે માસિક અનાજ મળે છે તે કેટલા દિવસ ચાલે છે તેની માહિતી જોયા બાદ વાલી કયા પ્રકારનું અનાજ લેવું વધાર પસંદ કરે છે તેની માહિતી જાણવી જોઈએ, કારણ કે અમુક તાલુકામાં જે તે અધિકારીને યોગ્ય લાગે તે અનાજ આપવામાં આવે છે. ઘણીવાર એક પ્રકારનું એક સાથે અનાજ દરેક તાલુકાને ન મળવાથી પણ જુદું જુદું અનાજ અપાતું હોય છે. પરંતુ જુદા જુદા પ્રકારનું અનાજ લેવાનું ઉત્તરદાતા પસંદ કરતા નથી. ઘણીવાર જે અનાજ મળે છે તેનાથી ઉત્તરદાતાને સંતોષ પણ થતો નથી. દા.ત. ઉચ્છલ તાલુકાના કાથોડી લોકો ઘઉં ખૂબજ ઓછા ખાય છે. આમ છતાં ત્યાં જો ઘઉં આપવામાં આવે તો ઉત્તરદાતાને અનાજ મળ્યાનો સંતોષ થવો જોઈએ તે થતો નથી. તેથી ઉત્તરદાતા પાસે તેઓ કયા પ્રકારનું અનાજ લેવાનું પસંદ કરે છે તે માહીતિ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અનાજની પસંદગીમાં જે તે જાતિનો અને પ્રદેશનો જે ખોરાક છે તેની પસંદગી વધુ પ્રમાણમાં ઉત્તરદાતાએ કરી છે. ૧૫૦ ઉત્તરદાતામાં ૧૧૬ ઉત્તરદાતાએ જુવારની પસંદગી કરી છે. મહુવા તાલુકાના ૭૫ ઉત્તરદાતા, ઉચ્છલ તાલુકાના ૩૯ અને વિજયનગરના ૨ ઉત્તરદાતાએ જુવારની પસંદગી કરી છે. વિજયનગરના ૩૬ વાલીએ મકાઈની પસંદગી કરી છે. મહુવા અને ઉચ્છલ તાલુકાના એક પણ ઉત્તરદાતાએ મકાઈની પસંદગી કરી નથી. ૨૧ ઉત્તરદાતાએ ચોખાની પસંદગી કરી છે. તેમાં મહુવા તાલુકાના ૧૫ અને ઉચ્છલ તાલુકાના ૬ ઉત્તરદાતાએ ચોખાની પસંદગી કરી છે. વિજયનગરના એક પણ ઉત્તરદાતાએ ચોખાની પસંદગી કરી નથી. ઘઉંની ૯ ઉત્તરદાતાએ પસંદગી કરી છે. વિજયનગરની ૭ મહુવા અને ઉચ્છલના એક એક ઉત્તરદાતાએ ઘઉંની પસંદગી કરી છે. કઠોળની ૫ મહુવા તાલુકાના ઉત્તરદાતાએ પસંદગી કરી છે. કાથોડી જાતિના એક પણ ઉત્તરદાતાએ કઠોળની પસંદગી કરી નથી. નાગલીની ૩ ઉત્તરદાતાએ પસંદગી કરી છે. તેમાં ૨ ઉચ્છલના અને ૧ મહુવા તાલુકાના ઉત્તરદાતા છે.

ઉપરોક્ત હકીકત ઉપરથી ખ્યાલ આવે છે કે પ્રદેશવાર અનાજની પસંદગી થઈ છે. અનાજ વહેંચણીના સમયે જે તે પ્રદેશના મુખ્ય ખોરાકને પસંદ કરી વહેંચવાનો ખાસ આગ્રહ રાખવો જોઈએ. તો જ અનાજ મળ્યાનો સંતોષ ઉત્તરદાતાને થાય. તાલુકાવાર અને જાતિવાર અનાજની પસંદગીની માહિતી કોઠા નં.૪.૧૨માં મુકવામાં આવી છે.

કોઠા નં. ૪.૧૨

અનાજ સહાયમાં કયા પ્રકારનું અનાજ વાલી પસંદ કરે છે તેની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	જુવાર	ચોખા	ઘઉં	નાગલી	મકાઈ	કઠોળ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૩૯	૬	૧	૨	-	અ
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૨	-	૭	-	૩૬	-
	કુલ		૭૫	૪૧	૬	૮	૨	૩૬	-
૩.	મહુવા	કોલઘા	૭૫	૭૫	૧૫	૧	૧	-	૫
	કુલ		૧૫૦	૧૧૬	૨૧	૯	૩	૩૬	૫
				૭૭.૩૩	૧૪.૦૦	૬.૦૦	૨.૦૦	૨૪.૦૦	૩.૩૩

અનાજ સહાયની વ્યવસાય ઉપર અસર

આદિમજૂથની જાતિના લોકો પાસે ખેતીની જમીન ઓછી છે. આ જાતિનો મુખ્ય વ્યવસાય મજૂરીનો છે. ગામમાં ખેતીની મજૂરીનું કામ પુરું થાય તે તરત જ આજુબાજુના વિસ્તારમાં રોડકામ, ખોદકામ, બાંધકામ અને ઔદ્યોગિક એકમની મજૂરી કરવા માટે જશે. આ કારણને લઈને પણ આ જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું રહ્યું છે. અનાજ સહાય યોજનાથી કુટુંબના વ્યવસાય ઉપર કંઈ અસર થઈ છે કે નહીં તે જાણવું જરૂરી છે. ૧૫૦ ઉત્તરદાતામાં ૧૧૫ (૭૬.૬૭) ઉત્તરદાતાએ પોતાના કુટુંબના વ્યવસાયમાં અનાજ સહાયની અસર થઈ નથી તેમ જણાવ્યું છે. આ મત સાથે કાથોડી જાતિના કુટુંબો વધારે સહમત છે. આમ બનવા પાછળનું મુખ્ય કારણ એ છે કે વિજયનગરના કાથોડી લોકોને ખ્રિસ્તી પાદરી તરફથી ખેતીની જમીન આપવામાં આવી છે. તેથી તેઓના વ્યવસાયમાં અનાજ સહાયની અસર ન થાય તે સ્વાભાવિક છે. વિજયનગરના એક પણ કાથોડી જાતિના કુટુંબના વ્યવસાય ઉપર અનાજ સહાયની અસર થઈ નથી. ૩૫ (૨૩.૩૩) કુટુંબના વ્યવસાય ઉપર અનાજ સહાયની અસર થઈ છે. તેમાં મહુવા તાલુકાના કોલઘા જાતિના કુટુંબોની સંખ્યા વધારે છે. અનાજ સહાયની વ્યવસાય ઉપર અસર બતાવનાર ૩૫ કુટુંબને કેવા પ્રકારની અસર થઈ છે તે જોઈએ તો, બાળક શાળામાં જાય તેથી મજૂરી કામમાં શાંતિ રહે છે તેમ ૮ કુટુંબે જણાવ્યું. આમ જણાવનાર મહુવા તાલુકાના કોલઘા જાતિના કુટુંબો વધારે છે. આ તાલુકાના કોલઘા જાતિના લોકો ખેતમજૂરી અને વાડીકામની મજૂરી કરે છે. બાળક શાળાએ ગયું હોય તેથી તેમને સાચવવાનો પ્રશ્ન રહેતો નથી. તેથી મજૂરીનું કામ કરવામાં શાંતિ રહે છે. મજૂરી કામ કરવા ગામ બહાર જવું પડતું નથી તેમ ૮ કુટુંબે જણાવ્યું તેમાં ૬ ઉચ્છલ તાલુકાના અને ૨ મહુવા તાલુકાના કુટુંબો છે. બાળક શાળામાં અભ્યાસ કરે તેથી અનાજ મળે અને થોડી ઘણી મજૂરી ગામમાંથી આજુબાજુના ગામમાંથી મેળવી લે છે. કોઈ દિવસ મજૂરી ન મળે અથવા તો સાજા માંદા હોય ત્યારે મજૂરી કરવા ન જાય તો પણ ભૂખ્યા નથી રહેવુ પડતું તેમ ૮ કોલઘા જાતિના કુટુંબે જણાવ્યું છે.

અનાજ સહાય મળવાથી નવો ધંધો કરી શકાય છે તેમ ૬ કોલઘા જાતિના કુટુંબે જણાવ્યું છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન કયો નવો ધંધો કરી શકાય તેની માહિતી જાણવાનો પ્રયાસ કરતાં જાણવા મળ્યું કે પશુપાલન, શાકભાજી વેચવાનો ધંધો મહુવા તાલુકાના કોલઘા જાતિના કુટુંબો કરે છે. બધાયને ખેતમજૂરી ન કરે તો ભાદરવા માસમાં અનાજની તકલીફ પડે છે. અનાજ સહાય મળવાથી અમુક અંશે આ તકલીફ ઓછી થાય છે. તેથી નવો વ્યવસાય કરવાની ઈચ્છા દર્શાવી છે. મજૂરી કરવા માટે આખા કુટુંબને એક સાથે

જવું નથી પડતું તેમ ૪ કાથોડી કુટુંબે જણાવ્યું છે. ભણેલા બાળકો અન્ય સ્થળે નોકરી, ધંધો કે મજૂરી કામ સારી રીતે કરી શકે તેથી કુટુંબની આવક પણ વધે અને કુટુંબનો વ્યવસાય પણ બદલાય તેમ ૧ કોલઘા જાતિના કુટુંબે જણાવ્યું છે.

અનાજ સહાયની કુટુંબના ધંધા ઉપર અમુક અંશે અસર પડેલી દેખાય છે. તેમાં ખાસ કરીને સ્થળાંતર ઓછું કરવું પડે છે અને જે કરે છે તે લોકો આખા કુટુંબ સાથે સ્થળાંતર કરતા નથી. તે ઉપરાંત નવો ધંધો કરવાની પ્રેરણા પણ થઈ છે. જાતિવાર અને તાલુકાવાર અનાજ સહાયની વ્યવસાય ઉપર કેવી અસર પડે છે. તેની માહિતી કોઠા નં.૪.૧૩માં આપવામાં આવી છે.

કોઠા નં.૪.૧૩

અનાજ સહાય મળવાથી વ્યવસાય ઉપર પડતી અસરની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	વ્યવસાય ઉપર અસર પડે છે		'હા' તો કયા પ્રકારની અસર પડે છે						
				હા	ના	મજૂરી કામમાં શાંતિ રહે છે	મજૂરી કરવા ગામ બહાર જવું પડતું નથી	મજૂરી કરવા આખા કુટુંબને બહાર જવું પડતું નથી	નવો ધંધો કરી શકાય છે	કોઈ દિવસ મજુરી ન મળે તો પણ ભૂખ્યા નથી રહવું પડતું	ભણેલા છોકરી છોકરા બહાર મજૂરી સારી રીતે કરી શકે	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૧૧	૨૮	૧	૬	૪	-	-	-	૧૧
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	૩૬	-	-	-	-	-	-	-
	કુલ		૭૫	૧૧	૬૪	૧	૬	૪	-	-	-	૧૧
			૧૦૦.૦	૧૪.૬૭	૮૫.૩૩	૯.૦૯	૫૪.૫૬	૩૬.૩૬				૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૨૪	૫૧	૭	૨	-	૬	૮	૧	૨૪
			૧૦૦.૦	૩૨.૦૦	૬૮.૦૦	૨૯.૧૭	૮.૩૩		૨૫.૦૦	૩૩.૩૩	૪.૧૭	૧૦૦.૦
	કુલ		૧૫૦	૩૫	૧૧૫	૮	૮	૪	૬	૮	૧	૩૫
			૧૦૦.૦	૨૩.૩૩	૭૬.૬૭	૨૨.૮૬	૨૨.૮૬	૧૧.૪૨	૧૭.૧૪	૨૨.૮૬	૨.૮૬	૧૦૦.૦

બહારગામ વ્યવસાય અંગે

કોલઘા અને કોટવાલીયા જાતિનો મુખ્ય વ્યવસાય મજુરી છે. ગામમાં અથવા નજીકના ગામમાં ખેતમજૂરીનું કામ પુરું થયા બાદ મજૂરી કામ માટે સ્થળાંતર કરે છે. અભ્યાસના ૧૫૦ કુટુંબમાં ૧૦૬ (૭૦.૧૭) કુટુંબમાંથી એક પણ સભ્ય વ્યવસાય માટે બહારગામ જતા નથી. કોલઘા જાતિનાં ૬૬ કુટુંબો વ્યવસાય માટે બહાર જતાં નથી. ૪૪ (૨૯.૩૩) કુટુંબો વ્યવસાય માટે બહારગામ જાય છે. તેમાં ૩૫ કુટુંબ કાથોડી જાતીના અને ૯ કુટુંબ કોલઘા જાતિના છે. જે કુટુંબના સભ્યો બહાર મજૂરી કરવા જાય છે તેમાં ૧૯ કુટુંબના ફક્ત પુરુષ સભ્યો એકલા વ્યવસાય માટે બહાર જાય છે. તેમાં કાથોડી જાતિના ૧૬ અને કોલઘા જાતિનાં ૩ કુટુંબો છે. ૧૧ કુટુંબના પતિ અને પત્ની એકલા બહાર મજૂરી કરવા જાય છે. તેમાં ઉચ્છલ તાલુકાનાં ૧૦ કાથોડી કુટુંબ અને ૧ કોલઘા જાતિનું કુટુંબ છે. આવાં કુટુંબો શાળામાં ભણતા બાળકોને ગામમાં મૂકી જાય છે. આ બાળકોની સંભાળ છોકરાના બાપની મા, છોકરાની માની મા, બાપની બહેન, માની બહેન, જેવા નજીકના સગા હોય તે રાખે છે. છોકરાનું ખાવા પુરતું અનાજ આ લોકોને પહેલેથી આપતા જાય અથવા તો આવીને આપે છે. ધોરણ ૬ કે ૭ના અભ્યાસ કરતા બાળકો ઘણા એકલા પણ રહે છે. ૬ કુટુંબની એકલી પુત્રીઓ જ મજૂરી કામ માટે બહાર જાય છે. ઉચ્છલ તાલુકા અને મહુવા તાલુકાના ૩ કુટુંબની ફક્ત પુત્રીઓ મજૂરી કામ માટે જાય છે. પુત્રીઓ પોતાની લગ્ન કરેલી બહેન કે ભાઈ સાથે મજૂરી કામ માટે બહાર જાય છે. કુટુંબના દરેક સભ્યો મજૂરી કરવા બહાર જતા હોય તેવા ઉચ્છલ તાલુકાના ૪ કાથોડી જાતિના કુટુંબ છે. આવા કુટુંબના અભ્યાસ કરતા બાળકો જેટલો સમય કુટુંબ ગામ બહાર રહે તેટલા દિવસ શાળાએ જતા નથી અથવા તો આગળ જણાવ્યું તે રીતે ભણતા બાળકો નજીકના સગાને ત્યાં રહે છે. મહુવા તાલુકાના કોલઘા જાતિના ૨ કુટુંબમાં ફક્ત પુત્ર અને પુત્રી મજૂરી કામ માટે બહાર ગામ જાય છે. ઉચ્છલ તાલુકાના ૨ કુટુંબ, ભણતા બાળકોને ગામમાં રાખીને બાકીના સભ્યો મજૂરી કરવા માટે બહાર જાય છે.

ઉપરોક્ત હકીકત ઉપરથી ખ્યાલ આવે છે કે જે કુટુંબના સભ્યો વ્યવસાય માટે ગામબહાર જાય છે તેઓ પોતાના શાળામાં જતા બાળકોને ગામમાં મૂકીને જાય છે. આખું કુટુંબ વ્યવસાય માટે ઓછા પ્રમાણમાં બહાર જાય છે.

અભ્યાસ કરતા બાળકોને ગામમાં મૂકીને વ્યવસાય માટે બહાર જવાનું મુખ્ય કારણ અનાજ સહાય છે. શિક્ષણ અંગેના વલણમાં આવતું પરિવર્તનને લઈને પણ અભ્યાસના આદિમજૂથના લોકો પોતાના

શાળામાં જતા બાળકોને ગામમાં રાખીને વ્યવસાય માટે બહાર જાય છે. જાતિવાર અને તાલુકાવાર જે કુટુંબ બહારગામ વ્યવસાય માટે જાય છે તેની માહીતી કોઠા નં.૪.૧૪ માં આપવામાં આવી છે.

બહાર વ્યવસાય કરવા જતા સભ્યો કેટલા દિવસ બહાર રહે છે

૪૪ કુટુંબમાંથી કોઈને કોઈ સભ્ય બહારગામ મજૂરી કરવા જાય છે. તેમાં ૮ વિજયનગરનાં કુટુંબો ૬૦ દિવસ સુધી, ઉચ્છલ અને વિજયનગરનું એક એક કુટુંબ ૯૦ દિવસ સુધી, ઉચ્છલનાં ૪ અને મહુવા તાલુકાનાં ૨ કુટુંબો ૧૨૦ દિવસ સુધી, ઉચ્છલ તાલુકાનાં ૭ કુટુંબો ૧૫૦ દિવસ સુધી, ઉચ્છલ તાલુકાનાં ૧૧ અને મહુવા તાલુકાનાં ૨ કુટુંબો ૧૮૦ દિવસ સુધી, ઉચ્છલ તાલુકાનાં ૩ કુટુંબો ૨૧૦ દિવસ સુધી, મહુવા તાલુકાનું ૧ કુટુંબ ૨૪૦ દિવસ સુધી બહારગામ મજૂરી માટે રહે છે. મહુવા તાલુકાનાં ૪ કુટુંબના સભ્યો પોતાના ગામથી રોજ સવારે મજૂરી કરવા જાય અને સાંજે પાછા આવે છે.

મોટાભાગના કુટુંબો ૯૦ દિવસથી વધારે અને ૨૪૦ દિવસ સુધી બહાર મજૂરીકામ કરે છે. અનાજ સહાય મળવા લાગી તેથી બહાર લાંબો સમય મજૂરી કરવા જતા કુટુંબના બાળકો પણ અભ્યાસ કરવા લાગ્યા છે. તે બાબત ઉપરોકત હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે. જાતિવાર અને તાલુકાવાર બહાર મજૂરી કરવા જતા કુટુંબ કેટલો સમય બહાર રહે છે તેની માહીતી કોઠા નં.૪.૧૫માં આપવામાં આવી છે.

કોઠા નં.૪.૧૪

બહારગામ વ્યવસાય માટે જતા કુટુંબની માહિતી દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	વ્યવસાય માટે બહાર ગામ કોઈ જાય છે		'હા' તો કોણ કોણ જાય છે						
				હા	ના	કુટુંબનો પુરૂષ	પતિ-પત્ની	આખું કટુંબ	પુત્ર	પુત્રી	ભણતા બાળકો સિવાયના કુટુંબના દરેક સભ્યો	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૨૬	૧૩	૭	૧૦	૪	-	૩	૨	૨૬
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૯	૨૭	૯	-	-	-	-	-	૯
	કુલ		૭૫	૩૫	૪૦	૧૬	૧૦	૪	-	૩	૨	૩૫
			૧૦૦.૦	૪૬.૬૭	૫૩.૩૩	૪૫.૭૨	૨૮.૫૭	૧૧.૪૩		૮.૫૭	૫.૭૧	૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૯	૬૬	૩	૧	-	૨	૩	-	૯
			૧૦૦.૦	૩૨.૦૦	૮૮.૦૦	૩૩.૩૩	૧૧.૧૧		૨૨.૨૩	૩૩.૩૩		૧૦૦.૦
	કુલ		૧૫૦	૪૪	૧૦૬	૧૯	૧૧	૪	૨	૬	૨	૪૪
			૧૦૦.૦	૨૯.૩૩	૭૦.૬૭	૪૩.૧૮	૨૫.૦૦	૯.૦૯	૪.૫૫	૧૩.૬૩	૪.૫૫	૧૦૦.૦

કોઠા નં.૪.૧૫

બહાર વ્યવસાય કરવા જતા કુટુંબ કેટલા દિવસ બહાર કામ માટે રહે છે તે દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	બહાર ગામ વ્યવસાય કરવા જતા કુટુંબ સંખ્યા	૬૦ દીવસ	૯૦ દિવસ	૧૨૦ દિવસ	૧૫૦ દિવસ	૧૮૦ દિવસ	૨૧૦ દિવસ	૨૪૦ દિવસ	રોજ આવજા કરે	સ્ત્રી
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૨૬	-	૧	૪	૭	૧૧	૩	-	-	૨૬
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૯	૮	૧	-	-	-	-	-	-	૯
	કુલ		૭૫	૩૫	૮	૨	૪	૭	૧૧	૩	-	-	૩૫
					૨૨.૮૬	૫.૭૧	૧૧.૪૩	૨૦.૦૦	૩૧.૪૩	૮.૫૭			૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૯	-	-	૨	-	૨	-	૧	૪	૯
							૨૨.૨૨		૨૨.૨૨		૧૧.૧૨	૪૪.૪૪	૧૦૦.૦
	કુલ		૧૫૦	૪૪	૮	૨	૬	૭	૧૩	૩	૧	૪	૪૪
					૧૮.૧૮	૪.૫૫	૧૩.૬૪	૧૫.૯૧	૨૯.૫૫	૬.૮૧	૨.૨૭	૯.૦૯	૧૦૦.૦

કોઠા નં.૪.૧૬

નવા ધંધા અંગે ઉત્તરદાતા વાલીનું મંતવ્ય દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	નવો ધંધો કરવો છે		'હા' તો કયો				
				હા	ના	શાકભાજી વેચવાનો	બળદગાડાથી મજૂરી કરવાનો	રીક્ષા ચલાવવાનો	મત્સ્ય ઉદ્યોગ	પાઉંભાજી બનાવવાનો
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૮	૩૧	-	-	-	૪	-
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૧	૩૫	-	-	-	-	-
	કુલ		૭૫	૯	૬૬	-	-	-	૪	-
			૧૦૦.૦	૧૨.૦૦	૮૮.૦૦				૪૪.૪૪	
૩.	મહુવા	કોલઘા	૭૫	૧૨	૬૩	૪	૨	૧	૨	૧
			૧૦૦.૦	૧૬.૦૦	૮૪.૦૦	૩૩.૩૪	૧૬.૬૭	૮.૩૩	૧૬.૬૭	૮.૩૩
	કુલ		૧૫૦	૨૧	૧૨૦	૪	૨	૧	૬	૧
			૧૦૦.૦	૧૪.૦૦	૮૬.૦૦	૧૯.૦૫	૯.૫૨	૪.૭૬	૨૮.૫૯	૪.૭૬

કોઠા નં.૪.૧૬ (ચાલુ)

નવા ધંધા અંગે ઉત્તરદાતા વાલીનું મંતવ્ય દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	'હા' તો કયો						
				કડીયા	સાઈકલ રીપેરીંગ	પશુપાલનનો	નાના પાયાનો વેપાર (કરિયાણાની દુકાન)	કાંતણ કામ	દાયણનો	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	-	-	૧	૨	૧	-	૮
૨.	વિજયનગર	કાથોડી	૩૬	-	૧	-	-	-	-	૧
	કુલ		૭૫	-	૧	૧	૨	૧	-	૯
					૧૧.૧૧	૧૧.૧૧	૨૨.૨૩	૧૧.૧૧		૧૦૦.૦
૩.	મહુવા	કોલઘા	૭૫	૧	-	-	-	-	૧	૧૨
				૮.૩૩					૮.૩૩	૧૦૦.૦
	કુલ		૧૫૦	૧	૧	૧	૨	૧	૧	૨૧
			૧૦૦.૦	૪.૭૬	૪.૭૬	૪.૭૬	૯.૫૨	૪.૭૬	૪.૭૬	૧૦૦.૦

કોઠા નં.૪.૧૭

નવા ધંધામાં શેની જરૂરિયાત છે તે દર્શાવતો કોઠો

ક્રમ	તાલુકાનું નામ	જાતિ	કુટુંબ સંખ્યા	નવો ધંધો કેટલા કુટુંબને કરવો છે	તાલીમ	સાધનો	નાણાં	કુલ
૧.	ઉચ્છલ	કાથોડી	૩૯	૮	૩	૮	૮	૧૯
૨.	વિજયનગર	કાથોડી	૩૬	૧	૧	૧	૧	૩
	કુલ		૭૫	૯	૪	૯	૯	૨૨
				૧૦.૦૦	૪૪.૪૪	૧૦૦.૦	૧૦૦.૦	
૩.	મહુવા	કોલઘા	૭૫	૧૨	૪	૧૦	૧૧	૨૫
				૧૬.૦૦	૩૩.૩૩	૮૩.૩૩	૯૧.૬૭	
	કુલ		૧૫૦	૨૧	૮	૧૯	૨૦	૪૭
				૧૪.૦૦	૩૮.૧૦	૯૦.૪૮	૯૫.૨૪	
				૧૦૦.૦				

નવા ધંધા અંગે

આદિમજૂથના લોકોને અનાજ સહાય આપવાથી શિક્ષણ ઉપર શું અસર થઈ છે તેની વિગત અને અનાજ સહાયની જીવનનાં અન્ય ક્ષેત્રોમાં કેવી અને કેટલી અસર થઈ છે તેની વિગત આપણે જોઈ. કઈ આદિવાસી જાતિને આદિમજૂથમાં મૂકવી તે શોધવા માટે સરકારે ત્રણ માપદંડ નક્કી કર્યા છે. તેમાં કામનું અણવિકસીત તાંત્રીકરણનો પણ સમાવેશ કરેલ છે. આગળ આપણે જોયું કે અનાજ સહાય મળવાથી વ્યવસાય ઉપર અંશતઃ અસર થઈ છે. કમાનાર અને કુટુંબના મુખ્ય વ્યક્તિનો વ્યવસાય કયા છે તે કોઠા ઉપરથી આ બાબત વધારે સ્પષ્ટ જાય છે. સરકારની જુદી જુદી યોજનામાં રોજગારલક્ષી વ્યવસાયની તાલીમ અને તે વ્યવસાય કરવા માટે નાણાની સહાય પણ આપવામાં આવે છે. પરંતુ આ યોજનાનો જોઈએ તેટલો લાભ આદિમજૂથની જાતિઓએ લીધો નથી. શિક્ષણ અને સંપર્કથી આદિમજૂથના લોકો નવા કયા વ્યવસાય કરવાની ઈચ્છા રાખે છે તેની માહિતી જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

૧૫૦ કુટુંબમાં ૨૧ (૧૪.૦૦) કુટુંબો નવો વ્યવસાય કરવાની અપેક્ષા રાખે છે. ઉચ્છલ તાલુકાના ૮, વિજયનગર તાલુકાનું ૧ અને મહુવા તાલુકાના ૧૨ કુટુંબો નવો વ્યવસાય કરવાની અપેક્ષા રાખે છે.

જે ૨૧ કુટુંબે ૧૧ નવા વ્યવસાય કરવાની ઈચ્છા દર્શાવી છે તેમાં ૪ મહુવા તાલુકાના કુટુંબે શાકભાજી વેચવાનો ધંધો, ૨ મહુવા તાલુકાના કુટુંબે બળદગાડાથી મજૂરી કરવાનો ધંધો, ૧ મહુવા તાલુકાના કુટુંબે રીક્ષા ચલાવવાનો ધંધો, ૪ ઉચ્છલ તાલુકાના અને ૨ મહુવા તાલકાના કુટુંબે મત્સ્ય ઉદ્યોગ, ૧ મહુવા તાલુકાના કુટુંબે પાઉંભાજીનો નાસ્તો બનાવીને વેચવાનો ધંધો, ૧ મહુવા તાલુકાના કુટુંબે કડીયાકામનો ધંધો, ૧ વિજયનગરના કુટુંબે સાઈકલ રીપેરીંગનો ધંધો, ઉચ્છલ તાલુકાના ૧ કુટુંબે પશુપાલનનો ધંધો, ૨ ઉચ્છલ તાલુકાના કુટુંબે નાના પાયાનો વેપાર જેવા કે કરીયાણાની દુકાનનો ધંધો, ઉચ્છલ તાલુકાના ૧ કુટુંબે કાંતણનો વ્યવસાય અને મહુવા તાલુકાના ૧ કુટુંબે દાયણનો ધંધો કરવાની ઈચ્છા દર્શાવી છે.

કાથોડી જાતિ કરતાં કોલઘા જાતિના લોકોએ નવો ધંધો કરવાની વધારે ઈચ્છા દર્શાવી છે. તેનું મુખ્ય કારણ એ છે કે, મહુવા તાલુકામાં ધોડિયા પટેલ અને બિન આદિવાસી લોકો અનેકવિધ ધંધા કરે છે. આ ધંધામાં કોલઘા લોકો મજૂરી કામ કે અન્ય કામ કરવા જાય છે. તેથી તેઓને પણ નવા નવા ધંધા કરવાની ઈચ્છા થાય છે. નવો ધંધો કરવાની ઈચ્છા દર્શાવનાર કુટુંબે તાંત્રિક કામો અને નાના પાયાના વેપારનો ધંધો કરવાની ઈચ્છા વધારે પ્રમાણમાં દર્શાવી છે. અહીં એક બાબત ખાસ નોંધવા જેવી છે કે સરકાર દુધાળા પશુ રાહત દરે આદિમજૂથના લોકોને આપે છે. આમ છતાં નવા ધંધામાં પશુપાલનનો ધંધો કરવાની ઈચ્છા ફક્ત ૧ કુટુંબે જ દર્શાવી છે.

કોલઘા અને કાથોડી જાતિને આદિમજૂથમાં મૂક્યા પછી સરકારે ખાસ કરીને શિક્ષણમાં અનાજ સહાય અને અન્ય સહાય આપવાથી પોતાના બાળકો શિક્ષણ લેવા વધારે મોકલે છે. તે ઉપરાંત પરંપરાગત વ્યવસાયને બદલે નવો વ્યવસાય કરવાની ઈચ્છા ધરાવતા થયા છે. તાલુકાવાર અને જાતિવાર નવા ધંધાની માહિતી કોઠા નં.૪.૧૬માં આપવામાં આવી છે.

નવો ધંધો કરવા તાલીમ, સાધન અને નાણાની જરૂર પડે છે. તેથી જે કુટુંબે નવો ધંધો કરવાની ઈચ્છા દર્શાવી છે તેમને આ ત્રણ બાબતમાં કઈ સહાયની જરૂર છે તે જાણવું જરૂરી છે. નવો ધંધો કરવાની ઈચ્છા દર્શાવનાર ૨૧ કુટુંબમાંથી ૨૦ (૯૫.૨૪) કુટુંબે નાણાની જરૂર છે તેમ દર્શાવ્યું છે. તેમાં ૮ ઉચ્છલ તાલુકાના, ૧ વિજયનગર તાલુકાનું અને ૧૧ મહુવા તાલુકાના કુટુંબ છે. ૧૯ (૯૦.૪૮) કુટુંબે સાધનોની જરૂર છે તેમ દર્શાવ્યું છે. તેમાં ૮ ઉચ્છલ તાલુકાના, ૧ વિજયનગર તાલુકાનું અને ૧૦ મહુવા તાલુકાના કુટુંબ છે. ૯ કુટુંબે તાલીમની જરૂર દર્શાવી છે. તેમાં ઉચ્છલ તાલુકાના ૩, વિજયનગર તાલુકાનું ૧ અને મહુવા તાલુકાના ૪ કુટુંબો છે.

આ ઉપરથી ખ્યાલ આવે છે કે આદિમજૂથના જે કુટુંબો નવો વ્યવસાય કરવાની ઈચ્છા રાખે છે. તેમણે પોતાના પસંદગીના ધંધાની તાલીમ લીધેલી છે અથવા તો એવા જ ધંધાની પસંદગી કરી છે કે તેમાં તાલીમની ખાસ જરૂર ન પડે. નાણા અને સાધનોની મુશ્કેલીને લઈને આદિમજૂથની જાતિના લોકો નવો ધંધો કરી શકતા નથી. તાલુકાવાર અને જાતિવાર નવો ધંધો કરવાની ઈચ્છા દર્શાવનારને શેની જરૂરિયાત છે તેની માહીતી કોઠા નં.૪.૧૭માં આપવામાં આવી છે.

આપણે અનાજ સહાયની જુદી જુદી અસર અને આ યોજના અંગે ઉત્તરદાતાનાં મંતવ્યો જોયા તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે અનાજ સહાય યોજના એ આદિમજૂથની જાતિના શિક્ષણ ઉપર જ અસર કરી છે તેમ નથી. પણ સમગ્ર જીવન ઉપર અનાજ સહાયની સીધી યા આડકતરી અસર થયેલી જોવા મળે છે. તેમાં ખાસ કરીને આદિમજૂથમાં મૂકવા માટે જે ત્રણ માપદંડ નક્કી કર્યા છે તેમાંના બે માપદંડ માં શિક્ષણ અને કામનું અણવિકસીત તાંત્રીકરણ ઉપર પણ અનાજ સહાયની સીધી યા આડકતરી અસર થઈ છે. સાથોસાથ અન્ય યોજનામાં આદિમજૂથના લોકોને અગ્રિમ પસંદગી આપવાથી તેમના આર્થિક જીવન ઉપર અંશતઃ અસર થઈ છે.

પ્રકરણ - ૫

તારણો અને સૂઝાવ

અનાજ સહાય યોજનાની જુદા જુદા ક્ષેત્રો ઉપર કેવી અને કેટલી અસર થઈ છે તે માહિતી આગલા પ્રકરણમાં આપેલ છે. આ પ્રકરણના પહેલા ભાગમાં અભ્યાસનાં મુખ્ય તારણો આપવામાં આવ્યાં છે. બીજા ભાગમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન આદિમજૂથના વાલીઓ, સરકારી અધિકારી, સામાજિક-રાજકીય આગેવાનો સાથે અનાજ સહાય યોજનાની ચર્ચા વિચારણાના આધારે જે સૂઝાવો મળ્યા તે આપ્યા છે. આ સૂઝાવનો યોગ્ય અમલ કરવામાં આવશે તો આદિમજૂથમાં મૂકવા માટે (૧) શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછુ હોય (૨) પરંપરાગત વ્યવસાયમાં મોટાભાગના લોકો રોકાયેલા હોય (૩) જે તે જાતિનું જૂથ નાનું હોય. આ ત્રણ મુખ્ય લક્ષણોમાં શિક્ષણનું પ્રમાણ અને પરંપરાગત વ્યવસાયમાં અનાજ સહાયથી પરિવર્તન આવ્યું છે. આ બે પાસાં અનાજ સહાયના આધારે વધુ મજબૂત થશે તેવું અભ્યાસના અધારે લાગે છે.

અનાજ સહાયને પરિણામે આદિમજૂથની સામાજિક, આર્થિક ગત્યાત્મકતામાં ઝડપ આવશે અને અન્ય આદિવાસી સમૂહની હરોળમાં આદિમજૂથની જાતિના લોકો આવશે.

તારણો

શિક્ષણ

(૧) કાથોડી જાતિના શિક્ષણ લેતા બાળકોને અનાજ સહાય અને સરકારની અન્ય યોજનાનો લાભ આપવાથી તેઓ સ્થિર જીવન જીવવા લાગ્યા છે.

(૨) શાળાની શરૂઆતના માસ જુન-જુલાઈમાં આદિમજૂથના બાળકોની હાજરી ઓછી રહે છે.

(૩) અધવચ્ચેથી શાળા છોડવાનું પ્રમાણ કેન્દ્રીય કુટુંબમાં રહેતા બાળકોમાં વધુ છે.

(૪) અભ્યાસના કુટુંબના સભ્યો ૧ થી ૪ ધોરણ ભણીને શાળા છોડવાનું પ્રમાણ વધારે છે.

(૫) અનાજ સહાય અમલમાં મૂક્યા પછી કાથોડી જાતિના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ વધુ છે. કોલઘા જાતિના લોકોએ આ યોજનાનો લાભ ઓછા પ્રમાણમાં લીધો છે.

(૬) વિજયનગર તાલુકાના કાથોડી જાતિના લોકોમાં ઉચ્છલ તાલુકાના કાથોડી જાતિના લોકો કરતાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ વધ્યું છે.

(૭) આદિમજૂથની જાતિના બાળકોમાં માધ્યમિકકક્ષાનું શિક્ષણ ખૂબજ ઓછા પ્રમાણમાં છે.

(૮) અનાજ સહાય મળવાથી અભ્યાસની આદિમજૂથની જાતિના ૭ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોમાં શિક્ષણ વધ્યું છે. તેમાંય કાથોડી જાતિના બાળકોમાં કોલઘા જાતિના બાળકો કરતા શિક્ષણનું પ્રમાણ વધુ છે.

(૯) અનાજ સહાય મળવાથી આદિમજૂથની જાતિના લોકોમાં શિક્ષણની જાગૃતિ આવી છે. તેની સાથોસાથ પોતાને જે લાભ મળે છે તેની જાણકારી મેળવવાનો અને આ લાભ મેળવવાનું ચાલુ રહે તેવી ઉચ્છા દર્શાવતા થયા છે.

વ્યવસાય

(૧) અભ્યાસની આદિમજૂથના કુટુંબોના વડાનો મુખ્ય વ્યવસાય મજૂરીનો છે.

(૨ા કમાનાર સભ્યોમાં પુરૂષો કરતા સ્ત્રીઓ એક કરતાં વધારે વ્યવસાય કરે છે.

(૩) અભ્યાસના આદિમજૂથના કુટુંબોમાં કમાનાર સભ્યોમાં ૧૪ વર્ષથી નીચેની વયના કમાનાર સભ્યોનું પ્રમાણ ઓછું છે. આ વયના કમાનાર સભ્યોમાં સ્ત્રી કરતાં પુરૂષો વધારે છે.

(૪) કમાનાર સભ્યોમાં ૪૫ ટકા કરતા વધારે સભ્યોને તો વર્ષમાં ૧૮૦ દિવસ કે તેથી ઓછા દિવસનું કામ મળે છે.

(૫) કાથોડી જાતિના લોકોના પરંપરાગત વ્યવસાય જે ગામના પશુ ચારવાનો છે તેમાં પરિવર્તન આવતુ જાય છે.

(૬) ખ્રિસ્તી પાદરી અને સરકારના પ્રયાસોથી આદિમજાતિના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય તરફ વધુ વળ્યા છે.

(૭) અનાજ સહાય મળવાથી કુટુંબ સાથે મજુરીના કામ માટે ઓછા કુટુંબ સ્થળાંતર કરે છે.

(૮) અનાજ સહાય મળવાથી પરંપરાગત ખેતમજૂરીના વ્યવસાયને બદલે નવો વ્યવસાય કરવાની પ્રેરણા આદિમજૂથના લોકોને થઈ છે.

સામાજિક

(૧) અનાજ સહાયની અસર ફક્ત શિક્ષણ ઉપરજ નથી થઈ. આદિમજૂથની જાતિના સમગ્ર જીવન

ઉપર આ યોજનાની અસર થઈ છે. દા.ત. સ્થિર જીવન સાંપડ્યું છે. આવા અનેક પાસાં ઉપર અનાજ સહાયની અસર થઈ છે.

(૨) વસ્તીના આંકડા ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસની બન્ને આદિમજૂથમાં આયુષ્ય મર્યાદા ૬૦ વર્ષથી ઓછી છે.

(૩) અભ્યાસના કુટુંબોમાં નાનાં કુટુંબો વધારે છે. નાનાં કુટુંબનું ૪ સભ્યનું કદ છે. નાના કુટુંબના બાળકો પણ અભ્યાસ કરવા લાગ્યા છે.

(૪) કેન્દ્રીય કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ વધારે છે. શાળાએ જનાર બાળકોની સંખ્યા પણ સંયુક્ત કે મિશ્ર કુટુંબમાં રહેતા બાળકો કરતાં વધુ છે.

(૫) અભ્યાસની બન્ને આદિમજૂથની જાતિના લોકોનું માનવું છે કે બાળક શાળામાં અભ્યાસ કરવા જાય તેથી ખાધાખોરાકીનો અર્ચ ઓછો થાય છે. જયારે કપડાં અને શિક્ષણનો ખર્ચ કાથોડી જાતિના વાલીઓને ઓછો થાય છે અને કોલઘા જાતિના વાલીઓને વધારે થાય છે.

(૬) અભ્યાસની બન્ને આદિમજૂથની જાતિના છેલ્લા પાંચથી છ વર્ષના કુટુંબ કલ્યાણનું કામ સારી રીતે થયું છે. આ બાબત અભ્યાસના કુટુંબોની ૦ થી ૬ વર્ષની વયના બાળકોની સંખ્યા ઉપરથી ખ્યાલ આવે છે.

અન્ય

(૧) ૧૯૭૯-૮૦ના ભાવે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકો માટે આંકવામાં આવેલ ખર્ચ કરતાં અભ્યાસના કુટુંબનું ખર્ચ ઘણું ઓછું આવે છે. ખર્ચના આંકડા ઉપરથી કહી શકાય છે કે અભ્યાસની આદિમજૂથની જાતિના લોકો ગરીબી રેખા નજીક પોતાનું જીવન જીવે છે. ગરીબી રેખા નજીક જીવન જીવતા લોકો અનાજ સહાયને લઈને પોતાના બાળકોને શાળામાં ભણવા મોકલે છે.

(૨) અભ્યાસના એક પણ તાલુકામાં અનાજ પ્રતિમાસ નિયમિત રીતે આપવામાં આવતું નથી.

(૩) અનાજ આપ્યાની યોગ્ય પહોંચ શાળામાં કે તાલુકામાં રખાતી નથી.

(૪) અનાજ સહાય મળવાથી ખાધાખોરાકીના ખર્ચમાંથી જે બચત થાય છે તેમાંથી ઘર અને ઘરવખરીનાં સાધનો આદિમજૂથની જાતિના લોકો ખરીદે છે.

(૫) હાલના નિયમ મુજબ એક વાલીના એક પુરુષ અને એક સ્ત્રી બાળકને અનાજ સહાયનો લાભ આપી શકાય છે. આમ છતાં અભ્યાસના મોટાભાગના વાલીનું એક બાળક જ શાળામાં અભ્યાસ કરે છે.

સુઝાવ

(૧) હાલના નિયમ પ્રમાણે એક વાલીના એક કુમાર અને એક કન્યાને અનાજ અપાય છે. એક વાલીને બે જ સંતાનો હોય તો, તે બન્ને સંતાનોને અનાજ આપવું જોઈએ પછી ભલે તે સંતાનમાં બે કન્યા કે બે કુમાર હોય.

(૨) કન્યાને કુમાર કરતા વધારે અનાજ આપવું જોઈએ.

(૩) ૭૦ ટકાના નિયમમાં છૂટછાટ મૂકવી જોઈએ. ૬૦ ટકા હાજરીવાળા બાળકને ૫૦ ટકા રકમનું અનાજ અને ૭૦ ટકા હાજરીવાળા બાળકને ૧૦૦ ટકા રકમનું અનાજ આપવું જોઈએ.

(૪) અનાજ ખરીદવા માટે જે તે તાલુકામાં એક કમિટી બનાવવી જોઈએ જેમાં તાલુકા વિકાસ અધિકારી, તાલુકાના કેળવણી નિરીક્ષક (વહીવટી), તાલુકાની પ્રાથમિક શાળાના બે મુખ્ય શિક્ષકો, બે તાલુકા પંચાયતના સભ્યો અને પાંચ આદિમજૂથના વાલીઓને કમિટીમાં લેવા જોઈએ.

(૫) જે તે વિસ્તારનો મુખ્ય ખોરાક હોય તે જ અનાજ આપવું જોઈએ.

(૬) અનાજ સહાય આપવાની રકમમાં વધારો કરવો જોઈએ. ૧ થી ૪ ધોરણમાં ભણતા બાળકોને માસિક ૩૫ રૂપિયાનું અનાજ અને ૫ થી ૭માં અભ્યાસ કરતા બાળકોને માસિક ૫૦ રૂપિયાનું અનાજ આપવું જોઈએ.

(૭) અનાજ સહાય આપવાથી ધોરણ ૫ થી ૭ માં અભ્યાસ કરતા બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવતી નથી જે આપવી જોઈએ.

(૮) આદિમજૂથની જાતિના જે બાળકો પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે તેને અનાજ સહાય સિવાય ગણવેશ, પુસ્તક, નોટબુક વર્ષની શરૂઆતમાં પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૯) શાળાના જૂથ પ્રમાણે આદિમજૂથના જે તે ધોરણમાં સારા ગુણ મેળવનાર પ્રથમ ત્રણ બાળકોને ઈનામ આપવાની પ્રથા દાખલ કરવી જોઈએ.

(૧૦) આશ્રમશાળામાં અને તાલુકા પંચાયતની શાળામાં અભ્યાસ કરતા બાળકોને સરખી રકમનું અનાજ અપાય છે. તેને બદલે તાલુકા પંચાયતની શાળામાં અભ્યાસ કરતા બાળકોને આશ્રમશાળામાં અભ્યાસ કરતા બાળકો કરતા વધારે રકમનું અનાજ ચૂકવવું જોઈએ.

(૧૧) જે વિસ્તારમાં આદિમજૂથની જાતિની વસ્તી વધારે છે તેવા વિસ્તારમાં આશ્રમશાળા શરૂ કરવી જોઈએ.

(૧૨) ધોરણ ૭ પાસ થયા પછી માધ્યમિક શિક્ષણમાં છાત્રાલયની સવલત મળી રહે તે માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ.

(૧૩) જે વર્ષે અનાજ આપવામાં આવ્યું હોય તે વર્ષની વાર્ષિક પરીક્ષામાં બાળક નાપાસ થાય તો બીજા વર્ષ તે બાળકને અનાજ આપવું જોઈએ નહીં.

(૧૪) આદિમજૂથના બાળકોના નામ બાલવાડી અને આશ્રમશાળા કે ગામની પ્રાથમિક શાળામાં એક સાથે હોય તેવું ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું. આમ ન બને તે માટે બાલવાડીમાં અભ્યાસ કરતા બાળકો માટે ઉંમરવારીની નોંધ રાખવી જોઈએ અને બાલવાડીમાંથી બાળક જયારે આગળ અભ્યાસ માટે બીજી જગ્યાએ જાય ત્યારે તે બાળકની ઉંમરનો દાખલો અને બાળક બાલવાડીમાં કેટલા વર્ષ રહ્યું છે તેનું પ્રમાણપત્ર આપવું જોઈએ.

(૧૫) પ્રાથમિક શાળામાં બાળકોની ફરજિયાત ગણતરી સમયે આદિમજૂથના બાળકોની ગણતરી પણ થવી જોઈએ. અભ્યાસના વિજયનગર તાલુકામાં આમ બનતું નથી. કારણકે આ તાલુકાના કાથોડી બાળકો આશ્રમ શાળામાં જ ભણે છે. તેથી ફરજિયાત ગણતરી સમયે શાળાના શિક્ષક આ બાળકોની નોંધ કરતા નથી. પણ ઘણા ૭ થી ૧૪ વર્ષના બાળકો આશ્રમશાળા કે ગામની શાળામાં અભ્યાસ કરવા જતા નથી. ફરજિયાત ગણતરી સમયે આ જાતિના બાળકોની નોંધ નહી રાખવાથી કેટલા બાળકો અભ્યાસ કરવા જતા નથી તેની માહિતી મળતી નથી.

(૧૬) એક વાલીના એક કરતા વધારે બાળકો ૧ થી ૭ ધોરણમાં અભ્યાસ કરતા હોય તો તેની યાદી નિયત પત્રમાં રાખવી જોઈએ અને તેમાં કયા બાળકનું અનાજ લેવાનું છે તેની નોંધ કરવી જોઈએ. અનાજ આપવામાં નક્કી કરેલ બાળકની હાજરીને જ ખ્યાલમાં રાખવી જોઈએ.

બનતું હોય તો જવાબદાર અધિકારી પાસે આ અંગેના ખુલાસા માગવા જોઈએ અને યોગ્ય કારણ ન હોય તો આ અંગેની તપાસ જિલ્લા કક્ષાના અધિકારીને સોંપવી જોઈએ.

(૨૭) ઘણા તાલુકામાં અનાજ ચૂકવવામાં પૂરતું ધ્યાન અપાતું નથી. વાલીને જેટલું અનાજ આપવાનું હોય તે કરતા વધારે અનાજ ચૂકવાયું હોય તો અનાજ પરત લેવાનું કામ શાળાના શિક્ષકને સોંપવામાં આવે છે. અનાજ પરત ન મળે તો શિક્ષકને દોષાર્હ ગણવામાં આવે છે જે બરોબર નથી. કારણકે વાલીને કેટલું અનાજ આપવું તેની વિગત તાલુકા પંચાયતમાં તૈયાર થાય છે અને તે પ્રમાણે અનાજ વાલીને ચુકવાય છે.

(૨૮) તાલુકાના કેળવણી નિરીક્ષક (હાજરી) જે તે શાળાની તપાસ માટે જાય ત્યારે આદિમજૂથના બાળકોની હાજરી અંગે ચોકસાઈથી તપાસ કરવી જોઈએ. આ બાળકોની હાજરી પૂરવામાં કોઈ ક્ષતિ દેખાય તો દૂર કરવા સૂચના આપવી જોઈએ.

(૨૯) જે જિલ્લામાં આદિમજૂથના બાળકોની સંખ્યા વધારે હોય ત્યાં એક કેળવણી નિરીક્ષક (આદિમજૂથ) ની નિમણૂંક કરવી જોઈએ. આ અધિકારી આદિમજૂથના ભણતા બાળકોની હાજરી, તેમને અનાજ ક્યારે અને કેવું અપાય છે તે માહિતીની નોંધ રાખી અને તેમાં જે મુશ્કેલી પડે તેના નિવારણના ઉપાયો કરવા જોઈએ. આમ થશે તો અનાજ સહાય યોજના વધારે વ્યવસ્થિત ચાલશે.

પરિશિષ્ટ-૧

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

આદિમજૂથોને અપાતી અનાજ સહાય યોજનાનું મૂલ્યાંકન

૧૯૮૫-૮૬

ગામ : પત્રક ભરનારનું નામ :

તાલુકો : તારીખ :

જિલ્લો : પત્રક ચકાસનારનું નામ :

૧. કુટુંબની સામાન્ય માહિતી :

૧.૧ કુટુંબના વડાનું નામ :

૧.૨ જાતિ :

૧.૩ કુટુંબના વડાનો મુખ્ય ધંધો :

૧.૪ કુટુંબના વડાનો ગૌણ ધંધો :

૧.૫ ગામમાં કેટલાં વર્ષથી રહો છો ? :

૧.૬ બીજા ગામથી આવી વસ્યા હો તો મૂળ વતન કયું ? :

૧.૭ મકાનનો પ્રકાર : કાચું / પાકું

૧.૮ મકાનની દીવાલ :

૧.૯ મકાનનું છાજ :

૧.૧૦ મકાન પોતાની માલિકીની જમીનમાં છે ? હા / ના

૧.૧૧ જો 'ના' તો કોની જમીનમાં છે ? :

૧.૧૨ મકાન બીજાની જમીનમાં હોય તો ભાડું આપવું પડે છે ? હા / ના

૧.૧૩ જો 'હા' તો માસિક ભાડું કેટલું આપવું પડે છે ? :

૧.૧૪ તમારી માલિકીનાં કેટલાં મકાન છે ? :

૧.૧૫ મકાનની કિંમત :

પરિશિષ્ટ-૧

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

આદિમજૂથોને અપાતી અનાજ સહાય યોજનાનું મૂલ્યાંકન

૧૯૮૫-૮૬

ગામ : પત્રક ભરનારનું નામ :

તાલુકો : તારીખ :

જિલ્લો : પત્રક ચકાસનારનું નામ :

૧. કુટુંબની સામાન્ય માહિતી :

૧.૧ કુટુંબના વડાનું નામ :

૧.૨ જાતિ :

૧.૩ કુટુંબના વડાનો મુખ્ય ધંધો :

૧.૪ કુટુંબના વડાનો ગૌણ ધંધો :

૧.૫ ગામમાં કેટલાં વર્ષથી રહો છો ? :

૧.૬ બીજા ગામથી આવી વસ્યા હો તો મૂળ વતન કયું ? :

૧.૭ મકાનનો પ્રકાર : કાચું / પાકું

૧.૮ મકાનની દીવાલ :

૧.૯ મકાનનું છાજ :

૧.૧૦ મકાન પોતાની માલિકીની જમીનમાં છે ? હા / ના

૧.૧૧ જો 'ના' તો કોની જમીનમાં છે ? :

૧.૧૨ મકાન બીજાની જમીનમાં હોય તો ભાડું આપવું પડે છે ? હા / ના

૧.૧૩ જો 'હા' તો માસિક ભાડું કેટલું આપવું પડે છે ? :

૧.૧૪ તમારી માલિકીનાં કેટલાં મકાન છે ? :

૧.૧૫ મકાનની કિંમત :

૨. કુટુંબના સભ્યોની માહિતી

૨.૧ સંયુક્ત કુટુંબ / કેન્દ્રીય કુટુંબ / મિશ્ર કુટુંબ

ક્રમ	નામ	જાતિ પુ./સ્ત્રી	કુટુંબના વડા સાથેનો સંબંધ	ઉંમર	વૈવાહિક દરજ્જો	વ્યવસાયનું નામ	વર્ષમાં કેટલા દિવસ કામ મળે છે ?	વ્યવસાય માંથી મળતી માસિક આવક	શાળાએ જાવ છો? હા / ના	'ના' તો કેટલું ભણ્યા ?	'હા' તો કયું ધોરણ ભણો છો ?	અનાજ સહાય યોજનાનો લાભ મળ્યો છે / મળે છે?	'હા' તો કેટલી સહાય મળી હતી	કેટલા માસ સુધી સહાયનો લાભ મળ્યો

૩. મિલકત :

૩.૧ જમીન (એકરમાં) :

૩.૧.૧ પિયત :

૩.૧.૨ બિનપિયત :

૩.૧.૩ કયારી :

૩.૧.૪ બાગાયત :

૩.૧.૫ જરાત :

૩.૧.૬ જમીનની કિંમત :

૩.૨ વૃક્ષો :

ક્રમ	વૃક્ષનું નામ	સંખ્યા	અત્યારની કિંમત
૧	મહુડા		
૨.	આંબા		
૩.	ખજૂરી / તાડ		
૪.	સાગ		
૫.	નીલગીરી		
૬.	સુબાબુલ		
૭.	અન્ય વૃક્ષ (નામ લખવાં)		

૩.૩ પશુધન :

ક્રમ	વિગત	સંખ્યા	અત્યારની કિંમત
૧.	ગાય		
૨.	ભેંસ		
૩.	બકરાં, ઘેટાં		
૪.	બળદ		
૫.	વાછરડાં		
૬.	વાછરડી		
૭.	પાડી		
૮.	મરઘાં		
૯.	અન્ય (નામ લખવું)		

૩.૪ ખેતીના સાધનો :

ક્રમ	વિગત	સંખ્યા	અત્યારની કિંમત
૧.	હળ		
૨.	કરબ		
૩.	સમાર		
૪.	ગાડું		
૫.	અન્ય (નામ લખવું)		

૩.૫ ઘરવખરીનાં સાધનો

ક્રમ	વિગત	સંખ્યા	અત્યારની કિંમત
૧.	વાસણો		
	- એલ્યુમિનિયમ		
	- પિત્તળ		
	- સ્ટીલનાં		
	- અન્ય		
૨.	ખાટલા		
૩.	ટેબલ, ટીપોઈ, ખુરશી		
૪.	સાયકલ		
૫.	ઘડિયાળ		
૬.	રેડિયો		
૭.	સીવવાનો સંચો		
૮.	માછલાં પકડવાની જાળ		
૯.	શિકારનાં સાધનો		
૧૦.	દળવાની ઘંટી		
૧૧.	અન્ય (નામ લખવું)		

૩.૬ અસ્કયામતો

૩.૬.૧ રોકડ

૩.૬.૨ ઘરેણાં (અ) ચાંદીની કિંમત

(બ) સોનાની કિંમત

(ક) કલાઈ અને ધાતુની કિંમત

(ડ) અન્ય

૪. વાર્ષિક આવક :

ક્રમ	વિગત	વાર્ષિક ઉત્પાદન	કુલ આવક	કુલ ખર્ચ	ચોખ્ખી આવક
૧.	ખેતી / ઘાસ				
૨.	અનાજ સહાય વાર્ષિક				
૩.	પશુપાલન				
૪.	જંગલ મજૂરી				
૫.	ખેતમજૂરી				
૬.	નોકરીની આવક				
૭.	ગૃહઉદ્યોગ				
૮.	સ્વરોજગારીના ધંધામાંથી થતી આવક (દરજી, કડિયાકામ વગેરે)				
૯.	અન્ય				

૪.૨ વપરાશી ખર્ચ (વાર્ષિક)

ક્રમ	વિગત	ખર્ચ
૧.	ખાધાખોરાકી પાછળનું ખર્ચ	
૨.	બળતણ વગેરે	
૩.	કપડાં, પગરખાં	
૪.	શૈક્ષણિક	
૫.	સામાજિક	
૬.	ધાર્મિક	
૭.	વ્યસન પાછળનો ખર્ચ	
૮.	મોજશોખ-મનોરંજન	
૯.	અન્ય	

૫. દેવુ દેવું છે ? હા / ના 'હા' તો નીચેની વિગત આપો.

ક્રમ	નામ	દેવાની રકમ		કયારે લીધેલું	વ્યાજનો દર	દેવું કરવાનો હેતુ	દેવું ભરપાઈ શેમાંથી કરવાના ?	દેવું ભરપાઈ કરવામાં અનાજ સહાય મદદરૂપ થાય છે ? હા / ના 'હા' તો કઈ રીતે ?
		રોકડ	વસ્તુની કિંમત					
૧.	શાહુકાર - વેપારી							
૨.	સરકાર							
૩.	સહકારી મંડળી							
૪.	બેન્ક							
૫.	સગાવહાલા							
૬.	અન્ય (વિગત આપવી)							

૬. ૬.૧ તમારાં શાળાએ જતાં બાળકોને સરકાર તરફથી કઈ કઈ સહાય મળે છે ?

ક્રમ	વિગત	કેટલાં બાળકોને મળે છે ?	કેટલી રકમ
૧.	અનાજ સહાય		
૨.	મધ્યાહન ભોજન		
૩.	ગણવેશ		
૪.	અનુદાન / શિષ્યવૃત્તિ		
૫.	પુસ્તકો		

૬.૨ તમારા શાળાએ જતા બાળકને અનાજ સહાય ન મળી હોય તો તેનાં કારણો જણાવો.

૧.

૨.

૩.

૬.૩ અનાજ સહાય મળવાથી તમારા કુટુંબના ખર્ચમાં નીચેના ક્ષેત્રે શું ફેરફાર થયો ?

૧. ખાધાખોરાકીનો ખર્ચ વધુ / ઓછો / ફેરફાર નથી

૨. કપડાંનો ખર્ચ વધુ / ઓછો / ફેરફાર નથી

૩. શિક્ષણનો ખર્ચ વધુ / ઓછો / ફેરફાર નથી

૬.૪ અનાજ સહાય મળવાથી તમારા વ્યવસાય ઉપર અસર પડી છે ? હા / ના

'હા' તો વિગત આપો.

૬૫. હાલમાં તમારા કુટુંબમાંથી બહારગામ વ્યવસાય માટે કોઈ જાય છે ? હા / ના

૬.૫.૧ 'હા' તો તેની સાથે કોણ કોણ જાય છે ?

૬.૫.૨ કેટલો સમય બહાર રહેવું પડે છે ?

૭. અનાજ સહાય માસિક મળે છે ? હા / ના

'ના' તો કેટલા માસે મળે છે ?

૮. તમે અનાજ સહાયના રોકડા પૈસા કે અનાજમાંથી કઈ વસ્તુ લેવી પસંદ કરો છો ?

૮.૧ શા માટે અનાજ લેવાનું પસંદ કરો છો ?

૮.૨ અનાજ કયા પ્રકારનું લો છો ?

૮.૩ રોકડા પૈસા શા માટે લેવા પસંદ કરો છો ?

૯. તમારા બાળકને અનાજ સહાય મળતી બંધ થઈ છે ? હા / ના

'હા' તો તેનાં કારણો

૧૦. અનાજ સહાય યોજના વિષેના આપના અભિપ્રાયો જણાવો.

૧૧. શિક્ષણ લેતા બાળકને અનાજ સહાય મળે છે તેની જાણકારી છે ? ક્યાંથી મળી ? કોણે આપી ?

૧૨. અનાજ સહાય આપવામાં તમને કોણ મદદરૂપ થાય છે ?

૧૩. હાલમાં એક બાળકદીઠ જે અનાજ મળે છે તે પુરતું છે ? 'ના' તો કેટલું આપવું જોઈએ ?

૧૪. જે અનાજ મળે છે તે કેટલા ટંકનું ભોજન પૂરું પાડે છે ?

૧૫. નીચેની ખેતી વિષયક યોજનાનો લાભ મળ્યો છે ?

(૧) જમીન સંરક્ષણ

(૨) સિંચાઈ યોજના

(૩) કિટ્સ

(૪) બળદ

૧૬. દૂધાળાં પશુ મળ્યાં છે ? 'હા' તો વિગત જણાવો.

૧૭. તમે કોઈ નવો ધંધો કરવા ઈચ્છા રાખો છો ? 'હા' તો કયો ?

નવા ધંધા માટે (૧) તાલીમ

(૨) સાધનો

(૩) નાણાંની જરૂર છે ?

૧૮. મકાન સહાયનો લાભ મળ્યો છે ? ''હા' તો વિગત જણાવો.

પરિશિષ્ટ-૨

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

આદિમજૂથોને અપાતી અનાજ સહાય યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ

૧૯૮૫-૮૬

વ્યક્તિ અભ્યાસ માટેના મુદ્દાની નોંધ

સંશોધકનું નામ : તારીખ :

૧. ઉત્તરદાતાનું નામ, જાતિ, ઉંમર

૨. ઘરની વિગત

૩. જમીનની વિગત

૪. કુટુંબના કુલ સભ્યો, પુરુષ, સ્ત્રી

૫. દૈનિક અને તહેવારના દિવસના ખોરાકની વિગત લેવી

૬. કુટુંબનાં કેટલાં બાળકો શાળાએ જાય છે.

૭. શાળાએ જવાની ઉંમર હોવા છતાં બાળકો શાળાએ ન જતાં હોય તેની વિગત

૮. શાળાએ ગયાં હોય છતાં શિક્ષણ છોડ્યું હોય તેવાં બાળકોની વિગત

૯. હાલમાં અભ્યાસ ન કરતાં બાળકને અનાજ સહાય મળી હતી ? હા / ના

'હા' તો કેટલો સમય અને કેટલી સહાય મળી હતી ?

૧૦. હાલમાં અભ્યાસ કરતાં બાળકને અનાજ સહાય મળે છે ? 'હા' તો કેટલા માસ અને કેટલી સહાય મળે છે ?

૧૧. અનાજ સહાય નિયમિત મળે છે કે નહીં તે જાણવું.

૧૨. અનાજ સહાય નિયમિત ન મળતી હોય તો કેટલા સમયે સહાય મળે છે તે નોંધવું.

૧૩. અનાજ સહાય એક સાથે મળતી હોય તો અનાજ ક્યાં રાખે છે તે જોવું.

૧૪. અનાજ સહાયમાં કયું અનાજ કેવું મળે છે તે તપાસવું.

૧૫. શાળાએ જતાં બાળકો અંદાજે એક માસમાં કેટલા દિવસ શાળાએ જતાં નથી. તે અંગેનાં કારણો, કુમાર અને કન્યાનાં અલગ અલગ જાણવાં.

૧૬. અનાજ સહાય મળવાથી કુટુંબના ખાધાખોરાકીના ખર્ચ ઉપર અસર પડે છે ? 'હા' તો કેવા પ્રકારની તેની વિગત લખવી. (દા.ત. અનાજ મળવાથી ખાધાખોરાકીમાં અનાજ ઓછું લાવવું પડે.)

૧૭. પ્રસ્તુત જાતિ અને અન્ય જાતિના લોકોને અનાજ સહાય ન મળતી હોય તેઓના બાળકો શાળાએ જાય છે ? 'હા' તો તેનાં કારણો અને 'ના' તો તેનાં કારણો આપો.

૧૮. પ્રસ્તુત બાળકને અનાજ સહાય મળતી બંધ થઈ છે ? 'હા' તો તેનાં કારણો જાણવાં.

૧૯. જે બાળકને અનાજ સહાય મળે છે તે બાળક અને મજૂરી કરતાં બાળકોમાંથી કોના દ્વારા આર્થિક ફાયદો વધુ થાય છે ? જો અનાજ સહાયમાંથી ઓછી આવક થતી હોય તો શા માટે તે બાળકને શાળાએ મોકલે છે તેની વિગતે માહિતી મેળવવી.

૨૦. બાળકો શાળાએ જવા લાગ્યા તેથી તેમના (બાળકોના) કામો કોણ કરે છે ? (થોડાક એકમ અભ્યાસ કરવા)

૨૧. અનાજ સહાય મળવાથી સામાજિક, આર્થિક અને વ્યાવસાયિક ક્ષેત્રે કેવું પરિવર્તન આવ્યું છે તેની વિગત મેળવવી.

૨૨. **૨૨.૧ સામાજિક :**

(અ) અનાજ જરૂરિયાતવાળા કુટુંબને ઉછીનું આપીને સંબંધ મજબૂત બને છે.

(બ) નજીકના સગા સાસુ, સસરા, કાકા, કાકી, મામા, મામી, માસા, માસીને સામાજિક પ્રસંગો જેવા લગ્ન, મરણ, ધાર્મિક પૂજા સમયે અનાજની જરૂર પડે તો સહાયમાં મળેલું અનાજ આપીને સામાજિક સંબંધ મજબૂત બને છે.

૨૨.૨ આર્થિક :

(ક) મજૂરી ઓછી કરવા જવાની ઈચ્છા થાય છે.

(ખ) ખાવટી લાવવી નથી પડતી

(ગ) કોઈ વસ્તુની તાત્કાલિક જરૂર પડે તો વિનિયમ તરીકે આ અનાજનો ઉપયોગ થાય છે.

(ઘ) અનાજ વેચીને રોકડા પૈસા મેળવે છે ?

(ચ) આ યોજનામાં મળેલ અનાજનો બિયારણ તરીકે ઉપયોગ કરે છે ?

(છ) ખાધાખોરાકીનો ખર્ચ ઓછો થાય છે ?

(જ) જે દિવસોમાં ભૂખ્યા રહેવું પડતું તેમાં કોઈ ફેરફાર થયો છે?

(ઝ) દેવું ચૂકવવામાં આ અનાજ કામ લાગે છે ?

૨૨.૩ વ્યવસાય :

(ક) મજૂરી બહાર કરવા ના જાય તો સ્થાનિક પરંપરાગત વ્યવસાય અપનાવ્યો છે કે નહીં તે જોવું.

(ખ) મજૂરી માટે બહારગામ જવાના દિવસોમાં ફેર પડ્યો છે કે નહીં તે તપાસવું.

૨૨.૪ ભૌતિક જીવન :

(ક) જે કમાણી થાય તે ઉપરાંત અનાજ મળે તેથી પૈસા બચતા હોય તો ભૌતિક જીવન જેમ કે ઘર, ઘરવખરીનાં સાધનો જેવાં કે રેડિયો, સાયકલ વસાવ્યાં છે ? આ જાણવું.

૨૩. શિક્ષણ લેતાં બાળકોને અનાજ સહાય મળે છે તેની જાણકારી છે ? 'હા' તો કયાંથી મળી કોણે આપી ?

૨૪. અનાજ સહાય અપાવવામાં તમને કોણ મદદરૂપ થાય છે ?

૨૫. હાલમાં એક બાળકદીઠ જે અનાજ મળે છે તે પૂરતું છે ? 'ના' તો કેટલું આપવું જોઈએ ? જે અનાજ મળે છે તે કેટલા ટંકનું ભોજન પૂરું પાડે છે.

૨૬. ખેતી વિષયક યોજનાઓનો લાભ મળ્યો છે ?

(૧) જમીન સંરક્ષણ

(૨) સિંચાઈ યોજના

(૩) કિટ્સ

(૪) બળદ

૨૭. દૂધાળાં પશુ મળ્યાં છે ? 'હા' તો વિગત જણાવો.

૨૮. તમે કોઈ નવો ધંધો કરવા ઈચ્છા રાખો છો ? 'હા' તો કયો ?

નવા ધંધા માટે (૧) તાલીમ (૨) સાધનો (૩) નાણાંની જરૂર છે ?

૨૯. મકાન સહાયનો લાભ મળ્યો છે ? 'હા' તો વિગત જણાવો.

પરિશિષ્ટ-૩

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

આદિમજૂથોને અપાતી અનાજ સહાય યોજનાનું મૂલ્યાંકન - ૧૯૮૫-૮૬

શિક્ષકની મુલાકાત માર્ગદર્શિકા

શાળાનું નામ : તાલુકો :

તારીખ : જિલ્લો :

શિક્ષકનું નામ :

જાતિ : અભ્યાસ :

શાળામાં કેટલા વર્ષથી નોકરી કરો છો ?

૧. જે બાળકને અનાજ સહાય મળતી હોય તે બાળકોની છેલ્લા વર્ષની માસિક હાજરી મેળવવી.

૨. આ સહાય રોકડ રકમમાં ચૂકવો છો કે અનાજના રૂપમાં ? આ અંગે શિક્ષકનું મંતવ્ય જાણવું.

૩. સહાયમાં અનાજ અપાતા હોય તો અનાજ કયું અને કેવા પ્રકારનું આપો છો ?

. સહાય સરકારમાંથી નિયમિત મળે છે ?

૫. અનાજ સહાય જે બાળકને મળે છે અને જેને નથી મળતી તે બંને વચ્ચેની હાજરીમાં તફાવત હોય તો તેની વિગત તપાસવી.

૬. સહાય મેળવનાર બાળકની શિક્ષણમાં પ્રગતિ કેવી છે ? તે બાળકનું છેલ્લી પરીક્ષાનું પરિણામ મેળવવું. અનાજ સહાય જે બાળકને નથી મળતી તેનું પરિણામ મેળવવું.

૭. સહાય મળ્યા પછી મા-બાપનું શિક્ષણ તરફનું વલણ કેવું છે તે તપાસવું.

૮. બાળકને અનાજ સહાય આપવામાં આવે છે તે પૂરતી છે ? જો પૂરતી ન હોય તો કેટલા પ્રમાણમાં તહાય આપવી જોઈએ ?

૯. અનાજ સહાય મળતી બંધ થયા પછી પણ બાળક અભ્યાસ ચાલુ રાખે છે ? 'હા' તો તેનાં કારણો અને 'ના' તો તેનાં કારણો જાણવાં.

૧૦. આ સહાય અંગે શિક્ષકનું મંતવ્ય જાણવું.